

महाराज छत्रसालजी



योगी राज हरीदासजी.



हरिदासजी पलंग ऊपर।



ભીષ્મપિતામહ

ચરિત્રમાળા અંક ૧૩, ૧૪—વર્ષ બીજું.

ભારતના મહાન પુરૂષો.

ભાગ ૧ લો.

આમાં (૧) યોગીરાજ હરિદાસજી, (૨) મહારાજ છત્રસાલજી અને (૩) રાજર્ષિ ભીષ્મ, એ ચરિત્રો છે.

છપાવી પ્રસિદ્ધ કર્તાઃ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, કાલબાદેવી, મુંબઈ.

તરફથી મંત્રી ભિક્ષુ—અખંડાનંદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૩૦૦ સંવત ૧૯૬૯.

મૂલ્ય ૦-૭-૦ પાકું પૂઠું ૦-૧૦-૦ પોષ્ટેજ જુદું.

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન.

ચરિત્રમાળાના ૧૩-૧૪ અંકો તરીકે "**ભારતના મહાન પુરૂષો ભાગ ૧ લો.**" નામે આ પુસ્તકથી ચરિત્રમાળાનું દ્વિતીય વર્ષ શરૂ થાય છે, જેને લગતા નિયમો પુસ્તકની છેવટે આપેલા જણાશે.

આ પુસ્તકમાં (૧) **યોગીરાજ હરિદાસજી.** (૨) **મહારાજ છત્રસાલજી** અને (૩) **રાજર્ષિ ભીષ્મ** આ ત્રણ મહાન પુરૂષોનાં ચરિત્રો આપેલાં છે.

(૧) **હરિદાસજી**નું ચરિત્ર પ્રથમ બંગભાષામાં બાબુ શ્રી રંગલાલ મુખોપાધ્યાય એમણે રચ્યું હતુ અને તે પછી તેનો આધાર લઇને હિંદી 'બંગબાસી' ના સહકારી સંપાદક બાબુ બાલમુકુન્દ ગુપ્ત એમણે તેને હિંદીમાં સંકલિત કરી સંવત્ ૧૯૫૩ માં "ગુરયા" નિવાસી શ્રી નવલકિશોર ગુપ્ત દ્વારા પ્રસિદ્ધ કરાવ્યું હતું; જેનો ગુર્જરાનુવાદ રા. રત્નસિંહ દીપસિંહ પરમાર પાસે તૈયાર કરાવી આમાં આપ્યો છે.

(૨) **બુન્દેલખંડ કેસરી "મહારાજ છત્રસાલજી"**નું ચરિત્ર તે પ્રદેશ નિવાસી "શ્રી કુંવર હાકન જૂદેવ" ના ભત્રીજા "કુંવર કન્હૈયા જૂ" એ હિંદીમાં તૈયાર કરી બાબુ માધોપ્રસાદ દ્વારા ઈ. સ. ૧૯૦૬ માં બે ભાગમાં પ્રસિદ્ધ કરાવ્યું હતું. જેનો અનુવાદ પણ ઉક્ત લેખક પાસેજ તૈયાર કરાવેલો છે. એમાંનું બુન્દેલખંડની ભૂગોળનું પ્રકરણ તથા વંશ વૃક્ષનો ભાગ ગુર્જર વાંચકો માટે બહુ ઉપયોગી ન લાગતાં લીધો નથી.

આ ચરિત્ર ઐતિહાસિક છે. હિંદુ મુસલમાનો વચ્ચે અતિ ...ાલતું હતું તે સમયને લગતું તે હોવાથી, એક બીજી જાતિ ...ેમાં આવવા સ્વાભાવિક જ છે; છતાં એ

જુનાં વેરઝેરને ભૂલવાની જરૂર હોવાથી તેવા શબ્દો બન્યા તેટલા સુધાર્યા તેમજ દૂર કર્યા છે. લાંબા સમયનો સહવાસ, શાન્તિપ્રિય બ્રિટીશ રાજ્યની છત્ર છાયા અને બંને ધર્મનાં ઉડાં તત્વોમાં રહેલું ઐક્ય, ઇત્યાદિ કારણોથી એ પ્રાચીન ધર્માંધતા અને દ્વેષના વિચારોને કહાડી નાખતા જઇ, નામદાર માનવંત શહેનશાહના વિદાયગીરી સમયના શુભ આદેશને હિંદી પ્રજાએ હૃદયપટ પર સુવર્ણાક્ષરે કોતરી રાખવો જોઇએ; અને ઉન્નતિની આશાપૂર્વક પોતામાં ઐક્ય અને કેળવણીનો વધારો થાય તેમ ઉભય જાતિઓએ કરવું જોઇએ.

આવાં ઐતિહાસિક ચરિત્રોમાં ઉંડો વૈરભાવ, જીતાયલાં ગામોમાં લૂંટ, નિર્દોષ લોકો પર ધાડ, અવાચક ગરીબ પશુઓનો શિકાર, અનેક સ્ત્રીઓનું પાણિગ્રહણ, નાયકાઓથી પ્રજોત્પત્તિ ઇત્યાદિ બાબતો તેમજ કોઇ સ્થળે કાંઇ અતિશયોક્તિ જેવું આવે તેને બાજૂપર મૂકી શકાતું નથી. જેથી તેમાંના એવા કનિષ્ટ અંશોને ત્યાજ્ય સમજી ઉત્તમ હિતાવહ અંશોજ વિવેકી વાંચકો માટે ગ્રાહ્ય છે.

(૩) "**રાજર્ષિ ભીષ્મ**"નું ચરિત્ર. ઇલાહાબાદ (પ્રયાગ)માં પ્રસિદ્ધ થતા સુપ્રસિદ્ધ હિંદી માસિક પત્ર "સરસ્વતી" ના ઇ. સ. ૧૯૦૨ના ચાર અંકોમાં પ્રસિદ્ધ થયું હતું. એમાં લેખકે પોતાનું નામ આપેલું નથી. તે પછી એ ચરિત્ર એ અંકો ઉપરથી "આગ્રા" નિવાસી "કુમાર હનુમંતસિંહે" સ્વતંત્ર પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યું હતું; જેનો ગુર્જરાનુવાદ આ કાર્યાલયમાં તૈયાર કરી આમાં આપ્યો છે.

ઉપર જણાવ્યા પ્રમાણે આ ત્રણે ચરિત્રો ઉપલાં હિંદી પુસ્તકો ઉપરથી તૈયાર થયેલાં હોવાથી તે તે મૂળ પુસ્તકોના લેખક પ્રકાશક ઉક્ત મહાશયોનો આ સ્થળે અંતઃકરણપૂર્વક નવામાં આવે છે.

આ ચરિત્રો ઉપલાં મૂળ પુસ્તકોના અનુવાદ રૂપેજ હોવા છતાં તે અનુવાદો તપાસી જવા સમયે વધઘટ યા સુધારણા આવશ્યક લાગી ત્યાં યથામતિ તે પ્રમાણે કરવામાં આવ્યું છે. મૂળ પુસ્તકોમાંનાં આવશ્યક ટીપ્પણો પણ અનુવાદરૂપે આમાં આપેલાં છે. જેથી તે, તે મૂળ પુસ્તકના લેખકેજ લખેલાં સમજવાં. કોઇ કોઇ ટીપ્પણ તે ઉપ-રાંત આપ્યાં છે, તેની છેવટે 'મંત્રી' એવી સંજ્ઞા લખી છે.

ઉપર પ્રમાણે આ પુસ્તકની યોજના છે જેમાં કાંઇ ન્યૂનતા સુજ્ઞ જનોને જણાય તે સૂચવી પુનરાવૃત્તિ સમયે સુધારવાની તક આપવા તેઓ પ્રત્યે પ્રાર્થના છે.

આ પુસ્તક સાથે ચરિત્રોને લગતાં ચાર ચિત્રો આપવામાં આવ્યાં છે તેમાંનાં હરિદાસ શિવાયનાં બે ચિત્રો કલ્પિત છે.

ઉક્ત મૂળ પુસ્તકોની લંબાણ પ્રસ્તાવનામાંથી ગુર્જર વાંચકો માટે ઉપયોગી અંશોનો ભાવાર્થ નીચે આપ્યો છે.

૧. યોગીરાજ હરિદાસજી.

આનું મૂળ હિંદી પુસ્તક **महात्मा हरिदास** નામે છે. તેના લેખક બાબુ બાલમુકુન્દ ગુપ્ત તેની સંકલના તેમજ ઉપયોગિતા વિષે તેની પ્રસ્તાવનામાં લખે છે કેઃ—

" આ ગ્રંથ બનાવવામાં મેં કાંઇ બહાદૂરી કરી નથી. આ ગ્રંથને માટે સર્વ પ્રશંસા એના પ્રણેતા બાબુ શ્રીરંગલાલ મુખોપાધ્યાયને ઘટે છે. એમણેજ બંગભાષામાં આ ગ્રંથ રચી વિસ્મૃત થયેલા હરિ-[illegible]સજીનું સ્મરણ કરાવ્યું છે. અંગ્રેજી ભાષાના શિક્ષણને લીધે આ [illegible] રે પવન વાયો હતો તેના સપાટા બાબુ શ્રી રંગલાલને પણ [illegible] પછી એ પવન બદલાઈ જ્યારે અન્ય પ્રકારની [illegible] " [illegible]પાગ પણ આનંદપૂર્વક તેમણે

ઝીલ્યા હતા; અને એજ અવસ્થામાં એમણે આ ગ્રંથ તૈયાર કર્યો હતો. તેઓ લખે છે કેઃ—

> "અંગ્રેજી વિદ્યાના અભ્યાસ આડે આ દેશના લોકો કેટલોક વખત સુધી (સંસ્કૃત) હિંદુશાસ્ત્રો તરફ દુર્લક્ષ્ય કરતા હતા. આ પ્રકારના દુર્લક્ષ્યનો હજી પણ અંત આવ્યો છે એમ અમે કહી શકતા નથી. પરંતુ પૂર્વે જેવું દુર્લક્ષ્ય હતું તેવું હાલ નથી. હમણાં તે પ્રત્યે કાંઇક ભક્તિભાવ–આદરભાવ ઉત્પન્ન થયો છે."

"ઉક્ત બાબુશ્રીને જે લોકો માટે આ ગ્રંથ રચવાનો હતો તે લોકોની પ્રકૃતિને રૂચે એવાં સાધનોની તેમને અપેક્ષા હતી- આ સાધનો બાબુ સાહેબે એકત્રિત કર્યાં; અને જે અંગ્રેજી લખનારાઓનાં લખાણો માટે આપણા અંગ્રેજી કેવળણી પામેલા બંધુઓ શંકા લઇ શકે નહિ તેમનાંજ પ્રમાણોથી આ ગ્રંથ તેમણે તૈયાર કર્યો છે."

* * * * *

"ચરિત્રના મૂળ પ્રણેતાએ એક એવા ચરિત્ર નાયકને શોધી કાઢ્યો છે કે જેને તે સમયના આ દેશના જાણીતા અંગ્રેજ અમલદારોએ સ્વયં જોયો છે, અને જેનાં સ્તુતિગાન તેમણે પોતાના ગ્રંથોમાં ગાયાં છે. આ યોગીની પક્ષમાં તેમજ વિરૂદ્ધમાં એ અંગ્રેજ લખનારાઓએ સ્વહસ્તેજ જે કાંઈ લખ્યું છે તેજ આ ગ્રંથનો મૂળ આધાર છે; અને તેના પ્રણેતાએ અનેક ગ્રંથોનું પરિશીલન કરીને આ આધાર શોધી કાઢ્યો છે તથા તેને પોતાના ગ્રંથમાં સંકલિત કર્યો છે. તેમાં સ્થળે સ્થળે અંગ્રેજી અવતરણ ટાંકવામાં આવ્યાં છે. જે પરથી વાંચકો આ ચરિત્રની સત્યતા વિષે પોતાની ખાત્રી કરી શકશે જ."

×

"મારો ગ્રંથ ઉક્ત બંગાલી પુસ્તકનું અક્ષરશઃ ભાષાંતર નથી પરંતુ આધાર તેમાંથી જ લેવામાં આવ્યો છે. મને મૂળ આંગ્લભાષાના ગ્રંથો વાંચવાનું કષ્ટ સહન કરવું પડયું નથી. મેં કેવળ બંગાલી ગ્રંથમાં સંકલિત કરેલી ઘટનાઓને ઉંચકી લઇ મારી શક્તિ અનુસાર હિંદી ભાષામાં તેને લખી કાઢી છે × × × આ ગ્રંથના પરિશીલનથી વાંચકો પાશ્ચાત્યોની પ્રશંસા પામેલા એક યોગીનું ચરિત્ર જાણી શકશે. એનો પ્રભાવ તેમના પર કેવો પડશે તે તો ઇશ્વર જાણે. મેં મારી તરફથી એમાં દ્વિગુણ પ્રમાણો દાખલ કર્યાં છે."

* * * * *

"આ ગ્રંથના નાયક સાધુ હરિદાસજી પંજાબના લાહોર નગરમાંજ વિશેષ પ્રસિદ્ધ થયા હતા. દૈવયોગે એમને એવો પ્રસંગ મળ્યો હતો કે એઓ અંગ્રેજ લોકો સમક્ષ પોતાનું યોગબળ દર્શાવી શકયા હતા. પરન્તુ આ તરફ તેમને કોઇ ઓળખતું નથી. અહીંના સર્વ લોકો તેમને ભૂલી ગયા છે. ભારતવર્ષમાં એક હરિદાસ તો શું પણ એવા અનેક હરિદાસો થયા છે અને તપાસ કરવામાં આવે તો હમણાં પણ કેટલાક મળી શકે એમ છે; પરન્તુ હાલ તેમના તરફ કોણ લક્ષ આપે છે? કેળવાયલા લોકોને દેશોન્નતિના ગપાટા હાંકવાથી અવકાશ મળતો નથી અને અભણ લોકોને ઉદરનિર્વાહ કરવામાંથી ફુરસદ મળતી નથી. અંગ્રેજોના 'મેસ્મેરીઝમ' અને થીઓસોફીસ્ટોના 'યોગાભ્યાસે' દબાઇ ગયેલા હરિદાસને બંગાળાના આંગ્લભાષાભિજ્ઞ બાબુની લેખિની એ ખોળી કાઢયા. મને એવી ઇચ્છા થઇ કે પંજાબી અને હિંદુસ્થાની લોકોને હિંદી પોશાકમાં હરિદાસનાં દર્શન કરાવું કે જેથી તેઓ પોતાના દેશના ગૌરવ સ્વરૂપ ... ઓળખે, અને પોતાની ભૂલને માટે જરા પણ શરમાય."

(૨) મહારાજ છત્રસાલજી.

મૂળ હિંદી પુસ્તકની પ્રસ્તાવનામાં તેના લેખક "કુંવર કન્હૈયા જૂ" લખે છે કેઃ—

* * * * *

"આ પુસ્તક વાસ્તવમાં જીવન ચરિત્ર છે. એના આદિ અંતમાં ઇતિહાસ છે. એની લેખનપ્રણાલી ઉપન્યાસ જેવી છે."

* * * * *

"આ પુસ્તકના પરિશીલનથી જો કોઇનું પણ જીવન સુધરશે તો હું મારો પરિશ્રમ સફળ થયેલો સમજીશ. મેં કોઇક એવી મંગળદાયક પળે આ પુસ્તક લખવાને મારી લેખિની પકડી કે જેથી મારા જીવનમાં આસ્માન જમીનનો ફરક પડી ગયો, અર્થાત્ હું રાજ્યકીય દાસત્વમાંથી મુક્ત થઈ સ્વાવલંબી બની શક્યો."

* * * * *

(૩) રાજર્ષિ ભીષ્મ.

આ ચરિત્રના મૂળ હિંદી પુસ્તકની પ્રસ્તાવનાનો કેટલોક ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ—

"મહાભારતના આ અદ્વિતીય વીરનું પવિત્ર જીવન ક્ષાત્રધર્મ અને નિઃસ્વાર્થતાના આદર્શ રૂપ છે. વાંચક તેનું ધ્યાનપૂર્વક અધ્યયન કરશે અને તેમના અનુપમ ચરિત્રમાંથી શિક્ષા ગ્રહણ કરવા યત્નશીલ થશે તો તેથી પોતાના જીવનમાં ઉત્તમ સુધારણા કરી શકશે."

"આજકાલ ભારતવર્ષમાં બ્રહ્મચર્યવ્રત પાલન કરવાની સવિશેષ આવશ્યકતા છે. ઘણે ભાગે લોકોમાં એવી માન્યતા ફેલાયલી અઢાર વર્ષની વય પછી બ્રહ્મચર્ય રહેવું અસંભવ છે; ૨૦ સુધીમાં વિવાહ અવશ્ય થઇ જવો જોઇએ

જોઇએ કે પ્રથમ અમારા વડીલો પચીશ વર્ષ તો શું પણ છત્રીસ અને અડતાળીશ વર્ષ સુધી બ્રહ્મચર્યવ્રતનું અવલંબન કરતા હતા; અને જે બ્રહ્મચર્ય અડતાળીશ વર્ષ પર્યંત પાળવામાં આવતું તે સર્વોત્કૃષ્ટ લેખાતું હતું. ભીષ્મ પિતામહે તો જન્મ પર્યંત પણ બ્રહ્મચર્યવ્રતનું સેવન કર્યું હતું; જેના પ્રભાવથી તેમનામાં બળ, પરાક્રમ અને શૌર્ય અકથનીય હતાં. મહાભારતના યુદ્ધ પ્રસંગે દેશદેશાન્તરના રાજાઓનું અઢાર અક્ષૌહિણી સૈન્ય કુરૂક્ષેત્રના યુદ્ધક્ષેત્રમાં એકત્રિત થયું હતું તેમાં એકથી એક ચઢે એવા યોદ્ધાઓ હતા; પરન્તુ કોઇ પણ રથી અથવા મહારથી ભીષ્મની સામા થઇ શકે તેવો નહોતો. અર્જુન શસ્ત્રવિદ્યામાં નિપુણ હતો અને શૌર્ય વીર્યમાં પણ અસાધારણ હતો છતાં પિતામહની સન્મુખ તેનું પણ યુદ્ધ કૌશલ્ય અને બળ પરાક્રમ જોઇએ તેવું કામ આવ્યું નહોતું. તેમનું મરણ કાંઇ અર્જુનના પરાક્રમથી નહિ પરન્તુ તેમણે પોતેજ બતાવેલી યુક્તિને લીધે થયું હતું."

*　　　*　　　*　　　*　　　*

"વીરપ્રસવિની આર્ય ભૂમિમાં આજકાલ કાયરોનીજ વૃદ્ધિ થતી રહી છે. આવું કાયરતાનું કલંક ભારત માતાના પુત્રોના શિરથી દૂર રહે એવો ઉદ્યોગ પ્રત્યેક ભારતવાસીએ કરવો જોઈએ. પોતાના પૂર્વજોનાં ચરિત્રોનું યથાસાધ્ય અનુકરણ કરવું એ ભારત સંતાનનું પરમ કર્તવ્ય છે."

*　　　*　　　*　　　*　　　*

ઉક્ત કર્તવ્યનું પાલન અને તેમાં સહાયક સત્સંસ્કારોની સર્વમાં વૃદ્ધિ થવા શ્રીહરિને પ્રાર્થના પૂર્વક ૐ **તત્સત્**

સંવત ૧૯૬૯ માર્ગશીર્ષ શુક્લપૂર્ણિમા.　　　　　મંત્રી.

અનુક્રમણિકા.

(૧) યોગીરાજ હરિદાસજી.

(૨) મહારાજ છત્રસાલજી.

વિષયાંક.	વિષય.	પૃષ્ટાંક.

(૩) રાજર્ષિ ભીષ્મ.

ચરિત્રમાળાના ગ્રાહકોને હવે પછી મળનાર પુસ્તકો.

આનન્દીબાઈ જોશી.

સ્વદેશપ્રેમને ખાતર અનેક કષ્ટો સહીને અમેરિકા જેવા પરધર્મી દૂરદેશમાં જઈ શુદ્ધ આચરણ અને સ્વધર્મપાલનપૂર્વક વિદ્યાભ્યાસ કરી આવનાર એક ઉન્નત—હૃદયની સુશિક્ષિત આર્ય સન્નારીનું આ સંક્ષિપ્ત જીવનચરિત્ર છે.

ભારતના શૂરવીરો.

આ પુસ્તકમાં મહારાણા પ્રતાપ, મહારાજા શિવાજી, પંજાબકેશરી રણજીતસિંહજી, રાણાકુંભ, રાયમલ્લ, ગુરૂ ગોવિંદસિંહ, ફુલાસિંહ, સીતારામરાય, કુમારસિંહ, રાજસિંહ, સરદાર હીરંગસિંહ, અમરસિંહ, તાનાજી, ઈત્યાદિ મેવાડ, દક્ષિણ અને પંજાબ વિગેરે પ્રદેશોના અનેક મહા પરાક્રમી પુરૂષોનાં અદ્દ્ભૂત પરાક્રમ, અડગ ટેક, શરણાગત વત્સલતા, અલૌકિક ઉદારતા, અનેસ્વધર્મ તથા સ્વદેશ પ્રત્યેના અસાધારણ ભક્તિભાવથી ભરપૂર ૨૫ થી વધુ ઉત્તમ અને સંક્ષિપ્ત ચરિત્રોનો સમાવેશ છે.

વીદેશી વીર મંડલ.

આમાં રોમ, ગ્રીસ, સ્પાર્ટા, સ્પેન, ઈત્યાદિ વિદેશોમાં, થઈ ગયેલા સુમારે ૩૦ પ્રાચીન શૂરવીરો અને ધર્મવીરોનાં ઉપર જણાવેલ સદ્દગુણોથી ભરપૂર મહાન પ્રભાવશાળી સંક્ષિપ્ત વૃત્તાંત આપેલ

" વ્યવસ્થાપક " સસ્તું સાહિ

હાલ નવું બહાર પડેલું ઉત્તમ ભજનોનું પુસ્તક.

ભજન સાગર.

આ પુસ્તકમાં જુદાં જુદાં પુસ્તકો ઉપરથી લીધેલાં જુદા જુદા વિષયનાં અને જુદા જુદા રાગનાં ૨૨૨ ઉત્તમ ભજનોનો સંગ્રહ છે.

મુંબાઈમાં નરનારાયણના મંદિરમાં શ્રી જાદવજી મહારાજના ઉપદેશકપણા નીચે નિત્યપ્રતિ ભરાતી ભક્ત મંડળીમાં તેમજ અન્ય અનેક ઠેકાણે આ પુસ્તકમાંનાં ભજનો ઘણા પ્રેમથી ગવાય છે. આ પુસ્તકની થોડાંજ વર્ષમાં સાત આવૃત્તિઓ એ મંડળીદ્વારા તેમજ વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર દ્વારા છપાઈને હસ્તોહસ્ત વેચાઈ ગઈ છે. પરંતુ વેચાણની પુરતી સગવડના અભાવે બહારના ઘણા લોકોને તે પુસ્તક મેળવવામાં અગવડ પડતી હતી; જે દૂર થાય તેટલા માટે આ સંસ્થા તરફથી હાલ તેની નવી આવૃત્તી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ પુસ્તક સવાઈ પાઈકા ટાઈપોમાં ૫૦ રતલી કેંટ્રીજપેપર ઉપર છપાવેલું છે. તેનું કદ વિવિધ ગ્રંથમાળા જેવું (રોયલ ૧૬ પેજી) પૃષ્ઠ ૧૪૦ નું છે છતાં તેનું મૂલ્ય, જાડા કાગળના સુશોભિત પૂઠા સાથે માત્ર ૦–૨–૦ અને કપડાના પૂઠા સાથે ૦–૩–૦ ટપાલ ખર્ચ જુદું છે. સામટી આઠ પ્રતે એક પ્રત અને વીશ પ્રતે પાંચ પ્રત વધુ મળશે.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની

ભારતના મહાન પુરૂષો.

ભાગ ૧ લો.

(૧) યોગીરાજ હરિદાસજી.

સત્સંગ.

હિંદવાસીઓ અંતર (સદ્‌ગુણ) સંપત્તિથી મોળા પડતાં દૈવના નિયમ પ્રમાણે તેમનાપર મહોમેદન રાજ્યનું આધિપત્ય સ્થપાયું તે સમયથી તેમની સ્થૂળ (દ્રવ્યાદિ) સંપત્તિથી પણ તેઓ રહિત થતા ગયા છે, સેંકડો વર્ષથી આ પ્રમાણે તેમનું અધઃપતન થતું આવ્યું છે. અન્યાય અને જુલ્મનાં દુઃખો સેંકડો વર્ષ ખમ્યા પછી દૈવકૃપાએ મહાન બ્રિટીશ સરકારના આધિપત્ય નીચે મૂકાતાં જોકે તેઓ બહારની સલાહ શાન્તિના ભાગી બન્યા છે ખરા પરંતુ અંતર સંપત્તિમાં તો કેટલીક રીતે તેઓ વધુ મોળા પડતા જાય છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ ગણાશે નહિ.

કાળની કુટિલ ગતિથી તેમની મતિમાં એવો ભ્રમ ઉત્પન્ન થયો છે કે જેથી તેઓ ઘરનાં કાંચન તરફ દુર્લક્ષ્ય કરીને પરાયા કાચના ...ડાની પાછળ દોડી રહ્યા છે! તેઓ પોતાનાં રત્નોને કાદવમાં ફેંકી ... કાંકરા શોધી રહ્યા છે! કેવળ પાપી પેટ ભરવામાંજ ... જીવનચર્યાની પરિસમાપ્તિ થવા માંડી છે! કાગની

હવે તેમને બીજો ધંધો છેજ નહિ. પરંતુ અફસોસ! તેમ છતાં પણ તેમનું પેટ પૂરૂં પાધરૂં ભરાતું નથી!

વિધર્મીઓની આધીનતામાં સેંકડો વર્ષથી રહેવા છતાં તેઓ-માંના મ્હોટા ભાગે હિંદુત્વ ખોયું નહોતું. અને મ્હોટા ભોગો આ-પીને તેનું સંરક્ષણ કર્યું હતું. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષથી તે પણ ન્યૂન થતું ગયું છે. સંવત્ ૧૯૧૪ (ઇ. સ. ૧૮૫૭) માં બળવો થયા પછી હિંદુત્વનો હ્રાસ થતો ચાલ્યો. તે સમયથી આ દેશના લોકોના ધર્મભાવ તથા ધર્મશ્રદ્ધાનો હ્રાસ થવા માંડયો. સાધુઓ અને મહા-ત્માઓ ભવિષ્યમાં પ્રસરનારી અશ્રદ્ધાનો વિચાર કરી લુપ્ત થઇ ગયા. તેમણે સંસારી લોકો સાથેનો સંબંધ એકદમ તોડી નાંખ્યો. સાધુઓ અને મહાત્માઓ જો કે ત્યાગી હતા તોપણ તેઓ સર્વદા સંસારી-ઓનાં કલ્યાણનું શુભ ચિંતન કર્યા કરતા હતા.

સંસારી લોકો સાંસારિક કામોમાં ગુંથાએલા રહેતા હતા તો પણ તેઓ સાધુસેવા અને સત્સંગનાં અકથનીય સુખથી વંચિત રહેતા નહોતા. તેઓ પર્વને વખતે મેળાઓ અને તીર્થસ્થાનોમાં જઇ સાધુદર્શનથી પોતાનો જન્મ સફળ કરતા હતા. સાધુ લોકો પણ વારંવાર ગૃહસ્થને ઘેર પધારી તેમને દર્શન તથા સત્સંગનો લાભ આપતા હતા. ગૃહસ્થો તેમને ઘણા આદરથી પોતાને ઘેર રાખતા હતા અને ભક્તિપૂર્વક તેમની સેવા કરતા હતા. ગામના લોકો તેમનાં દર્શન કરવા આવતા હતા. ધર્મચર્ચા થતી હતી. ભજનકીર્તન થતાં હતાં. આ પ્રકારે સત્સંગનો સારો લાભ લેવાતો હતો.

પ્રાયઃ સર્વ ગામોમાં એકાદ બે મઠધારી સાધુ પણ રહેતા ◌ કેટલાક મઠો ઘણા મોટા થતા હતા. આ મઠોમાં હ◌ સમાગમ થતો હતો. આ સંતોમાં સાર◌

આવા પ્રસંગે અપૂર્વ આનંદ પ્રસરી રહેતો હતો. તે સમયના ગૃહસ્થોમાં એવો ગુણ હતો કે તેઓ સાધુઓને ઈશ્વરતુલ્ય ગણતા હતા. તેઓ તેમના ગુણપર દ્રષ્ટિ રાખી તેમના આદેશનું પાલન કરતા હતા. તેઓ સર્વદા તેમના આશીર્વાદ અને ઉપદેશની તૃષ્ણા રાખતા હતા. સાધુઓ પણ તેમને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપતા હતા. તથા તેમને સન્માર્ગે ચાલવાનો ઉપદેશ આપતા હતા. આવા સાધુ મહાત્માઓની કૃપાથી ધર્મ સદા જાગૃત રહેતો હતો.

આજે સાધુઓનો તેવો આદર કયાં થાય છે? આજના લોકોની દ્રષ્ટિ બીજીજ તરફ છે. હાલના લોકો કેવળ સાધુઓના દોષ તરફજ દ્રષ્ટિ રાખે છે; તેઓ તેમના ગુણ બિલકુલ જોતા નથી. શ્રદ્ધા, ભક્તિ, શિષ્ટાચાર તો દૂર રહ્યાં, પરંતુ કેટલાક લોકો તો સાધુનિંદા શિવાય અન્ય કાંઇ પણ કામ કરતા નથી. તેઓ એમ પણ ધારવા લાગ્યા છે કે સાધુઓથી દેશને હાનિ છે. તેઓ એમ કહે છે કે સાધુઓ બેકાર રહી ગૃહસ્થોની ખરા પરસેવાની કમાણી ખાઈ જઇને દેશને કંગાલ બનાવી દે છે. જ્યારે લોકો આ પ્રમાણે તેમની નિંદા કરે ત્યારે તેઓ તેમને દર્શન શા માટે આપે? કાગ ઉરાડનારને હંસનાં દર્શન કયાંથી થાય? *

---

* આ વિચારો હીંદી પુસ્તકના લેખકનાજ છે છતાં સાધુ વર્ગના બોજા કરતાં પણ અતિશય હાનિકારક એવી આ વાર્તા પણ, એવી માન્યાતાવાળા ગૃહસ્થ બંધુઓએ વિસરવા જેવી નથી કે "કૂવામાં હોય તેવુંજ હવાડામાં આવે છે." ગૃહસ્થસમાજ એ કૂવારૂપ [illegible] છે તેમાં અનેકવિધ અયોગ્યતાઓ પેઠી હોય અને તેમનામાંથીજ ઉપજ[illegible] ઉપજતા જતા સાધુવર્ગમાં પણ તે હોય તો તેથી તે ગૃહસ્થ વર્ગ પોતે [illegible] અને સુધારણાપાત્ર

શ્રદ્ધા ગઇ તેની સાથે સાધુ પણ ગયા. ગત પચાસ વર્ષમાં ઉભયનો લોપ થઇ ગયો. બળવો થયા પૂર્વે ઉભયનું અસ્તિત્વ હતું, તે પછી તેનું બીજજ જાણે હિંદમાંથી નષ્ટ થયું હોય એમ લાગે છે. આ ગ્રંથના નાયક હરિદાસ સિત્તેર એંસી વર્ષ પૂર્વેના સાધુ હતા. એમના મૃત્યુ પછી ત્રીસ વર્ષ સુધી પણ સારા સારા સાધુઓ દ્રષ્ટિ-

ઠરે છે. અનેક દુર્ગુણી અને હરામી ગૃહસ્થાશ્રમીઓ પોતાનો કુમાર્ગ સુગમ કરવા માટે સાધુ બની બેસી પછી મૂર્ખ વર્ગના ગૃહસ્થાશ્રમીઓને ઠગે છે; તે જોતાં જેમ સોનાનો ઢોળ ચઢાવેલી પીતળની લગડીને જોનાર તે લગડીને "બગડેલું સોનું" કહેવાની મૂર્ખતા કરતો નથી, પણ "ઢોળ ચઢાવેલું પીતળ" જ તેને કહે છે. તેજ પ્રમાણે એવા સાધુઓને "બોજારૂપ કુસાધુઓ" કહેવા કરતાં "બોજારૂપ અધમ ગૃહસ્થાશ્રમીઓ" જ તેમને કહેવા ઘટે, અને તેમને સુધારવાને ઘટિત ઉપાયો કરવા જોઇયે તે કરતાં પણ તેમના ઉત્પત્તિસ્થાનરૂપ ગૃહસ્થાશ્રમના સમુદાયમાં પ્રવેશેલા અજ્ઞાન અને અધમતાઓને દૂર કરવાને વધુ પ્રમાણમાં અને અતિ બલિષ્ઠ યત્નો થવા જોઇયે. ઘણાજ સડી ગયેલા અસાધ્ય અંગને કપાવી નાખી યા પોતાની મેળે ખરી પડવા દઇ શરીરમાં રગેરગમાં વ્યાપી ગયેલું ખરાબ દ્રવ્ય બીજા વધુ ભાગોને સડાવતું અટકે તે માટે તે દ્રવ્યને દૂર કરવાના ઉપાયો ઘણીજ વધારે કાળજીથી લેવાવા જોઇયે. સાધુવેશ ધારણ કરવાની હદ સુધી પહોંચી જવાની હિંમત એ અયોગ્ય કોટીના ગૃહસ્થ વર્ગમાંના થોડાઓજ કરી શકે છે, અને તે જોતાં બાકીનો વર્ગ કે જેની ગણત્રી ગૃહસ્થાશ્રમીઓમાંજ છે તેમની સંખ્યા બાવનલાખ બાવાઓ કરતાં ઘણી વધારે સમજવાની છે. તે વર્ગ જે અજ્ઞાન અને જે જૂઠ, પ્રપંચ, દંભ ઇત્યાદિ દુર્ગુણોપૂર્વક પોતાનો [illegible]ારમાર્ગ વહન કરે છે તેનો [illegible] સમજવાનો છે?

ગોચર થતા હતા. અરે ! આજથી ત્રીસ બત્રીસ વર્ષપર* પણ બેચાર સારા સાધુઓ હતા. પરંતુ હમણાં કોઇ નથી; જે છે તે ગુપ્ત છે. જે એકાદ પ્રકટ છે તે પણ સદાને માટે ગુપ્ત થવાને તૈયાર છે.

ત્રીસેક વર્ષની વાતપર પંજાબના ગુરગાંવ જીલ્લાના રીવાડી નગરમાં તેજ જીલ્લાના એક ગામના રહેનાર સાધુ ઇન્દ્રભાનુ આવ્યા હતા. તેમણે એક દિવસમાંજ રીવાડી નગરના લોકોને આશ્ચર્યચકિત બનાવી દીધા હતા. તેમણે પ્રથમ મીઠાઈ લુંટાવી અને પછી એક કલાક સુધી રૂપિયા લુંટાવ્યા. પોલીસે તેમને પકડીને કેદ કર્યા અને તેમના પગમાં બેડી ઠોકી. લોકો તેમને મુક્ત કરાવવા ગયા તો તેમને જે કોટડીમાં પૂરવામાં આવ્યા હતા તે કોટડીનાં દ્વાર પર તાળું જણાયું. પણ અંદર તપાસ કરતાં સાધુનો પત્તો લાગ્યો નહિ, અને બંધ તથા બેડી ત્યાં પડેલી જણાઈ. ત્યારથી આજ સુધી તે સાધુનો પત્તો લાગ્યો નથી. તે સમયમાં આવા ચમત્કાર અન્ય

તાત્પર્ય એજ કે ગૃહસ્થ વર્ગ રૂપી કૂવામાંના કચરાવાળા પાણીએ પોતામાંથીજ હવાડામાં ગયેલા સાધુવર્ગ રૂપી તેવાજ પાણીની મલિનતા અને ભારરૂપતાની બૂમો માર્યા કરવી અને તેના ઉપાયો શોધ્યા કરવા ઘટે છે તેની સાથે ખુદ પોતામાં રહેલા ઘણાજ મ્હોટા પ્રમાણવાળી મૂળભૂત મલિનતા અને ભારરૂપતા માટે વધારે શરમાવું ઘટે છે. અને તેને દૂર કરવા માટે પણ અધિક પ્રમાણમાં અને અધિક બલિષ્ટ ટીકાઓ તથા ઉપાયોની યોજના કરવી ઘટે છે. મંત્રી.

* હરિદાસજીનું હિંદી ચરિત્ર જે સંવત ૧૯૫૩ માં પ્રસિદ્ધ થયું હતું તેના બહુધા અનુવાદ રૂપજ આ પુસ્તક હોવાથી વર્ષ સંબંધી આવી જે [illegible]ન આવે તે પણ એ હીંદી ગ્રંથની પ્રસિદ્ધિની સાથેજ સંબંધવાળી સ[illegible] મંત્રી.

કેટલાક સાધુઓએ પણ કરી બતાવ્યા હતા. પરંતુ હરિદાસજીની પેઠે સમાધિલીલા બતાવનારા સાધુ તો કોઇ વિરલજ હતા. તથાપિ બિલકુલ નહોતા એમ કહી શકાતું નથી. એજ ગુરગાંવ જીલ્લાના સીહાગામમાં બાબા રામસ્વરૂપજી મહાન સમાધિસિદ્ધ પુરુષ હતા. જયપુરના સ્વર્ગસ્થ મહારાજા રામસિંહજીની સાથે તેમને ઘાડો પરિચય હતો. વર્ષના કેટલાક માસ રામસ્વરૂપજી જયપુરમાંજ વ્યતીત કરતા હતા. જયપુરમાં રાજા રામસિંહજીની સમક્ષજ બાબા રામસ્વરૂપજીનું શરીર છૂટયું હતું. એમના મરણ પશ્ચાત્ બે ત્રણ વર્ષે રાજા રામસિંહજીનું મૃત્યુ થયું હતું.

રામસ્વરૂપજી બ્રાહ્મણ હતા. તેઓ શૈશવકાળમાં સાધુસેવામાં ઘણી પ્રીતિવાળા હતા. એમણે લગ્ન કર્યું નહોતું. તેમણે પંદર સોળ વર્ષની વયે ઘરનો પરિત્યાગ કરી પંજાબમાં આવેલા તોશામના પહાડમાં તપ કર્યું હતું. આજ સ્થળે તેમણે સમાધિ આદિનો અભ્યાસ કર્યો હતો. અંતે તેઓ ગુરૂની આજ્ઞા લઇ સીહાગામમાં આવ્યા. એમના ગુરૂ દાદુપંથી હતા. આથી બાબા રામસ્વરૂપજી પણ દાદુપંથી બન્યા. પરંતુ નતો તેમણે કોઇને શિષ્ય બનાવ્યા કે ન કોઇને ફકત પંથનો ઉપદેશ આપ્યો. કેટલાક સાધુઓ શિષ્યવત્ એમના આશ્રમમાં રહેતા હતા, પરંતુ એમણે કોઇને ગુરૂમંત્ર આપ્યો નહોતો.

સીહામાં મુખ્યતઃ ક્ષત્રિયો વસે છે. એ ગામ પહાડની નીચે આવેલું છે. બાબાજી આ ગામમાં આવ્યા તે વખતે તે ઉજ્જડ જેવું લાગતું હતું. બાબાજીએ તેજ પહાડપર આશ્રમ બનાવ્યો. જો કે આશ્રમ નાનો સરખો હતો, પરંતુ તે અતિ મનોહર હતો. ત્યાં પહેલાં એકાદ બે જાતનાં જંગલી વૃક્ષો શિવાય વધુ જાતનાં વૃક્ષ નહોતાં. બાબાજીએ ત્યાં આશ્રમ બનાવ્યો તત્પશ્ચાત્ તે સ્થળે [illegible]ળા અને લીમડાનાં વૃક્ષો થવા લાગ્યાં આ [illegible] ત્યાં બની ગઇ

પછી ત્યાં એક કુંડ પણ બનાવવામાં આવ્યો. ત્યાં તેમણે ઘણીવાર સમાધિ લીધી હતી. તે એક મહિનાથી લઇને પંદર મહિના સુધી સમાધિસ્થ રહેતા હતા. સમાધિ પૂર્વે તેઓ સાત આઠ દિવસ પર્યંત પૂર્વક્રિયા કરતા હતા. તત્પશ્ચાત્ તેઓ સમાધમઠમાં પ્રવેશ કરી તેનું દ્વાર પાષાણથી બંધ કરાવી દેતા હતા.

આ વાતને પચાસ વર્ષ વ્યતીત થઈ ગયાં છે. કેટલાક વૃદ્ધ ઠાકોરો હજી પણ બાબાજીની સમાધિની વાત કરે છે. બાબા રામસ્વરૂપજીની સમાધિમાં હરિદાસજીની સમાધિ કરતાં એક ચમત્કાર વિશેષ હતો. એ ચમત્કાર એ હતો કે તેઓ સમાધ ધારણ કરી સમાધમઠમાં રહેતા હતા તોપણ અનેક સ્થાનોમાં અનેક લોકોને દર્શન દેતા હતા. એકવાર તેઓ યોગાવસ્થામાં જયપુર નરેશ રામસિંહજીને પુષ્કરરાજમાં અને સીહાના એક ક્ષત્રિયને હરિદ્વારમાં મળ્યા હતા. તદુપરાંત અન્ય લોકોએ પણ તેમને ઇતર સ્થળે જોયા હતા. આ લોકોએ સાંભળ્યું હતું કે રામસ્વરૂપજીએ ઘણા માસથી સમાધિ લીધી છે અને તેઓ સમાધિમંદિરમાંજ છે. આથી જ્યારે તેમણે તેમને જોયા ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહોતો. તત્પશ્ચાત્ આ લોકો સીહાગામમાં આવ્યા. સમાધિથી નિવૃત્ત થયા પછી બાબાજી સમાધિમઠમાંથી નીકળ્યા તેમને જોઇને સર્વ ચકિત થઇ ગયા.

રામસ્વરૂપજીએ વૃદ્ધાવસ્થામાં સમાધિનો સર્વથા ત્યાગ કર્યો હતો. આ અવસ્થામાં તેઓ એક એક બબ્બે દિવસ એકાન્તવાસ કર્યા કરતા હતા. હરિદાસની અને એમની પ્રકૃતિમાં કેટલોક ભેદ હતો. હરિદાસજી કાંઇક ક્રોધી સ્વભાવના હતા. પરંતુ રામસ્વરૂપજી શાંતિની મૂર્તિ હતા. હરિદાસ શ્યામવર્ણના અને ઠીંગણા હતા અને રામસ્વરૂપ સુંદર ગૌરવર્ણના તથા ઉંચા કદના હતા. આ ગ્રંથ હિંદી ભાષામાં લખનાર મહાર [illegible] ની સાત આઠ વર્ષની વયે એકવાર રામસ્વરૂ-

પજીનાં દર્શન કર્યાં હતાં તે વિષયમાં તેઓ લખે છે કે "તે મૂર્તિનું ઝાંખું સ્વરૂપ હજી પણ મારી આંખો સામે તર્યા કરે છે."

વસંત ઋતુના દિવસ હતા. સીહાના પહાડપર મેળો ભરાયો હતો. બાબાજીના જીવનકાળમાં સદા હોળી પછીના દિવસોમાં ત્યાં ફાગનો મેળો ભરાતો હતો. મારી માતામહી મને બાબાજીનાં દર્શન કરાવવાને ત્યાં લઇ ગઇ હતી. હમણાં મારી માતામહી સીહામાં છે. શ્વેત ગાદીપર શ્વેત તકિયાને અઢેલીને બાબાજી બેઠેલા જણાયા. તેમની શ્વેત દાઢી નાભિ સુધી પહોંચતી હતી. શ્વેત દંતપંક્તિ હીરાની પેઠે પ્રકાશી રહી હતી. આગલા મોટા દાંત પૈકી એક દાંત પડી ગયો હતો. આવી મૂર્તિનું ત્યાર પછી મેં કદિ પણ દર્શન કર્યું નથી. દાઢીમાં પુષ્કળ ગુલાલ હતો. મેં થાળમાં ભેટ મૂકી. અને તેમાંથી ગુલાલ લઇને બાબાજીની ઉપર ફેંક્યો. બાબાજીએ હસીને મારૂં મુખ ગુલાલથી લાલ કરી નાંખ્યું. બાબાજીનું વર્તન આવું હતું. મેં ધાર્યું કે બાબાજીમાં અને ઇશ્વરમાં જરાપણ ભેદ નથી. ધન્ય છે તે સમયને!

બાબાજી સીહા ગામના દેવતા, માબાપ અને ઇશ્વરરૂપ હતા. સર્વ લોકો તેમને દેવ માનતા હતા. બાબાજી વિરક્ત સાધુ હતા, તો પણ સીહાગામ નિવાસીઓના હાકેમ હતા. તેઓ ત્યાંના ન્યાયાધીશ પણ હતા અને વૈદ્ય પણ હતા. લોકોની તકરારના ફેંસલા તેઓ ચુકવતા હતા અને રોગીને દવા કરી સાજા કરતા હતા. લોકો પ્રાતઃકાળમાં ઉઠીને ઇશ્વરના નામની સાથે તેમનું નામ પણ લેતા હતા. અને જ્યારે તેમનાપર કાંઇ આપત્તિ આવી પડતી ત્યારે પણ તેમના નામનું સ્મરણ કરતા હતા.

મરુ ભૂમિ સમાન સીહા ગ્રામમાં બાબાજીએ એક સુંદર તલાવ બંધાવ્યું, અને એક ધર્મશાળા બંધાવી. પરંતુ હમણાં તેમના વિના સીહાગામ ઉજ્જડ બની ગયું છે તેમના [illegible] પછી બીજે વર્ષે

લીમડા અને પીપળાનાં વૃક્ષો પડી ગયાં. તેમની માયા તે તેમની સાથેજ જતી રહી. મેળો બંધ પડી ગયો. સીહા પુનઃ વેરાન બની ગયું. બાબા રામસ્વરૂપજીનું ચરિત્ર હરિદાસજીનાં ચરિત્ર કરતાં ઉતરતી પંક્તિનું નથી. પરંતુ હાલ અહીંઆં તેનો ઉલ્લેખ કરવાનું કાંઇ પ્રયોજન નથી.

રામસ્વરૂપજીના સમયમાં તે તરફના પ્રદેશમાં બેચાર ઉત્તમ સાધુઓ હતા. પરંતુ ત્યાર પછી કોઇ પણ સાધુ દ્રષ્ટિગોચર થતા નથી. તેઓ યોગવિદ્યાના શેષ અવતારજ હતા એમ માનવાને કશી હરકત નથી. હાલનો કુટિલ સમય તેમની વિદાયગીરીનીજ રાહ જોઈ રહ્યો હતો એમ લાગે છે! તેઓ ગયા અને કલિયુગના મસ્તકપર નૃત્ય કરતા સત્યયુગને પણ પોતાની સાથે લઈ ગયા! હાલ તો આપણે છીએ અને આપણું વિજ્ઞાન છે. એને માટે આપણે હમણાં જમીન આસમાન એક કરીએ છીએ. જેવા આપણે છીએ તેવોજ કાળ છે. શ્રદ્ધા ગઈ, ભક્તિ ગઈ અને અનેક અવગુણોએ સર્વને ઘેરી લીધા, તો પછી સાધુ તે ક્યાંથી દર્શન દે?

થોડા ઘણા સાધુઓ હજી પણ બચેલા છે, પરંતુ જ્યાં નૂતન અવગુણ અને સ્થૂળ વાસનાઓનાં કિરણો પહોંચતાં નથી ત્યાં તેઓ ગુપચુપ ભરાઈ રહે છે. એક આંગ્લભાષાભિજ્ઞ તથા આંગ્લવિદ્યાવિભૂષિત લોકોમાં પ્રસિદ્ધ એવા સાધુએ કેટલેક સ્થળે ફરીને સારા સારા સાધુઓનાં દર્શન કર્યાં હતાં. આ સાધુઓએ ઉક્ત આંગ્લભાષાભિજ્ઞ સાધુને ફિટકાર કરીને કહ્યું કે "જાઓ, આજે સાધુઓનો સમય નથી. અને તમારે સાધુઓપર શ્રદ્ધા રાખવાની જરૂર પણ નથી" આ પ્રકારનો ઉત્તર તેમને પ્રાયઃ સર્વ સાધુઓના તરફથી મળ્યો હતો અંતે તે સાધુ પાછા આવ્યા. પાછા ન આવે તો શું કરે? આજકાલના કેળવાયેલો લોકોની ભાવના અને તે (ખરેખરા) સાધુઓની ભાવનામાં આસ્માન જમીનનો ભેદ છે. હરિદાસનું ચરિત્ર બંગભાષામાં લખનાર

બાબુ રંગલાલ યોગપર શ્રદ્ધા રાખે છે તોપણ તેઓ અંગ્રેજ લોકોની રીત પ્રમાણે તેમાંથી કાંઇક ઐહિક લાભ શોધી કાઢ્યા વિના તૃપ્ત થતા નથી. તેઓ યોગાભ્યાસમાં બાજો કાંઈ ફાયદો જોતા નથી, પરંતુ માત્ર એટલોજ ફાયદો જુએ છે કે "સમાધિથી મુખ્યત્વે કરીને એ લાભ થાય છે કે તેથી આયુષ્યની વૃદ્ધિ થાય છે!"

હરિદાસજીનો પરિચય.

પંજાબ કેસરી મહારાજ રણજીતસિંહજીએ જે સાધુને સમાધિ અવસ્થામાં ચાલીસ દિવસ સુધી ભૂમિમાં દાટીને તેમના યોગબળની પરીક્ષા લીધી હતી, તેમનું ચરિત્ર પાઠકને હવે નિવેદન કરવામાં આવે છે. આ સમાધિસિદ્ધ યોગીનું યોગબળ જાણવાને માટે યુરોપના મોટા મોટા માણસોએ વારંવાર જે પ્રયત્નો કર્યા છે તેનું વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં અમે અમારા તરફથી કોઇ નવી વાત ઉમેરી નથી. સારી માહીતી જે વાત પ્રાપ્ત થઇ છે તે સર્વ સ્પષ્ટ રીતે દર્શાવી છે. પુષ્પ બતાવવામાં અમે કંટકને દૂર ફેંકી દીધા નથી. યુરોપના મુખ્ય માણસો પોતાની દ્રષ્ટિથી જોઇ જે કાંઇ લખી ગયા છે તેનો સાદર ઉલ્લેખ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. જે વાત અંગ્રેજી પુસ્તકોમાં લખવામાં આવી નથી તેની ઘણા માણસોને પૂછીને પૂરી તપાસ કરીને તેને આ પુસ્તકમાં દાખલ કરી છે.

રણજીતસિંહજી આજે વિદ્યમાન નથી. જો તેઓ આજે જીવિત હોત તો અમે જે વાત લખીએ છીએ તે તેઓ સ્વમુખે કહેત. પોલીટિકલ એજંટ મી. વેડ (Mr. Wade) પણ આજે વિદ્યમાન નથી. નહિ તો તેઓ પણ આ વાતની સાક્ષી પુરત. એક તરફ હિંદુઓનાં દર્શન શાસ્ત્રોપર ખ્રિસ્તીઓ શ્રદ્ધા રાખતા નથી. બીજી તરફ

આપણે હિંદુઓ (અજ્ઞાન અને વિષયાસક્તિરૂપ) અંધકારમાં પડી જઇને સ્વયં પોતાને અને પોતાનાં શાસ્ત્રોનેજ ભૂલી ગયા છીએ. આપણે આપણા પોતાના ઉપરજ શ્રદ્ધા રાખતા નથી, તો પછી આપણાપર અન્ય કોણ શ્રદ્ધા રાખે? ખેદ સાથે લખવું પડે છે કે આ ઉપાખ્યાનના નાયક સાધુ હરિદાસજીનાં નિસ્પંદ, નિશ્ચય શરીરની પરીક્ષા જેણે કરી હતી, જેણે તેમનાં શરીરપર હાથ મૂકીને નાડી અને હૃદયના ધબકારા જાણ્યા હતા તે રેસીડંસી સર્જન મેકગ્રેગર પણ આજે જીવિત નથી. ડોકટર કટર મરે, જનરલ વેંચુરા, મી. મૅકનૉટન અને મી. ઓલા પણ આ સંસારનો ત્યાગ કરી ગયા છે. હવે તો લોકોની ખાત્રી કરવાને માટે તેમનાં પુસ્તકો શેષ રહ્યાં છે.

આ ઘટનાને ઘણાં વર્ષો વ્યતીત થયાં નથી. આ ઘટના ઇ. સ. ૧૮૩૫ માં બની હતી. આ માત્ર પોણોસો વર્ષની વાત છે. તે સમયનાં માણસો હજી પણ વિદ્યમાન છે અને તેઓને તે વાતનું સારૂં સ્મરણ છે. હરિદાસજી સંબંધી ચાલતી વાતો વિસરવા યોગ્ય નહોતી. જો તપાસ કરવામાં આવે તો હરિદાસજીની સમાધિ પોતાની દ્રષ્ટિથી જોઇ હોય એવા માણસો પણ હજી મળી આવે. હજી કલિયુગનો પ્રભાવ એટલો બધો વધી ગયો નથી કે એંશી પંચાશી વર્ષનાં વૃદ્ધ માણસો નહિ મળી આવે. એમ કહેવાય છે કે કલિયુગમાં મનુષ્યો અલ્પાયુ થશે, એ વાત સત્ય ઠરી છે. સંસારનાં કષ્ટોથી જીર્ણ થઇને માણસો નાની ઉમ્મરમાં મરવા લાગ્યાં છે. છતાં પણ હજી એંશી પંચાશી વર્ષનાં વૃદ્ધ માણસો મળી આવે છે.

હરિદાસજી કોણ હતા? લુધિયાના નિવાસી મુનસી જ્વાલાપ્રસાદજી એ વિષે પરિચય આપશે. એઓ મી. વેડના મુનસી હતા. તેમણે હરિદાસજીને જોયા હતા. પુસ્તકોમાં જે વાતો લખી છે તેજ વાતો ઉક્ત વૃદ્ધ પંજાબીએ પોતાને મુખેથી કહી સંભળાવી છે.

જમ્મુ, જેસલમીર, કોટા, અને અમૃતસરમાં હજી પણ હરિદાસને જોનાર અને તેમને વિષે વાત સાંભળનાર માણુસો મળી આવે છે. હજી પણ ઉપર્યુક્ત સ્થાનોમાં હરિદાસજી વિષે વાતો થાય છે. પ્રથમ તો એ સ્થાનોના લોકો હરિદાસજીને દેવતા સમજ્યા હતા. કારણ કે તેમનું શરીર માનવી હતું, પરંતુ ગુણ દૈવી હતા. પોતાની આંખથી જોયા છતાં જે ઘટનાપર મનુષ્યને વિશ્વાસ ન આવે એવી અદ્‌ભુત ઘટના તેમણે સેંકડો હિંદુ મુસલમાનોને અને ઓછામાં ઓછા છ સાત યુરોપીઅનોને પ્રત્યક્ષ બતાવી હતી.

આ દેશના લોકો હમણાં હમણાં કથાવાર્તા અને અંગ્રેજી ઢબનાં નૉવેલો વાંચવા લાગ્યા છે. ચરિત્રો પણ વાંચે છે, પરંતુ સંસારી મોટા માણસોનાં ચરિત્રો વાંચે છે. જેમકે એકાદ નાટકશાળામાં નાચનાર છોકરો બૅરિસ્ટર થઈ જાય તો તેનું ચરિત્ર લખવામાં આવે છે અને તેને લાખો માણુસો વાંચે છે. પરંતુ આપણા હરિદાસ તો ધનહીન વન-વાસી સંન્યાસી છે! એ બિચારા સભા ભરીને વ્યાખ્યાન પણ આપી શકતા નહોતા અને વર્તમાનપત્રો પણ પ્રકટ કરી શકતા નહોતા. વળી તેઓ કંઈ સ્કૂલ કે કૉલેજમાં ભણ્યા નહોતા. જો આવા માણુસનું ચરિત્ર આપને સારૂં લાગે તો વાંચજો. એક લંગોટધારી સંન્યાસી મહિનાના મહિના સુધી ભૂમિની અંદર દબાઇને પડી રહે છે એ વાત જાણુવાની જો આપને જિજ્ઞાસા હોય તો હરિદાસનું ચરિત્ર વાંચજો.

અમૃતસરમાં હરિદાસજીનું ગમન.

અમીર લોકોની મિજલસમાં નવી નવી વાતો અને નવાં નવાં ગપ્પાં ઉડ્યા કરે છે. આવી વાતોમાં સત્ય થોડું અને અસત્ય અધિક હોય છે. તેમાં બનાવટનું મરચું મીઠું ઝાઝું ભભરાવેલું હોય છે.

અમીર લોકો આવી વાત સાંભળીને કોઈ વખત ખુશ થાય છે; કોઈ વખત આશ્ચર્ય પામે છે અને કોઇ વખત બેદરકારી બતાવે છે. મહારાજ રણજીતસિંહજીના દીવાન રાજા ધ્યાનસિંહજી પોતાના વતન જમુમાં જ્યારે રહેતા હતા ત્યારે તેઓ પણ નિત્ય આ પ્રકારની ગપસપ સાંભળતા હતા. તેમને કાને ઘણા દિવસ સુધી એક સાધુની વાત પડી. તેમને ત્યાં જે માણુસ જતો હતો તે તે સાધુની પ્રશંસા કર્યા વિના રહેતો નહિ. રાજા ધ્યાનસિંહજી આ વાત એક કાને સાંભળી બીજે કાને બહાર કાઢી નાંખતા હતા.

આ રીતે ત્રણ ચાર માસ વ્યતીત થયા. પરંતુ ઉપલી ગપનો તાર તુટ્યો નહિ. રાજાને જણાયું કે દિનપ્રતિદિન સાધુની ચર્ચા વધતી જાય છે. ઘેર ઘેર, બજારમાં અને ચૌટામાં, જ્યાં ત્યાં બસ સાધુનીજ ચર્ચા ચાલી રહી હતી. આ પ્રકાર કેટલાક દિવસ સુધી ચાલ્યો. તત્પશ્ચાત્ જમુનગર નિવાસીઓ નગર છોડી અમૃતસર તરફ જતા જણાયા. થોડા દિવસમાં અર્ધું નગર ખાલી થઇ ગયું. અમૃતસરથી આવતા રાજદૂતો રાજા ધ્યાનસિંહજીને સાધુની સિદ્ધિ વિષે નાના પ્રકારની વાતો સંભળાવવા લાગ્યા. “ સાધુ મહા સિદ્ધ પુરૂષ છે. એમની પાસે એક એવી ચમત્કારિક ગુટિકા છે કે તેઓ પોતાની મરજીમાં આવે ત્યારે અદ્રશ્ય થઇ શકે છે અને પોતાની મરજીમાં આવે ત્યારે પુનઃ દર્શન દે છે. અમે એમને પાણીની ઉપર ભૂમિપર ચાલતા હોય તે પ્રમાણે ચાલતા દીઠા છે.વળી એ સાધુ આંખ મીંચીને ગ્રંથ વાંચી શકે છે; જે માણુસ એમની સમક્ષ આવે છે તેનું નામ કહી આપે છે. જસરોટામાં એમને ત્રણ માસ સુધી જમીનમાં દાટી રાખવામાં આવ્યા હતા અને ત્યાર પછી જ્યારે એમને પાછા બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેઓ જીવતા નીકળ્યા હતા. દાટતી વખતે એમનો શ્વાસોચ્છ્વાસ બંધ થઇ ગયો હતો. અમૃતસરમાં પણ એમને ભૂમિમાં દાટવામાં આવ્યા છે ત્યાં તેમને એક

માસ સુધી ભૂમિની અંદર રાખવામાં આવશે.” આવી આવી વાતો રાજદૂતો કરતા હતા. આ વાત સાંભળી રાજા ધ્યાનસિંહજી હસતા હતા અને તત્પશ્ચાત્ ચૂપ રહેતા હતા. પરંતુ આ વાત પર પોતાનો કાંઇ પણ અભિપ્રાય દર્શાવતા નહોતા.

એક દિવસે તેમના દિવાનખાનામાં બેઠેલા માણસોએ તેમને કહ્યું કે “ અમે જાણી ગયા છીએ કે આપને અમારી વાતપર બિલકુલ ભરોંસો આવતો નથી. પરંતુ તે સાધુ હમણાં પણ જમીનમાંજ છે. તેઓ ત્રણ ચાર દિવસ પછી બહાર નીકળશે. જો આપની ઇચ્છા હોય તો જાતે જઇને એ વાતની તપાસ કરો.” ધ્યાનસિંહજીએ આ વાત ઉપર જરા પણ લક્ષ આપ્યું નહિ. અને તેઓ અમૃતસર ગયા પણ નહિ. પરંતુ બીજે દિવસે પ્રાતઃકાળમાં તેમણે સાધુની તપાસ કરવાને માટે બે માણસોને મોકલી આપ્યા.

ઉક્ત દૂતોએ અમૃતસરમાં જઇને તપાસ કરી તો તેમને જણાયું કે હજી સાધુ જમીનની અંદરજ હતો; પરંતુ બીજે દિવસે તે બહાર નીકળવાનો હતો. તેની ગુફાની પાસે કોઈ જઇ શકતું નહોતું. ચારે તરફ નાગી તલવાર સાથે સિપાઇઓ પહેરો ભરતા હતા, ધ્યાનસિંહજીના દૂતોએ દૂરથી સમાધિસ્થાન જોયું. તેની આસપાસ થોડે અંતરે આબાલવૃદ્ધ સ્ત્રી પુરૂષોની ઠઠ જામી હતી. કોઈ ભૂમિપર પડીને દંડવત્ પ્રણામ કરતું હતું અને કોઇ પુષ્પ ફેંકતું હતું. સંધ્યાકાળે સ્ત્રીઓ આવી ઘીના દીપક ત્યાં મૂકતી હતી અને સમાધિસ્થાનની પ્રદક્ષિણા કરતી હતી. અનેક રોગી માણસો ત્યાંની ધૂળ ઉઠાવી પોતાના મસ્તકપર મૂકતા હતા.

જે દિવસે ઉક્ત યોગી બહાર નીકળવાના હતા તે દિવસે પ્રાતઃકાળથીજ માણસોની ભીડ થવા લાગી. નગરના મુખ્ય અમીર ઉમરાવો, રાજકર્મચારીઓ, સેનાપતિઓ તથા સૈનિકો ત્યાં એકત્રિત થયા. બહાર

ગામનાં અસંખ્ય માણસો તે સ્થળે આવ્યાં હતાં. સાધુને સમાધિમાંથી જાગૃત થયેલા જોવાને સર્વ લોકો આતુર બની રહ્યાં હતાં. ધ્યાનસિંહજીના દૂતો મૂગે મોઢે આ સર્વ તમાશો જોવા લાગ્યા. તેમણે પોતાના સ્વામિની આજ્ઞાનુસાર પોતાના મનનો મર્મ કોઇને પણ કહ્યો નહિ. જોતજોતામાં કેટલાક માણસોએ સમાધિસ્થાન આગળની કેટલીક માટી ખસેડી. તેમાંથી સાધુને બેભાન દશામાં બહાર કાઢવામાં આવ્યા. તેમનું શરીર ઠંડું અને કાષ્ઠના જેવું કઠિન બની ગયું હતું. તેમનામાં જીવનનાં કાંઇ પણ ચિન્હો જણાતાં નહોતાં. થોડી વારમાં તેમનું જડ શરીર સચેત થઇ ગયું. સાધુને શુદ્ધિમાં આવેલા જોઇ સર્વ લોકોના આનંદનો પાર રહ્યો નહિ. ઘણા લોકો મનમાં બોલવા લાગ્યા કે "આ સાધુ મનુષ્ય નથી, પણ દેવ છે." જમુમાં ધ્યાનસિંહને આ ખબર પહોંચી. તેણે પ્રથમ તો તે સાધુને જમુમાં આવવાનું નિમંત્રણ કર્યું. પરંતુ જ્યારે તેમણે આ નિમંત્રણનો સ્વીકાર નહિ કર્યો ત્યારે તેઓ સ્વયં અમૃતસર ગયા અને અતિ વિનયથી તેમને પ્રાર્થના કરી જમુમાં બોલાવી લાવ્યા. તેમણે તેને જમુમાં ચાર માસ સુધી ભૂમિની અંદર દાટી તેમની સમાધિલીલા પોતાની આંખથી જોઇ. તેઓ સમાધિસ્થ થયા તે પૂર્વે ધ્યાનસિંહજીએ તેમની દાઢી મૂછ મૂંડાવી નંખાવી હતી. જ્યારે સાધુ બહાર નીકળ્યા ત્યારે તેમના વાળ જરા પણ વધ્યા નહોતા. ‡

---

‡ આ સંબંધે "Honigbergor's thirty-five years in the East" (પૌરસ્ત્ય દેશોમાં હોનિગબર્ગરે ગાળેલાં પાંત્રીસ વર્ષો) એ નામના પુસ્તકમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

"મંત્રી રાજા ધ્યાનસિંહે મને ખાત્રીપૂર્વક જણાવ્યું કે 'મે પોતે (હરિદાસ નામના) સાધુને, હું જ્યારે પહાડી પ્રદેશમાં આવેલા

મી૦ મૅકનૉટને લીધેલી પરીક્ષા.

હરિદાસના જેવા અદ્દ્ભુત પુરુષનું નામ ક્યાં સુધી ગુપ્ત રહી શકે? થોડા દિવસોમાં તેમને વિષે ચારે તરફ ચર્ચા ફેલાઈ ગઈ. જ્યાં ને ત્યાં તેમને વિષેજ ચર્ચા થવા લાગી. હિંદુ મુસલમાનો તો એક કોરે રહ્યા, પરંતુ અંગ્રેજ લોકોમાં પણ એ વાત પ્રચાર પામી ગઈ. રજપુતાના અને પંજાબમાં વસતા અંગ્રેજ લોકો સાધુનો તમાશો જાતે જોવાના પ્રયત્નો કરવા લાગ્યા. ઘણા અંગ્રેજોએ સ્વદૃષ્ટિથી સાધુને સમાધિ–અવસ્થામાં જોયા અને તેમણે તે વાત પોતાના મિત્રો પર લખી મોકલી. કલકત્તાના અંગ્રેજ લોકો આવા પત્રો વર્તમાનપત્રોમાં પ્રકટ કરાવવા લાગ્યા × આથી બંગાળામાં પણ એ વાત જ્યાં ત્યાં

જમુનગરમાં હતો ત્યારે ચાર માસ પર્યંત જમીનમાં દાટી રાખ્યો હતો.' જે દિવસે તેને દાટવામાં આવ્યો તે દિવસે તેણે તેની દાઢી મુંડાવી નાંખી હતી અને જ્યારે તેને બહાર કાઢવામાં આવ્યો ત્યારે તેને જે દિવસે જમીનમાં પૂરવામાં આવ્યો તે દિવસના જેવુંજ તેનું મુખ સાફ હતું. આ અરસામાં જીવનશક્તિનો વ્યય થતો અટકાવવામાં આવ્યો હતો એનું આ સંપૂર્ણ પ્રમાણ છે."

× જેમણે આ માણસને ઉત્તર તરફના પ્રદેશોમાં જોયો હતો તેમના પત્રોમાંથી કેટલાંક અવતરણો કલકત્તાનાં પત્રોમાં પ્રકટ થયાં. આમાં તેની અસાધારણ શક્તિનું વર્ણન કરવામાં આવ્યું હતું. તે વખતે કલકત્તા નિવાસીઓને બનાવવાના આ પ્રયત્નો છે એમ સ્વાભાવિક રીતે ધારવામાં આવ્યું હતું.

વાસ્તવમાં હરિદાસજીના અદ્દ્ભુત ચમત્કારપર તેને નજરે જોયા વિના વિશ્વાસ બેસતો નહોતો. ડૉક્ટર હૉનિગ્બર્ગર જ્યારે વિલાયતથી આવ્યો ત્યારે જનરલ વેંચુરાએ હરિદાસ વિષે તેને વાત કરી હતી,

પ્રચાર પામી ગઈ. પ્રથમ તો લોકો એમ સમજ્યા કે અંગ્રેજ લોકો હિંદુઓની મશ્કરી કરવાને ખાતર પોતાનાં મનથી આવી વાત જોડી કાઢે છે અને તેને પત્રમાં પ્રકટ કરી તેનો પ્રચાર કરે છે. આવી સમજ થવાનું એક મોટું કારણ એ હતું કે તે સમયે આ દેશમાં ખ્રિસ્તી પાદરીઓનો ડેરો જામી ગયો હતો. આખા દેશમાં જ્યાં ત્યાં હિંદુઓનાં દેવ, દેવી, સાધુ, સંન્યાસી, તીર્થ, અને મંદિરોની ધોળે દહાડે પ્રકટ રીતે નિંદા થતી હતી. વળી અંગ્રેજી શિક્ષણનાં બીજ સર્વત્ર વેરી નાંખવામાં આવ્યાં હતાં. આથી બંગાળાના હિંદુઓનાં મન પોતાના દેવો ઉપરથી ઉઠી ગયાં હતાં. બંગાળીઓનાં સંતાનો અંગ્રેજી પુસ્તકોનાં ચાર ચાર પાનાં શીખીને ખ્રીસ્તી બની જવા લાગ્યાં હતાં. તેઓ આનન્દપૂર્વક ખ્રીસ્તીઓનું ઉચ્છિષ્ટ અન્ન ગ્રહણ કરતા હતા. ગરમીની મોસમમાં પણ પોતાની હલકી મુલાયમ ધોતી ચાદર ઉતારી નાંખીને અંગ્રેજ લોકોના મોટા કોટ, પાટલુન, પોતાના શરીરપર લાદીને બંગાળી લોકો ફરતા હતા. તેઓ પોતાની દૃષ્ટિથી જોતા હતા કે અંગ્રેજો પોતાના આવા કઢંગા પહરવેશને લીધે ગરમીથી પીડાય છે છતાં પણ તેઓ તેમની વાંદર નકલ કરવાને જરા પણ અચકાતા નહોતા, અને દેશી પહેરવેશ બિલકુલ પસંદ કરતા નહોતા, આવાજ વિપરીત કાળમાં બાબા હરિદાસજી થયા હતા. આથી લોકોમાં તેમના સંબંધે જે વાત ચાલતી હતી તે પર કોઈ શ્રદ્ધા રાખતું નહોતું, ઉલટા સર્વ તેને હસી કાઢતા હતા.

પરંતુ તેને પણ તે વાતપર વિશ્વાસ ચોંટયો નહોતો, તે લખે છેકે:—

તે સમયે જનરલે મને એક વાત કહી. આ વાત હું ભાગ્યેજ માની શક્યો; આ વાતને મેં એક ચોખ્ખી કલ્પના અથવા મશ્કરી ગણી કાઢી. પરંતુ મને તરતજ ખબર પડી કે તે સાચે સાચી વાત કહેતો હતો.

આ રીતે એક વર્ષ વ્યતીત થઇ ગયું. સાધુની ચર્ચા પૂર્વે કરતાં ઘણી વધી ગઈ. કલકત્તાનાં 'મૅડિકલ જર્નલ' નામના વૈદક વિષયના પત્રમાં પણ એક વાર હરિદાસજી સંબંધે કેટલીક વાતો છપાઇ. આ વાતોનો લેખક એક સુપ્રસિદ્ધ અંગ્રેજ ડૉકટર હતો, લુધિયાણાના "મેડિકલ ટૅાપાગ્રાફી"ના ઉપસંહારમાં ડૉકટર મૅકગ્રેગરે પોતાની નજરે જોયેલી ઘણી વાતો લખી. આથી લૉર્ડ ઑન્ટીક અને લૉર્ડ ઑાકલેંડને આ અદ્ભુત ઘટના જોવાની ઇચ્છા થઈ. તેમણે રાજસ્થાન અને પંજાબના એજન્ટોપર પત્ર લખીને જણાવ્યું કે તપાસ કરીને બની શકે તો હરિદાસને કલકત્તે મોકલવા.

આ સમયે મી મૅકનૅાટન રાજસ્થાનના સહકારી એજન્ટ હતા. એક વખત સાધુ હરિદાસજી પોતાના શિષ્યોની સાથે પુષ્કરજી દર્શન કરવાને માટે ગયા હતા. આ સ્થળે મી. મૅકનૅાટને તેમને જોયા અને તેમની સાથે વાત કરી તેમને કલકત્તે જવાને માટે બહુ સમજાવ્યા. પરંતુ તે સંન્યાસીએ એ વાતનો સ્વીકાર કર્યો નાહ. આ વાત સાંભળી કલકત્તાના અંગ્રેજ લોકોને ઉપહાસ કરવાનું નવું કારણ મળ્યું. તેઓ કહેવા લાગ્યા કે સાધુમાં જો કાંઇ પણ સત્યતા હોય તો તે કલકત્તે શા માટે આવે નહિ? માટે એ માણસ ધુતારો હોવો જોઇએ. તેઓ શું જાણે કે સાધુઓ કાંઇ બાજીગર નથી! અંગ્રેજ લોકોને પોતાની કરામત બતાવી હરિદાસજીને તેમની પાસેથી કાંઇ ઇનામ લેવાની અપેક્ષા નહોતી. અંગ્રેજો તેમના તરફ એવી દોષ દ્રષ્ટિથી જોશે અને તેઓ કાંઈ ભક્તિભાવ રાખવાના નથી એ વાત હરિદાસજી સારી પેઠે જાણતા હતા. મુસલમાન લોકોમાં પણ તે વખતે કેટલાક જીવતા પીર ખડા થયા હતા. આ પીરો અંગ્રેજોની ગોળીઓ અને ગોળાઓ ગળી જવાને પણ તૈયાર થયા હતા. બંગાળાના કૃષ્ણનગર જીલ્લાના નારિકેલબેડા નામના ગામમાં તીતૂમીયાં નામના એક મુસલમાને મક્કાથી

આવી મહાન કરામત દેખાડવાનો આરંભ કર્યો હતો. તેઓ અગ્નિને હસ્તસ્પર્શ કરતા હતા, પરંતુ તેમના હસ્તને જરા પણ ઈજા થતી નહોતી. હજારો મુસલમાનો તેમના મુરીદ થયા અને તેઓ હિંદુઓ પર અત્યાચાર કરવા લાગ્યા. મીયાંજીએ પોતાના મુરીદોને કહ્યું કે "ડરના મત! હમ કાફિરોંકી તોપ તક નિગલ જાવેંગે!" કૃષ્ણનગરના માજીસ્ટ્રેટ, ત્યાંના પોલીસ અમલદારો અને સિપાઇઓ તેનું હુલ્લડ દાબી દેવાને માટે ગયા, પરંતુ તેમને મુસલમાનોએ હરાવી દીધા. પોલીસના ઘણા માણસો માર્યા ગયા. આખરે પ્રચંડ સૈન્ય એકત્રિત કરી અંગ્રેજોએ તીતૂમીયાંનો નાશ કર્યો. ઘણા મુસલમાનો માર્યા ગયા અને શેષ નાશી ગયા.

આથી હરિદાસજીએ વિચાર કર્યો કે મને દાટીને ઘણા વખત સુધી જમીનમાં રાખ્યા પછી જ્યારે બહાર કાઢશે અને મને જીવતો જોશે ત્યારે અંગ્રેજો આશ્ચર્યચકિત થશે અને કહેશે કે "આ ઠીક બલા છે! જો આવા પચાસ માણસો દેશમાં હોય તો કોણ જાણે શું કરે? વળી તેઓ મારો ચમત્કાર જોઇને ખુશ થશે—ચકિત થશે—હસશે. પરંતુ એ સાધુમહિમા શું જાણશે? શું તેઓ સંન્યાસીનો આદર કરશે?" વળી હરિદાસજીના સાંભળવામાં એમ પણ આવ્યું હતું કે બંગાલીઓ અંગ્રેજોનું ઉચ્છિષ્ટ અન્ન ખાય છે. આથી બંગાલીઓ વિષે પણ તેમનો અભિપ્રાય સારો નહોતો. તેઓ અંગ્રેજોના કાર્ય પર અતિ અવિશ્વાસ રાખતા હતા. આ વાત તેમણે લાહોરમાં એક અંગ્રેજને સ્પષ્ટ રીતે કહી હતી.

જ્યારે મૅકનૅાટને જાણ્યું કે હરિદાસ કલકત્તે જનાર નથી ત્યારે તેણે ત્યાંજ તેની પરીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. પુષ્કરજીમાં તેમની પરીક્ષા થઇ. જમીનમાં દાટવાને બદલે તેમના શરીરને પેટીમાં બંધ કરી દેવામાં આવ્યું. પંદર દિવસ પછી પેટીને ખોલીને અંદર જોયું તો હરિદાસ બેભાન અવસ્થામાં જણાયા. તેમનું શરીર સૂકાઇને કાષ્ઠ સમાન

બની ગયું હતું. થોડીવાર પછી તેમના શરીરમાં ગતિ આવી. મી. ઑસ્બર્ને પોતાના ગ્રંથમાં લખ્યું છે કે હરિદાસ ભૂમિમાં રહેતા જીવ જંતુ રખેને પોતાના શરીરને ખાવા માંડે એવો ડર રાખતા હતા. આથી તેમણે મી. મૅકનૅાટનની આગળ પેટીમાં બંધ થવાનું પસંદ કર્યું હતું. લેફ્ટેનન્ટ બેલાએ પોતાનાં “ राजस्थानका दौरा ” એ નામના પુસ્તકમાં આ વાત સવિસ્તર લખી છે.

મી. મૅકનૅાટને હરિદાસજીની પરીક્ષા લીધા પછી ઘણા લોકોનો મત ફરવાઇ ગયો. હવે તેમને શ્રદ્ધા ચોંટી કે હરિદાસ ખરેખર શ્વાસ રૂંધી રક્તાભિસરણ બંધ કરી શકે છે, અને સમાધિ ધારણ કરી કાષ્ઠ-તુલ્ય બની જાય છે. હવે લોકો ઠઠ્ઠા કરતા બંધ પડયા. હિંદુઓને હરિદાસજી પર પૂરેપૂરો વિશ્વાસ બેઠો. અંગ્રેજ લોકોને પણ થોડો ઘણો વિશ્વાસ આવ્યો. પૂણ્ય ભૂમિ પુષ્કરજીમાં ધર્મની ધ્વજા ફરકવા લાગી.

જેસલમીરમાં સમાધિ.

જે કાર્ય મનુષ્ય પોતાની બુદ્ધિથી સમજી શકતો નથી તથા જે કાર્ય કરવાની સર્વ લોકોમાં શક્તિ હોતી નથી તેજ કાર્ય અદ્દભૂત કહેવાય છે. આવાં કાર્યો મનુષ્ય જ્યાં સુધી પોતાની દ્રષ્ટિથી જોતો નથી ત્યાં સુધી તેનાપર તેનો વિશ્વાસ ચોંટતો નથી. આજ રીતે હરિદાસજીના ચમત્કાર પણ જેમણે જોયા નહોતા તેમને તેમનાપર વિશ્વાસ આવતો નહોતો. હરિદાસજી સર્વત્ર ફરતા હતા અને પ્રસંગોપાત પોતાનું અદ્ભુત કાર્ય પણ બતાવતા હતા. શ્રદ્ધાવાન હિંદુ લોકો કાલના પ્રભાવથી ગમે તેવા ચંચળ ચિત્તના થઈ જાય તોપણ ધર્માચરણ જોવાથી તેમની મતિ ઠેકાણે આવી જાય છે. પરંતુ અંગ્રેજ લોકોને શ્રદ્ધાવાન બનાવવા એ અતિ કઠિન કાર્ય છે. હરિદાસજીએ પોતાની ચમ-

ત્કૃતિથી આવા અશ્રદ્ધાવાન લોકોને પણ મોહિત કરી નાખ્યા હતા. આથી અંગ્રેજ લોકોએ હરિદાસજીની જે ચમત્કૃતિ જોઈ હતી તેનો જ અમે ઉલ્લેખ કરીશું.

રાજસ્થાનમાં જેસલમીર રાજ્યના મહારાવલ નિઃસંતાન હતા. એમણે પુત્રપ્રાપ્તિને માટે પુષ્કળ અનુષ્ઠાન કર્યાં હતાં અને અતિ દાન પુણ્ય કર્યું હતું. પરંતુ તેમને સંતાન થતાં નહોતાં.* આખરે કંટાળીને

* અમે જેસલમીરમાં આવ્યા તે પૂર્વે થોડા વખત પર રાવલે ગાદીવારસની પ્રાપ્તિને અર્થે ઘણો અદ્દભુત પ્રયત્ન આદર્યો હતો. આ પ્રયત્ન એવો તો અસાધારણ હતો કે જો તે અમારી નજર સન્મુખ ન બન્યો હોત તો અમે ભાગ્યેજ તેને માની પણ શક્યા હોત. અ-મારા આગમન પછી તરતજ અમને કહેવામાં આવ્યું કે "તમારા તંબુની પાસેના તળાવના કિનારા આગળ એક માણસને તેની ખુશીથી ભૂમિમાં દાટવામાં આવ્યો છે. આ માણસ એક આખો મહિનો ભૂમિમાં રહેશે અને ત્યાર પછી તેને બહાર કાઢવામાં આવશે. ૧૮૩૫ ના એપ્રીલની પહેલી તારીખે બપોરે તેને જીવતો બહાર કાઢવામાં આવ્યો. રાવલનો એક મંત્રી ઈશ્વરીલાલ તે માણસને દાટયો ત્યારે પણ હાજર હતો અને તેને બહાર કાઢયો ત્યારે પણ હાજર હતો. તેને તળાવના પશ્ચિમ ભાગ તરફ આશરે બાર ફીટ લાંબા અને આઠ ફીટ પહોળા એક નાના મકાનમાં પુરવામાં આવ્યો હતો. આ મકાનની પરસાળમાં આશરે ત્રણ ફીટ લાંબો અને બે ફીટ પહોળો તથા બે ફીટ ઉંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. આ માણસના શરીરની આસપાસ શણનું કપડું શીવી લેવામાં આવ્યું હતું. તેના પગ વાળીને તેના ઢીંચણ દાઢી સાથે અડતા કર્યા હતા અને તેના હાથ છાતી સાથે દબાવી દીધા હતા. આવી અવસ્થામાં તેને ખાડામાં બેસાડવામાં આવ્યો હતો. આ

રાવલે એમ ધારી લીધું કે મારા ભાગ્યમાં સંતાનજ નથી. આ અરસામાં હરિદાસજીનું નામ બહુ સુપ્રસિદ્ધ થઇ ગયું હતું. તેમણે પંજાબ, ગુજરાત, કોટા, ઇંદોર આદિ અનેક પ્રદેશોમાં પોતાનો અદ્દભુત ચમત્કાર બતાવીને લોકોની ધર્મશ્રદ્ધાને અતિ ઉત્તેજિત કરી હતી. જેસલમીરમાં પણ તેમની પ્રસિદ્ધિ થઇ ગઇ હતી. મહારાવલના એક મંત્રી

ગુફા ઇંટ, છો, અને ચુનાથી પાકી બાંધવામાં આવી હતી અને પરસાળપર ઉનનાં અને બીજી જાતનાં કપડાંના કેટલાક થર પાથરવામાં આવ્યા હતા, કે જેથી સફેદ કીડી તથા ઇતર જંતુઓ તેને ઝાઝી ઇજા કરી શકે નહિ. પાંચ છ ફીટ લાંબા અને કેટલાક ઇંચ જાડા તથા ગુફાને ઢાંકી શકે એટલા પહોળા એવા બે પથ્થર તે ગુફા પર મૂકી દેવામાં આવ્યા હતા, કે જેથી તે નાશી જઇ શકે નહિ. મારા ધારવા પ્રમાણે પથ્થરપર માટી નાંખવામાં આવી હતી કે જેથી તે જમીન જેવી જમીન જણાય. આખો મહિનો બે ઘોડેસ્વાર સિપાઇઓ નિરંતર ચોકી કરતા હતા કે જેથી કાંઇ દગાઇ કરવામાં આવે નહિ.

જો કે અમે જાણુતા હતા કે અમે જેસલમીરમાં રહીશું તે દરમ્યાનજ તે સાધુને બહાર કાઢવામાં આવશે તોપણુ અમે તેની ચોક્કસ તિથિ જાણુતા નહોતા. અને અમે આ ક્રિયા જેવાની તક ગુમાવી હોત, પરંતુ સદ્દભાગ્યે લેફ્ટેનન્ટ ટ્રૅવેલ્યનના મુનસી સાદતઅલ્લીએ અમને એ બાબતની ખબર આપવાને એક માણુસ રોકયો હતો અને તે માણુસ સાધુને બહાર કાઢયો કે નહિ તે જેવાને દોડી પહોંચ્યો હતો. તે ત્યાં ગયો એટલે અમે લેફ્ટેનન્ટ મૅકસનને ત્યાં ગયા અને તેને પૂછ્યું કે "તમે આવો છો કે નહિ?" પરંતુ તેનું શરીર ઠીક નહોતું અને તેનાથી તાપ સહન થઇ શકે એમ નહોતું. તેથી હું અને લેફ્ટેનન્ટ ટ્રૅવેલ્યન બન્ને સાથે ત્યાં જેવા જવાને નીકળ્યા.

ઇશ્વિરીલાલે તેમને કહ્યું કે મહાત્મા હરિદાસજીનો મહિમા આજકાલ બહુ વધી ગયો છે. જો ઇશ્વિરની કૃપા હોય તો એમને ચરણે પડવાથી આપની મનઃકામના સિદ્ધ થઇ શકશે. ભગવાને એમને સર્વ શક્તિ આપી છે. આ કલિકાલમાં આવા સાધુ વિરલજ હોય છે, મહારાવળે ઇશ્વિરીલાલની વાતનો સ્વીકાર કર્યો.

સમાધિગૃહની બહારની દિવાલ તોડી નાંખવામાં આવી હતી, જમીન પરથી આવરણ કાઢી નાંખવામાં આવ્યું હતું અને ઇશ્વિરીલાલની હાજરીમાં તે સાધુને કાઢવામાં આવ્યો હતો. તેના શરીરપરથી ચાદર ખસેડી નાંખવામાં આવી તે વખતે મુન્સી ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે અમને કહ્યું કે સાધુને બહાર કાઢવામાં આવ્યો તે વખતે તેને જરા પણ શુદ્ધિ નહોતી, તેની આંખ બંધ હતી, તેના હાથ અશક્ત અને પાતળા બની ગયા હતા અને તેનું પેટ ઉંડું પેસી ગયું હતું. તેના દાંત તો એવા સજ્જડ થઈ ગયા હતા કે તેનું મુખ ઉઘાડી તેમાં પાણી રેડવાને માટે તેમાં એક લોઢાનો સળીયો ઘાલવો પડયો હતો. થોડી વાર સુધી તેની શુશ્રૂષા કર્યા પછી તે ધીમે ધીમે શુદ્ધિમાં આવતો ગયો અને હાથ પગ હલાવવા લાગ્યો. જ્યારે અમે ત્યાં જઈ પહોંચ્યા ત્યારે તેના નગ્ન શરીર ઉપર એક સ્વચ્છ શુભ્ર ચાદર ઓરાઢવામાં આવી હતી અને બે માણસો તેને પકડી રહ્યા હતા. તે બેઠો હતો અને કેટલાક લોકો તેની આસપાસ ઉભા રહ્યા હતા. આ માણસમાં દૈવી શક્તિ છે એમ લોકો ધારતા હતા અને અતિ આતુરતાપૂર્વક તેનું દર્શન કરતા હતા. વળી તેઓ તેને પૂજ્યભાવે પ્રણામ પણ કરતા હતા. તેણે અમારી સાથે ધીમા અવાજે વાત કરી. તે ઘણા વખત સુધી સમાધિમાં રહ્યો તેથી તેના શરીરની સર્વે ક્રિયાઓ મંદ હતી. તેણે અમને કહ્યું "જો તમારી ઇચ્છા હોય તો હજુ મને જમીનમાં દાટો, હું બાર માસ પર્યંત સમાધિ લેવાને તૈયાર છું."

તત્પશ્ચાત્ મહારાવળની આજ્ઞાથી ઇશ્વરીલાલ હરિદાસજીને તેડવા માટે ગયા. આ વખતે હરિદાસજી પુષ્કરજીમાં હતા. ઇશ્વરીલાલના કહેવાથી તેઓ કેટલાક શિષ્યોને લઈને જેસલમીરમાં આવ્યા. મહારાવલે તેમનો અતિ આદર કર્યો. પછી તેમણે પોતાને કાંઇ સંતાન નથી એ વાત હરિદાસજીને જણાવી. હરિદાસજીએ સમાધિ લઈ તેમનો એ ગ્રહદોષ નિવૃત્ત કરવાની પ્રતિજ્ઞા લીધી. હરિદાસજી પોતાના મુકામપર જઈ સમાધિને માટે તૈયારી કરવા લાગ્યા. રાજાએ તેમને જોઇતી વસ્તુઓ આપી.

થોડા દિવસમાં સમાધિને માટે નિયત કરેલી તિથિ આવી પહોંચી. ગૌરીસર નામના તળાવના પશ્ચિમ ભાગપર એક નાની સરખી પથ્થરની કોટડી હતી. એ કોટડીની લંબાઇ આઠ હાથ અને પહોળાઇ છ હાથ હતી. આ કોટડીમાં તેમને માટે એક કુંડ બનાવવામાં આવ્યો હતો. હરિદાસજીની સમાધિ સમાપ્ત થયા પછી લેફ્ટેનન્ટ બેલાએ આ કુંડનું માપ લીધું હતું. તેની લંબાઇ બે હાથ, પહોળાઈ દોઢ હાથ અને ઉંડાઇ પણ દોઢ હાથ હતી. કુંડના નીચેના ભાગમાં જગ્યા ઘણી સાંકડી હતી. તેમાં મખમલ, રેશમ તથા ઉનનાં વસ્ત્રો બિછાવવામાં આવ્યાં હતાં. હરિદાસજી પ્રથમ ધ્યાન ધરી બાહ્ય જ્ઞાનશૂન્ય થઈ ગયા. ત્યાર પછી તેમને કુંડમાં બેસાડવામાં આવ્યા. સર્વની દૃષ્ટિ તેમના તરફ ચોંટી રહી હતી. મહારાવળે તેમને કુંડમાં પૂર્યા તો ખરા, પરંતુ તેમના મનમાં એવી શંકા હતી કે "સાધુ જીવતા બહાર નીકળશે કે નહિ? એમાં કંઇ ઠગાઇ તો નહિ હોય?" આથી તેમણે પાકો બંદોબસ્ત રખાવ્યો. સમાધિના કુંડનાં દ્વાર પર બે મોટા મોટા પાષાણો મૂકી દેવામાં આવ્યા. તેનાપર માટી પાથરી દેવામાં આવી. કોટડીનું બારણું ચણી લેવામાં આવ્યું. અને બહાર નાગી તલવાર સાથે સિપાઇઓનો પહેરો મૂકી દેવામાં આવ્યો.

આ વખતે લેફ્ટેનન્ટ બેલા જેસલમીરમાં હતો. એનો તંબુ સમાધિ સ્થાનની નિકટજ હતો. હરિદાસજી સમાધિસ્થ થયા છે એ વાત પણ તેના સાંભળવામાં આવી હતી. તે નિત્ય મી. ટ્રૅવેલ્યનની સાથે આવીને એકવાર સમાધિસ્થાન જોઇ જતો હતો. કાંઇક ચમત્કારિક ઘટના તેના જોવામાં આવતી તો તેનો હેવાલ તે પોતાના અમલદાર મિત્રોપર લખી જણાવતો હતો. પરંતુ હજી તેણે હરિદાસજીની સમાધિના સંબંધમાં કાંઇ પણ લખ્યું નહોતું. હરિદાસની સમાધિને પુરા ત્રીસ દિન થઇ ગયા ઇ. સ. ૧૮૩૫ ના એપ્રિલની પહેલી તારિખે તેમની યોગનિદ્રા ખુલી. તેઓ સંપૂર્ણ આરોગ્ય સાથે સમાધિમાંથી જાગૃત થયા. હવે લેફ્ટેનન્ટ બેલાએ આ આશ્ચર્યકારક ઘટનાના સમાચાર ચારે તરફ પોતાના અંગ્રેજ અમલદાર મિત્રોમાં ફેલાવ્યા. જેસલમીરમાં ખબર ફેલાઇ ગઇ કે સાધુ હરિદાસજી આનંદપૂર્વક સમાધિમાંથી નિવૃત્ત થયા છે. હવે લોકોને આશા ઉત્પન્ન થઇ કે મહારાવળને અવશ્ય પુત્રરત્નની પ્રાપ્તિ થશે.

તેમને બહાર કાઢતી વખતનું વર્ણન આ પ્રમાણે છેઃ—

ઇશ્વિરીલાલ પોતાના માણસોને લઇને સમાધિસ્થાનમાં આવ્યા. સર્વ વસ્તુઓ યથાસ્થિત હતી. તેના માણસોએ ઇંટ અને ચુનો કાઢી નાંખીને કોટડીનું બારણું ખોલ્યું. તે પછી તેમાં પેશીને તેમણે પથ્થરો ઉંચકીને ગુફા ઉઘાડી. સાધુને જે સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા તેજ સ્થિતિમાં તેઓ હતા. સાધુના શિષ્યોએ તેમના શરીરપરનું વસ્ત્ર ખોલી નાંખ્યું. તેમની આંખ બંધ હતી, અને તેઓ નિશ્ચેષ્ટ હતા. હાથ પગ વાળેલા હતા, દાંત ચપ્પટ હતા. શિષ્યોએ પોતાના ગુરૂને ગોદમાં લીધા અને તેમના દાંત ખોલવા લાગ્યા. ઘણી મહેનત કર્યા છતાં પણ દાંત ખુલ્યા નહિ ત્યારે તેમણે લોઢાના સળીઆ વતી તેને ખોલ્યા. પછી તેમણે તેમના મુખમાં થોડું પાણી રેડયું.

લેફટેનન્ટ બેલા પોતાના તંબુમાં હતો. તેણે તળાવને કિનારે અનેક માણસોની ઠઠ જામેલી જોઇ તેણે જાણી લીધું કે સાધુને બહાર કાઢવામાં આવે છે. મી. ટ્રૅવેલ્યનના મુનશી સાદતઅલીએ આ વાતની ખબર આપવાને એક માણસ નિયત કર્યો હતો. મુનશી પ્રથમ ત્યાં પહોંચી ગયો, પરંતુ મી. બેલા વખતસર ત્યાં જઇ શક્યો નહિ. તેને ખબર થતાં તે પ્રથમ મી. જેકસનને બોલાવવા ગયો. પરંતુ તે બિમાર હોવાથી તેની સાથે જઇ શક્યો નહિ. મી. બેલા મી. ટ્રૅવેલ્યનની સાથે સમાધિસ્થાનપર ગયો. માણુસની ભીડમાં તે મહા મુસ્કેલીથી સમાધિમંદિરમાં ઘુસ્યા. આ વખતે હરિદાસજી શિષ્યોની ગોદમાં હતા. તેમના શરીરમાં થોડી ગતિ આવી હતી. તેઓ હજી સ્પષ્ટ ઉચ્ચાર કાઢી શકતા નહોતા. કોઇ કોઇ વખત એક બે શબ્દ બોલી શકતા હતા.

સમાધિની સમાપ્તિ થયા પછી રાવળ ગજસિંહે હરિદાસજીની સાથે યોગ્ય વર્તન રાખ્યું નહિ. તેણે હરિદાસજીને જે દાન આપવાની કબુલાત કરી હતી તે આપ્યું નહિ. આથી હરિદાસજી એક ઉંટ ભાડે લઇ ત્યાંથી ચાલ્યા ગયા. આ અનુષ્ઠાનથી મહારાવલને પુત્રપ્રાપ્તિ થઈ કે નહિ તે કાંઇ જણાયું નથી. આપણે એ વાત સાથે કાંઇ ઝાઝો સંબંધ નથી. અમે માત્ર એટલુંજ જણાવવા માગીએ છીએ કે વનવાસી સાધુઓ કેવા ચમત્કારો કરી શકે છે. સાધુઓ જંગલમાં રહે છે અને ફળફૂલ ઉપર જીવનનિર્વાહ ચલાવે છે. તે વખતમાં તેમને જે ફળફૂલ જંગલમાં મળતાં હતાં તે આજે અમીરોએ લાખો રૂપીઆ ખરચીને બનાવેલા બાગ બગીચામાં પણ મળતાં નથી. હરિદાસજીએ પોતાના અપૂર્વ ચમત્કારથી અંગ્રેજ લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા, અને આખા હિન્દુસ્તાનમાં પ્રસિદ્ધિ મેળવી હતી. પરંતુ આજે કેટલા લોકોને તેમનું સ્મરણ છે? તેમનો ચમત્કાર તો દૂર રહ્યો પરંતુ સ્વયં હરિદાસજીને લોકો ભૂલી ગયા છે.

રાવલ ગજસિંહે હરિદાસજીને રૂપિઆ આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તેણે તે વચન પાળ્યું નહિ* આનાં અનેક કારણો માનવામાં આવે છે, પરંતુ મુખ્ય કારણ એ છે કે રાવલ ગજસિંહ માત્ર કાષ્ઠની પુતળીની પેઠે રાજ સિંહાસનપર બેસતો હતો. સર્વ અધિકાર દિવાન સાલિમસિંહના હાથમાં હતો. ખરો રાજા તેજ હતો. તે પોતાના હાથથી રાવલને જે આપતો હતો તેજ રાવલ ખરચી શકતો હતો. આજ રીતે તેનો જીવનક્રમ નિભ્યો જતો હતો. સાલિમસિંહ રાવલને પુત્રપ્રાપ્તિને માટે દ્રવ્ય આપે એવો કાચો નહોતો. રાવલનું કાંઈ પણ ચાલ્યું નહિ. અને સાધુ હરિદાસજી પણ ત્યાંથી નાખુશ થઇ ચાલ્યા ગયા.

હરિદાસજીની સમાધિમાં જરા પણ ત્રુટ થઇ નહોતી. મી. એલાએ પોતાના 'સફરનામા' નામના પુસ્તકમાં આ વાત સારી રીતે સિદ્ધ કરી છે. હરિદાસજીએ એક માસ સુધી જમીનમાં રહી સમાધિ

---

* સાધુએ પોતાનું કાર્ય બરાબર રીતે બજાવ્યું, અર્થાત્ તે આખો મહિનો ભૂમિમાં જીવતો દટાઇ રહ્યો. પરંતુ ત્યાર પછી ધારેલું પરિણામ આવ્યું કે નહિ તે અમારા સાંભળવામાં આવ્યું નથી.

આ ખરેખરી અદ્દભુત ઘટના સંબંધે માત્ર આટલીજ હકીકત મેળવવાને હું શક્તિમાન થયો છું અને હું દ્રઢતાપૂર્વક માનુંછું કે આ કાર્યમાં છેતરપિંડી જરા પણ નથી. પરંતુ પાછળથી એવી અફવા ફેલાઇ હતી કે સાધુ સમાધિમાંથી જાગૃત થયા પછી રાવલે જે પારિતોષિક આપવાનું વચન આપ્યું હતું તે પારિતોષિક મેળવવાની રાહ જોતાં કંટાળી ગયો; કારણકે રાવલ ભાગ્યેજ પોતાનું વચન પાળી શકે એવી સ્થિતિમાં હતો. તેથી તેણે એક ઉંટપર બેસીને જેસલમીરથી ગચ્છંતિ કરી મૂકી.

મી. બેલાનું સફરનામું.

ધારણ કરી હતી. સમાધિ ધારણ કરવા પૂર્વે તેમણે માત્ર એક કો- પિનજ પરિધાન કરી હતી. જે વખતે મી. બેલા તે સ્થળે આવ્યો તે વખતે સાધુ હરિદાસજીના શિષ્યોએ તે મહાત્માના શરીરપર સફેદ ચાદર ઓરાડી દીધી. સર્વ યુરોપીઅન ગૃહસ્થોની સાથે વાર્તાલાપ કરતાં હરિદાસજીએ જણાવ્યું હતું કે "જો આપની ઇચ્છા હોય તો એક વર્ષ સુધી સમાધિ ધારણ કરી મારી એ શક્તિ હું આપને બ- તાવી શકીશ" મી. બેલાએ લખ્યું છે કે આ સાધુની સર્વ વાતોપર મને સંપૂર્ણ શ્રદ્ધા ચોંટી છે.

પૂર્વાવસ્થા.

એક મનુષ્ય જ્યારે સુપ્રસિદ્ધ થાય છે ત્યારે તેના જીવનની વિ- શેષ માહિતી મેળવવાને સર્વજનો ઉત્સુક બને છે. આજ નિયમાનુસાર હરિદાસજીનું જીવન ચરિત્ર જાણવાને માટે સર્વ લોકો આતુર બન્યા. તેમના શિષ્યો દ્વારા તે વિષે કાંઇ સંતોષકારક ખુલાસો મળી શક્યો નહિ. આથી લોકોની આતુરતામાં વૃદ્ધિ થઇ ગઇ. જેને જેમ ફાવે તેમ અફવા ફેલાવવા લાગ્યા. આખરે દીલ્લીના એક પ્રવાસી ભિક્ષુ બ્રાહ્મણ દ્વારા તેમના જીવનની ઘણી ઘટનાઓનો પત્તો લાગ્યો. રાજસ્થાનમાં આ બ્રાહ્મણે તેમના જીવન ચરિત્ર વિષે ઘણી ભરોસાદાર વાતો પ્રસારી. આ બ્રાહ્મણ પૂર્વે હરિદાસજીની સાથે રહ્યો હતો. તેણે જણાવ્યું કે "આ મહાત્માનો આશ્રમ કુરુક્ષેત્રમાં છે* અને તેઓ નાનપણથી ત્યાંજ

---

* કુરુક્ષેત્રમાં હરિદાસજીનો ચિરસ્થાયી આશ્રમ હતો એવો રામ- તીર્થે પણ અભિપ્રાય આપ્યો છે. મી. બેલા લખે છે કેઃ—

"તેમની જન્મભૂમિ કર્નાલથી પાંચ કોસના અંતરપર એક ગામમાં છે. પરંતુ તે ત્યાં રહેવાને બદલે વારંવાર અજમેર, કોટા, ઇંદોર વગેરે સ્થળે ભ્રમણ કર્યા કરતા હતા."

રહે છે. પરંતુ એમનું જન્મસ્થાન હું જાણુતો નથી. હું અનેક વર્ષો સુધી એમની સાથે રહ્યો છું. એઓ તે વખતે સહજ અવસ્થામાં પણ ગુફાની અંદર રહેતા હતા. એઓ ધ્યાન કરતા કરતા આકાશમાં અધર થઇ જાય છે. અધર રહેવાની વિધિ હું પણ જાણું છું. પ્રથમ નિત્ય અર્ધશેર દૂધપર નિર્વાહ કરવો. તેની સાથે સાથે પ્રાણાયામનો અભ્યાસ વધારતા રહેવું જોઇએ. ત્યાર પછી રેચક દવાઓથી શરીરનાં આંતરડાં સાફ કરવાં જોઇએ અને ઉપવાસ કરવો જોઇએ. ત્યાર પછી પદ્માસન વાળી વાયુધારણનો પ્રયોગ કરવો જોઇએ. વાયુધારણનો પ્રયોગ આ પ્રણાલિથી થઇ શકે છે. પ્રથમ નાસિકાના ડાબી તરફના દ્વારથી ધીમે ધીમે શ્વાસ ચઢાવવો અને પછી તેને ઉદરમાં ઉતારવો. એક સહસ્ત્રવાર હંસમંત્ર જપવામાં જેટલી વાર લાગે છે તેટલી વાર સુધી*

હરિદાસજી કુરુક્ષેત્રમાં રહ્યા હતા તેથી લોકો એમ માનતા હતા કે તેઓ કર્નાલની પાસેના એક ગ્રામમાં જન્મ્યા હતા. કર્નાલ દીલ્હી અને પાણીપતની પાસે છે. વળી તેઓ કાસ્મીરના પર્વતોમાં રહ્યા હતા તેથી લોકો એમ માનતા હતા કે તેમનો આશ્રમ જસરોટાની નિકટ છે.

હૉનિગ્બર્ગર લખે છે કે "રણજીતસિંહને કોઇએ કહ્યું હતું કે પર્વતોમાં રહેતો એક સાધુ મૃત્યુવત્ સ્થિતિમાં જમીનની નીચે રહી શકતો હતો. આથી તેને કાંઇ ઇજા પણ થતી નહોતી અને તેના જીવને જોખમ પણ થતુ નહોતું.

* આટલા દીર્ઘ સમય પર્યંત શ્વાસને અંદર રોકી કુંભક કરવાનું તુરતમાંજ સાધ્ય થઈ શકતું નથી, છતાં કોઈ તેમ કરવા જાય તો ઉલટો ઘણી હાનિમાં આવી પડે છે. પ્રથમ બહુજ સ્વલ્પ સમયથી અભ્યાસની શરૂઆત કરી ધીમે ધીમે સમય વધાર્યાં જવાથીજ દીર્ઘ સમય પર્યંત કુંભક રાખી શકાય છે. પ્રાણાયામને લગતી આ તેમજ અન્ય બાબતો તથા બસ્તી ઇ. શૌચક્રિયાઓ તે બાબતનો પાકો જાતિ

વાયુ ચઢાવવો જોઇએ. આટલા વખતમાં એકવાર પણ શ્વાસ પાછો કાઢવો જોઇએ નહિ અને મનને ચંચળ થવા દેવું જોઇએ નહિ. આંખો બંધ કરી બન્ને ભવાંની વચ્ચે વૃત્તિને સ્થિત કરવી જોઇએ. આ ક્રિયા પૂર્ણ થતાં મનુષ્ય અધર રહી શકે છે. પ્રથમ આ કાર્યમાં કેટલુંક કષ્ટ પડે છે, પરંતુ પાછળથી અભ્યાસ વધતાં લેશ પણ કષ્ટ થતું નથી.

+ અધર રહ્યા પૂર્વે હરિદાસજી ભૂમિમાં એક લોહદંડ દાટતા હતા. આ લોહદંડના ઉપલા છેડાપર તાંબાનું ફળુ જોડેલું હતું તેઓ ભૂમિમાં બેસી પોતાના જમણા હાથવતી માળા ફેરવતા હતા અને ડાબા હાથની છેલ્લી આંગળી જરા ઉંચી રાખતા હતા, ત્યાર પછી ધ્યાન કરતાં કરતાં તેઓનું શરીર અધર થવા લાગતું હતું અને તે·

અનુભવ ધરાવનારથી પુરતી માહિતી મેળવ્યા વિના તેમજ કેટલેક દરજ્જે તેની સમીપતા વિના માત્ર પુસ્તક વાંચીને કરવા જતાં ઘણે ભાગે નિષ્ફળતા અને નુકશાનનોજ સંભવ છે. મંત્રી.

+ સમાધિ ધારણને માટે લોહદંડની કાંઇ અગત્ય નથી. અધિક પ્રાણાયામથી શરીર હલકું થઇ જાય છે અને તે સમાધિમાં લીન થઈ શકે છે. દત્તાત્રય સંહિતામાં લખ્યું છે કે "લઘુ પ્રાણાયામથી પ્રસ્વેદ છૂટે છે. માટે શરીર ચોળાવવું જોઇએ. મધ્યમ પ્રાણાયામ કરવાથી યોગીનું શરીર કંપે છે. તેથી પણ અધિક પ્રાણાયામ કરવાથી યોગી દેડકાની માફક કુદી શકે છે તેથી પણ વધારે પ્રાણાયામ કરવાથી તે ભૂમિથી અધર રહી શકે છે. પરંતુ તેને માટે પ્લાવની અને કુંભકની સાધના કરવી પડે છે. મદ્રાસ તરફ એક બ્રાહ્મણ પ્રાણાયામ કરીને અધર ઉભો રેહેતો હતો. યુરોપીઅન લોકોએ ઘણી તપાસ કરી, પરંતુ તે બ્રાહ્મણની કાંઇ ઠગાઈ જણાઇ નહિ, આથી તેમને પણ આ વાત સત્ય માનવી પડી.

મના ડાબા હાથની છેલ્લી આંગળી લોહદંડના તાંબાના ફૂળાની નીચે જઇ લાગતી હતી એથી વધુ ઉંચે તેઓ જઇ શકતા નહોતા. યુરોપીઅનોએ પણ હરિદાસજીની આ લીલા જોઈ હતી. તેમની વૈજ્ઞાનિક બુદ્ધિએ એવી કલ્પના કરી કે આ લોહદંડમાં કાંઇક આકર્ષણ શક્તિ છે અને તેજ સાધુને અધર ઉઠાવી લે છે. પરંતુ જ્યારે હરિદાસજીએ લોહદંડ કાઢી લઈ અધર રહી બનાવ્યું ત્યારે યુરોપીઅનોની શંકાનું સમાધાન થયું.

પહેલાં હરિદાસજીની પાસે એક નર્મદેશ્વરની મૂર્તિ તથા એક કૃષ્ણની પીતળની મૂર્તિ હતી. પરંતુ હમણા તે નથી. એમ સાંભળવામાં આવ્યું છે કે તેઓ કદિ પણ સ્નાન કરતા નહોતા. મેં પણ તેમને કદિ સ્નાન કરતા જોયા નથી. તેઓ નિત્ય પ્રાતઃકાળમાં રૂમાલ વતી અંગ લૂછી નાંખતા હતા.* તત્પશ્ચાત્ તેઓ શ્વેત ચંદન લગાડી પ્રાણાયામ કરતા હતા. મેં એમને કદિ તુલસી, ચંદન, વેલ પત્રાદિ લઇને દેવાર્ચન કરતા જોયા નથી.

સમાધિ શી રીતે સિદ્ધ થઈ શકે છે તેનો ઉપદેશ તેમના મુખ દ્વારા સાંભળવામાં આવ્યો છે. પરંતુ તે સર્વ બરાબર સ્મરણમાં નથી. તેમણે કહ્યું હતું કે પથ્યનો નિયમ પાળવો પડે છે. યોગીઓ અન્નાદિક સર્વનો પરિત્યાગ કરી કેવળ દૂધ પીએ છે. સર્વ પ્રકારનું અગડં બગડં ખાવાથી કોઈ સમાધિસિદ્ધ થઇ શકતો નથી. પ્રાણાયામ દ્વારા વાયુ ધારણનો પણ ધીમે ધીમે અભ્યાસ કરવો પડે છે.

પ્રથમ રૂ તથા મીણથી આંખ કાન બંધ કરવા અને પછી આંગળી વતી નાસિકાદ્વાર બંધ કરી પ્રાણાયામ કરવો. આ પ્રકારે સાવધાનતાપૂર્વક જો વાયુ ધારણ કરવામાં ન આવે તો મસ્તકની નાડી તુટીને છિન્નભિન્ન થઇ જઇ યોગી બિમાર પડી જાય છે. કોઇ કોઇ યોગી

---

* કેટલાક જણ કહે છે કે હરિદાસ નિત્ય સ્નાન કરતા હતા.

કર્ણમાં અંગુઠા ઘાલે છે અને તર્જની આંગળી વતી આંખ બંધ કરે છે. અને મધ્યમાં આંગળી વતી ન્યાસ કરે છે. એમ સાંભળવામાં આવ્યું છે કે ક્રમે ક્રમે ન વધતાં શરૂઆતમાંજ અધિકવાર સુધી વાયુ રોકવાથી આ ચાર ઇંદ્રિયોને નુકશાન પહોંચવાનો ભય રહે છે. ગમે તેટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા છતાં પણ આ વાત પર લક્ષ ન રાખવાથી કષ્ટ સહન કરવું પડે છે. પ્રાણાયામની સાધના થોડી થોડી નિત્ય કરવી જોઇએ. મેં સંન્યાસીને મુખે બીજી પણ ઘણી વાતો સાંભળી હતી, પરંતુ હમણાં તેનું સ્મરણ નથી. *

---

* ડૉકટર હૉનિગ્બર્ગરનો અભિપ્રાય એવો છે કે “નૂતન યોગાભ્યાસીઓ પ્રયોગ કરતી વખતે પોતાની આંખ મીંચી દે છે અને તેનીપર તથા કાન અને નાકનાં દ્વારપર આંગળીઓ મૂકે છે. કારણકે શરીરમાં રહેલો વાયુ નીકળતી વખત બહુ જોસ કરે છે, માટે જો આંખ, કાન અને નાક બંધ કરવામાં ન આવે તો અભ્યાસ વગરની આ મૃદુ ઇંદ્રિયોને તે ઇજા પહોંચાડે. મારા સાંભળવામાં આવ્યું છે કે જો એમ કરવામાં ન આવે તો ખાસ કરીને આંખ અને કાનને બહુ ઇજા થાય. આ શક્તિ વધારે પ્રમાણમાં મેળવવાને માટે તેઓ લાંબા વખત સુધી શ્વાસ રૂંધે છે.

“હૉનિગ્બર્ગરનાં પૂર્વમાં પાંત્રીસ વર્ષો.”

यथा सिंहो गजो व्याघ्रो भवेद्वश्याः शनैः शनैः ।
तथैव सेवितो वायुरन्यथा हन्ति साधकम् ॥
प्राणायामादियुक्तेन सर्वरोगक्षयो भवेत् ।
अयुक्ताभ्यासयोगेन सर्वरोग समुद्भवः ॥

સિંહ, હાથી, વ્યાઘ્ર, જેમ ધીમે ધીમે વશ થઈ જાય છે, તેમ પ્રાણાયામથી વાયુ વશ થાય છે. યુક્ત પ્રાણાયામથી સર્વ રોગો નાશ પામે છે, પરંતુ અયુક્ત પ્રાણાયામથી રોગની ઉત્પત્તિ થાય છે.

બ્રાહ્મણે ઘણી વાતો કરી, તોપણ હરિદાસજીના જન્મચરિત્રની ઘણી વાતોનો ભેદ પ્રકટ થયો નહિ. યોગીના મૃત્યુ પછી [1] રામતીર્થે લાહોર આવી તેમના શૈશવકાળ તથા યોગસાધનની સર્વ વાતો પ્રકટ કરી. પ્રસંગોપાત સર્વ વાતો અમે જણાવીશું.[2]

મી૦ બેલા શું કહે છે ?

ઉક્ત બ્રાહ્મણે જે હકીકત કહી તે અન્ય લોકોએ કહેલી વાતોને મળતી આવે છે. પરંતુ તેમાં કેટલોક ભેદ પણ છે. સ્વયં હરિદાસજીએ મી૦ બેલાને પોતાનો કેટલોક વૃત્તાન્ત કહ્યો હતો. આ વૃત્તાન્તનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે. આ વૃત્તાન્તદ્વારા યોગવિદ્યાપર ઘણો પ્રકાશ પડશે. પરંતુ હઠયોગનું વર્ણન જરા કઠિન છે તેથી અમો તેને સવિસ્તર પૃથક્ લખીશું.

જેસલમીરમાં હરિદાસજી સમાધિમાંથી જાગૃત થયા તે પછી મી૦ બેલા તથા અન્ય યુરોપીઅન ગૃહસ્થો બે ચાર દિવસ સુધી રોકાયા હતા. હરિદાસજીને પુનઃ એકવાર સમાધિસ્થ કરી સર્વ પ્રકાર જોવાની તેને અતિ ઉત્કંઠા હતી. પરંતુ તેને સરકારી કામોમાંથી જરા પણ અવકાશ મળતો નહોતો. તેને જેટલો સમય મળતો હતો તે અરસામાં તેઓ હરિદાસજીને પોતાના તંબુમાં બોલાવી તેની વાતો

૧ આ "રામતીર્થ" તે થોડાં વર્ષપર વિદેહ થયેલા "સ્વામી રામતીર્થ" નહિ પણ હરિદાસજીના એક શિષ્ય દાખલ અન્ય વ્યક્તિ છે. **મંત્રી.**

૨ જ્યારે હરિદાસજી લદાખના પહાડોમાં નાશી ગયા હતા ત્યારે તેમને પકડી લાવવાને માટે રણજીતસિંહે ચારે તરફ માણસો મોકલ્યાં હતાં. રણજીતસિંહના મૃત્યુથી બે મહિના પૂર્વે રામતીર્થે આવીને તેમને જણાવ્યું હતું કે હરિદાસજીનો દેહાન્ત થઇ ગયો છે. રામતીર્થ દ્વારા રણજીતસિંહે હરિદાસજીની પૂર્વાવસ્થા સારી રીતે જાણી હતી.

સાંભળતો હતો. જગતને તારવાનો દાવો કરનાર પ્રભુ ઇશુ ખ્રીસ્તના અનુયાયીઓ, મૂર્તિપૂજકોનાં સાધનોની વાત સાંભળી કેવી રીતે નાકનું ટીચકું ચઢાવે છે તે પણ હરિદાસજી તેને કહી દેતા હતા. હરિદાસજી સર્વ વાતો સાચે સાચી કહી દેતા હતા. તેઓ કોઇ પણ વાત ગુમ રાખતા નહોતા.* લેફ્ટેનન્ટ બેલા યોગની જે જે પ્રણાલિ જાણી ગયો હતો તે સર્વ તેના ગ્રંથમાં ઉપલબ્ધ થાય છે.

હરિદાસજીએ યુરોપીઅનોને યોગના ત્રણ મોટા ઉપાય કહ્યા. પ્રાણાયામ, ખેચરી મુદ્રા તથા પથ્યનો નિયમ. અંગ્રેજોનાં દેહતત્ત્વની સાથે હિંદુઓની સમાધિ અવસ્થાને શો સંબંધ છે એ જાણવાને માટે લાહોરમાં ડૅાકટર મરે તથા મૅકગ્રેગરે પણ પુષ્કળ માથાકૂટ કરી હતી. લેફ્ટેનન્ટ બેલાનો મત પણ તેમના મતની સાથે મળે છે.‡

---

* યોગશાસ્ત્રની કેટલીક વાતો યોગી શિવાય અન્યની આગળ કહેવી જોઇએ નહિ, ઊર્ધ્વરેતા થવાને માટે વજ્રોલી આદિ જે મુદ્રા છે તે બતાવવી જોઇએ નહિ.

‡ આ માણસે લાંબા વખતના અભ્યાસથી ઘણી વખત સુધી શ્વાસ રોકવાની કળા સાધ્ય કરી હતી. પ્રથમ એક માણસ પચાસ ગણી શકે ત્યાં સુધી અને પછી શનૈઃ શનૈઃ સો તથા બસેં ગણી શકે ત્યાં સુધી તે પોતાનો શ્વાસ રોકવાનો અભ્યાસ પાડતો હતો. જે રીતે મોતી કાઢનારાઓ આ ક્રિયા કરે છે તેજ પ્રમાણે તે કરતો હતો. વળી એમ કહેવાય છે કે તે પોતાનું મુખ બંધ કરી તાળવે નાસિકાનાં અંદરનાં દ્વાર આગળ પોતાની જીવ્હા લગાડીને પણ શ્વાસ રોકતો હતો. સીધી ગુલામો તાળવે જીવ્હા લગાડી આપઘાત કરતા હતા એ વાત ઘણાની જાણમાં હશેજ. ઘણી વખત સુધી જમીનમાં રહેવાને માટે આ યોગી આ ક્રિયા કર્યા પૂર્વે કેટલાક દિવસથી કોઇ પણ પ્રકારનો ભારે ખોરાક ખાતો નહિ. તે માત્ર દૂધજ પીતો, કે

હરિદાસજીએ જણાવ્યું હતું કે યોગસાધનને માટે પ્રથમ પચાસ ગણી શકાય એટલા સમય સુધી પ્રાણાયામનો કુંભકનો અભ્યાસ કરવો. તત્પશ્ચાત્ ધીમે ધીમે સો, અને પછી બસેં ગણવામાં જેટલો સમય લાગે તેટલીવાર સુધી પ્રાણાયામ કરવો. જેમ જેમ અભ્યાસ વધતો જાય તેમ તેમ તેથી પણ અધિક સમય સુધી વાયુ ધારણ કરવો.

જેથી તેની જઠરમાંના કોઇપણ પદાર્થો તેની યોગનિદ્રામાં ખલલ કરે નહિ. તે સમાધિમાંથી જાગૃત થયા પછી પણ કેટલોક વખત સુધી તેનું મન વ્યગ્ર રહેતું હતું. તે આટલો બધો કાળ ખોરાક વગર રહી શકે તો તેનો મનઃસંયમ કેવો અદ્ભુત હોવો જોઇયે! વળી તે જેટલો વખત ભૂમિમાં રહેતો હતો તેટલો વખત તેના વાળ જરા પણ વધતા નહોતા. લોકો આવી વાત કરતા હતા અને મેં પણ તેને જ્યારે સમાધિમાંથી જાગૃત થતાં જોયો ત્યારે તેની દાઢીપર જરાપણ વાળ વધેલા જોયા નહોતા. સાધારણ રીતે દેશીની દાઢી જો એક અઠવાડીઆ સુધીમાં મુંડવામાં ન આવે તો તેપર વાળના મોટા ખુંપા ઉગી નીકળે."

આ ઉપર જણાવેલો અભિપ્રાય લેફ્ટેનન્ટ બેલાનો છે.

હવે એક બીજો ગ્રંથકર્તા શું કહે છે તે જોઇશું:—

એમ સાંભળવામાં આવે છે કે સમાધિમાંથી જાગૃત થયા છતાં પણ હરિદાસનાં મળમૂત્ર ત્રણ ચાર દિવસ પર્યંત બંધ રહેતાં હતાં. તેના શરીરનો મળ કઠણ હોવાથી તે નીકળતી વખત તેને બહુ કષ્ટ થતું હતું. પીશાબ લાવવાને માટે તેને જળમાં ઉભા રહેવું પડતું હતું. પ્રથમવાર પીશાબ કરતી વખત તેની આંખમાંથી આંસુ નીકળી પડતાં હતાં.

ડૉકટર મરેએ હરિદાસની સમાધિ જોઇને એવો અભિપ્રાય આપ્યો હતો કે યોગીની યોગનિદ્રા સર્પાદિની શીત નિદ્રા સમાન છે. સર્વત્ર એવો નિયમ જોવામાં આવે છે કે જે પ્રાણીઓ દૂધનાં ઘણાં પ્રેમી હોય છે તેઓ શીત ઋતુમાં જડવત્ પડી રહે છે. જેમને દૂધ મળતું

આથી પ્રાણાયામ સિદ્ધ થાય છે. મી૦ બેલાનો અભિપ્રાય એવો છે કે જે પ્રમાણે મોતી કાઢનારા લોકો ઘણી વાર સુધી ડૂબકી મારવાનો અભ્યાસ કરે છે તેજ પ્રમાણે પ્રાણાયામનો અભ્યાસ યોગીઓ કરે છે. હવે ખેચરી મુદ્રાની વાત આવી.—યોગી પોતાની જીવ્હાના નીચલા ભાગની ચામડી કાપીને તેને ઉલટાવી નાંખે છે અને વાયુપથનો રોધ કરે છે. આથી બાહ્ય જ્ઞાન શૂન્ય બની જાય છે. મી૦ બેલા જણાવે છે કે અમેરિકાના કાફિર ગુલામો પણ આ પ્રયોગ જાણતા હતા. જ્યારે આ કાફિર લોકોને વૃક્ષોની સાથે બાંધીને તેમના અંગપર લાકડીનો માર મારવામાં આવતો હતો ત્યારે તેઓ આ પ્રમાણે જીવ્હાને તાળવા સાથે લગાડી મૃતવત્ થઇ જતા હતા.

સમાધિ ધારણ કર્યા પૂર્વે યોગીને અન્નાદિક પદાર્થ છોડી કેવળ દુગ્ધ પ્રાશન કરવું પડે છે. હિંદુઓ માને છે કે દુગ્ધ પીવાથી શરીરમાં મળ થતો નથી; સર્વ પીશાબ વાટે નીકળી જાય છે; મળ થવાથી સમાધિ-અવસ્થામાં શરીરનાં આંતરડાં કોહી જવાનો ભય ઉપસ્થિત થાય છે; કારણ કે સમાધિમાં મળ મૂત્ર, પ્રસ્વેદાદિ કોઇ વસ્તુ બહાર નીકળતી નથી. શ્વાસોચ્છ્વાસ ક્રિયા પણ થતી નથી. આ કારણથી યોગીઓ દુગ્ધ પીએ છે. વળી હરિદાસજીએ એમ પણ જણાવ્યું હતું કે સમાધિમાંથી જાગૃત થયા પછી કેટલાક દિવસ સુધી સૂર્યની તરફ જોઇ શકાતું

નથી તેઓ વનસ્પતિ ખાય છે. યોગીઓએ આ પ્રાણીઓની પ્રકૃતિનો અભ્યાસ કરી યોગનિદ્રાને માટે દૂધનો ખોરાક પસંદ કર્યો છે. કર્નલ ટાઉન્સેંડ પોતાની ઇચ્છાનુસાર મરતા જીવતા હતા. એમણે કદિ પણ યોગની સાધના કરી નહોતી. સુપથ્ય પદાર્થોના સેવનથીજ તેમણે આ શક્તિ પ્રાપ્ત કરી હતી. તેઓ કદિ પણ કુપથ્ય પદાર્થોનું સેવન કરતા નહોતા.

(Torner's Practice of Medicine)

નથી; તિમિરમાં બેસી રહેવું પડે છે. ધીમે ધીમે મળમૂત્રાદિ બહાર નીકળવાની ક્રિયા થવા લાગે છે એટલે પછી સૂર્યની તરફ જોવાથી કોઈ પણ પ્રકારનું કષ્ટ થતું નથી.

સમાધિ અવસ્થામાં વાળની વૃદ્ધિ થતી નથી એ વાતનો ઉલ્લેખ પૂર્વે કરવામાં આવ્યો છે. મી૦ બેલા પણ આ વાતને અનુમોદન આપે છે. જ્યારે હરિદાસજી સમાધિમાંથી જાગૃત થયા ત્યારે તેણે પણ તેમનું મુખ કેશરહિત જોયું હતું. સમાધિ પૂર્વે તેમને કેશરહિત કરીને ભૂમિમાં ખોદેલા ખાડામાં મૂકવામાં આવ્યા હતા, અને તેઓ જાગૃત થયા ત્યારે પણ તેઓ કેશરહિતજ હતા. તેમના શિષ્યો જ્યારે તેમના શુષ્ક મુખમાં જલબિંદુ નાંખી રહ્યા હતા ત્યારે મી૦ બેલાનું લક્ષ તેમના કેશરહિત મુખ પ્રતિ ખેંચાયું હતું. આ પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે સમાધિની અવસ્થામાં દેહની સર્વ ક્રિયાઓ સર્વથા બંધ પડી જાય છે. આ વાત યુરોપીઅનોને આશ્ચર્યમાં ડુબાવી દેતી હતી. આ વાત તેઓ સમજી શકતા નહોતા. આ સંબંધે તપાસ કરવાને માટેજ ડૉકટર મરેએ તથા મેકગ્રેગરે લાહોરમાં માથાકૂટ કરી હતી. એ વિષે આગળ ઉપર વર્ણન આવશે.

હરિદાસજી લાહોરમાં.

ઈ. સ. ૧૮૩૫ માં હરિદાસજી લાહોર ગયા, તેઓ ત્યાં ગયા તે વખતે કુંવર નવનિહાલસિંહના લગ્નની ધામધુમ હતી. કર્નલ વેડના મુનશી લુધીઆણાનવાસી જ્વાલાપ્રસાદજી લખે છે કે " હરિદાસજી પોતાના શિષ્યોની સાથે દક્ષિણમાંથી આવ્યા તે વખતના થીઓસોફીસ્ટ પત્રના ઇ. સ. ૧૮૮૧ ના નવેમ્બર માસના અંકમાં લખવામાં આવ્યું છે કે તે વખતે હરિદાસજીએ એક વર્ષની સમાધિ લીધી હતી. કુંવર નવનિહાલસિંહના લગ્નના ઉત્સવમાં દેશ દેશાંતરના રાજા મહારાજાઓ એક-

ત્રિત થયા હતા. આ લગ્ન અતિ ધામધુમથી કરવામાં આવ્યું હતું. લગ્ન થઈ રહ્યા પછી એક દિવસ હરિદાસજી રાજા ધ્યાનસિંહની દ્રષ્ટિએ પડયા. તેમણે આ વાત રાજા રણજીતસિંહને કહી, અને સાથે સાથે એમ પણ કહ્યું કે એ મહાત્માને મેં ચાર માસ પર્યંત જમ્મુમાં ભૂમિની નીચે દાટી રાખ્યા હતા.

રણજીતસિંહની શ્રદ્ધા આ વાતપર ચોંટી નહિ. પરંતુ તેમણે પરીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. હવે હરિદાસજીને રાજસભામાં બોલાવવાનો બંદોબસ્ત થવા લાગ્યો. આ સમયમાં રણજીતસિંહનો પ્રતાપ સૂર્યપ્રકાશની પેઠે પ્રસરી રહ્યો હતો. હરિદાસજીને આમંત્રણ કરવામાં આવતાં તે રાજસભામાં ગયા.

આ સમયમાં અંગ્રેજી સામ્રાજ્ય હિંદમાં દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતું જતું હતું. હિંદુસ્થાનના નકશામાં લાલ રંગ વધારે વપરાવા લાગ્યો હતો. પંજાબમાં રણજીતસિંહનો પ્રતાપ એવો હતો કે તેના આગળ અંગ્રેજ અમલદારોને ટોપી ઉતારવી પડતી હતી. જે વખતે હરિદાસજી રણજીતસિંહની દરબારમાં ગયા તે વખતે તેઓ ફ્રેન્ચ સૈનિકોની સાથે કાંઇ ગુપ્ત મસલત કરી રહ્યા હતા. હજી તેમની મસલત પૂર્ણ થઇ નહોતી, તે છતાં પણ તેઓ સાધુ પ્રત્યેના માનને ખાતર ઉઠયા અને તેમને આસન અપાવ્યું. તત્પશ્ચાત્ તેઓ પુનઃ મસલત કરવા લાગ્યા. પરંતુ હવે તેમનું મન તે મસલતમાં લાગ્યું નહિ, કારણ કે તે સાધુમાં ચોટયું હતું. હવે તેમણે ફ્રેન્ચ સૈનિકોને વિદાય કરીને હરિદાસજી તરફ લક્ષ આપ્યું. તેઓ તેની સામે અનિમિષ નેત્રે જોવા લાગ્યા. મહારાજા રણજીતસિંહે સાધુના મુખારવિંદપર અનેક ભાવો જોયા, તેઓ મનમાં ને મનમાં અનેક કલ્પના કરવા લાગ્યા. અંતે સાધુની સાથે વાર્તાલાપ કરી સાધુ પાસે સમાધિ ધારણ કરાવવાનો નિશ્ચય કર્યો.

સંન્યાસીએ એક અઠવાડીઆની મુદત માગી. તેમણે જણાવ્યું કે સમાધિનું પૂર્વાનુષ્ઠાન કરીને પછી હું આપને મારો ચમત્કાર બતાવીશ. પરંતુ આ વખત કૃપા કરીને મને ભૂમમાં દાટશો નહિ. મને ભય લાગે છે કે જો તમે તેમ કરશો તો મારા પ્રાણનો નાશ થશે. પુષ્કરજીમાં લીધેલી સમાધિ વખતે જંતુઓએ મારા અંગને નુકશાન પહોચાડયું હતું. હજી સુધી તેનાં ચિન્હ મારા અંગપર છે. માટે મને લોઢાની પેટીમાં મૂકી વૃક્ષની સાથે લટકાવી રાખવાની કૃપા કરશો. પરંતુ રણજીતસિંહને આ વાત પસંદ પડી નહિ. તેથી અંતે તેમને ભૂમિમાં દાટવાનો નિશ્ચયજ કાયમ રહ્યો.

હરિદાસજી આશ્રમમાં આવી સમાધિનો બંદોબસ્ત કરવા લાગ્યા. તેઓ નિત્ય જીવ્હાપર ઘી લગાડવા અને નરમ રેચક પદાર્થો ખાવા લાગ્યા અને આ પ્રકારે શરીરના ક્લેદને દૂર કરવા લાગ્યા. તેઓ દિવસમાં એકવારને બદલે બે વાર સ્નાન કરવા લાગ્યા. વળી નિત્ય નેતી ધોતી આદિ કરીને પાકસ્થળીને ધોવા લાગ્યા. કેટલાક હાથ લાંબી બારીક કપડાની પટીને ગળી જઇને તેને ધીમે ધીમે બહાર કાઢવી એને ધોતી કહેવામાં આવે છે. તદુપરાંત તેઓ મળદ્વારથી આંતરડાંમાં પાણી ખેંચી તેને પુનઃ બહાર ફેંકવા લાગ્યા. આથી આંતરડાં ઊર્ધ્વ ભાગ સુધી સારી પેઠે સ્વચ્છ થયાં. તેઓ જળમાં ડુબકી મારી સ્નાન કરતા હતા. પ્રથમ દિવસે તેમણે નિત્ય નિયમાનુસાર અર્ધ શેર દુગ્ધ પ્રાશન કીધું. બીજે દિવસે તેમણે જળમિશ્રિત અર્ધ શેર દુગ્ધ પ્રાશન કર્યું. ત્રીજે દિવસે દુગ્ધમાં અધિક પાણી મેળવી તે પ્રાશન કર્યું. આ પ્રકારે છ દિવસ સુધી દૂધમાં વધુ અને વધુ પ્રમાણમાં પાણી મેળવી તે પ્રાશન કર્યું અને સાતમે દિવસે તેમણે કાંઇ પણ ખાધું પીધું નહિ. નિરાહાર રહી આઠમે દિવસે તેઓ શિષ્યની સાથે દરબારમાં આવ્યા અને સમાધિ લેવાને માટે તૈયાર થયા.

સમાધિ ધારણ.

રણજીતસિંહે પ્રથમથીજ કહી રાખ્યું હતું કે સમાધિ ધારણ કર્યા પૂર્વે જે જે પ્રયોગ કરવામાં આવશે તે સર્વ હું મારી પોતાની દ્રષ્ટિથી જોઇશ. સાધુએ પણ આ વાત માન્ય રાખી હતી. રાવી નદીના તટપર એક સુંદર બાગમાં હરિદાસજીને લઇ જવામાં આવ્યા. લુધિયાણાના મુનશી જ્વાલાપ્રસાદજીએ એમ જણાવ્યું છે કે સરદાર ગોલાસિંહ ભરનિયાવાળાનો આ બાગ હતો. ત્યાં એક મકાનની અંદર સાધુને દાખલ કરવામાં આવ્યા. સ્વયં મહારાજ રણજીતસિંહ, તેમના પુત્ર ખડ્ગસિંહ તથા નવનિહાલસિંહ, શેરસિંહ, સુચેતસિંહ, હીરાસિંહ, જનરલ વેંચુરા, રાજા ધ્યાનસિંહ, રાજા હીરાસિંહ, બલરામમિશ્ર કોશાધ્યક્ષ તથા અન્ય અનેક અમીર ઉમરાવો ત્યાં હાજર હતા. મકાનની બહાર સભા ભરાઇ આસપાસ મહારાજા તથા સર્વ અમીર લોકો બેઠા અને મધ્યમાં મહાત્મા હરિદાસજી પોતાના શિષ્યો સહિત બેઠા. જે ઘટના જોવાને માટે પ્રેક્ષકવૃંદ એકત્રિત થયો હતો તેનો વિચાર આવતાં તેને કમકમાટ છૂટતો હતો. પરંતુ હરિદાસજીના મનમાં જરા પણ ખટકો નહોતો; તેઓ તો સિંહની પેઠે નિડર થઇને બેઠા હતા. તેઓ રણજીતસિંહ પ્રત્યે બોલ્યા "મહારાજ! મને ચાલીસ દિવસ કરતાં અધિક સમય ભૂમિમાં રાખવામાં ન આવે એ વાતની કૃપા કરીને તપાસ રાખજો." રણજીતસિંહે આ વાત માન્ય રાખી.

ત્યાર પછી હજામે આવી હરિદાસજીનું મુંડન કર્યું. મસ્તકના વાળ, દાઢી, મૂછ તથા નખ એ સર્વ સાફ કરી નાંખ્યું. આ કાર્ય સમાધિની સાથે કાંઇ સંબંધ ધરાવતું નથી. પરંતુ સમાધિમાં વાળ વધે છે કે નહિ તે જાણવાને માટેજ એ કાર્ય કરવામાં આવ્યું હતું. તત્પશ્ચાત્ એક જળપૂર્ણ પાત્રમાં કમર સુધી ડુબી હરિદાસજીએ આં-

તરડાં સાફ કર્યાં. આજે તેમણે દુગ્ધ પણ પીધું નહોતું. તેમણે એક આંગળ પહોળી અને સાઠ હાથ લાંબી કપડાની પટી ગળીને શરીરમાં જે ક્લેદ હતો તે બહાર કાઢી નાંખ્યો. આ સર્વ કાર્ય થઇ રહ્યા પછી શિષ્યોએ તેમને સ્નાન કરાવ્યું અને કોપીન તથા અન્ય વસ્ત્રો પહેરાવી દીધાં. તત્પશ્ચાત્ હરિદાસજી એક ગેરૂ રંગની ચાદરપર પલાંઠી વાળી હૃદયપદ્મ ને ઉભય હસ્તોથી મુદ્રાબદ્ધ કરી, ડોક ઊંચી રાખીને બેઠા. શિષ્યોએ કાન, નાક અને આંખપર ઘી ચોપડી તેને રૂ અને મીણથી બંધ કરી દીધાં. તત્પશ્ચાત્ જીવ્હાને ઉલટાવી તેને તાળવા સાથે ચોંટાડી દેવામાં આવી. હવે શ્વાસની ગતિ ક્ષીણ થવા માંડી. થોડીવાર પછી શ્વાસની ગતિ સર્વથા ક્ષીણ થઈ, અંતે બંધ થઇ ગઇ. શિષ્યોએ હરિદાસજીના હૃદયપર હાથ મૂકી તપાસ કરી તો તેમને ધબકારા બિલકુલ જણાયા નહિ. તેમના હોઠ શુષ્ક બની ગયા હતા અને શરીર શીતળ થઈ ગયું હતું. ત્યારપછી હરિદાસજીના શિષ્યોએ રણજીતસિંહને કહ્યું કે હવે આપની ઇચ્છામાં આવે તેમ કરો.

રણજીતસિંહ આ દ્રસ્ય જોઇને ચકિત થયા. બલરામ મિશ્રે શિષ્યોને હઠાવી સ્વયં એકવાર પરીક્ષા કરી. તેને હરિદાસજીના અંગમાં જીવનનું જરાપણ ચિન્હ જણાયું નહિ. શ્વાસ પણ નહોતો અને નાડી પણ નહોતી. ત્યારપછી હરિદાસજીના શરીરની આસપાસ તેમની ગેરૂ રંગની ચાદર લપેટી લેવામાં આવી અને તેના ઉપર એક શ્વેત વસ્ત્ર લપેટી શીવી લેવામાં આવ્યું. શીવણકામના સાંધાપર લાખ લગાડી તે ઉપર રણજીતસિંહના નામની છાપ મારવામાં આવી. ત્યાર પછી સાધુને એક કાષ્ઠની પેટીમાં બંધ કરી, તે પેટીને બલરામ મિશ્રે પોતાના હાથવતી તાળું માર્યું. તાળા ઉપર પણ રણજીતસિંહના નામની છાપ મારવામાં આવી. ત્યાર પછી જમીનમાં ખાડો ખોદી તે પેટી તેમાં મૂકી દેવામાં આવી. પછી તે પર માટી નાંખી ખાડો પૂરી દે-

વામાં આવ્યો અને તેના ઉપર જવ વાવવામાં આવ્યા. આ સ્થળની ચારે તરફ નાગી તલવારોનો પહેરો મૂકી દેવામાં આવ્યો. કુંચી તથા છાપને મહારાજા રણજીતસિંહે પોતાની પાસે રાખી. *

સમાધિ ત્યાગ.

ત્રણ ચાર દિવસમાં જવના અંકુર બહાર ફુટી નીકળ્યા. એક મહિનામાં તો હરિદાસજીનું સમાધિસ્થાન લીલા જવના ક્યારા રૂપ બની રહ્યું. તે સ્થળની આસપાસ લોકોની ભીડ થવા લાગી. પહેલાં કોઇ તે તરફ ઝાંખીને જોતું પણ નહોતું. પરંતુ હવે ત્યાં આગળથી

---

* લાહોરમાં એક સાધુ આવ્યો હતો. આ માણસે એમ જણાવ્યું કે "ગમે તેટલા કાળ સુધી મને જમીનમાં દાટી રાખો તોયે મને કશી ઇજા થનાર નથી. મને એક પેટીમાં બંધ કરી કોઇ પણ જાતનો ખોરાક વા પાણી આપ્યા વિના જમીનમાં દાટશો તોપણ હું જીવતો રહીશ." સ્વભાવિક રીતે રણજીતસિંહે તેની વાત માની નહિ અને તેણે તેની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો. તે માણસને એક કાષ્ટની પેટીમાં બંધ કરીને પેટી જમીનમાં ખોદેલા ખાડામાં મૂકવામાં આવી. પેટીને તાળું મારવામાં આવ્યું હતું. પેલો ખાડો એક ઉદ્યાન ગૃહની વચ્ચે ખોદવામાં આવ્યો હતો. આ ઉદ્યાનગૃહને પણ તાળું મારવામાં આવ્યું. આ ઉદ્યાનગૃહની આસપાસ એક ઉંચી દિવાલ સાથે જે બારણું હતું તેને ઇંટ તથા છોથા ચણી લેવામાં આવ્યું. આ સ્થળે કોઇ પણ માણસ જઇ ન શકે એટલા માટે ત્યાં ચોકીદારો મૂકવામાં આવ્યા. નિયમિત વખતે આ ચોકીદારો બદલાતા હતા. ચાલીસ દિવસ અને ચાલીસ રાત સુધી આ સ્થળે સખ્તમાં સખ્ત દેખરેખ રાખવામાં આવી હતી.

(ડૉક્ટર મૅકગ્રેગર.)

આવતા જતા માણુસો ખાસ તે સ્થળ જોવાને જવા લાગ્યા. સમાધિ તો દ્રષ્ટિગોચર થતી નહોતી પરંતુ દૂરથીજ લોકો તે સ્થળ જોઇને પ્રસન્ન થતા હતા. સમાધિની મુદત ક્યારે પૂરી થશે એજ વિચાર સર્વને લાગી રહ્યો હતો.

આડત્રીસ દિવસ વ્યતીત થઇ ગયા. ઓગણુ ચાલીસમા દિવસે પોલિટિકલ એજન્ટ કૅપ્ટન વેડ વરિષ્ઠ અધિકારીની આજ્ઞાથી કેટલાક અંગ્રેજો તથા પાંચસેં માણુસોનું સૈન્ય લઇને રણુજીતસિંહના દરબારમાં આવ્યો. કામની વાતો થઇ રહ્યા પછી રણુજીતસિંહે ફકીર અજીજુદ્દીન મારફતે હરિદાસજી સંબંધી સર્વ વાતો કેપ્ટન વેડને સંભળાવી અને એમ પણુ જણાવ્યું કે 'આવતી કાલેજ સાધુ સમાધિ ત્યાગ કરવાના છે' કેપ્ટન વેડે બાઇબલમાં વાંચ્યું હતું કે પ્રભુનો એકલો પુત્ર ખ્રિસ્ત કબરમાંથી પાછો ઉઠયો હતો. પરંતુ એક હિંદુ સાધુ જીવતો કબરમાં જઇ ચાલીસ, દિવસ પછી પાછો ઉઠી શકે છે એ વાત તેના ધ્યાનમાં શી રીતે આવી શકે? જે વાત બાઇબિલમાં લખી ન હોય તે વાત પર તેની શ્રદ્ધા શી રીતે ચોંટી શકે? અંતે કેપ્ટન વેડે આ ઘટના ખુદ પોતાની નજરે જોવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે સર્વ લોકો ઉક્ત બાગની આસપાસ એકત્રિત થઇ ગયા. મહારાજા રણુજીતસિંહ ત્યાં જાય તે પહેલાં તો લોકોની ઠઠ જામી ગઇ હતી. સર્વ લોકો યોગીને સમાધિમાંથી જાગૃત-જીવંત થયેલો જોવાને ઇચ્છતા હતા. પાંચ વર્ષના બાળકથી લઇને એંશી વર્ષના વૃદ્ધ માણુસ સુધી સર્વેની ઇચ્છા એકજ હતી, ઘણા લોકો વૃક્ષો અને દીવાલોપર ચઢીને જોતા હતા. સડકપર પણુ અસંખ્ય માણુસો હતાં. રાજા રણુજીતસિંહ અને તેમનો રસાલો, તથા કૅપ્ટન વેડ, ડૉક્ટર મૅકગ્રેગર, ડૉક્ટર મરે, જનરલ વેંચુરા, ફકીર અજીજુદ્દીન તથા અંગ્રેજી સૈન્યના ચારસેં માણુસો, તદુપરાંત શહેરના મુખ્ય

નાગરિકો વગેરે ત્યાં આવીને ઊભા રહ્યા. બલરામ મિશ્રે રેણી લીધેલા દ્વારને તોડી નંખાવ્યું. આથી સમાધસ્થળ સર્વની દ્રષ્ટિએ પડ્યું. લીલા જવના છોડ શોભી રહ્યા હતા. ખાડામાંથી માટી ખોદી કાઢીને પેટી બહાર કાઢવામાં આવી. રણજીતસિંહે બલરામ મિશ્રને પેટીની કુંચી આપી. તેણે છાપ તોડી તાળું ખોલ્યું તો તેમાં યોગાસન વાળીને બેઠેલા હરિદાસજી નજરે પડયા. શિષ્યોએ તેમના શરીરપરનાં વસ્ત્ર દૂર કર્યાં. સાધુ જ્ઞાનશૂન્ય માલૂમ પડયા. રેસીડંસી સર્જ્યન મૅકગ્રેગર તથા ડૉકટર મરે સાધુની પરીક્ષા કરવા લાગ્યા. હાથ પકડીને તપાસ કરી તો નાડી જણાઇ નહિ. શરીર શીતળ કાષ્ઠવત્ હતું. નાસિકાદ્વાર રૂથી બંધ હતાં, તો પણ ત્યાં આગળ હાથ ધરીને ડૉકટરોએ તપાસ કરી. શ્વાસ બિલકુલ જણાયો નહિ. જીવનનું કાંઇ પણ લક્ષણ પ્રતીત થયું નહિ. આંખ ખોલીને જોવામાં આવતાં તે મુડદાના જેવી જણાઇ. પોપચાંના અંદરના ભાગમાં રતાશ બિલકુલ જણાઈ નહિ* ઓષ્ટ ખેંચી જોયા તો

---

* ચાલીસ દિવસ પુરા થતાં મહારાજા પોતાના પૌત્ર અને પોતાના કેટલાક સરદારોને લઇને તે સાધુને જમીનમાંથી બહાર કાઢવાને માટે ગયા. હું, જનરલ વેંચુરા અને કૅપ્ટન વેડ પણ તેમની સાથે ગયા હતા. પ્રથમ તો દિવાલ સાથેનાં બારણાં આગળથી ઇંટ, છો કાઢી નાંખવામાં આવ્યાં પછી ઉદ્યાનગૃહનું તાળું ખોલવામાં આવ્યું અને અંતે જે પેટીમાં ઉક્ત સાધુ હતો તે પેટીનું તાળું ઉઘાડવામાં આવ્યું. આ સાધુના શરીરપર શ્વેત ચાદર ઓઢાડેલી હતી. આ ચાદર ખસેડવામાં આવતાં તે માણસ બેઠેલો દ્રષ્ટિગોચર થયો. તેણે પોતાના હાથ છાતી સરસા દાબેલા હતા અને પગ ઉપર પગ સામસામી ચઢાવેલા હતા. તેને જાગૃત કરવાને માટે પ્રથમ તો તેના મસ્તકપર થોડું ઉનું પાણી નાખવામાં આવ્યું. ત્યારપછી તેના તાળવાપર ઘઉંના આટાની એક ગરમ રોટલી મૂકવામાં આવી. પછી તેના નાસિકાદ્વાર-

તે પણ મૃત મનુષ્યના હોઠ જેવાજ જણાતા હતા. કાન સૂકાઈ જઇને તેમાં પહેરેલી ચાંદીની કડી કાનનું છિદ્ર સૂકાઈ જવાથી સજડ થઇ ગઈ હતી. શિષ્યોએ તાળવા સાથે ચોંટી ગયેલી જીભ ઉખેડી. તે ફુલીને ભેંસના શીંગડા જેવી જાડી અને સખ્ત થઈ ગઇ હતી. તેને હાથ

માંથી મીણ કાઢી નાંખવામાં આવ્યું એટલે તેની શ્વાસોશ્વાસની ક્રિયા જોરથી ચાલુ થઈ. હવે તેનું મુખ ખુલ્લું કરવામાં આવ્યું અને તેની તાળવે ચોંટેલી જીભને બહાર ખેંચી કાઢવામાં આવી. જીભને અને હોઠને ઘી ચોપડવામાં આવ્યું. આરોગ્યના સ્વાભાવિક ધોરણ કરતાં શરીરની ઉષ્ણુતા વિશેષ હતી તોપણ હજી તેનાં કાંડાં આગળ નાડી ચાલતી મને જણાઇ નહિ. હાથ પગ લાંબા કરવામાં આવ્યા અને આંખની પાંપણુ ઉઘાડવામાં આવી. તેની આંખ મરેલા માણુસના જેવી તેજોહીન જણાતી હતી. હવે તે માણુસમાં ચૈતન્ય આવતું જણાયું, તેનાં કાંડાં આગળ નાડી ચાલતી જણાઇ અને તેના શરીરની ઉષ્ણુતા એકદમ ઘટી ગઇ. તેણે બોલવાને માટે પ્રયત્ન કર્યો, પરંતુ પ્રથમ તે નિષ્ફળ થયો. અંતે તે ધીમા નહિ સંભળાય તેવા સાદે થોડા શબ્દો બોલ્યો. શનૈઃ શનૈઃ તેની બોલવાની શક્તિ વધી અને તેણે ત્યાં ઊભેલા કેટલાક માણુસોને ઓળખ્યા. મહારાજા રણુજીતસિંહ તેની સામા બેસીને તેની સઘળી હીલચાલ તપાસતા હતા તેમને તે સાધુએ બોલાવ્યા. જ્યારે તે સાધુ વાતચીત કરવાને શક્તિવાન થયો ત્યારે તોપના અવાજ કરીને તથા અન્ય પ્રકારે આનંદ પ્રદર્શિત કરીને આ ક્રિયા સંપૂર્ણ રીતે પાર ઉતરી છે એમ જાહેર કરવામાં આવ્યું. મહારાજાએ તેના ગળામાં એક કીમતી સુવર્ણ માળા પહેરાવી અને બીજા અલંકારો તથા શાલ વગેરે પણ તેને ભેટ આપવામાં આવ્યાં.

(ડૉકટર મૅકગ્રેગર).

લગાડતાં તે બરફના જેવી શીતળ લાગતી હતી. તે શરીરમાં પુનઃ પ્રાણનો સંચાર થશે એવો ડૉક્ટરોને જરા પણ ભરોંસો નહોતો. ગુરૂને સજીવન કરવાને માટે શિષ્યો પ્રયત્ન કરતા હતા તેમને ડૉક્ટરોએ કહ્યું “ હવે સર્વ આશા છોડો. એ માણસ સજીવન થઇ શકશે નહિ. આ શરીરમાં જે માણસ પ્રાણનો સંચાર કરી શકે તે નવું મનુષ્ય પણ બનાવી શકે. જ્યારે ચાલીસ દિવસમાં નખ અને વાળ વધ્યા નથી તો પછી પ્રાણ ક્યાંથી આવે ? ”

શિષ્યો ગુરૂના મસ્તકપર સતત જળધારા છોડવા લાગ્યા. તેઓ એકવાર શીતળ, તો એકવાર ગરમ જળ નાંખતા હતા. તત્પશ્ચાત્ તેમણે એક રોટલી બનાવી તે હજી ગરમ હતી ત્યારે તેના મસ્તકપર લગાડી દીધી. ત્યાર પછી તેઓ નાક, કાન અને આંખમાંથી રૂ તથા મીણ કાઢી નાંખી તેમાં ફુંક મારવા લાગ્યા. તેઓ જીભપર ઘી ચોળવા લાગ્યા. હવે ધીમેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલુ થઇ. શરીર એકદમ ઉષ્ણ બની ગયું. ડૉક્ટરોએ શરીરપર હાથનો સ્પર્શ કરી જોયું તો તેમને જ્વરમાં પણ એટલી ઉષ્ણતા ન હોય એમ જણાયું. પરંતુ હજી નાડી ચાલુ થઇ નહોતી. શિષ્યોએ આંખપર ઘી લગાડયું, તથા હસ્ત પાદાદિપર પણ ઘી ચોળવા માંડયું. એકાએક સાધુ ઉઠીને બેઠા થયા. થોડી વાર પછી તેઓ આસપાસ જોવા લાગ્યા. બન્ને ડૉક્ટરોએ પુનઃ નાડી જોઈ. આ વખતે તેમને નાડી ચાલતી જણાઇ. પરંતુ તે બહુ મંદ રીતે ચાલતી હતી. હૃદય ધડકવા લાગ્યું. શરીરની ઉષ્ણતા સ્વાભાવિક થવા લાગી. સાધુએ બોલવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ બોલી શકયા નહિ. ધીમે ધીમે મંદ સ્વરે કોઈ કોઈ શબ્દો બોલવા લાગ્યા. થોડા વખતમાં મુખારવિંદ તથા આંખોમાં મોટો ફેરફાર થઇ ગયો, તેઓ સારી રીતે બોલવા લાગ્યા. તત્પશ્ચાત્ તેમણે પોતે સ્નાન

કર્યું. યુરોપીઅનો આશ્ચર્યચકિત થઇ ગયા. ડૉક્ટર મરેએ *પોતાના હાથથી સાધુની છબી લીધી.

મહારાજા રણજીતસિંહની આજ્ઞાનુસાર વાજાં વાગવા લાગ્યાં, તોપના ધડાકાથી લાહોર નગર ગાજી રહ્યું. મી. વેડે સાધુને કેટલીક વાતો પૂછી. સાધુએ કેટલીક વાતોનો ઉત્તર આપ્યો અને કેટલીકનો નહિ આપ્યો. યુરોપીઅનોએ સાધુને કલકત્તે લઇ જઇ વરિષ્ઠ અધિકારીને તમાશો દેખાડવાની ઇચ્છા પ્રદર્શિત કરી. સાધુએ તેમને જવાબ આપ્યો "તમે અમને કલકત્તા આપી દો, એટલે અમે આખું વર્ષ સમાધિ લઇને તમને તમાશો બતાવીશું. પરંતુ તમે અમારા કાર્યને માત્ર ઠઠ્ઠા રૂપે ગણી કાઢીને અમારી માગણી પૂરી નહિ કરો તો અમે કષ્ટ શા માટે સહન કરીશું?" યુરોપીઅનોએ કહ્યું "કલકત્તા શહેર કાંઈ આપી દેવાય છે?" યુરોપીઅનો હરિદાસજીને મ્હોડાનો—ખાલી ધન્યવાદ આપીને લુધિયાણા તરફ ચાલ્યા ગયા. રણજીતસિંહે સાધુને મણિમય કુંડલ, સોનાનો હાર, સ્ફાટિકની માળા તથા બે હજાર રૂપિયાની શાલ આપી. પ્રથમ સાધુને જોઇને તેને જેવી ઘૃણા છુટી હતી તેવી ઘૃણા તને પુનઃ છૂટી કે નહિ તેનું વર્ણન આગળ આવશે.

---

*કેટલાક લોકો એમ કહે છે કે મી૦ ગાર્ડને હરિદાસનું ચિત્ર પોતાને હાથે પાડ્યું હતું. ડૉક્ટર હૉનિગબર્ગરે પોતાના પુસ્તકમાં આ સાધુનું જે ચિત્ર આપ્યું છે તે ચિત્ર પણ તેને મી૦ ગાર્ડનની પાસેથી પ્રાપ્ત થયું હતું. ગમે તેણે એ ચિત્ર ચિતર્યું હોય, પરંતુ એ બરાબર છે એમાં તો જરા પણ સંદેહ નથી; કારણ કે જનરલ વેંચુરા અને કર્નલવેડે હરિદાસજીને લાહોરમાં સમાધિ ત્યાગ વખતે પોતાની નજરે જોયા હતા અને કેટલોક વખત વીતી ગયા પછી ડૉક્ટર હૉનિગબર્ગરની પાસે જ્યારે તેમણે તેમનું ચિત્ર જોયું ત્યારે કહ્યું હતું કે "આ હરિદાસનુંજ ચિત્ર છે."

યોગાનંદ.

સમાધિમાં હરિદાસજી મુડદાની પેઠે પડી રહ્યા હતા. તેઓને જ્યારે બહાર કાઢવામાં આવ્યા ત્યારે ડાકટરોએ જોયું તો તેમનું શરીર શુષ્ક બની ગયું હતું, તેમાં જરા પણ પ્રાણુ નહોતો. તત્પશ્ચાત્ શિષ્યોના પ્રયાસથી તેને સજીવન થયેલા તેમણે જોયા. આ પરથી તેમણે વિચાર કર્યો કે સાધુના શુષ્ક શરીરમાં ગમે ત્યાં પ્રાણુ અવશ્ય હતોજ. નહિ તો તે જીવી શી રીતે શકયો ? યુરોપીઅનોને આ મર્મ જાણવાને માટે અતિ ઉત્કંઠા થઈ. તેઓ વિચાર કરવા લાગ્યા કે જો શરીરની પેઠે મન પણ શુષ્ક બની જાય તો પછી યોગમાં સુખજ શું છે ? પરંતુ યોગમાં મોટો આનંદ છે. +સમાધિ અવસ્થામાં યોગીનું મન સ્વપ્નની પેઠે આનંદ નિકેતનમાં (જાગૃત કરતાં પણ ઉચ્ચ ભૂમિકામાં) વિહાર કરે છે. જે રીતે મનુષ્ય સ્વપ્નમાંથી જાગૃદાવસ્થામાં આવે છે તે પ્રમાણે હરિદાસજી સમાધિમાંથી સચેત થયા. જ્યારે તેઓ જાગૃત થઇને સારી રીતે બોલવા ચાલવા લાગ્યા ત્યારે કર્નલ વેડે તેમને પૂછ્યું કે "આપ સુખમાં હતા કે દુઃખમાં ? આપને સુખ દુઃખનું ભાન હતું કે નહિ ?" ત્યારે હરિદાસજીએ પ્રત્યુત્તર આપ્યો "મને જે પ્રકારનું સુખ થતું હતું તેનું વર્ણન પણ મારાથી થઈ શકતું નથી. તે સુખની આગળ ઈંદ્રત્વ પણ તુચ્છ છે*. સમાધિ ખુલ્યા પછી જ્યારે યોગનિદ્રાના સુખનું ભાન થવા લાગ્યું ત્યારે મારૂં મન નિરંકુશ બની ગયું. મારા મનમાં એમ આવતું હતું કે જાણે

+ અને તેણે ખાત્રીપૂર્વક જણાવ્યું કે મેં સઘળો વખત અતિ આનંદમાં ગાળ્યો હતો. (ડૉકટર મૅકગ્રેગર).

* તે કહે છે કે "મારા વિચારો અને મારાં સ્વપ્નો અતિ આનંદમય હતાં. હું જાગૃત થયો તેથી મને શોક થાય છે."

(Court and Camp of Ranjitsinha.)

પુનઃ સમાધિ લઉં. મને આ જાગૃદાવસ્થામાં કાંઇ આનંદ નથી. આનંદ તો કેવળ સમાધિમાંજ પ્રાપ્ત થાય છે." આ કથનનો યુરોપીઅન લોકોએ શું અર્થ કર્યો તે તો ઈશ્વર જાણે!

અમૃતસરમાં જ્યારે હરિદાસજી સમાધિમાંથી જાગૃત થયા ત્યારે શીખ લોકો તેમની ઘણી સેવા–ભક્તિ કરવા લાગ્યા. તેઓ તેમના પગ દાબતા હતા, તેમને પંખો નાંખતા હતા, અને તેમની આગળ નાના પ્રકારનાં ભોજન લાવતા હતા. હરિદાસજીએ તેમને જણાવ્યું કે "તમારી આટલી બધી સેવા–શુશ્રુષાથી પણ મને ખરૂં સુખ થતું નથી. તમે એમ ધારતા હશો કે સમાધિમાં એમને ઘણું દુઃખ થયું, પરંતુ મને જરા પણ કષ્ટ થયું નથી. સમાધિમાં મને જેટલું સુખ મળ્યું તેટલું સુખ તો મહારાજા રણજીતસિંહના ભાગ્યમાં પણ નથી. હું સાધુઓની સાથે અરણ્યમાં હતો. આહા! તે કેવું સુંદર અરણ્ય હતું! ત્યાંની શોભા કોણ વર્ણવી શકે તેમ છે? મર્ત્ય લોકમાં તેવું સૌંદર્ય ક્યાંય પણ નથી. હું તે અરણ્યમાં યોગીઓની સાથે વિચરતો હતો. ત્યાંના જેવાં મધુરભાષી પક્ષીઓ પૃથ્વીમાં ક્યાંય પણ દ્રષ્ટિગોચર થતાં નથી. હજી પણ તેનો ધ્વનિ મારા કર્ણમાં ગુંજી રહ્યો છે. મને જરાપણ દુઃખ પડયું નથી. હું પુનઃ સમાધિ ગ્રહણ કરીને સુખનો ઉપભોગ લેવાની આકાંક્ષા રાખું છું.‡

---

‡ હરિદાસજીની સમાધિ, નિદ્રા અને મૃત્યુ એ ઉભયની વચ્ચેની સ્થિતિ હતી. સ્વપ્નનું સુખ સર્વ માણસો જાણે છે, પરંતુ મૃત્યુનું સુખ કોઇ વર્ણવી શકતું નથી. સંસારની માયામાં ફસી રહેવાને લીધે માણસો મૃત્યુને ભયંકર ધારે છે. વાસ્તવમાં મૃત્યુ ભયંકર હોય એમ સિદ્ધ થતું નથી. કેટલાક પાણીમાં ડૂબી ગયેલાં બેહોશ માણસોને દવા વગેરેની મદદથી શુદ્ધિમાં લાવી તેમને પૂછવામાં આ-

હું સર્વ ઋષિગણની સાથે વૃક્ષની નીચે બેસતો હતો ત્યારે સિદ્ધાંગનાઓ આવીને પુષ્પ તોડી આપતી હતી. આ પુષ્પ મળતાં અમે સર્વ ભાન ભૂલી જતા હતા. તે શાનાં પુષ્પ હતાં તે હમણાં કાંઈ સ્મરણમાં આવતું નથી.

ત્યાં અમે પુષ્પમાંથી અમૃત કાઢતા હતા, અને તેનું પાન કરતા હતા. આ અમૃતરસથીજ મારૂં શરીર હૃષ્ટપુષ્ટ રહે છે.*

આવી આવી અનેક વાતો હરિદાસજી શીખ લોકને સંભળાવતા હતા અને તેઓ હસ્ત જોડી વિનીત ભાવથી સાંભળતા હતા. પરંતુ આ મુંગાના ગોળનો ખરો સ્વાદ તેમને મળી શકતો નહોતો.

હરિદાસજીના અદ્ભુત ચમત્કાર.

કેવળ સમાધિ ગ્રહણ કરવાનોજ ગુણ હરિદાસજીમાં નહોતો. મહાત્માને શોભે એવા બીજા પણ અનેક ગુણોથી તેઓ અલંકૃત હતા. તેમણે પોતાની આશ્ચર્યજનક લીલાઓથી સર્વ લોકોને મોહિત કરી દીધા હતા. ઈશ્વરે તેમને જે ગુણો આપ્યા હતા તેથી તેઓ સર્વત્ર પૂજાતા હતા.

ઈ. સ. ૧૮૨૯–૩૦ માં તેમને કોઈ ઓળખતું નહોતું. પરંતુ એમના પ્રથમ કાર્યથીજ લોકોને એમનાપર અપૂર્વ શ્રદ્ધા ચોંટી. તેઓ

વતાં તેમણે જણાવ્યું હતું કે '' મૃત્યુ અતિ સુખકર છે. ડૂબતી વખત દુઃખ થતું હતું, પરંતુ થોડીજ વારમાં અતિ આનંદ મળ્યો હતો ''

ડૉકટર રડક લખે છે કેઃ—

ડૂબીને અને ગુંગળાઇને બેશુદ્ધ થઈ ગયેલાં માણસોને પુનઃ શુદ્ધિમાં આણતાં તેમણે જણાવ્યું છે કે "પ્રથમ વારનો ત્રાસ શમી ગયા પછી અમને કાંઇ પણ દુઃખ થયું નથી.

* આનું રહસ્ય યોગી પુરુષોજ સમજી શકે છે.

લોકોની દૃષ્ટિમાં આવ્યા કે પ્રથમજ તેમણે એક પાદરીનો ગર્વ ઉતાર્યો. શ્રી પ્રયાગરાજની પાસે શ્રી યમુનાતટ ઉપર આવેલા એક ગામના મંદિરમાં ત્રીજા પહોરને સમયે એક દિવસ હરિદાસજી બેઠા હતા. તેમની પાસે તેમના શિષ્યો અને કેટલાક ગામવાસીઓ બેસીને વાતચીત કરતા હતા. એટલામાં એક પાદરી અલાહાબાદથી નાવમાં બેસીને ત્યાં આવ્યો. ગરીબ મજુર લોકો તેને જોતાંજ અહીં તહીં ખસી ગયા. તે સમયમાં યુરોપીઅનો ગામડામાં જતા ત્યારે રંક લોકોને વેઠ કરવી પડતી હતી. આ વેઠના બદલામાં તેઓ તેમને કદિ બે ચાર પૈસા આપતા, તો કદિ લાત, લપ્પડ અને ગાળ પણ ઇનામમાં આપતા હતા. પરંતુ આ સાહેબ (!) કાંઇ વેઠ કરાવવા આવ્યો નહોતો. એનો ઉદ્દેશ અતિ ઉચ્ચ હતો. દુર્ભાગ્યવશાત્ જે લોકો અધર્મના તિમિરમાં પડયા હતા તેમને તે પ્રભુના પ્યારા પુત્ર ખ્રિસ્તની મદદથી ધર્મના પ્રકાશમાં લાવવા ઇચ્છતો હતો. તેણે તે ગામના મંદિરમાં એક સાધુને ગેરૂ રંગનાં વસ્ત્ર પહેરી, હાથમાં કમંડલ તથા ચીપીઓ લઇ, મસ્તકપર ભસ્મ ધારણ કરી બેઠેલો જોયો. આ હિંદુઓનો ધર્મગુરૂ છે એમ જાણી તે તેમની પાસે ગયો અને પોતાના નિયમાનુસાર પોતાના ધર્મની વડાઈ અને હિંદુધર્મની નિંદા કરવા લાગ્યો. તે બોલ્યો “ધર્મજ્ઞાનની બાબતમાં હિંદુઓ પશુવત્ છે. સિદ્ધ થવાથી શું થાય છે?” હરિદાસજીએ પ્રત્યુત્તર આપ્યો “તમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તે પાંચ રોટલાથી પાંચસેં માણસોને તૃપ્ત કર્યા હતા ને? હું કાંઇ ઇશ્વિર નથી, પરંતુ મનુષ્ય જ છું. પરંતુ જુઓ હું માત્ર ખાલી હાથથીજ કેટલાં માણસોને તૃપ્ત કરૂં છું!” એમ કહીને તેઓ પોતાની ઝોળીમાંથી પૂરી અને પકવાનના ઢગલા ને ઢગલા કાઢીને બહાર ફેંકવા લાગ્યા. પેલો પાદરી થોડી વાર સુધી તો આંખો ફાડીને જોતોજ રહ્યો પરંતુ તત્પશ્ચાત્ તે બોલ્યો “આ સર્વ વસ્તુઓ તમારી ઝોળીમાં હતી.

હું એમાંની કોઈ પણ વસ્તુ ખાઇ શકતો નથી. જરા પાંઉં રોટી તો એમાંથી કાઢો." હરિદાસજી બોલ્યા "માંસ શિવાય સર્વ વસ્તુઓ તમને મળશે." એમ કહી તેઓ પાંઉં રોટી, બિસ્કીટ આદિ વસ્તુઓ કાઢી પેલા પાદરીની તરફ ફેંકવા લાગ્યા.

હવે પાદરી એક શબ્દ પણ ઉચ્ચારી શકયો નહિ. તે જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યા વિનાજ નાવપર ચઢીને નાસવા લાગ્યો. હરિદાસજી તેની પાછળ પડયા અને યોગબળથી નદીના હૃદયપર પગ મૂકી ચાલવા લાગ્યા. બન્ને તટપર લોકોની ઠઠ જામી ગઇ. પાદરી તો આ ઘટના જોઈ આશ્ચર્યચકિતજ થઇ ગયો.

હિંદુઓ સાધુ મહાત્માઓના આવા અદ્દ્ભુત ચમત્કારો વિષે લેશ પણ શંકા કરતા નથી, કારણ કે તેઓ કદિ કદિ આવા ચમત્કારો જુએ છે અથવા તે વિષે વાત સાંભળે છે. સાધુ મહાત્માઓના અલૌકિક ચમત્કારપર હજી પણ તેમને શ્રદ્ધા છે. પરંતુ અંગ્રેજી શિક્ષણની આગળ પ્રમાણ વિના વાત કરવી કઠિન છે. અને આ ઘટનાનું કોઈ અંગ્રેજી પ્રમાણ અમારી પાસે નથી. પરંતુ અમને આશા છે કે મહાત્મા હરિદાસજી જમીનની પેઠે જળપર પણ ચાલી શકતા હતા. એ વાત તો આપ અવસ્ય માનશોજ. વર્ષાઋતુમાં લાહોરની રાવી નદી એકવાર અતિ વેગથી વહેતી હતી. મહાત્મા હરિદાસજી આ વખતે તે નદીપર પગ મૂકીને ચાલ્યા ગયા હતા. સ્વયં મહારાજા રણજીતસિંહ અને એક અંગ્રેજ કિનારે ઉભા રહીને આ તમાશો જોતા હતા.

હરિદાસજીના શિષ્ય રામતીર્થે રણજીતસિંહને જળપર ચાલવાની સ્હેલી યુક્તિ બતાવી હતી. આ સાંભળી સર્વે ખડખડાટ હસી પડયા. રામતીર્થે કહ્યું કે "જ્યારે મનુષ્ય પ્રાણાયામ કરીને પૃથ્વીથી અલગ ઊભો રહી શકે છે તો પછી જલમાં ચાલવું એ શું કઠિન કાર્ય છે?" સર્વે બોલી ઉઠયા કે "જો એમ બને તો પછી જગતમાં નાવની શી

જરૂર છે ?" રામતીર્થે ધાર્યું કે માત્ર મુખની વાતોથી એમને શ્રદ્ધા ચોંટનાર નથી. તેઓ પોતાના મુકામપર ગયા અને થોડું થોડું દુગ્ધ પીને સાધનનો આરંભ કરવા માંડ્યો. પછી તેમણે રણજીતસિંહને જણાવ્યું કે "હું દશ બાર દિવસ પછી રાજદરબારમાં આવીને જળ પર ચાલી બતાવીશ." આ સમયે મહારાજા રણજીતસિંહજી અતિ બિમાર થઇ ગયા હતા તેથી ફકીર અજીજુદ્દીન, રાજા પ્રતાપાસંહ, રાજા નવનિહાલસિંહ વગેરે મુખ્ય મુખ્ય માણસો રામતીર્થને લઇને જળાશયને કિનારે ગયા. રામતીર્થે દીર્ઘ પ્રાણાયામ કરી પાણીપર જઇ ઊભા રહ્યા અને આમ તેમ ફરવા લાગ્યા. હવે સર્વને શ્રદ્ધા ચોંટી ગઇ કે યોગી લોકો જળપર પણ ચાલી શકે છે.

આ વિષે અન્ય પ્રમાણો પણ મળી શકે છે. ઇ. સ. ૧૮૩૪માં હરિદાસજી અજમેરમાં મી. સ્પિયર નામના યુરોપીઅનને મળ્યા હતા. વાત વાતમાં તેમના મુખમાંથી એવા શબ્દો બહાર પડયા કે હું જળ પર ચાલી શકું છું.* આંખ બંધ કરીને ગ્રંથ વાંચી શકું છું અને

---

* પૂર્વે આ માણસ જ્યારે અજમેરમાં આવ્યો હતો ત્યારે તેણે પોતાની અદ્દભુત શક્તિ વિષે મેજર સ્પિયર્સને વાત કરી હતી. તે વખતે સ્વાભાવિક રીતે એને ધૂર્ત માણસ ગણી કાઢીને હસી કાઢવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે તેણે એક બીજા અમલદારની આગળ આ વાત કરી ત્યારે તેણે તેની પરીક્ષા લીધી. તેણે તેને પુષ્કરજીમાં એક કાષ્ટની પેટીમાં ઘાલી જમીન નીચે તેર દિવસ સુધી દાટી રાખ્યો હતો. (Boilen)

પરીક્ષા કર્યા પછી તે અમલદારે મી. માર્ટિનપર લખ્યું હતું કે "મારી વાત પર આપ હસશો. પરંતુ હિંદુ સાધુઓ આવો ચમત્કાર કરી શકે છે એ વાત હું પ્રથમ માનતો નહોતો."

સમાધિ ધારણ કરી શકું છું. જો આપની ઇચ્છા હોય તો હું તે પ્રયોગ કરી બતાવવાને તૈયાર છું" અદ્દભુત ઘટનાઓપર અંગ્રેજ લોકોની શ્રદ્ધા ચોંટવી અતિ કઠિન છે. આથી મી. રિપયરને હરિદાસજીની વાત પર હસવું આવ્યું. તે વખતે તો તેણે તેમની પરીક્ષા લીધી નહિ. પરંતુ મૅકનૉટને હરિદાસજીની પરીક્ષા લીધા પછી અંગ્રેજ લોકોને

આ શિવાય કોઇ કોઇ વખત આકસ્મિક રીતે આવી અદ્દભુત ઘટનાઓ દ્રષ્ટિગોચર થઇ છે. એક વખત કલકત્તામાં એવી વિચિત્ર ઘટના બની હતી. આ ઉપરથી હરિદાસ આંખ બંધ કરી પુસ્તક વાંચવાની વાત કરે છે તે પર થોડો ઘણો વિશ્વાસ આવી શકે છે. એક સદ્દગૃહસ્થની સ્ત્રીને મૂર્ચ્છાનો રોગ થયો હતો. આ વખતે તે કર્ણોદ્વારા સાંભળતી નહોતી, પરંતુ ઉદરદ્વારા સાંભળતી હતી. દુખથી તેની આંખો બંધ થઇ ગઇ હતી, પરંતુ તે આ અવસ્થામાં પુસ્તક પર આંગળી રાખી વાંચી જતી હતી. તે તેવી અવસ્થામાં લખતી પણ હતી. તે ઘણું સ્પષ્ટ લખતી હતી, પરંતુ જો ભૂલ થઇ જતી તો તે તેને સુધારતી પણ હતી. 'ઇંડિયન મિરર' ના સંપાદક બાબુ નરેન્દ્રનાથ સેન, તથા ડૉકટર મહેન્દ્રનાથ સરકાર અને બાબુ રાજેન્દ્રલાલ દત્ત આદિ બંગાળી સજ્જનોએ આ સ્ત્રીને જોઇ હતી.

કર્નલ ઑલકૉટ લખે છે કે:—

મારા મિત્ર બાબુ નરેંદ્રનાથ સેનની ભલામણથી હું એક આંકડીના રોગથી પિડાતી સ્ત્રીને જોવા ગયો. આ રોગ તેના શરીરમાં અસાધારણ રીતે વ્યાપી ગયો હતો. તે કાનને બદલે ઉદરથી શ્રવણ કરતી હતી. આ બાબતની પરીક્ષા નિમ્નલિખિત હકીકતથી થઇ. મેં તેના કાનમાં આંગળી ઘોચી અને તેના સ્વામીએ તેના ઉદર આગળ કાંઇ કહ્યું, જે તે સંપૂર્ણ રીતે સમજી. જ્યારે તેને આંકડી આવતી

હિંદુ મહાત્માઓની વાતપર થોડો થોડો વિશ્વાસ બેસવા લાગ્યો. મૅકનોટને પરીક્ષા લીધા પછી મી. સ્પિયરે હરિદાસજીની તપાસ કરી અને તેમને શોધી કઢાવ્યા. પ્રથમ તેણે તેમને જળપર ચલાવ્યા. પછી તેના મુન્શી સુજાસિંહે હરિદાસજીની આંખોપર પાટો બાંધ્યો, અને તેવી દશામાં હરિદાસજીએ પુસ્તક વાંચી સંભળાવ્યું. હરિદાસજી પ્રત્યેક પંક્તિપર આંગળી મૂકીને સડસડાટ વાંચતા ચાલ્યા ગયા. જાણે તેમની આંખો ખુલ્લીજ ન હોય તેવીજ રીતે તેઓ વાંચતા હતા.

શીખ લોકો મહાત્મા હરિદાસજી વિષે ચાલતી આ સર્વ વાતો સાંભળીને તેમના મોટા ભક્ત બની ગયા હતા. ગમે તો ભક્તિના પ્રભાવથી હોય કે ચાહે તો સાધુની કૃપાથી હોય પણ તેઓ હરિદાસજીની આગળ જે મનઃકામના વ્યક્ત કરતા હતા તે સર્વે સિદ્ધ થતી હતી. દેવતાઓ તથા સિદ્ધ પુરૂષોને પ્રાર્થના કરવાથી મનઃકામના સિદ્ધ થાય છે. હિંદુ અને મુસલમાન એ ઉભય પ્રજા તો આ વાતપર વિશ્વાસ રાખે છે. એટલુંજ નહિ પરંતુ અંગ્રેજો પણ આ વાત પર થોડી ઘણી શ્રદ્ધા રાખે છે.

વારૂ, હરિદાસજીએ પાદરીની સન્મુખ જાત જાતની મીઠાઇ અને પાંઉં કેવી રીતે કાઢ્યા હશે ? આ વાત માનનારાજ, હિંદુઓ માત્ર

હતી ત્યારે તેનાં જડબાં અને તેની આંખ જોરથી ખેંચાઇ જતી હતી, તે છતાં પણ તે પુસ્તકના પૃષ્ટપર આંગળી ફેરવીને વાંચી શકતી હતી અને પાછળથી તેને સ્લેટપર લખતી હતી. જો શબ્દની જોડણી ખોટી લખાય અથવા વિરામચિન્હ જુદી જગ્યાએ મૂકાઇ જાય તો તેને તે ભૂંસી કાઢતી અને સુધારતી. વળી તે પૃષ્ટ પર પગ ફેરવીને પણ ઉત્તમ પ્રકારે વાંચી શકતી હતી.

A full Report of the Bengal Theosophical Society 1893.

નહિ પરંતુ એ ઘટના પ્રત્યક્ષ નજરે જોનાર, હિંદુઓ પણ આજે વિદ્યમાન છે.

એક દિવસ પ્રાતઃકાળમાં સીમલામાં રહેતા પાયોનિયર પત્રના તે સમયના સમ્પાદક મી. સીનેટ, ઈંડીઆ ગવર્મેન્ટના સેક્રેટરી મી. હ્યુમ, મી. હ્યુમની પત્ની, કર્નલ ઑલ્કૉટ અને મૅડમ બ્લેવાટસ્કી તથા અન્ય એક યુરોપીઅને પર્વતની નીચે જઈ સ્હેલ કરવાનો નિશ્ચય કર્યો. સરસામાન પૅક કરવામાં આવ્યો. તેઓ ઘેરથી નીકળ્યાં તે વખતે એક બીજો માણસ તેમની સાથે થયો. પ્રથમ છ માણુસ હતાં, તેમાં એકનો વધારો થઈ સાત થયાં. આ સાતે માણુસ પર્વતની શોભા જોતાં ચાલવા લાગ્યાં. થોડી વાર પછી સર્વને ક્ષુધા લાગી. યુરોપીયન લોકો ક્ષુધાની આગળ રાંક બની જાય છે. તેઓ સર્વ એક ઝરણાની પાસે બેઠાં. નોકરો અગ્નિ પ્રદીપ્ત કરી ચા તૈયાર કરવા લાગ્યા. હવે તે યુરોપીઅનો વિચાર કરવા લાગ્યા કે છ માણુસોને માટે વાસણ લાવવામાં આવ્યાં છે અને અહીંઆં માણુસ છે સાત, માટે વધારાનો માણુસ ચા શામાં પીશે ? આ વખતે મૅડમ બ્લેવાટસ્કી થોડેક દૂર ગઇ * અને ત્યાં ઊભી રહીને એક માણસને છરી લઇને બોલાવ્યો. તે માણસને તેણે કહ્યું "આ સ્થળે તમે ખોદો." તે માણસે છરી વતી ત્યાં ખોદ્યું તો એક પ્યાલો અને એક રકાબી ત્યાંથી નીકળ્યાં. જ્યાંથી આ વ-

* પછી તેણે એક સ્થળપર નિશાની કરી અને એક ગૃહસ્થને છરી લઇને આવો એમ કહ્યું. તેણે જે સ્થળ પસંદ કર્યું હતું તે એક નાના ઢોળાવપર હતું અને ત્યાં પુષ્કળ છોડવાઓ, ઘાસ વગેરે ઉગ્યું હતું. એક ગૃહસ્થ ત્યાં છરી લઇને ગયો અને કેટલીક મુશ્કેલીથી ઘાસ તથા કચરો દૂર કર્યો. પછી કાંઇક શ્વેત વસ્તુ તેને પ્રાપ્ત થઇ કે જે પ્યાલો રકાબી હતાં.

(The Occult World.)

સ્તુઓ નીકળી ત્યાંની માટી ઘણી કઠણ હતી, તેથી તે સ્થળે કોઇ તે વસ્તુઓ દાટી ગયો હશે એવો સંદેહ લાવવાનું પણ કાંઇ કારણ નહોતું.

અમને આશા છે કે "ઑકલ્ટ વર્લ્ડ" માં છપાયેલી આ વાત સર્વ અંગ્રેજો તથા અંગ્રેજીના જ્ઞાતાઓ માનશે. બાજીગર લોકો આમ્ર-વૃક્ષ બનાવે છે, અને કેરીઓ લગાડે છે, તો હરિદાસજી મીઠાઇ અને પાંઉ કાઢે તેમાં શું આશ્ચર્ય ?

ડૉકટરોના અભિપ્રાય.

સમાધિ ધારણ કર્યા પૂર્વે હરિદાસજી જે ક્રિયા કરતા હતા તેને તેઓ અતિ ગુપ્ત રાખતા હતા.* તે ક્રિયા તેઓ કોઇને પણ બતાવતા

* આ ક્રિયા યુરોપીઅનો અને દેશીઓને અસાધારણ લાગે છે અને મસ્તકવિદ્યાના સિદ્ધાંતોથી એનું સ્પષ્ટીકરણ થવું અશક્ય છે. તે માણસે ચાલીસ દિવસ સુધી અન્નજળ લીધું નહિ એટલુંજ નહિ, પરંતુ શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ બંધ રાખી હતી; તે એમ કહેતો હતો કે "આ સઘળો વખત મેં અત્યાનંદ ભોગવ્યો છે. લાંબા સમયના અભ્યાસથી હિંદનિવાસીઓ કેટલાક દિવસ સુધી અત્યંત થોડા ખોરાકપર જીવે છે એ વાત સુપ્રસિદ્ધ છે અને વળી તેઓ લાંબા અભ્યાસથી પોતાનાં ફેફસાંમાં કેટલીક મિનિટ સુધી હવા રાખી શકે છે એ વાત પણ સત્ય છે. પરંતુ શ્વાસોચ્છ્વાસ અને પાચનક્રિયા આટલા લાંબા વખત સુધી શી રીતે બંધ રાખી શકાય તે કાંઇ સમજાતું નથી. એ સાધુને જમીનમાં દાટવામાં આવે છે તેથી એ વધારે અદ્ભુત માણસ છે એમ લોકોને લાગતું નથી, પરંતુ એથી તો એ પોતાની યોગનિદ્રા શા સાધનથી લે છે તે લોકોથી ગુપ્ત રહે છે. માટે જ્યાં સુધી એને ખુલ્લી જગ્યામાં યોગનિદ્રા લેવાને સમજાવવામાં ન

નહોતા. આથીજ તેઓ ઘણા દિવસ સુધી સમાધિમાં રહી શકતા હતા. ક્રિયા કરતી વખતે તેઓ માત્ર પોતાના શિષ્યોને પોતાની પાસે રહેવા દેતા હતા. ડૅાક્ટર મૅકગ્રેગર કહે છે કે "સમાધિ ધારણ કર્યા પૂર્વે જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયા જો હું મારી દ્રષ્ટિથી જોઉં તો તે સુગમ છે કે કઠિન તે હું કહી શકું." પરંતુ મૅકગ્રેગર મહાત્મા હરિ-

---

આવે ત્યાં સુધી એ વિષે કાંઇ પણ કલ્પના થઇ શકતી નથી. પશુનું મસ્તક કાપી નાંખવામાં આવે ત્યાર પછી પણ તેના હૃદયના ધબકારા અને તેનાં ફેફસાંની ક્રિયા ચાલે છે, એ વાત શરીરશાસ્ત્રના અભ્યાસીઓ સારી પેઠે જાણે છે. પરંતુ સ્વચ્છ લોહીનો હાલચાલ થયા વિના શરીરની ક્રિયાઓ થયા કરે એમ એક ક્ષણ પણ ધારવું મૂર્ખાઇ ભરેલું છે. કારણકે શ્વાસોચ્છ્વાસની ક્રિયા લોહીના ફરવાથીજ થાય છે. અને જો કે ડુબવાથી, ફાંસી ખાવાથી અથવા ખરાબ હવા શરીરમાં પ્રવેશવાથી ગુંગળાઇ જવાના જે દાખલાઓ બને છે તેમાં થોડા વખત સુધી લોહીનું ફરવું અને શ્વાસોચ્છ્વાસ એ ઉભય ક્રિયા બંધ રહે છે પરંતુ તેનીએ યમર્યાદા છે. આ મર્યાદાનું ઉલ્લંઘન થતાં જીવનનો ક્ષય થાય છે અને કોઇ પણ શક્તિ તેનું સંરક્ષણ કરી શકતી નથી. મારો પોતાનો અભિપ્રાય તો એ છે કે એ સાધુના શરીરમાં જીવન નિભી રહે તેટલા પ્રમાણમાં શ્વાસોચ્છ્વાસ, લોહીનું ફરવું અને પાચનક્રિયા વિદ્યમાન હતાં અને એણે લાંબા અભ્યાસથી ગુફામાં પ્રવેશતી વખત અને બહાર નીકળતી વખત થોડી મિનિટ સુધી શ્વાસ રોકી રાખવાની કળા પ્રાપ્ત કરી હતી. તેને અન્નજળ કેવી રીતે પ્રાપ્ત થતું હતું તે વિષે કોઇ પણ પ્રકારનો તર્ક કરવાની ધૃષ્ટતા હું કરી શકતો નથી. એમ કહેવાય છે કે ગુફામાં પ્રવેશ કર્યા અગાઉ તે પાચનક્રિયા બંધ કરે છે; આથી જઠરમાં ગયેલા દુગ્ધમાં લેશ પણ પરિવર્તન થતું નથી. પછી તે પોતાના શરીરમાંના સર્વ વાયુને મસ્તિષ્કમાં લઇ જાય છે, કે જે તેથી કરીને

દાસજીની પરિક્રિયાને જેટલી ગુપ્ત ધારતો હતો તેટલી તે ગુપ્ત નહોતી. તેઓ સાત આઠ દિવસ સુધી જલમિશ્રિત દુગ્ધ પીતા હતા અને ત્યાર પછી તેઓ સમાધિ ધારણ કરતાં સુધી ચોખ્ખું દૂધજ પીતા હતા.

વળી સમાધિ ધારણ કર્યા પૂર્વે તેઓ પ્રભુનું ધ્યાન ધરતા હતા. તેઓ આંખને અર્ધ ખુલ્લી, અર્ધ બંધ એવી અવસ્થામાં ભવાંપર સ્થિત કરતા હતા.× તેમનું મન એકાગ્ર, ધ્યાનનિમગ્ન થઈ અંતરમાં લય પામી જતું હતું. તેઓ ઉદર અને આંતરડામાં હવા ભરી દેતા હતા. તત્પશ્ચાત્ શિષ્યો જીવ્હાને ઉલટાવી, કુંભક કરી ધીમે ધીમે ઉદર અને આંતરડાંને દબાવી દેતા હતા. તે વખતે હરિદાસજી સર્વ હવા પ્રકા-

---

અત્યંત ઉષ્ણ બની જાય છે. હવે ફેફસાં અને હૃદયની ક્રિયા બંધ પડી જાય છે આ પ્રકારે પાચનક્રિયા, શ્વાસોચ્છ્વાસ અને લોહીનું ફરવું બંધ થવાથી શરીરની સર્વ નાડીઓ અને સર્વ માર્ગો બંધ પડે છે.

આ માણસને જ્યારે પેટીમાં પૂરવામાં આવ્યો ત્યારે તેનો જેવો દેખાવ હતો તેવોજ દેખાવ તેને બહાર કાઢતી વખત જણાતો હતો. એનું આ કાર્ય લોકોને ગમે તેવું બાલિશતાભર્યું લાગે તોપણ લાહોરના સારા માણસો એને બરાબર સમજી શક્યા હતા. એજ માણસે જેસલમીરમાં પણ પોતાની ક્રિયા વિજય સાથે કરી બતાવી હતી.

× લોકોને બેભાન (મૅસમેરાઈઝ) કરવાની કળા પણ આવીજ છે. જેને બેભાન કરવો હોય તેના જમણા અને ડાબા હાથની તર્જની આંગળી આપણી તર્જની આંગળી અને અંગુઠાવતી પકડવી અને ભવાંનું મધ્ય સ્થળ સંકુચિત કરી અર્ધ ખુલ્લી આંખોથી ચિત્ત લગાડી તેની આંખો તરફ એકી ટસે જોયા કરવું. આમ કરવાથી તે માણસ થોડી વારમાં બેહોશ થઈ જશે. બાળક, સ્ત્રી અને સ્નાયુપ્રધાન ધાતુના લોકો જલદી બેહોશ થઇ શકશે. પરંતુ કોઇ કોઇ વખત એથી માણસ ગાંડો પણ બની જાય છે. માટે એવા કામથી દૂર રહેવું ઈષ્ટ છે.

શમાં ચઢાવી દેતા હતા. આ વખતે પેટ અને આંતરડાં ચોંટી જતાં હતાં; મસ્તકની ઉષ્ણતા એટલી બધી વધી જતી હતી કે જાણે અંગારાજ બળતા ન હોય! હરિદાસજી સમાધિમાંથી જાગ્રત થયા ત્યાર પછી મી. વેડે તેમના સર્વ અંગોની પરીક્ષા કરી હતી. તેણે લખ્યું છે કે "સાધુનું સર્વ અંગ શીતલ હતું, પરંતુ માત્ર મસ્તક ઉષ્ણ હતું."+

આ પરિક્રિયા કાંઇ સ્હેલ નથી. મસ્તકમાં હવા ચઢાવતી વખતે આંખ અને કાનમાંથી જાણે અગ્નિની ચિણગારીઓ નીકળતી ન હોય તેવી ગરમ હવા નીકળતી હતી. હૃદય ધડકતું હતું અને સમગ્ર શરીર પ્રસ્વેદમાં તરબોળ થઇ રહ્યું હતું. શિષ્યો ગુરૂની આંખો અને નાક દબાવી રહેતા હતા, કલેજાપર હસ્ત ફેરવતા હતા અને શરીરપરનો પ્રસ્વેદ લુછી નાંખતા હતા. આ સર્વ વાત હરિદાસજીએ ડૉકટરને કહી હતી. હરિદાસજીએ કઇ વાત ગુપ્ત રાખી એ અમે સમજી શકતા નથી. ડૉકટરે હરિદાસજીએ અમુક વાત ગુપ્ત રાખી હતી એમ શા ઉદ્દેશથી લખ્યું હતું, તે ઇશ્વર જાણે!

મુખ્ય વાત એ છે કે હિંદુશાસ્ત્રોનું રહસ્ય અંગ્રેજો સમજી શકતા નથી. યુરોપીઅનોએ સમાધિનો ભેદ સમજવાને માટે બહુ માથાફોડ કરી, પરંતુ તેઓ લેશ પણ સમજી શક્યા નહિ. એ લોકો અન્નપરિત્યાગ તથા શ્વાસ રોકી પ્રાણવાયુને બ્રહ્માંડમાં ચઢાવી લેવાની વાત શી રીતે સમજી શકે? એ લોકો માત્ર બુદ્ધિના અનુમાનના અશ્વપર સ્વાર થઇ તેને આમતેમ દોડાવવાનું કામ સારી પેઠે કરી જાણે છે.

મેકગ્રેગર સ્વયં ડૉકટર હતો. તે દેહતત્ત્વ અને ચિકિત્સાશાસ્ત્રનો પંડિત હતો. મનુષ્ય કેવી રીતે મરે છે અને કેવી રીતે જીવે છે તે તે

+ કૅપ્ટન વેડ જણાવે છે કે તેનું તાળવું પુષ્કળ ગરમ હતું, પરંતુ તેના શરીરના ઇતર સર્વ અવયવો શીતળ અને નિરોગી દેખાતા હતા. (ઑસ્બર્ન)

સારી પેઠે જાણતો હતો. તે છતાં પણ તે હરિદાસજીની સમાધિનું રહસ્ય સમજી ન શક્યો એ તેને માટે કેવી શરમની વાત હતી! આથી તે ચૂપ રહી શક્યો નહિ. તે પોતે તો સમાધિનું રહસ્ય સમજી શક્યો નહોતો, પરંતુ દુનિયાને તો અગડં બગડં સમજાવવાની તેને જરૂરજ પડી.

અન્નજળ શિવાય મનુષ્ય જીવી શકતો નથી, શ્વાસોચ્છ્વાસ અને લોહીના ફરવાની ક્રિયા બંધ પડવાથી મનુષ્યનો પ્રાણ નીકળી જાય છે. આવી આવી વાતોજ ડૉક્ટરો અંગ્રેજી ગ્રંથોમાં વાંચે છે અને તેથી તેજ વાતોપર તેમને સદાને માટે અડગ વિશ્વાસ ચોંટી જાય છે. પરંતુ હરિદાસજી ચાલીસ દિવસ સુધી જળ અને અન્ન વિના સમાધિમાં રહ્યા હતા. તેમના શરીરમાં શ્વાસોચ્છ્વાસ અને લોહી ફરવાની ક્રિયા ચાલતી નહોતી. આ ઉલટી વાત કેમ બની? આખી પૃથ્વીનાં માણસો ક્ષુધાથી દુર્બળ બને છે, પરંતુ હરિદાસજી દુર્બળ થયા નહોતા. સમાધિમાંથી જાગૃત થયા પછી કેટલાક દિવસ સુધી તેમને ચક્કર આવતાં હતાં,× તે શિવાય તેમને અન્ય કોઇ પણ પ્રકારનું કષ્ટ થતું નહોતું. સમાધિત્યાગ પછી થોડી વારમાં તેઓ અન્ય માણસોની પેઠે હૃષ્ટપુષ્ટ બની ગયા હતા. આ ઘટના યુરોપીઅન લોકોએ સ્વદ્રષ્ટિથી જોઈ હતી.

ડૉક્ટર મૅકગ્રેગર લખે છે કે "આ સાધુના ચમત્કારને યુરોપના લોકો ઠઠ્ઠા તરીકે ગણી કાઢશે, પરંતુ લાહોરવાસીઓએ એ ચમત્કાર સ્વદ્રષ્ટિથી જોયો છે. આ અદ્દ્ભુત ઘટના શરીરતત્વની વ્યવસ્થાને અનુકૂળ હોવી સર્વથા અશકય નથી, પરંતુ કઠિનજ છે. આ વાત તો

× તેને ગુફામાંથી બહાર કાઢયા પછી થોડા વખત સુધી તે નિર્બળ રહે છે અને તેના મસ્તકમાં ચક્કર આવે છે, પરંતુ ત્યાર પછી જલદીથી તે પોતાનું સ્વાભાવિક આરોગ્ય અને ઉત્સાહ પુનઃ પ્રાપ્ત કરે છે. (ઑસ્બર્ન.)

સર્વ માણસો જાણે છે કે ઉપવાસ કરવા એ હિંદુઓનો અભ્યાસ છે. હિંદુ લોકો અતિ સ્વલ્પ ભોજન કરીને પણ જીવી શકે છે. સંધ્યાવંદન સમયે તેઓ પ્રાણાયામ પણ કરે છે. પરંતુ અન્નગ્રહણ, શ્વાસોચ્છ્વાસ અને લોહીનું ફરવું, એ ક્રિયા શી રીતે બંધ રહી શકે છે એ જાણવું અતિ કઠિન થઇ પડે છે. મસ્તક કાપી લીધા પછી પણ કેટલાક માણસનું હૃદય ધડકે છે અને શ્વાસ ચાલે છે, પરંતુ લોહી ફરતું રહેવાની ક્રિયા બંધ થયા પછી પ્રાણ ન નીકળવો એ વાત કદી જોવામાં કે સાંભળવામાં આવી નથી. જીવવાને માટે સમાધિ અવસ્થામાં જેટલા પ્રમાણમાં અન્ન, શ્વાસોચ્છ્વાસ અને લોહીના હલન ચલનની જરૂર હતી તેટલા પ્રમાણમાં તે સર્વ વસ્તુ હરિદાસજીના અંગમાં હતી, તેનો સર્વથા અભાવ નહોતો."

ડૉક્ટર સાહેબની મીમાંસા પૂર્ણ થઇ ગઈ. હવે આ મીમાંસા પર હસવું કે રડવુ તે કાંઇ સમજાતું નથી. કોઇ મૂર્ખ અને અજ્ઞાન માણસ આવી મીમાંસા કરતો હોય તો તેને અર્થ વગરની પણ ઠરાવીએ, છતાં આ તો પડયા ડૉકટર સાહેબ! મહેરબાન ડૉકટર સાહેબ! આપે નાડી અને હૃદયની તપાસ તો કરી હતી તો શ્વાસોચ્છ્વાસ અને લોહીનું ફરવું, વગેરે ક્રિયા તે વખતે કયાં છુપાઇ ગઈ હતી? ધન્ય છે તમારી મીમાંસાને!

હવે વળી હૉનિગબર્ગર સાહેબ કાંઈ ઓરજ વાત કહે છે! તેઓ કહે છે કે "કેટલાંક જંગલી પશુઓ પર્વતની ગુફામાં સેંકડો વર્ષ પર્યંત સૂઇ રહે છે, તેઓ નથી ખાતાં પીતાં, નથી ફરતાં હરતાં, કે નથી શ્વાસ લેતાં. જ્યારે તેમને પ્રકાશમાં લાવવામાં આવે છે ત્યારે તેઓ હવા ખાઇને પુનઃ જાગૃત થાય છે. યોગીની યોગનિદ્રા પણ આજ પ્રકારની છે. તેઓ સમાધિ ધારણ કરી જાનવરોની પેઠે નિદ્રાની મજા ભોગવે છે." ધન્ય છે એમના બુદ્ધિબળને! ધન્ય છે એમની વિચારશક્તિને!

પુનઃ પરીક્ષા.

શીખ લોકો હરિદાસજી પ્રત્યે જેવી ભક્તિ રાખતા હતા તેવી ભક્તિ મહારાજા રણજીતસિંહજી પોતે રાખતા નહોતા. તે માત્ર ઉપર ઉપરથી ભક્તિ દર્શાવતા હતા. શીખ લોકોને નાખુશ ન કરવાને માટે રણજીતસિંહ પણ હરિદાસજીને લાહોરમાં રહેવા દેતા હતા પરંતુ અંગ્રેજ લોકો ચારેગમથી ખાઇપીને હરિદાસજી પાછળ મંડયા હતા. તેઓ હમેશાં હરિદાસજીના સંબંધમાં રણજીતસિંહના કાન ભંભેર્યા કરતા હતા. એક વખત કેટલાક અંગ્રેજોએ એકત્રિત થઇને રણજીતસિંહને કહ્યું કે "સાધુ ચાલાક છે; સમાધિ આદિ સર્વ છેતરપંડિની વાતો છે. એને જમીનમાં દાટયા પછી શિષ્યો પહેરેગીરોને રૂશવત આપીને તેને બહાર કાઢી લાવે છે અને પછી જાગૃત થવાને માટે નિયત કરેલા દિવસે તેને પુનઃ દાટી આવે છે. આ વાત અમે ઘણાને મુખે સાંભળી છે. જો પુનઃ એકવાર પરીક્ષા કરવામાં આવે તો સાધુની સર્વ ચાલાકી પ્રકટ થઇ જાય."

આ વાત સાંભળી રણજીતસિંહને બહુ ખોટું લાગ્યું, તેઓ બોલ્યા કે "સાધુના આચરણપર જરા પણ શક લાવવો ઉચિત નથી. એમનો અલૌકિક ચમત્કાર જેઓ સ્વદ્રષ્ટિથી જુએ છે તેઓ પણ તેનાપર વિશ્વાસ રાખતાં અચકાય છે તો પછી જેઓ હિંદુધર્મ અને હિંદુશાસ્ત્રોને માનતા નથી તેમની શ્રદ્ધા તેપર શી રીતે ચોંટી શકે ? સાધુ ગમે તેવો હો પરંતુ મારા અભિપ્રાય પ્રમાણે તેની સમાધિની વાત સર્વાંશે સત્ય છે. એના શિષ્યો એને બહાર કાઢીને લઇ જતા હોય તોપણ એનો ચમત્કાર અદ્દભુત છે એમ કહ્યા વિના મારાથી રહી શકાતું નથી. સારા સારા અંગ્રેજોએ એમની સમાધિઅવસ્થા જોઇ છે. અને તેમાંના કોઇએ પણ એમ કહ્યું નથી કે એના શરીરમાં પ્રાણ

છે. નિંદકો તો નિંદા કર્યાંજ કરે છે. નિંદકો પરાયાં છિદ્રો પ્રયોજન વિના પણ પ્રસિદ્ધ કર્યાંજ કરે છે." રણજીતસિંહનાં આ વચનો સાંભળી પેલા અંગ્રેજો ચૂપ થઇ ગયા.

કેટલાક દિવસ પશ્ચાત્ એક રોજ રણજીતસિંહ જનરલ વેન્ચુરા તથા કૅપ્ટન વેડની આગળ ઉપર લખેલા આશયનીજ વાત કહેતા હતા એટલામાં તે બોલ્યા "સંદિગ્ધ વાત સારી નહિ. એક વાર પુનઃ પરીક્ષા કરવી જોઇએ." કૅપ્ટન વેડે જનરલ વેન્ચુરાને કહ્યું કે "સાધુ સમાધિ ગ્રહણ કરે તે દિવસે આપ ત્યાં સાવધતાપૂર્વક હાજર રહેજો, સમાધિત્યાગને દિવસે હું ત્યાં આગળ રહીશ." ત્યાર પછી રણજીતસિંહે હરિદાસજીને બોલાવીને કહ્યું કે "એક વાર પુનઃ આપની સમાધિ જોવાની સર્વને ઉત્કંઠા થઇ છે. માટે આપને જે કાંઇ પૂર્વ ક્રિયા કરવી હોય તે કૃપા કરીને કરી લો. હવે આપને દશ મહિનાની સમાધિ લેવી પડશે."

આ વાતનો સ્વીકાર કરી હરિદાસજી ચાલ્યા ગયા. તેમણે દશ બાર દિવસમાં અંતરશુદ્ધિ આદિ યોગક્રિયાઓ સમાપ્ત કરી લીધી. અને ત્યાર પછી તેમણે મહારાજા રણજીતસિંહપર ખબર મોકલી કે હવે હું સમાધ ધારણ કરવાને તૈયાર છું. બપોરનો સમય હતો. હજૂરીબાગ માણસોથી ચીકાર થઇ ગયો હતો. મહારાજા રણજીતસિંહ, મુખ્ય આગેવાનો તથા જનરલ વેન્ચુરાને લઇને ત્યાં ગયા કોઇ ખાસ કારણને લીધે કૅપ્ટન વેડ ત્યાં હાજર થઇ શક્યો નહિ. સમાધિત્યાગને દિવસે તે હાજર થયો હતો. *

---

* લુધિઆણાના પોલિટિકલ એજન્ટ કૅપ્ટન વેડે મને કહ્યું કે "જનરલ વેંચુરાએ એ સાધુને મહારાજા અને તેના અનેક સરદારોની સમક્ષ ભૂમિમાં દાટયો હતો. અને જ્યારે તેને બહાર કાઢવામાં આવ્યો ત્યારે હું ત્યાં હાજર હતો.

(Court and Camp of Ranjitsinha.)

યોગિ સમાધિ ધારણ કરવાને માટે તૈયાર થયા.* શિષ્યોએ તેમના કાન અને નાક રૂ અને મીણથી બંધ કરવાની ક્રિયા કરી. પછી હરિદાસજીની જીહ્વા તાળવા સાથે લગાડી દેવામાં આવી એટલે તેઓ મૃતવત્ થઇ ગયા. જનરલ વેન્ચુરાએ ખૂબ ધ્યાનપૂર્વક સાધુના શરીરની તપાસ રાખી. સાધુના શરીરને વસ્ત્રમાં લપેટી સ્થળે સ્થળે મહારાજા રણજીતસિંહની છાપ મારી તેને કાષ્ટની પેટીમાં મૂકી ભૂમિમાં દાટવામાં આવ્યું.× સમાધિનું મકાન ચારે તરફથી બંધ અને ઘણું મજબૂત બનાવવામાં આવ્યું. ત્યાં ઘણો સખ્ત પહેરો રાખવામાં આવ્યો. મહારાજા રણજીતસિંહ ત્યાં નિત્ય ફરવા જતા હતા અને સ્વયં તપાસ કરતા હતા. માટી ખોદવાનું અથવા દિવાલ તોડવાનું જરા પણ ચિન્હ જણાતું તો તેઓ તેની બારિક તપાસ કરતા હતા. તે છતાં પણ તેમનો શક દૂર થતો નહોતો. દશ મહિનામાં તેમણે અનેકવાર ફકીર અજીજુદ્દીનને મોકલીને ચોકીદારોપર સખ્ત નજર રખાવી હતી. સાધુના શિષ્યો તે તરફ આવે છે કે નહિ તેની પણ તેમણે તપાસ રખાવી

---

* રણજીતસિંહ અને તેમના સરદારો આવી પહોંચ્યા એટલે તે સાધુ છેલ્લી આવશ્યક ક્રિયાઓ કરવા લાગ્યો. તેનાં નાસિકાદ્વાર, કર્ણદ્વાર અને શરીરમાં હવાનો પ્રવેશ થઇ શકે એવાં સર્વ છિદ્રને મીણથી બંધ કરવામાં આવ્યાં. માત્ર તેનું મુખજ ખુલ્લું રહેવા દેવામાં આવ્યું. પછી તેનાં વસ્ત્રો ઉતારી લેવામાં આવ્યાં અને તેને એક શણના કોથળામાં પૂરવામાં આવ્યો. અને તેની જીભ વાળીને તેનું ગળું બંધ કરી દેવામાં આવ્યું. આથી તે તરતજ એક પ્રકારની જડતાને પ્રાપ્ત થયો.

(ઑસ્બર્ન)

× મહારાજાએ તે સાધુને માટે જે ખાડો ખોદાવ્યો હતો તેમાં પૂરાઈ રહેવાને માટે તે તૈયાર થયો. (ઑસ્બર્ન)

હતી. રણજીતસિંહની આજ્ઞાથી સાધુને બેવાર બહાર કાઢીને જોવામાં પણ આવ્યા હતા.*

દશ મહિના થઇ ગયા. રણજીતસિંહે કૅપ્ટન વેડને લુધિયાણાથી બોલાવ્યો. કૅપ્ટન વેડ લાહોરમાં આવી મહારાજા રણજીતસિંહ તથા આગેવાન નાગરિકોની સાથે સમાધિસ્થાનપર ગયો. સાધુને ભૂમિમાંથી બહાર કાઢવામાં આવ્યા. યોગીનું શરીર મૃત શરીર સમાન હતું. તેમાં જરા પણ પ્રાણ નહોતો. પરંતુ થોડીવારમાં તે શુષ્ક શરીરમાં પ્રાણ આવ્યો. નગરમાં આ આનંદવાર્તા પાણીના રેલાની પેઠે ફેલાઇ ગઇ. ઘેર ઘેર આનંદોત્સવ થવા લાગ્યો. પૂજા પાઠની વિધિ થવા લાગી. શંખ અને ઘંટનાદથી લાહોર ગાજી રહ્યું.

મી. ઑસ્બર્ન હરિદાસજીનો વિરોધી હતો. તે હરિદાસજીની સમાધિની સત્યતાનો સ્વીકાર કરતો નહોતો. પરંતુ તે પોતે લખે છે કે "કૅપ્ટન વેડે મને કહ્યું હતું કે હરિદાસની મૃતવત્ દેહની મેં જાતે પરીક્ષા કરી હતી. તેનામાં જીવનનું જરા પણ ચિન્હ હતું નહિ."+

---

* તે છતાં પણ મહારાજાને આ વાતપર ઘણી અશ્રદ્ધા હતી અને તેણે દશ મહિનાના અરસામાં તેને ખોદીને જોવા માટે બે વાર માણસો મોકલ્યા હતા. ખાડો ખોદી તેની તપાસ કરતાં, તેને પૂરવામાં આવ્યો ત્યારે તે જે સ્થિતિમાં હતો તેજ સ્થિતિમાં તે જણાયો હતો.

(ઑસ્બર્ન)

+ દશ માસની મુદત પૂરી થતાં તે સાધુને બહાર કાઢતી વખત જોવાને માટે કૅપ્ટન વેડ મહારાજા રણજીતસિંહની સાથે ગયો. તે લખે છે કે "મેં જાતે સૂક્ષ્મ રીતે તેની તપાસ કરી હતી અને મારી ખાત્રી થઇ હતી કે તેનામાં જરા પણ પ્રાણ હતો નહિ. પેટીને બહાર કાઢતાં જોઇ હતી અને મહારાજાએ તાળું તથા મેં મુદ્રા તોડી

આ વાત કાંઇ તેણે "મૂર્તિ પૂજક મૂર્ખો"ના મુખથી સાંભળી નહોતી છતાં પણ તે સમાધિ વિષે અતિ સંદેહ રાખે છે. તેનું કારણ કાંઈ સમજી શકાતું નથી. શું કૅપ્ટન વેડ મૂર્ખ હતો? ના, અંગ્રેજ લોકો તેને મૂર્ખ માનતા નહોતા.

ઘણા યુરોપીઅનોની ખાત્રી થઇ ગઇ હતી કે હરિદાસની સમાધિમાં જરા પણ છળ નથી.

અદીન નગરમાં હરિદાસજીનું આગમન.

ઇ. સ. ૧૮૩૮ ના મે માસમાં લોર્ડ ઑકલેંડે કેટલાક અંગ્રેજ અમલદારોને કાંઇ ખાસ કામને માટે રણજીતસિંહની દરબારમાં મોકલ્યા હતા. તેમાં મી. મૅકનૉટન, ડૉક્ટર ડામંડ, કૅપ્ટન મૅકગ્રેગર અને મી. ઑસ્બર્ન મુખ્ય હતા. આ વખતે રણજીતસિંહ લાહોરની પાસે અદીન નગરમાં રહેતા હતા. મેની ૨૮ મી તારીખે યુરોપીઅન લોકો ત્યાં પહોંચ્યા. તેઓ રણજીતસિંહની દરબારમાં નિત્ય હાજર થતા હતા. આ લોકોનું આતિથ્ય ઘણી સારી રીતે કરવામાં આવતું હતું. કાશ્મીરની સુંદર રંડીઓનો નાચ, અંગુરનો લહેજતદાર શરાબ, સુવર આદિ જાતજાતનાં પ્રાણીઓનો શિકાર, આ સર્વ મોજમજા યુરોપીઅનોને માટે મોજુદ હતી. તેમને કેવળ તાપનું કષ્ટ બહુ સહન કરવું પડતું હતું. પરંતુ તેની નિવૃત્તિ અર્થે ખસની ટટ્ટી, પંખા વગેરે સાધનો તૈયાર હતાં. આ પ્રકારે જૂન માસની ૫ મી તારીખ સુધી મોજ ઉડી. તા. ૪ થીએ હરિદાસજી અદીન નગરમાં ગયા હતા. આ વખતે

તે દ્રશ્ય પણ મેં જોયું હતું; ત્યાર પછી તે માણસને બહાર કાઢવામાં આવ્યો અને તેનાં કાંડાં તથા તેનું હૃદય તપાસતાં જરા પણ નાડ ચાલતી જણાતી નહોતી. (ઑસ્બર્ન)

યુરોપીઅનોને ખુશ કરવાને માટેજ મહારાજા રણજીતસિંહે તેમને ખાસ અમૃતસરથી બોલાવ્યા હતા.*

કલકત્તાના અંગ્રેજો હરિદાસજીના સંબંધમાં અનેક વાતો સાંભળી ચૂક્યા હતા. પરંતુ તેઓ તે વાત સત્ય માનતા નહોતા. મહારાજા રણજીતસિંહની દરબારમાં આવેલા અંગ્રેજો હરિદાસજી અદીન નગરમાં આવ્યા છે એ વાત સાંભળી બહુ ખુશ થયા. તેમણે ધાર્યું કે હવે હરિદાસની પરીક્ષા કરવાની ઉત્તમ તક હાથ લાગી છે. મૅકનૉટનના હૃદયમાં અન્ય યુરોપીઅનોના જેટલો ઉત્સાહ નહોતો, કારણકે તેણે તો સર્વ પ્રકાર જોયો હતો. પેલા યુરોપીઅનો ત્વરાથી સાધુની પાસે દોડી ગયા. તેમણે તેમને એક મંદિરમાં પલંગપર બેઠેલા જોયા. પલંગપર રેશમી બિછાનું પાથરવામાં આવ્યું હતું. આખા મંદિરમાં ગાદી તકિયા મૂકી દેવામાં આવ્યા હતા. હરિદાસજીની સમક્ષ કેટલાંક પાત્રો અને એક પુસ્તક, આ વસ્તુઓ રાખવામાં આવી હતી. તેમના ડાબા હાથ તરફ એક જળપાત્ર હતું. વળી ત્યાં બે ઝોળીઓ અને એક ગેરૂવર્ણનું વસ્ત્ર પણ હતું. ગાલીચાની ઉપર એક બીજું પુસ્તક અને એક રણજીતસિંહની આપેલી શાલ હતી. સાધુની પાછળ એક શીખ

* આજે સવારે આખા પંજાબમાં એક અતિ સુપ્રસિદ્ધ થયેલી વ્યક્તિ આવી આ માણસને જોવા માટે અમે ઘણી આતુરતા દર્શાવી હતી અને મહારાજાએ ખાસ તેને અમૃતસરથી બોલાવ્યો હતો.

તે એક સાધુ છે અને તે ગમે તેટલા કાળ સુધી જીવતો જમીનમાં દટાઇ રહેતો કહેવાય છે તે માટે શીખ લોકો તેને અસાધારણ માન આપે છે. એને વિષે એટલી બધી વાતો પ્રચલિત હતી અને એ વાતો સત્ય છે એમ એટલા બધા આબરૂદાર માણસોએ કહ્યું હતું કે તેને જોવાને માટે અમો સર્વને ઉત્કંઠા થઇ.

(Court and Camp of Ranjitsinha.)

ઉભો રહીને તેમને પંખાવતી પવન નાંખતો હતો. પ્રથમવારની સમાધિ વખતે મહારાજા રણજીતસિંહે તેમને જે વસ્ત્રો આપ્યાં હતાં, તેજ વસ્ત્રોથી સજ્જ થઇને આજે તેઓ બેઠા હતા. યુરોપીઅન લોકો તેમની પાસે જઇને તેમની સાથે ઘણી વાતો કરવા લાગ્યા.* તેમણે તેમને કહ્યું કે "અમો સર્વને આપની સમાધિ જોવાની ઘણી તીવ્ર ઉત્કંઠા છે. વળી અમે સર્વે જણે એવો નિશ્ચય કર્યો છે કે આપને લાહોરમાં લઈ જઇ આપની પાસે સમાધિ લેવરાવવી. હરિદાસજીએ ઑસ્બર્નને પૂછ્યું કે "હવે મારે કેટલા દિવસ સમાધિમાં રહેવું પડશે?" ઓસ્બર્ને પ્રત્યુત્તર આપ્યો કે "કદાચ આપને એક માસ સુધી સમાધિમાં રહેવું પડશે. આપ એટલો વખત સમાધમાં રહેશો તો અમારી ખાત્રી થશે કે આપનું સાધન સત્ય છે. શું આપ સો વર્ષ સુધી પણ સમાધિમાં રહી શકો છો?" સાધુએ જવાબ આપ્યો કે "હા." હરિદાસજીએ એક મહિનાની સમાધિ લેવાની વાતનો સ્વીકાર કર્યો. સમાધિની પૂર્વ ક્રિયામાં આંતરડાં સાફ કરવાની ક્રિયા ઘણી કઠિન હોય છે. એક મહિનાની સમાધિને માટે એટલું બધું કષ્ટ સહન કરવું હરિદાસજીને અતિ અનુચિત લાગતું હતું.

ઓસ્બર્ન અન્ય અંગ્રેજ અમલદારોની સાથે લાહોરમાં આવ્યો અને તે સર્વે જણે એક સુંદર બાગમાં મૂકામ નાંખ્યો. મુસલમાન પા-

---

*અમે તેની સાથે ઘણી વાતો કરી અને તેણે અમને કહ્યું કે "હું ઠગારો નથી એમ સિદ્ધ કરવાને માટે તમારી મરજીમાં આવે તેટલા વખત સુધી જમીનમાં દટાઇ રહેવાને હું તૈયાર છું.

(Court and Camp of Ranjitsinha.)

તે ફરિયાદ કરે છે કે સમય ઘણો ટુંકો છે અને એટલા થોડા સમયને માટે આટલી બધી તૈયારીની ખટપટ કરવી વૃથા છે. (સદર)

દશાહોના સમયમાં આ બાગની ઘણી ખરાબ દશા થઇ ગઈ હતી. તે જંગલ સમાન બની ગયો હતો. કોઈ કોઇ વખત તેમાં વ્યાઘ્ર, રીંછ આદિ હિંસક પ્રાણીઓ પણ દ્રષ્ટિગોચર થતાં હતાં. પરંતુ મહારાજા રણજીતસિંહે તે બાગને સુધાર્યો હતો. યુરોપીઅનો બે ત્રણ દિવસ સુધી ત્યાં રહ્યા. જુનની ૨૩મી તારીખે સવારમાંજ હરિદાસજીની સમાધિને માટે બંદોબસ્ત થવા લાગ્યો.* તપાસ કરતાં કરતાં ઉક્ત બાગની અંદર

---

* ૨૩મી જુન—આજે પ્રાતઃકાળમાં નાસ્તો કર્યા પછી અમારા મિત્ર સાધુને માટે યોગ્ય સ્થળ ખોદી કાઢવાને માટે બાગમાં ચારે તરફ ફર્યા, અને એક ગોળાકાર મકાનને પસંદ કીધું. આ મકાનનો ઘેરાવો ૨૦ ફીટનો હતો અને તે છોબંધ હતું. આ મકાનના મધ્ય ભાગમાં અમે પ્રાયઃ પાંચ ચોરસ ફીટનો ખાડો ખોધો. આ ખાડાનું દ્વાર માત્ર પેટી જઇ શકે એટલુંજ મોટું હતું. બહારનો ભાગ બંધ કરવાને માટે ઇંટ અને કોલ તૈયાર કરી અમે તેને કહેવરાવ્યું કે સર્વ તૈયારી થઇ ગઇ છે. તેણે સાંજે અથવા આવતી કાલે પ્રાતઃકાળમાં આવવાનું વચન આપ્યું.

૨૬ મી જુન—અમારા મિત્ર સાધુને ભૂમિમાં પૂરવાને માટે આજનો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો. તે ગઇ કાલે સાયંકાળે આવ્યો હતો. તેણે તન અને મન ઉભયના મળ દૂર કરી ભૂમિમાં દટાવાની આતુરતા જણાવી અને 'હવે તમે મને ઠગારો ધારશો નહિ એવી હું આશા રાખું છું' એમ અમને કહ્યું. સૂર્યોદય થતી વખતે હું તેને જોવા ગયો. આ વખતે તે ખુલ્લી જમીન ઉપર પ્રાર્થના કરતો બેઠો હતો અને તે ગભરાયેલો દીસતો હતો, જો કે આ વાત તે જરા પણ સ્વીકારતો નહોતો. વળી અત્યાર સુધી તેને પોતાની જાતપર જેટલી શ્રદ્ધા હતી તેટલી શ્રદ્ધા પણ હવે જણાતી નહોતી. તે છતાં પણ તેણે જણાવ્યું કે 'અગાઉ નિયત કર્યા પ્રમાણે બાર વાગે હું તૈયાર થઇશ' આવું

એક પાકું ગોળાકાર મકાન જડયું. આ મકાનનો ઘેરાવો ૨૦ ફીટનો હતો. હરિદાસજીના શરીરને જે પેટીમાં મૂકવાનું હતું તે પેટીને મહા મુસ્કેલીથી તે મકાનના દ્વારમાંથી અંદર લઇ જવામાં આવી. વળી

મનોબળ છેલ્લી પળ સુધી જાગૃત રાખવાને તેણે નિશ્ચય કરેલો જણાતો હતો.

નિયત કરેલા કલાકે અમે સર્વે એકત્રિત થયા. તે માણસને ભૂમિગત થતો જોવાને માટે બ્રાહ્મણો અને ધર્મ ગુરૂઓનું એક મોટું ટોળું એકઠું થયું હતું. પ્રાતઃકાળથી તેની હિમ્મત ઘણી ન્યૂન થવા લાગી હતી અને તેણે અમને જણાવ્યું કે "તમે મને કાંઇ પણ પારિતોષક આપવાનું જણાવ્યું નથી." અમે તેને કહ્યું કે "આપના જેવા પવિત્ર માણસની પાસે જો એવી માગણી કરીએ તો આપ ગુસ્સે થાઓ એવા ભયથી અમે તેમ કર્યું નહોતું, પરંતુ હવે તે ડર રહ્યો નથી, તેથી જો આપ સાત દિવસને અંતે જીવંત બહાર નીકળશો તો અમે આપને રૂા. ૧૫૦૦) આપીશું, અને મહારાજા રણજીતસિંહે આપને રૂા. ૨૦૦૦) ની વાર્ષિક ઉપજ આવે એવી જાગીર આપવાનું વચન આપવાની પણ અમને સત્તા આપી છે."

હવે તેણે પૂછ્યું કે "મને કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય ન નડે તથા બહારના માણસો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન રાખી શકાય તે માટે તમે શું શું સાવચેતી ભરેલા ઉપાયો લેવા ધાર્યા છે ?" અમે ચાર તાળાં તેને બતાવ્યાં અને કહ્યું કે "આ બે તમારી પેટીને મારવામાં આવશે અને બે તમારી ગુફાના દ્વારને મારવામાં આવશે. તેની એક કુંચી તમારી ખુશીમાં આવે તે માણસને આપવામાં આવશે અને બીજી સર્વ અમે અમારી પોતાની પાસે રાખીશું. સર્વ તાળાંઓપર અમારી મુદ્રા રહેશે. બહારનો દરવાજો ચણી લેવામાં આવશે. અમારા પોતાના લશ્કરમાંથી ચોકીદારો નિયત

આ મકાનના દ્વારની આગળ મજબુત પહેરો મૂકી દેવામાં આવ્યો. ચાર મોટાં મોટાં તાળાં તો પ્રથમથીજ લાવી રાખવામાં આવ્યાં હતાં. દ્વારને પૂરી લેવાને માટે ઇંટ, છો વગેરે વસ્તુઓ તૈયાર રાખવામાં

કરવામાં આવશે. તે લોકો રાત્રિદિવસ આસપાસ પ્હેરો ભરશે. જો એક અઠવાડીઆને અંતે તમે જીવતા નીકળશો તો તમને રૂપિયા અને જાગીર સુપ્રત કરવામાં આવશે." તે ગભરાયેલો જણાયો અને આગલે દિવસે તેણે પોતે જે વ્યવસ્થા રાખવાને જણાવ્યું હતું તેજ વ્યવસ્થા સામે આજે તેણે વાંધો લીધો. તેણે જણાવ્યું કે "પ્રત્યેક તાળાની એક કુંચી મારા પોતાના માણસો પાસે રહેવી જોઇએ. વળી તમારે મારા બનાવેલા તાળાના ખાસ ભાગપરજ છાપ મારવી જોઇએ અને ગુફાની આસપાસ કોઇ પણ મુસલમાન ચોકીદારોને નિયત કરવા જોઇએ નહિ" તેણે બનાવેલો તાળાનો ભાગ સર્વથૈવ નિરુપયોગી થઇ પડે એમાં જરા પણ સંશય નહોતો......તે તરતજ સર્વ અંગ્રેજોને અને ખાસ કરીને અમને પુષ્કળ ભાંડવા લાગ્યો. તેણે જણાવ્યું "પરંતુ તમને વિજય મળશે નહિ. મારી પવિત્રતા લોકોના હૃદયમાં સજ્જડ ચોંટી ગઇ છે. તમે તે વિષે શંકા ઉઠાવશો તો તેથી કાંઇ તે ડગવાની નથી. તમે ફીરંગીઓ કાંઇ માનતા નથી, તમે નાસ્તિક છો" સાયંકાળે તેણે મહારાજાના એક સરદાર મારફતે મારાપર સંદેશો મોકલ્યો કે 'રણજીતસિંહ મારાપર અતિ ગુસ્સે થયા હતા અને જો હું તમારી ખાત્રી નહિ કરી આપીશ તો મારી અત્યાર સુધી મેળવેલી સર્વ કીર્તિ ધુળમાં મળી જશે .....આમ બને તેના કરતાં તમારા કહેવા પ્રમાણે કરવાને હું તૈયાર છું, જો કે મારી ખાત્રી છે કે તમારો ઉદ્દેશ તો મારો નાશ કરવાનોજ છે. તમે પોતે તો સારી પેઠે જાણો છો કે આ માણસ (હું) કદિ પણ જીવતો બહાર નીકળવાનો નથી."

(ઓસ્બર્ન)

આવી હતી. આ સર્વ સામગ્રી તૈયાર કરી યુરોપીઅનોએ હરિદાસજીને બોલાવવાને માટે માણસ મોકલ્યો. તેમણે ઉત્તર આપ્યો કે "આજે સંધ્યા સમયે અથવા આવતી કાલે હું આપને મળીશ."

હરિદાસજી જૂન માસની ૨૫ મી તારીખે સંધ્યા સમયે યુરોપીઅનોને મળ્યા. પૂર્વ ક્રિયા હજી સમાપ્ત થઈ નહોતી તેથી તે દિવસે પણ સમાધિ લઈ શકાઇ નહિ. બીજે દિવસે પ્રાતઃકાળમાં સૂર્ય ઉગ્યો કે તરતજ હરિદાસજી સમાધિસ્થાનપર જઈ ઇશ્વરસ્મરણ કરવા લાગ્યા. થોડે દૂર શિષ્યો ઊભા હતા. એટલામાં મી. ઓસ્બર્નની સ્વારી ત્યાં આગળ આવી પહોંચી. આજે હરિદાસજીનું મુખ ઉદાસ દીસતું હતું. પૂર્વે જ્યારે તેઓ સમાધિ લેતા હતા ત્યારે હસતા હસતા અભિમાનપૂર્વક તે કામ કરતા હતા. પરંતુ આજે તે ભાવ તેમના મુખમંડળપર દ્રષ્ટિગોચર થતો નહોતો. હરિદાસજીએ બ્હીતાં બ્હીતાં જણાવ્યું કે "આજે બપોરે સર્વ કામોથી પરવારી હું સમાધિ લઇશ."

બપોર થઇ ગયો. લોકોની ઠઠ જામવા લાગી. યુરોપીઅનો પણ આવી લાગ્યા. પરંતુ હરિદાસજી આજે ઘણા ઉદાસ હતા. તેમણે મી. ઑાસ્બર્નને જણાવ્યું કે "હું સમાધિ તો લઉં છું, પરંતુ મને ઇનામ શું મળશે તે તો કાંઇ જણાવવામાં આવ્યું નથી." મી. ઑાસ્બર્ન આશ્ચર્યચકિત થયો. તે બોલ્યો "અમને ખબર નહોતી કે આપના જેવા સિદ્ધ પુરુષોને પણ રૂપિયાનો લોભ હોય છે. આથી અમે ઇનામની વાત કાઢવાનું સાહસ કર્યું નહોતું પરંતુ હું હમણાં તમને જણાવું છું કે જો તમે સમાધિમાંથી જીવતા ઉઠશો તો તમને નગદ દોઢહજાર રૂપિઆ આપવામાં આવશે અને તમને દર વર્ષે બે હજારની જાગીરી આપવામાં આવશે."

હવે જાણે ઇનામ વિષેનો ખટકો તો મટયો. પછી હરિદાસજીએ કહ્યું કે "ઠીક, આજે હું સમાધિ તો ગ્રહણ કરીશ પરંતુ આપ

મારા રક્ષણને માટે શું ઉપાય લેશો ? અને હું નાશી ન જાઉં તેને માટે શું વ્યવસ્થા કરશો ?" મી. ઓસ્બર્ન બોલ્યો કે "આ ચાર તાળાં છે, તેમાંનાં બે પેટી પર અને બે આ મકાનના દ્વાર પર મારવામાં આવશે. બે ચાવી નોકરોને આપવામાં આવશે અને બે ચાવી હું સ્વયં મારી પાસે રાખીશ. સર્વ તાળાંઓ ઉપર અમારી છાપ મારવામાં આવશે. મકાનનું દ્વાર ઇંટ, અને છો થી પૂરી દેવામાં આવશે. આઠે પ્રહર અમારા ચોકીદારો પહેરો ભરશે." સંન્યાસીએ કંપિત થઇને કહ્યું કે "નહિ, પ્રત્યેક તાળાંની બબ્બે ચાવી રાખવી જોઇએ. તેમાંની એક એક અમારા શિષ્યોની પાસે રહેશે અને એક એક આપની પાસે રહેશે. વળી આપ અહીંઆં યવન પહેરેગીરોને રાખી શકશો નહિ." અંતે સંન્યાસીએ તાળાંની ઉપરના એક એવા સ્થાનપર છાપ મારવાને કહ્યું કે તે સ્થાનપર છાપ મારવાથી કાંઇ પણ લાભ નહોતો. હરિદાસજીની આ સર્વ વાત સાંભળી યુરોપીઅનો નાખુશ થયા. હરિદાસજીને પણ ઘણો ક્રોધ આવ્યો. તેઓ બોલી ઉઠયા "તમે યુરોપીઅન લોકો મહા નાસ્તિક પ્રજા છો. ધર્માધર્મનું તમને જરા પણ જ્ઞાન નથી. અમારૂં અપમાન કરવાને માટે તમે લાહોરમાં આવ્યા છો, પરંતુ સ્મરણમાં રાખજો કે તમારી મનઃકામના કદિ પણ સિદ્ધ થનાર નથી. લાહોરમાં અમે જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે તે કદિ પણ ન્યૂન થઇ શકનાર નથી." મી. ઓસ્બર્ને સાધુને ઘણા સમજાવ્યા, પરંતુ તે એકના બે થયા નહિ. તેમનો ક્રોધ જરા પણ શમ્યો નહિ. સર્વ યુરોપીઅનો લાચાર થઇ પોતાના મુકામપર ચાલ્યા ગયા.

રણજીતસિંહ અતિ લજ્જીત થયા. તેમણે હરિદાસજીને કહ્યું આપે સારૂં કામ કીધું નથી. જો આ વખત આપ સમાધિ ધારણ નહિ કરશો તો શીખ લોકોમાં આપની પ્રતિષ્ઠા જળવાશે નહિ. અને યુરોપીઅનો તો અવશ્ય આપની નિંદા કરશેજ. વળી હું આપનાપર શ્રદ્ધા

રાખું છું તેથી એઓ મને પણ મૂર્ખ ગણી કાઢશે." હરિદાસજીએ આ વચન સાંભળી હસીને ઉત્તર આપ્યો, "જો આપને આ જ ભય હોય તો આપના કરતાં ડૉક્ટર મૅકગ્રેગર, ડૉક્ટર મરે અને વેન્ચુરા મહામૂર્ખ ઠરશે. મારા સાંભળવામાં આવ્યું છે કે મારી સમાધિ-અવસ્થામાં તેમણે મારી પુષ્કળ તપાસ કરી છે, તેમને તો કાંઇ છળ જણાયો નથી. મુખ્ય વાત એ છે કે મારો અદ્‌ભુત ચમત્કાર દ્રષ્ટિએ જોયા વિના તેપર કોઇને શ્રદ્ધા ચોંટતી નથી. હું તે યુરોપીઅન લોકોને ક્યાં સુધી તમાશો બતાવ્યા કરીશ. તેઓ વિશ્વાસ નહિ કરશે તો મને તેથી હાનિ પણ શું થવાની છે? સમાધિ મારે માટે સહજ કાર્ય છે. હું એને આનંદમય નિદ્રા જ સમજું છું. આપના કહેવાથી હું આવતી કાલેજ સમાધિ ધારણ કરીશ. આપ યુરોપીઅનોને બોલાવી મંગાવો. પરંતુ હવે પછી કોઇ વાર સમાધિ લેવાનો આગ્રહ મને કરશો નહિ. હું અંગ્રેજોનું મ્હોં જોવા માગતો નથી. એ લોકો માત્ર મારૂં મૃત્યુ કરવાની કારીગરી લગાવે છે."

રણજીતસિંહે એક માણસ મોકલી મા. ઑસ્બર્નને કહેવડાવ્યું કે "આવીને તમાશો જુઓ." પરંતુ યુરોપીઅનો નારાજ થઇ ગયા હતા. તેથી તેઓ આવ્યા નહિ, અને હરિદાસજીએ સમાધિ લીધી પણ નહિ.

શું આ કાર્યમાં છળ હતો?

ઑસ્બર્ન હરિદાસજી પ્રત્યે દ્વેષ અને વિરોધ રાખતો હતો તેનું કારણ આજ હતું. તેની સ્વદ્રષ્ટિથી સમાધિ જોવાની આકાંક્ષા તૃપ્ત થઇ શકી નહિ તેથી તે ગુસ્સે થઇ ગયો અને કહેવા લાગ્યો કે "સાધુ હાથચાલાકી કરે છે." ઑસ્બર્નના કહેવાથી ઘણા માણસો હરિદાસજીને ઢોંગી ધૂતારો માને એવો સંભવ છે. પરંતુ એમ માનવા પૂર્વે તેમણે અનેક બાબતોનો વિચાર કરવો જોઇએ. અંગ્રેજ ડૉક્ટરોએ

યોગાવસ્થામાં એમના શરીરની તપાસ કરી હતી. એમના શ્વાસોચ્છ્વાસ તથા નાડીની પરીક્ષા પણ તેમણે કરી હતી. લુધિયાણાના પોલિટિકલ એજન્ટ કર્નલ વેડ સાહેબે સ્વયં તેમની પરીક્ષા કરી હતી. આ વાત તેમણે ઑસ્બર્નને પણ કહી હતી. ડૉકટર મૅકગ્રેગરે પણ સ્વદ્રષ્ટિથી તેમની સમાધિ જોઇ હતી. આ વિષે તેમણે એક મોટો લેખ લખ્યો છે. પુષ્કરજીમાં મી. મૅકનૉટને જાતે એમને એક પેટીમાં પૂરાવીને ભૂમિમાં દટાવ્યા હતા અને ચાવી પોતાની પાસે રાખી હતી. જેસલમીરમાં મી. બેલાને એમના યોગબળપર અવિશ્વાસ લાવવાનું કાંઈ કારણ મળ્યું નહોતું. આવા ચતુર અને બુદ્ધિમાન અનેક અંગ્રેજો શું સર્વ મૂર્ખ અને જૂઠા હતા? બુદ્ધિમાન ઑસ્બર્ન સાધુને ઢોંગી જણાવતી વખત ઉપર્યુક્ત અંગ્રેજો વિષે કાંઇ પણ કહેતો નથી. જો તેણે તે અંગ્રેજોના અભિપ્રાય ટાંકયા હોત તો લોકોને તેના પોતાના અભિપ્રાય વિષે તુલના કરવાની તક મળત. જેમણે સ્વદ્રષ્ટિથી હરિદાસજીની સમાધ જોઇ હતી તે જૂઠા અને જેણે તે જોઇ નહોતી તે સાચો એ તે કેમ બની શકે? તેમજ તેણે કોઇ એવું પણ પ્રમાણ બતાવ્યું નથી કે જેથી નજરે જોનારા જૂઠા ઠરે અને માત્ર તર્ક કરનાર સાચો ઠરે.

વળી જ્યાં સમાધિ લેવામાં આવતી હતી ત્યાં પાકો બંદોબસ્ત રાખવામાં આવતો હતો. ચોકી પહેરો, પેટી, તાળાં, લાખની છાપ, બંધ દરવાજો આ સર્વ વસ્તુઓ તેના પૂરતા અટકાવને માટે હતી. વળી ત્યાં કોઇ શિષ્ય પણ જઇ શકતો નહોતો. જ્યારે રણજીતસિંહે હરિદાસજીને ચાલીસ દિવસ સુધી સમાધ લેવરાવી ત્યારે યુરોપીઅન લોકોએ તે સમાધિસ્થાન ઉપર જવના લીલા છોડ સ્વદ્રષ્ટિથી જોયા હતા. તો પછી કોઇને સંદેહ લઈ જવાનું શું કારણ હતું?

ડૉકટર હૉનિગબર્ગર હરિદાસજીની સમાધિ વખતે વિલાયત ગયો હતો. પાછા આવતી વખત જ્યારે તેણે વહાણમાં હરિદાસજી વિષે

ચર્ચા સાંભળી ત્યારે તેને હરિદાસના ઉપર કાંઇક શક આવ્યો પરંતુ રણજીતસિંહના દરબારમાં આવીને જ્યારે તેણે તેને વિષે થતી વાત સાંભળી ત્યારે તેને સંપૂર્ણ શ્રદ્ધા ચોંટી ગઇ. તેણે સુંદર ભાષામાં હરિદાસજીના અદ્ભુત ચમત્કારનું સમર્થન કર્યું છે. તેણે ઑસ્બર્નના કથનનું ખંડન કરતાં જણાવ્યું છે કે જો યોગીના કાર્યમાં છેતરપિંડી હોત તો તેના શિષ્યો તે છળ શીખી લેત અને તેના મરણ પશ્ચાત્ ઠામ ઠામ તેને બતાવ્યા કરત.” ખરેખર આ દલીલ ઘણી સુંદર છે. સમાધિ અવસ્થામાં હરિદાસજી બાહ્ય જ્ઞાનશૂન્ય થઇ જઈ શિષ્યોના સંપૂર્ણ કાબુમાં આવી જતા હતા. તેમનાથી કોઈ પણ ક્રિયા ગુપ્ત નહોતી. તોપણ તેઓ હરિદાસજીના મરણ પશ્ચાત્ સમાધિ ધારણ કરવાની ધૃષ્ટતા કરી શકતા નહોતા. અરે તેમના મુખ્ય શિષ્ય રામતીર્થજી લાહોરમાં આવ્યા હતા, પરંતુ તેઓ પણ સમાધિ લઇ શક્યા નહોતા.

ઑસ્બર્નની સામે હરિદાસજીએ સમાધિ શા માટે ન લીધી તેનું સત્ય કારણ રાજા ધ્યાનસિંહ સિવાય અન્ય કોઇ જાણતું નહોતું. તેનો અભિપ્રાય અંગ્રેજ લોકોની વિરૂદ્ધમાં હતો. આથી મહારાજા રણજીતસિંહની દરબારમાં અંગ્રેજ દૂતો આવી તેમને અષ્ટંપષ્ટં સમજાવતા હતા એ વાત રાજા ધ્યાનસિંહને જરા પણ પસંદ નહોતી; અને તેઓ અવશ્ય તેમના કાર્યમાં કાંઇને કાંઈ વિઘ્ન નાંખી દેતા હતા. લૉર્ડ ઑકલંડે મી. ઑસ્બર્નને રણજીતસિંહની દરબારમાં એક સંધિનું કાર્ય પરિપૂર્ણ ઉતારવાને મોકલ્યો હતો. હમણાં અંગ્રેજોને જે પ્રમાણે રખેને રૂશિયા હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરશે એવો ખટકો નિરંતર રહે છે તે પ્રમાણે તેથી પણ અધિક ખટકો તેમને તે વખતે રહેતો હતો. પદભ્રષ્ટ થયેલા શાહશુજાને પુનઃ કાબુલના સિંહાસનપર અધિષ્ઠિત કરવાને માટે રણજીતસિંહને વચમાં નાંખવાની અંગ્રેજોની

મરજી હતી. ધ્યાનસિંહે રણજીતસિંહને અંગ્રેજોની વાત માન્ય ન કરવાની સલાહ આપી અને હરિદાસજીએ પણ અંગ્રેજોની વિરૂદ્ધમાંજ તેમને જણાવ્યું હતું.

હરિદાસજી અંગ્રેજો પ્રત્યે તિરસ્કારદૃષ્ટિથી જોતા હતા. પરંતુ અંગ્રેજો હિંદુઓપર જેટલો અવિશ્વાસ રાખતા હતા, તેટલો અવિશ્વાસ હરિદાસજી અંગ્રેજોપર રાખતા નહોતા. રાજા ધ્યાનસિંહે જ્યારે તેમને પોતાનો અભિપ્રાય બતાવ્યો ત્યારે તેમને અવિશ્વાસ આવી જવાથી ઑસ્બર્નની આગળ સમાધિ લેવાને હરિદાસજીએ આનાકાની કરી હતી. તેમને એવો શક પડી ગયો હતો કે "અવસ્ય અંગ્રેજો મારો પ્રાણ લેશે." પરંતુ જ્યારે મહારાજા રણજીતસિંહે તેમને સમજાવ્યા કે "જો આપ સમાધિ નહિ લેશો તો ઇજ્જત રહેવી કઠિન છે" ત્યારે તેમણે જીવનનો મોહ ત્યાગી સમાધિ લેવાનો સ્વીકાર કર્યો. પરંતુ તે વખતે ઑસ્બર્ન રિસાઇને ચાલ્યો ગયો હતો.

સત્ય વાત એ છે કે હિંદુ શાસ્ત્રોપર ખ્રિસ્તી યુરોપીઅનોને શ્રદ્ધા નથી. માટે સમાધિપર પણ તેમની શ્રદ્ધા ચોંટી શકતી નથી. તે છતાં પણ હમણાં હમણાં તેમને થોડો ઘણો વિશ્વાસ આવવા લાગ્યો છે. *

---

* થોડાક વખતપર અમે જણાવ્યું હતું કે કોથાબસ્તીમાં એક માણસને તેના સ્વધર્મીઓએ જીવતો ભૂમિમાં દાટી દીધો હતો. આ માણસને ગઇ કાલે બહાર કાઢવામાં આવ્યો હતો. એ માણસ ચાળીસ દિવસ પર્યંત સમાધિમાં રહ્યો હતો. જ્યારે તેને બહાર કાઢવામાં આવ્યો ત્યારે તેના શરીરમાં કાંઇ દુર્બળતા જણાતી નહોતી. માત્ર તેના પગના સાંધામાં સ્હેજ નિર્બળતા હતી. તે સ્થળે પાંચસેં છસેં માણસો આ દ્રસ્ય જોવાને માટે એકત્રિત થયાં હતાં.

Hydrabad Telegraph. (Statesman 3 June 1883)

ઈ. સ. ૧૮૮૩ માં દક્ષિણ હૈદ્રાબાદના કોથાબસ્તી નામના સ્થાનમાં એક સાધુ ચાળીસ દિવસ પર્યંત સમાધિમાં રહ્યો હતો. તેના સમાધિ ત્યાગના સમયે ત્યાં આગળ પાંચસેં છસેં માણસો હાજર હતાં. સર્વે જણે આ દેખાવ જોયો હતો.

શેષ દશા.

અંતકાળ સુધી જેના દિવસ સુખમાં જાય છે તેજ ખરો ભાગ્યશાળી પુરુષ છે. પ્રથમ જેણે ઘણી પ્રસિદ્ધિ અને માનપાન મેળવ્યાં હોય, પરંતુ પાછળથી જેની અપકીર્તિ થાય છે તેનું સર્વસ્વ ધૂળમાં મળી જાય છે. એટલા માટેજ એક સાધુએ કહ્યું છે કે "તપાસો તપા, ચલતે સમય મતાસો મતા."

ચારે તરફ હરિદાસજીની ખ્યાતિ પ્રસરી ગઇ હતી. તેમનાં અલૌકિક કામો જોઇ સર્વ મંત્રમુગ્ધ બની ગયા હતા. વીર પુરુષો વીરધર્મ ત્યજી યોગને સ્વધન કરવા લાગ્યા. વ્યાપારી વ્યાપાર છોડી સાધુ બની જવા લાગ્યા. હરિદાસજીને લોકો દેવ પેઠે પૂજવા લાગ્યા. હરિદાસજીની કૃપાથી અંધને આંખ અને વંધ્યાને પુત્રપ્રાપ્તિ થવા લાગી. સ્ત્રીઓનાં ઝુંડ તેમને રાત્રિદિવસ ઘેરવા લાગ્યાં. સર્વના હૃદયમાં હરિદાસજી પ્રતિ ભક્તિભાવ છૂટયો. સર્વ જણ તેમને નમસ્કાર કરવામાં પોતાના જીવનનું સાફલ્ય સમજતા હતા.

હરિદાસજીને ચાલીસ દિવસ સુધી સમાધિમાં રહ્યા પછી ચૈતન્ય પ્રાપ્ત થયેલું જોઇને મહારાજા રણજીતસિંહને તેમનાપર એટલી શ્રદ્ધા ચોંટી કે તેઓ સપરિવાર તેમના શિષ્ય બની ગયા. તેઓ હરિદાસજીને હંમેશાં લાહોરમાંજ રાખતા હતા. હરિદાસજી જો કે આમ તેમ ભ્રમણ કરતા હતા તોપણ તેઓ અધિક સમય તો લાહોરમાંજ રહેતા હતા. મહારાજા રણજીતસિંહજી સવાર સાંજ બન્ને વખત સાધુની ખબર

અંતર પૂછતા હતા. તેઓ શું ખાય છે તથા શું કરે છે? તે વિષેની સર્વ ખબર દૂતો મહારાજા રણજીતસિંહને પહોંચાડતા હતા. એક દિવસે મહારાજાએ દૂતોના મુખદ્વારા સાંભળ્યું કે જીતેંદ્રિય સાધુ હરિદાસજીથી કંઇક દોષ થઈ ગયો છે. સાથે સાથે રણજીતસિંહની પ્રાણ પ્યારી ચંચલ સ્વભાવની ઝિંદા રાણી હરિદાસજીપર અતિ ક્રોધિત થઈ. ઝિંદા અતિ રૂપવતી અને ચતુર હતી. તે રણજિતસિંહને ઘણી પ્રિય હતી. સાધુ પર તેનો કોપ શા માટે થયો તે કાંઇ કહી શકાતું નથી. ઝિંદાના માણસોએ એક દિવસ હરિદાસજીનું ઘણું અપમાન કર્યું. આથી હરિદાસજી ક્રોધે ભરાઇ બોલ્યા "તમારા રાજાને કહેજો કે તારા વંશમાં કોઇ માણસ રહેનાર નથી. તું નિર્વંશ થશે. પાપિની ઝિંદાને ગલિએ ગલિએ ઠોકરો ખાવી પડશે. તેણે જે દુષ્ટ કર્મ કર્યું છે તેને માટે પ્રભુ તેને ઉચિત દંડ અવશ્ય કરશે."

બીજે દિવસે પ્રાતઃકાળમાંજ શહેરમાં એવી ખબર ફેલાઇ ગઇ કે હરિદાસજી શિષ્યોને લઇને ચાલ્યા ગયા છે.*

રામતીર્થ.

હરિદાસજી ગયા ત્યાર પછી મહારાજા રણજીતસિંહ ઘણા આકુળવ્યાકુળ થયા હતા. હરિદાસજી કલંકિત તથા દુઃખિત થઇને જતા રહ્યા એ કારણથી રણજીતસિંહને વિશેષ શોક થયો. હરિદાસજીના મુખમાંથી ક્રોધાવેશમાં જે શાપ વચન નીકળી ગયાં હતાં તે

* ચાલ્યા જવાનું મુખ્ય કારણ તો ઉપર સ્પષ્ટજ છે. મૂળ હીંદી પુસ્તકમાં આ વિષે થોડીક વધુ વિલક્ષણ હકીકત અને ટીપણી છે. પરંતુ તે હકીકત તેમાંજ અનિશ્ચિત—ઉડતી વાત જેવી જણાવેલી હોવાથી આમાં તે લીધી નથી. 'મંત્રી.'

સાંભળી મહારાજા રણુજીતસિંહ ઘણા ગભરાયા. મહારાજા બિમાર પડયા. તેની બિમારી રખેને વધી જશે એવી આશંકાથી અમલદાર વર્ગે ચોતરફ હરિદાસજીની શોધ કરાવવા માંડી. કેટલાક દિવસ પછી દૂતો મારફતે એવી ખબર મળી કે હરિદાસજીએ યોગસાધના કરીને પ્રાણુત્યાગ કર્યો છે અને શિષ્યો તેમની અંત્યેષ્ટિ ક્રિયા કરીને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા છે. માત્ર તેમના એક શિષ્ય રામતીર્થજી દૂતોને મળ્યા. આ શિષ્યને લઇને તેઓ લાહોરમાં આવ્યા. આ વખતે મહારાજા રણુજીતસિંહે રામતીર્થનું અતિ સન્માન કર્યું.

હવે હરિદાસજી તો આ સંસારમાં હતા નહિ. માત્ર તેમની નિશાનીરૂપ તેમના શિષ્ય રામતીર્થજી હતા. તેથી મહારાજા રણુજીતસિંહ તેમની સાથે હરિદાસજી વિષે વાર્તાલાપ કરીને પોતાના ચિત્તને શાન્ત કરવા લાગ્યા. રામતીર્થે હરિદાસજી વિષેની કેટલીક વાતો રણુજીત સિંહને કહી સંભળાવી. તેના કહેવા પ્રમાણે હરિદાસજી મહારાષ્ટ્રના એક ગામમાં જન્મ્યા હતા. જે વખતે તેમની વય પંદર સોળ વર્ષની હતી, તે વખતે એક તેલંગી સાધુએ આવી તેમના ઘરની પાસે એક વૃક્ષ નીચે મુકામ કર્યો. આ સાધુ કબીરપંથી વૈષ્ણુવ હતો. તેની પાસે એક લાકડી અને એક નાળીએરનું કમંડળ હતું. સંન્યાસીને જોઇને ગામનાં નરનારી તેમની સેવા કરવાને માટે આવવા લાગ્યાં. આ સમયે અંગ્રેજી શિક્ષણુનો પ્રચાર થયો નહોતો અને તેથી કરીને લોકોની બુદ્ધિ એવી થઈ ગઈ નહોતી કે "સાધુની સેવા કરવી અને ભૂખ્યાને અન્ન આપવું એ દેશને કંગાલ બનાવવાની નિશાની છે." આથી સાધુનાં દર્શન થતાં તરતજ લોકો તેની સેવા શુશ્રૂષા કરવાને તત્પર થતા હતા. હરિદાસજી પણુ સાધુની સેવા કરવાને માટે નિત્ય જવા લાગ્યા. હરિદાસજીની સેવાથી સાધુ અતિ પ્રસન્ન થયા.

આ પ્રમાણે કેટલાક દિવસ વ્યતીત થઇ ગયા. લોકો સંન્યાસીના

ઉપર અતિ પ્રેમ રાખતા હતા. એક દિવસે પ્રાતઃકાળમાં લોકો તેમના મુકામ આગળ આવ્યા તો તેઓ તેમનાં દર્શન કરી શક્યા નહિ. થોડી વાર પછી એવી વાત ફેલાઇ ગઇ કે હરિદાસ પણ ગુમ થયો છે. લોકો સમજ્યા કે તે તૈલંગી સાધુની સાથેજ ચાલ્યો ગયો છે. અને તેમની ધારણા સત્યજ હતી. હરિદાસજી તૈલંગી સાધુની સાથે પુષ્કરજીમાં આવ્યા. ત્યાં તેઓ, જનોઇ ઉતારી, શિરોમુંડન કરાવી તૈલંગી સાધુના શિષ્ય બની ગયા. આ સમયથીજ હરિદાસજી સાધુ થયા.

પ્રાયઃ બે માસ પર્યંત પુષ્કરરાજમાં રહી નૂતન સાધુ હરિદાસજી પોતાના ગુરૂની સાથે કુરુક્ષેત્રમાં ગયા. અહીંઆં એઓ પોતાના ગુરૂની પાસે હઠયોગ શીખવા લાગ્યા. પથ્ય, આસન, વાક્સંયમ તથા પ્રાણાયામ, એ તેમની યોગશિક્ષાનું પ્રથમ અંગ હતું. દિવસમાં તે માત્ર એકવાર સંધ્યાકાળે હવિષ્યાન્ન પ્રાશન કરતા હતા. એક શેર ગાયનું દૂધ, થોડા ચોખા, થોડું ગાયનું ઘી અને ખાંડ એ તેમનું ભોજન હતું. આખા દિવસમાં તેઓ બીજું કાંઇ પણ ખાતા પીતા નહોતા. એકાદશી, અમાવાસ્યા, પૂર્ણિમા તથા સંક્રાંતિને દિવસે તેઓ માત્ર અર્ધશેર ગોદુગ્ધ પીતા હતા. તે દિવસે તેઓ અન્નાદિ કોઇ પણ વસ્તુનો સ્પર્શ કરતા નહોતા. આ પ્રકારે ચાતુર્માસ વીતી ગયા પછી તેમણે એક દિવસ દુગ્ધ અને એક દિવસ હવિષ્યાન્ન પ્રાશન કરવાનો નિયમ રાખ્યો. તેઓ એકાદશી તથા અમાવાસ્યાને દિવસે નિર્જલ વ્રત કરતા હતા. આ પ્રકારે બીજા ચાર માહના વીતી ગયા. ત્યાર પછી તેમણે એક દિવસ કાચો લોટ, દુગ્ધ તથા ખાંડ અને એક દિવસ અર્ધ શેર દુગ્ધ પ્રાશન કરવાનો તથા ત્રીજે દિવસે ઉપવાસ કરવાનો નિયમ કર્યો

તેઓ પગ ઉપર પગ ચઢાવી કુશાસનપર સીધા બેસતા હતા. વળી તેઓ ભ્રકુટિના મધ્યમાં દૃષ્ટિને સ્થાપિત કરી, ડાબા હાથમાં જ-

મણુા પગનો અંગુઠો મૂકી પ્રણુવજપ કરતા કરતા જમણુા હાથથી માળા ફેરવતા હતા.

પ્રથમ હરિદાસજીની પાસે એક મોટી રુદ્રાક્ષની માળા હતી. આ માળામાં સો મણુકા હતા. દશ દશ મણુકાને અંતરે એક એક સૂત્રનું ચિન્હ હતું. એક એક વારના પૂરક, કુંભક તથા રેચકમાં કેટલા મંત્રનો જપ થઇ શકે છે તથા કેટલા મંત્રો જપવાથી આસન અડોલ થઇ શકે છે કે નહિ, તેનો નિશ્ચય તેઓ રુદ્રાક્ષની માળાથી કરતા હતા. જો તેઓ એક દિવસ સ્થિરતાપૂર્વક એક આસનપર બેસીને ૧૦૦ જપ કરી શકતા તો બીજે દિવસે અધિક જપ કરવાને માટે તેઓ ચેષ્ટા કરતા. આ પ્રકારે તેમણે એક આસનપર બેસીને જપ કરવાની શક્તિ વધારી હતી.

સમાધિ સિદ્ધ થયા પૂર્વે સાધકને શ્વાસપ્રશ્વાસ ઓછા કરવા પડે છે. બોલવાથી અને પરિશ્રમ કરવાથી શ્વાસપ્રશ્વાસની વૃદ્ધિ થાય છે. આ કારણુથી યોગીઓ બોલવું ચાલવું બંધ કરે છે. હરિદાસજી નિર્જન ગૃહમાં રહેતા હતા. જો તેમને કાંઇ કામ પડતું તો તેઓ સંજ્ઞાથી પોતાના શિષ્યોને સમજાવતા હતા.

પ્રાણુાયામ કરતી વખતે તેઓ ઉપર જણુાવ્યા પ્રમાણે આસન કરતા હતા. ત્યાર પછી નાસિકાદ્વારથી વાયુ ચઢાવી, આંગળીઓ વતી નાક દાબી તેને રોકી રાખતા હતા. ત્યાર પછી સોળવાર માળાથી મંત્ર જપી તેઓ વાયુ પૂર્ણુ કરતા હતા. વળી બત્રીસવાર જપ કરી વાયુ ધારણુ કરતા હતા અને વીસવાર જપ કરી વાયુ ત્યાગ કરતા હતા. આ પ્રકારે પ્રાણુાયામ સાધિત થતાં શિષ્યો ધીમે ધીમે માળા ફેરવતા હતા અને હરિદાસજી આંખ, કાન તથા નાક દાબીને પ્રાણુાયામ કરતા હતા. જ્યારે તેઓ કુંભક, કરવાના સમયે બેહજાર જપ કરતા હતા ત્યારે તેમનું શરીર ઘણુંજ હલકું થઇ જતું હતું. આ

વખતે તેઓ માત્ર થોડો પ્રયત્ન કરવાથીજ હવામાં અદ્ધર રહી શકતા હતા. વળી તેઓ કોઇ કોઈ વખત કુંભક કરીને પાણીપર ચાલતા હતા. એમ કહેવાય છે કે ૨૦ વર્ષ સુધી અવ્યાહત પ્રાણાયામ સાધન કરવાથી હરિદાસજી સમાધિસિદ્ધ થયા હતા. આ પ્રકારે યોગસાધન કરતા કરતા તેઓ કાશી, જગન્નાથ, પ્રયાગ, અયોધ્યા, હિમાલય આદિ જુદાં જુદાં સ્થાનોમાં ભ્રમણ કરી સિદ્ધપુરુષોદ્વારા શિક્ષણ પ્રાપ્ત કરતા હતા.

રામતીર્થજી વિંધ્યાચલમાં હરિદાસજીના શિષ્ય થયા હતા. હરિદાસજીની સમાધિની પ્રથમાવસ્થાનું વર્ણન નીચે પ્રમાણે છે:—એક વખત તેઓ શિયાળાની ઋતુમાં કાશ્મીરના પર્વતોમાં જઇ ચઢ્યા. શિષ્યોએ તેમની આજ્ઞા પ્રમાણે પહાડમાં એક ગુફા તેમને ખોદી આપી અને તેમાં આકડાનાં પાંદડાંનું બિછાનું કર્યું. હરિદાસજીએ ગુફામાં પ્રવેશ કર્યો. તેમણે શિષ્યોને કહી મૂક્યું હતું કે મને એક અઠવાડીઆ પછી આ ગુફામાંથી બહાર કાઢજો. શિષ્યોએ ગુફાનું મુખ બંધ કર્યું. સાત દિવસ પછી તેમણે તેમને ગુફામાંથી બહાર કાઢ્યા. આ રીતે શિયાળાની ઋતુમાં તેઓ એક અઠવાડીઆ સુધી ગુફામાં રહેતા હતા. તત્પશ્ચાત્ બે વર્ષ પછી તેમણે યોગનિદ્રા લેવાનો પ્રારંભ કર્યો. તેમણે વાંસની તીક્ષ્ણ કાળી છાલ વતી જીવ્હાની નીચેની ચામડી કાપી નાંખી અને તે ઉપર ઘી ચોપડવા માંડ્યું. આ રીતે ત્રણ માસ સુધી ઘી ચોપડવાથી ઘા રૂઝાઈ ગયો. ક્રમશઃ તેઓ ખેચરી મુદ્રાદ્વારા જીવ્હાને ઉલટાવી નાંખીને વાયુ ધારણ કરવા લાગ્યા. જ્યારે ઉદર અને ફેફ્સાંની સર્વ હવા મસ્તકમાં જઇ તાળવામાં અગ્નિ જેવો દાહ થવા લાગ્યો, ત્યારે તેમણે ધાર્યું કે હવે સમાધિ થશે. પ્રથમ તેમણે કુરુક્ષેત્રમાં સમાધિ લીધી હતી. આ વખતે તેઓ માત્ર એક દિવસ અને એક રાત્રિ જમીનની નીચે રહ્યા હતા. ધીમે ધીમે તેમનો અભ્યાસ વધવા લાગ્યો. રામતીર્થે પોતાના ગુરૂના અનેક ગુણોનું વર્ણન મહારાજા

રણજીતસિંહની આગળ કરીને કહ્યું કે "ફીરંગી લોકો અમારા ગુરૂના ગુણ જાણી શકતા નથી. એમની શક્તિ અને મતિ ગતિ એ લોકોના ધ્યાનમાં ક્યાંથી ઉતરી શકે ? આથીજ એઓ દેવતુલ્ય પુરુષને ઠગારો સમજતા હતા."

હરિદાસજીના મૃત્યુની વાત પણ અદ્‌ભુત છે. એક દિવસ તેમણે સર્વ શિષ્યોને બોલાવીને કહ્યું કે "બચ્ચા! આજ સુધી હું સમાધિ લઇ પુનઃ જાગૃત થયો હતો. પરંતુ હવે મને જીવવાની ઇચ્છા નથી. આજે હું સમાધિ લઇશ અને પુનઃ કદિ પણ જાગીશ નહિ. તમે સર્વે મારી પાસે બેસો." ત્યાર પછી તેમણે શિષ્યોને ઘણો ઉપદેશ આપ્યો. પછી તેઓ ઝરણની પાસે સૂઈ ગયા અને જોતજોતામાં પ્રાણવાયુને બ્રહ્માંડમાં ચઢાવી સદાને માટે સમાધિસ્થ થયા. વર્ષાદ, ગર્જના, વિજળીનો ચમકાર અને ઝરણનો ખડખડાટ એમાંની કોઇ પણ વસ્તુથી તેમની નિદ્રાનો નાશ થયો નહિ.

ગુણ સ્વરૂપ.

હરિદાસજી સાધુ થયા પછી ઘણા પ્રસિદ્ધ થયા, તે પૂર્વે તેમના ગામના લોકો શિવાય તેમને કોઈ ઓળખતું નહોતું. એમ કહેવાય છે કે શૈશવ સ્થિતિમાં તેમનું સ્વરૂપ સુંદર હતું. પરંતુ તેમનો સ્વભાવ મિલનસાર નહોતો. તેમની આવી પ્રકૃતિ ઉમ્મરની સાથે વૃદ્ધિંગત થતી ગઇ. તેઓ જરાજરામાં ક્રોધાવેશમાં આવી જતા હતા. તેઓ નાના મોટા કોઇ પણ માણસની પરવા કરતા નહોતા. આ એક તેમનો દોષ હતો, એમ કેટલાક લોકો કહે છે. વળી તેઓ પોતાની ઇચ્છાનુસાર દ્રવ્ય લીધાવિના કોઇને પોતાનું યોગબળ દર્શાવતા નહોતા. તેમણે જ્યાં જ્યાં ભૂમની નીચે દટાઈ સમાધિ ધારણ કરી હતી ત્યાં

ત્યાં રાજા મહારાજાઓના તરફથી પુષ્કળ ધન લીધું હતું. અંગ્રેજ લોકો એમની યોગક્રિયાને એક માત્ર એમનો ધંધોજ ગણુતા હતા. રૂપિયા મળતા તોજ તેઓ સમાધિ લેવાને તત્પર થતા હતા. બાજી-ગર લોકો જે પ્રમાણે પૈસા લઇને પોતાના ચમત્કાર બતાવે છે તેજ પ્રમાણે હરિદાસજી પણુ પોતાની પાછલી અવસ્થામાં રૂપિઆ લઇને પોતાનું યોગબળ બતાવતા હતા.

જે લોકો એમના ગુસ્સાને દોષ ગણે છે, તેઓ એમની રૂપિઆ લેવાની પદ્ધતિને દોષરૂપ ગણે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. પરંતુ એક વાત લક્ષમાં લેવા યોગ્ય છે. શું તેમને સ્ત્રી પુત્ર તથા કુટુંબ હતું? અલબત્ત, જસરોટા, પુષ્કરરાજ, કુરુક્ષેત્ર તથા કર્નુલમાં એમના મઠ હતા. આ મઠમાં તેઓ કોઈ કોઈ વખત જતા હતા. પરંતુ ત્યાં તેઓ લાંબો વખત નિવાસ કરતા નહોતા. શિષ્યો કહેતા હતા કે તેઓ સર્વ રૂપિયા ઉક્ત મઠોમાં આપી દેતા હતા. આ રૂપિયાથી સાધુ મહાત્માઓની સેવા અને ભંડારા કરવામાં આવતા હતા. પ્રત્યેક-માં એક શિષ્ય અભ્યાગતોના સત્કારને માટે નિયત કરવામાં આવ્યો હતો. હિંદુસ્થાનમાં આ રિવાજ અનાદિથી ચાલ્યો આવ્યો છે. આજે પણુ આ દેશમાં અતિથિગણુની સેવા કરનારા સેંકડો સાધુઓ વિદ્ય-માન છે. ઉપર્યુક્ત મઠોમાં સર્વ સાધુઓને ઉત્તમોત્તમ ભોજન અને વસ્ત્રો આપવામાં આવતાં હતાં. હરિદ્વારમાં બાબા શ્રવણુનાથજીનો આવોજ એક મોટો અખાડો હતો. આ અખાડામાં પર્વપર લક્ષાવધિ સાધુઓ ભોજન કરતા હતા. હજી પણુ આ અખાડો સર્વથા નાશ પામ્યો નથી. ગુજરાતના કુબરી મઠમાં અતિથિસેવાની ધામધુમ હરહંમેશ ચાલ્યા કરતી હતી. શ્રીમચ્છંકરાચાર્યના સર્વ મઠોમાં આજ પ્રકારે ભં-ડારા થતા હતા; અને હજી પણુ થાય છે. બાંકીપુરના મહંત બાબા સાહેબ પણુ મોટા મોટા ભંડારા કરતા હતા. પંજાબના ગુરગાંવ

જીલ્લાના સીહા ગામમાં રહેતા સમાધિસિદ્ધ મહાત્મા બાબા રામસ્વરૂપજી પણ મોટા મોટા ભંડારા કરતા હતા.

ખાસ કરીને અંગ્રેજી પુસ્તકોમાંજ હરિદાસજીને લોભી કહીને તેમની વિશેષ નિંદા કરવામાં આવી છે. અંગ્રેજોની લેખિની હિંદુઓના ગુણ દેખાડવા કરતાં દોષ દેખાડવામાં વિશેષ તેજ બની જાય છે. ઇતિહાસનું એકે એક પૃષ્ટ આ વાતની સાક્ષી પૂરે છે. અંગ્રેજોએ હરિદાસજીને લોભી કહીને તેમની નિંદા કરી છે, પરંતુ સાથે સાથે તેમણે તે રૂપિઆ તેઓ શા કાર્યમાં વાપરતા હતા તેનો ઉલ્લેખ તો કરવો જોઇતો હતો. તેઓ તો માત્ર તીર્થયાત્રા કરતા હતા. તેમને કાંઈ ગાડીઘોડા, મહેલ અટારીઓ તો હતી નહિ. તેઓ બાર માસમાં પ્રાયઃ બે માસ તો જમીનની નીચેજ કાપી નાંખતા હતા. ત્યારે શું તેઓ ઉંચા પ્રકારનાં ભોજનમાં દ્રવ્ય ખર્ચતા હતા? તેઓ તો બિચારા માત્ર અર્ધશેર દૂધ પીનેજ આખો દિવસ કાઢી નાંખતા હતા. તેઓ નતો માલમલીદા કે મીઠાઇ ખાતા કે નતો માંસ, મચ્છી અને બ્રાંડીની રંગબાજી ઉડાવતા! શું તેઓ દ્રવ્યથી કોઇ પણ પ્રકારના મોજવિલાસ કરતા હતા? વૃક્ષની નીચે સુઇ રહીને અને અર્ધશેર દુગ્ધ પીને તેઓ જીવનક્રમ ચલાવતા હતા. તેઓને નતો સ્ત્રી કે નતો પુત્ર—નહિ કોઈ વસ્ત્રાલંકારને માટે માગણી કરનાર હતું, પછી તેમને લોભ કરવાનું શું પ્રયોજન?

હવે ક્રોધ વિષે મીમાંસા કરીએ. બાલપણુથીજ તેઓ ક્રોધી સ્વભાવના હતા. તેઓ કોઈની દરકાર રાખતા નહોતા. જ્યારે કોઈ તેમની અવજ્ઞા કરતું હતું, ત્યારે તેમનો પિત્તો ઉછળી આવતો હતો. ખાસ કરીને અંગ્રેજ લોકોની કાકચેષ્ટાથી તેમનો ક્રોધ વારંવાર ઉછળી આવતો હતો. અંગ્રેજો પોતાની અશ્રદ્ધા—ઘોર નાસ્તિકબુદ્ધિ અનુસાર પોતાની મરજીમાં આવે તેવી પરીક્ષા લેતા હતા અને પોતાને ફાવે

તેમ તેઓ તેમની મશ્કરી કરતા હતા. આથી તેઓ અંગ્રેજોપર આત કોપાયમાન થતા હતા. વારંવાર નિંદા સાંભળવાથી સર્વેના મનમાં ગુસ્સો આવે છે. તો પછી સાધુ હરિદાસજી ક્રોધ કરવામાં શું અન્યાય કરતા હતા ?

હરિદાસજીએ અંગ્રેજોને સમાધિલીલા બતાવી, એ પણ એક આશ્ચર્યની વાત છે. અન્ય યોગી તો તેટલું પણ કરે નહિ. ડૉક્ટર મૅકગ્રેગર લખે છે કે “ નિત્યના ઉપવાસથી તેનું શરીર સૂકાઇને કાંટા જેવું બની ગયું હતું. શરીર સૂકાઇ જવાથી સ્વભાવ ક્રોધી બની જાય એ સ્વભાવિક છે. તો પછી નિત્ય ભૂખ્યા રહેનાર હરિદાસજીનો સ્વ- ભાવ ચિઢિયો બની જાય તેમાં શું આશ્ચર્ય છે ? ” સાહેબ બહાદૂર તો દશ મિનિટ ખાવાનું મોડું થવાથી મિજાજ ખોઇ નાખતા હશે ? અને ડંડો લઇને સામાની ખાસ ખબર લઇ નાંખતા હશે ? તો પછી તે આ પ્રમાણે લખે તેમાં શું આશ્ચર્ય ? ઑસ્બર્નને એક વખત સમાધિ દેખા- ડવાની ના કહી તેથી તેનો મિજાજ એવો ગયો કે તેણે પુનઃ સમાધિ જોવાની ઇચ્છા બતાવી નહિ.

યુરોપીઅન લોકો ચતુર હોવા છતાં પણ કોઇ વખત મોટી ભૂલ કરે છે. જ્યારે હરિદાસજી લાહોરમાં ગયા ત્યારે તેમની વય ૭૦ વર્ષની હતી તોપણ તેઓ નવયુવક જેવા જણાતા હતા. સમય જવા છતાં પણ તેમના શરીરમાં વૃદ્ધાવસ્થાનાં ચિન્હો દ્રષ્ટિગોચર થતાં નહોતાં. તેઓ સદા સર્વદા એક સરખાજ દેખાતા હતા. ઈ. સ. ૧૮૩૫ ના એપ્રીલની પહેલી તારીખે મી. એલા એમને ત્રીસ વર્ષનો યુવાન યોગી સમજ્યો હતો. ત્યાર પછી ઈ. સ. ૧૮૩૮ ના જુન માસમાં મી. ઑસ્બર્ને એમને અદીનમાં જોયા. તેણે તેમની તે વખતની વય ત્રીસ વર્ષની જણાવી છે. તપોબળ અને સંયમનિયમથી યોગી સદા તરુણ રહે છે. આથી અંગ્રેજો તેમની ખરી વય જાણવામાં ગોથું ખાય છે. વિચાર

કરો કે જે માણસ ૭૦ વર્ષના યોગીને ૩૦ વર્ષના સમજે છે તે તેના સચ્ચરિત્રને શું ધૂળ સમજી શકે?

યોગીઓમાં એક મુદ્રા હોય છે. આ મુદ્રાને વજ્રોલી મુદ્રા કહેવામાં આવે છે. એ મુદ્રાદ્વારા યોગીઓ ઉર્ધ્વરેતા થવાની પરીક્ષા લે છે. યોગશાસ્ત્રનું એ પણ એક મોટું અંગ છે. એને માટે યોગીને સ્ત્રીસંગમ કરવાની જરૂર પડે છે. પરંતુ જે સ્ત્રીની સાથે તે સંગમ કરે તે સ્ત્રી પણ યોગશાસ્ત્રમાં જણાવેલા ગુણોથી અલંકૃત હોવી જોઇએ. હરિદાસજીની આવી કોઇ ક્રિયા જોઇને લોકોને એમનાપર લંપટતાનો સંદેહ આવ્યો હોય એ સંભવિત છે. પરંતુ સમાધિસિદ્ધ પુરુષો એ ક્રિયા કરતા નથી. આથી અંગ્રેજો એમનું ચરિત્ર સમજી શક્યા નથી એજ અનુમાન સત્ય છે.

હરિદાસજી ઠીંગણા હતા, પણ તેઓ ઉભા થતા ત્યારે પાંચ ફીટ દેખાતા હતા. ઑસ્બર્ને તેમને મધ્યમ કદના જણાવ્યા છે; પરંતુ વાસ્તવમાં એમનું કદ નાનું હતું. જેસલમીરમાં એમની સમાધિનો ખાડો બે ફીટ પહોળો હતો. એ ખાડામાં પાંચ ફીટ અને પાંચ ઇંચિની ઉંચાઈ ધરાવનાર માણસજ પલાંઠીવાળી શકે, એથી અધિક ઉંચાઇવાળો માણસ તેમાં પલાંઠીવાળીને બેશી શકે નહિ. સમાધિના પ્રેક્ષકો પણ એમ જ કહેતા હતા કે હરિદાસજી ઠીંગણા હતા. એમનો વર્ણ શ્યામ હતો.

હરિદાસજી વિદ્વાન માણસોનો ઘણો આદર કરતા હતા અને તેઓ પોતે પણ ધુરંધર વિદ્વાન હતા. તેઓ સંસ્કૃત ભાષા ઉત્તમ પ્રકારે જાણતા હતા. તેઓ આખો દિવસ પઠનપાઠનની ધામધુમમાંજ રહેતા હતા. તેમના શિષ્યો પણ એજ કાર્ય કરતા હતા. મહારાજા રણજીતસિંહની દરબારમાં કાશી વગેરે સ્થળેથી જે પંડિતો આવતા હતા તેઓ હરિદાસજીની સાથે શાસ્ત્રચર્ચા કરીને ઘણા ખુશી થતા હતા. તેમને ક્રોધી કહેવામાં આવે છે, તે છતાં પણ તેઓ અતિ

દયાવાન અને મિષ્ટભાષી હતા. માત્ર હિંદુઓજ નહિ, પરંતુ મુસલમાનો પણ તેમનાં દર્શન કરવાને આવતા હતા અને તેમનો ઉપદેશ સાંભળતા. તેઓ સર્વને આદર સહિત બેસાડતા હતા. સાધુઓનો મહિમા સાધારણ મનુષ્યો શું જાણી શકે? આજે તે સમય પણ ગયો છે અને તેવા સાધુ પણ રહ્યા નથી. સમય સમયનો રંગ ન્યારો છે!

હરિદાસજીનો સુબોધ.

હરિદાસજીની કથા સંપૂર્ણ થઇ ગઇ છે. હવે તેમના ઉપદેશ વિષે કાંઇક ઉલ્લેખ કરવામાં આવે છે. તેઓ કહેતા હતા કે “ આ ઘોર કલિકાળમાં પણ મનુષ્ય આચાર વિચાર શુદ્ધ રાખવાથી સો વર્ષનું આયુષ્ય ભોગવી શકે છે. મનુષ્ય કુકર્મથી આયુષ્ય ઓછું કરે છે. પશુ, પક્ષી, વૃક્ષાદિ આ કળિયુગમાં પણ દીર્ઘ આયુષ્ય ભોગવે છે.

અંધ, કાણા, મૂર્ખ, લૂલા, લંગડા વગેરેનો વિવાહ કરવો નહિ જોઇએ. શ્રીમંત અને બળવાન માણસોજ વિવાહ કરવાને યોગ્ય છે. વિવાહ કરવાનો મૂળ ઉદ્દેશ સંતાનોત્પત્તિ હોવો જોઇએ, નહિ કે ઇંદ્રિયવિલાસ. વિદ્યાનો સદા આદર કરવો જોઇએ. પોતાને હાથે રાંધેલું અને માતાને હાથે રાંધેલું અન્ન અમૃતસમાન છે, ભોજન ધીમે ધીમે કરવું જોઇએ. ભોજન કરતી વખત બોલવું જોઇએ નહિ. સદા સર્વદા એક દિવસમાં માત્ર એકવારજ ભોજન કરવું જોઇએ. બે વાર કે તેથી પણ અધિકવાર ભોજન કરવાથી રોગની ઉત્પત્તિ થાય છે. દહીં અને મત્સ્ય ખાવાથી કફ, પિત્તાદિ દોષની વૃદ્ધિ થાય છે. એ વસ્તુઓ ખાવાથી શરીર જડ બની જાય છે અને આયુષની ક્ષીણતા થાય છે. માંસ ખાવાથી શ્વાસની વૃદ્ધિ થાય છે અને જીવન ક્ષીણ થાય છે. જૂના ચોખા, મગ, ચણા, ઘઉં, જવ, **हिरमच्च, कलम्बी, वेताग्र, निषिन्धा**, આકડો, લીમડો, બીલી અને તુલસીનાં પાંદડાં, હરડે, આમળાં,

લીંબુ, દાડમ, આદુ, ताल, वेल, કેળાં, કેરી, ઘી, દુગ્ધ અને ખાંડ આ ચીજો સુપથ્ય છે, માટે એનું સેવન કરવું જોઇએ. બગડી ગયેલા પદાર્થો, ખીર, पिष्ठक, લવણ, ખાટા પદાર્થો, લસણ, કાંદા વગેરે જેટલી ગંધાતી ચીજો છે તેનું સેવન કદિપણ કરવું નહિ. ગાયનું ઘી અને દુગ્ધ ઉત્તમ છે, પરંતુ તરતમાં વીવાએલી ગાયનું દુગ્ધ પીવું જોઇએ નહિ. એકાદશી, અમાવાસ્યા, પૂર્ણિમા અને રાત્રિને સમયે ભોજન કરવું જોઇએ નહિ, કારણકે તેથી આયુનો ક્ષય થાય છે. આહાર કર્યા પૂર્વે પાણી પીવાથી અને શ્રમ કરવાથી નાના પ્રકારના રોગોની ઉત્પત્તિ થાય છે. ભય, શોક, હર્ષ, ક્રોધ, અને શ્રમની નિવૃત્તિ થયા પછી આહાર કરવો જોઇએ. અર્ધું ઉદર અન્નથી ભરવું જોઇએ ચોથો ભાગ પાણીથી ભરવો જોઇએ અને શેષ ખાલી રહેવા દેવું જોઇએ. પુનઃ પુનઃ આ-ચમન કરવું જોઇએ, પરંતુ નિત્ય વારંવાર સ્નાન કરવાથી પ્રકૃતિ બ-ગડે છે. દિવસના ચાર પ્રહરમાં ચાર વખત દીલને ભીના ટુવાલથી લુછવું જોઇએ અને તેને સુવાસિત પદાર્થોના લેપનથી સુવાસિત કરવું જોઇએ. સ્નિગ્ધ કાજલ આંખને હિતકર છે. કર્ણદ્વાર સુગંધિત રૂથી બંધ રાખવાં ઇષ્ટ છે. નિત્ય ચાર વાર વસ્ત્ર બદલવાં જોઇએ. ઘણું ઉંચું માથું રાખીને અથવા ઘણું નીચું માથું રાખીને કદિ પણ સૂવું નહિ. જમીનથી બે હાથ ઉંચા પલંગપર બેસવું જોઇએ. જમીનપર સૂવું સ્મશાનતુલ્ય છે. દેવતાની આરાધના કરતી વખત ભૂગર્ભમાં વા પર્વતની કંદરામાં પાટલાપર આસન કરી ધ્યાન ધરવું જોઇએ. જે પ્રતિવર્ષે ગુફામાં જઇ નિવાસ કરે છે તેનું આયુષ્ય ચારગણું વધી જાય છે.

મળ, મૂત્ર, છીંક અને ખાંસીનો અવરોધ કરવો જોઇએ નહિ. નિત્ય તેલ અને લવણથી દાંત સાફ કરવા જોઇએ. પખવાડીઆમાં એક વખત निषन्दाનાં પાંદડાંનો રસ પી વમન કરવું, મહિનામાં એક વખત મોટી હરડે ખાઇ રેચ લેવો અને ત્રણ મહિનામાં એકવાર

આકડાને નામ લેવો જોઇયે. નિત્ય સવાર સાંજ સંધ્યા કરી પ્રાણા-યમ કરવો જોઇએ.

દિવસે સુવું નહિ. પ્રાતઃકાળમાં ઉઠી શૌચથી નિવૃત્ત થવું જોઇએ. અધિક સુવું અને અધિક જાગવું એ બન્ને કાર્ય અનિષ્ટ છે. દક્ષિણ દિશા તરફ મસ્તક કરી અંધારામાં સુવું જોઇએ. કોઈ પણ પ્રકારની કેફ કરવી જોઇએ નહિ. કેફથી દેહ અને બુદ્ધિ એ ઉભય જડતાને પ્રાપ્ત થાય છે, દુરાચરણ કરવાનું મન થાય છે અને ચિત્તદમનની શક્તિ નષ્ટ થાય છે.

ગૃહસ્થોએ કુટુંબના નિર્વાહને માટે ધન પેદા કરવું જોઇએ. રાજાએ પ્રજાના હિતને માટે દ્રવ્યોપાર્જન કરવું જોઇએ. ઉદાસીન લોકો પણ જગતના કલ્યાણને માટે ધન લે તો તે પણ કાંઈ ખોટું નથી. ગૃહસ્થોએ અર્ધી કમાણી બચાવી અર્ધીનો વ્યય કરવો જોઇએ. રાજાએ વિપત્તિના સમયમાં ઉપયોગી થઇ પડે એટલા માટે ઉપજનો ચોથો ભાગ ખજાનામાં જમા રાખવો જોઇએ; અર્ધ ભાગ પ્રજાના કલ્યાણને માટે ખર્ચવો જોઇએ; એક આની ભાગ પોતાને માટે વાપરવો જોઇએ અને ત્રણ આની ભાગ રાજસેવકોને આપવો જોઇએ. ઉદાસીઓએ એક હાથે દ્રવ્ય લઇ બીજા હાથે દાન કરી દેવું જોઇએ.

ભૂખ્યાને અન્ન અને વસ્ત્રવિહીનને વસ્ત્ર આપવાં જોઇએ. યાચકની આશા કોઈ પણ પ્રકારે પરિતૃપ્ત કરી શકાય એમ નથી, માટે તેને અન્ન વસ્ત્ર આપવાં એજ શ્રેષ્ઠ માર્ગ છે. ઈશ્વરની ભક્તિ કરવી જોઇએ. તર્કવિતર્કનો ત્યાગ કરવો જોઇએ. ઈશ્વરભક્તિમાં મિત્રોથી, મિત્રભાવ, પોતાનાથી ઉમ્મરે મોટા હોય તેવા માણસોદ્વારા વાત્સલ્યભાવ અને સુલક્ષણા સ્ત્રીઓદ્વારા પ્રીતિભાવ મેળવતાં શીખવું જોઇએ.

નીતિ સંબંધે તેમનો ઉપદેશ આ પ્રકારનો હતો. હવે તેમનો તત્ત્વજ્ઞાન સંબંધી ઉપદેશ કેવો હતો તે આપણે જોઇશું:—

તેઓ કહેતા હતા કે આ જગતમાં સર્વ વસ્તુઓ મનુષ્યના કલ્યાણને માટેજ ઈશ્વરે પેદા કરી છે. ઈશ્વરજ સ્થાવર જંગમ સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે. જગતના સૂક્ષ્મ પદાર્થોને સમાન રાખવાને માટે ઈશ્વર જ્યાં ક્ષય કરે છે ત્યાં વૃદ્ધિ પણ કરે છે, જેઓ તત્ત્વજ્ઞાન જાણતા નથી તેઓ ઈશ્વરનું દૂરવર્તી લક્ષ્ય જાણી શકતા નથી. જુઓ એક તરફ અંધ જનની પુત્રશોકથી મોટે સાદે રડે છે, બીજી તરફ પતિવિરહિણી યુવતી પતિના ગુમ થવાથી શોક કરે છે. હવે આ રીતે મનુષ્યને દુઃખ દેવામાં ઈશ્વરનું દૂરવર્ત્તી લક્ષ્ય શું છે તે સામાન્ય બુદ્ધિ સમજી શકતી નથી. સામાન્ય બુદ્ધિ તો એમજ સમજે છે કે આમ કરવામાં ઈશ્વર સ્પષ્ટ અન્યાય અને નિષ્ઠુરતા વાપરે છે. પરંતુ તત્ત્વદર્શી આમાં પણ ઇષ્ટનું દર્શન કરે છે.

યોગીઓ ઉદાસીન હોય છે. તેઓને પોતાનું કાંઈ કર્મ હોતુંજ નથી. ઈશ્વરનાં કર્મમાં અશુભનો આવિર્ભાવ તેઓ જોતાજ નથી. તેઓ માને છે કે ઉદ્દેશ જો શુભ હોય તો સત્યાસત્ય તથા પાપપુણ્ય સર્વ સમાન થઇ જાય છે. જે રીતે કમલપત્રપર પાણીનો સ્પર્શ થઇ શકતો નથી તે પ્રમાણે નિઃસ્વાર્થ યોગીને પાપનો સ્પર્શ થઇ શકતો નથી. યોગી અને વૈદ્ય સમાન છે. માત્ર તેમના ઉદ્દેશ પ્રતિજ મનુષ્યે લક્ષ રાખવું જોઇએ. કર્મની સાથે તેમને કાંઈ પણ સંબંધ નથી. વૈદ્યનો ઉદ્દેશ રોગીના જીવનનું રક્ષણ કરવું એ છે, તેથી તે વિષ આપે તોપણ લોકો તેની વિરુદ્ધ બોલી શકતા નથી. યોગીનો ઉદ્દેશ મનુષ્ય જાતને શાંતિ અને સુખ આપવાનો છે; તેથી સંસારી માણસો તેની આજ્ઞાનુસાર વર્તન કરે છે. જે યોગી રાગદ્વેષને વશ થઇને કર્મ કરે તે સાચો યોગી નથી.

પરંતુ આ સર્વ નિયમો સંસારી માણસો માટે નથી. તેમણે તો લૌકિક નિયમો પ્રમાણે વર્તવું જોઇએ. યોગી લોકો યોગસાધન કર્યા

પૂર્વે યમ નિયમ શીખે છે. અહિંસા, ચોરી ન કરવી, સત્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એ પાંચ યમ છે. શૌચ, સંતોષ, તપસ્યા, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ છે. આ દશ અંગ શીખીને યોગી જ્યારે સમાધિસિદ્ધ થાય છે ત્યારે તેનું મન સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનમાંજ ચોંટેલું રહે છે અને શેષ સર્વ વસ્તુનું તેને વિસ્મરણ થાય છે.

હરિદાસજી આ રીતે તત્ત્વજ્ઞાન વિષે બોધ આપતા હતા. તેઓ વૈષ્ણવ હતા, પરંતુ બાણુલિંગ શિવની પૂજા કરતા હતા. તેઓ પ્રણવજપ કરતી વખત રુદ્રાક્ષની માળા ફેરવતા હતા. સંન્યાસીને મૃત્યુપશ્ચાત્ દાહ થતો નથી. તેમને દાટવામાં આવે છે અથવા જળ સંસ્કાર કરવામાં આવે છે. પરંતુ એમના શિષ્યોએ એમને અગ્નિદાહ કર્યો હતો. આનું કારણ એ હતું કે તેમણે મરતી વખત શિષ્યોને કહ્યું કે "મારા શરીરની કાંઈ પણ નિશાની અવશિષ્ટ રાખવી નહિ, સર્વ શરીર બાળીને ભસ્મીભૂત કરી દેવું. મને દાટશો તો મારી સમાધિ આગળ આવીને લોકો મને પૂજશે. આ કાર્ય મને પસંદ નથી."

દીન અને દુ:ખી લોકોને જોઇને હરિદાસજીની આંખમાંથી અશ્રુધારા ચાલતી હતા.

હઠયોગ.

હરિદાસજી હઠયોગી હતા. મી. બેલાને તેમણે હઠયોગ વિષે ઘણી વાતો કહી હતી. એમાંની કેટલીક વાતોનું વર્ણન અમે કરીએ છીએ અને તેની સાથે સાથે હઠયોગની પરિપાટી વિષે પણ થોડો ઉલ્લેખ કરીએ છીએ. ગુરુની કૃપા વિના યોગ શીખી શકાતો નથી. પરંતુ એ વિષે વર્ણન વાંચવાથી તેની કાંઈક રૂપરેખા ધ્યાનમાં આવશે.

હઠયોગીની યોગસિદ્ધિ પ્રાણાયામદ્વારા થાય છે. "હ" થી

સૂર્ય નાડી સૂચિત થાય છે અને " ઠ " થી ચંદ્ર નાડી સૂચિત થાય છે. સૂર્ય ચંદ્રના યોગનું નામ હઠયોગ છે. હઠયોગની ક્રિયા ઘણી અદ્દભૂત છે. હઠયોગની ક્રિયા જોવાથી આપણે સમજી શકતા નથી કે એનું આશ્ચર્યકારક ફળ શી રીતે આવે છે? પરંતુ જે રીતે વટ વૃક્ષનું બીજ નાનું હોવા છતાં તેમાંથી વખત જતાં એક પ્રચંડ વૃક્ષની ઉત્પત્તિ થાય છે તે પ્રમાણે હઠયોગની ક્રિયા પણ મહાન ફળને આપનારી છે.

હઠયોગનું પ્રધાન અંગ પથ્ય છે, પથ્યના સંબંધમાં આગળ ઘણું કહેવામાં આવ્યું છે. અહીંઆં માત્ર એટલુંજ કહેવાનું છે કે સ્ત્રીસંસર્ગ, લવણ, ખાટી અને તીક્ષ્ણ ચીજો, સરસવ અને અધિક નિદ્રા એટલી વસ્તુઓનું સેવન યોગીએ કરવું જોઇએ નહિ. તેણે માત્ર દુગ્ધપરજ રહેવું જોઇએ.

આસન ઘણાં છે, પરંતુ મુખ્યતઃ આવશ્યક આસન તો સિદ્ધાસન અને પદ્માસન છે. વૃષણની નીચે મધ્યસ્થ નસ ઉપર ડાબા પગની એડી લગાડી અને નાભિની નીચે જમણા પગની એડી લગાડી, વક્ષઃસ્થળ, ગ્રીવા તથા મસ્તક ઉન્નત કરી ભ્રકુટિ વચ્ચે દ્રષ્ટિ સ્થિર કરવી, એ એક પ્રકારનું સિદ્ધાસન છે. બીજા પ્રકારનું સિદ્ધાસન એ છે કે નાભિની નીચે પ્રથમ ડાબા પગની એડી રાખી તેના ઉપર બીજા પગની એડી મૂકવી. આને વજ્રાસન અને ગુપ્તાસન પણ કહેવામાં આવે છે.

ડાબી જાંગપર જમણો પગ મુકી જમણી જાંગપર ડાબો પગ મૂકવો. ડાબી જાંગપર જમણો હાથ ચતો મૂકવો અને જમણી જાંગ ઉપર ડાબો હાથ ચતો મૂકવો, અને પછી વક્ષઃસ્થળથી હડપચી ચાર આંગળ ઉંચી રાખીને તથા રાજદંતના મૂળમાં જીવ્હાને પકડી નાસિકાગ્રપર દ્રષ્ટિ સ્થિર કરવી, એ એક પ્રકારનું પદ્માસન છે. બીજા પ્રકારનું પદ્માસન જરા વિશેષ કઠિન છે. સર્વ લોકો કાંઇ એ પ્રકારનું

પદ્માસન સહેલાઈથી કરી શકતા નથી. ડાબા પગની જાંગપર જમણો પગ અને જમણા પગની જાંગપર ડાબો પગ રાખી પીઠની તરફ હાથ ફેરવી જમણા હાથથી જમણા પગનો અને ડાબા હાથથી ડાબા પગનો અંગુઠો પકડવો અને ત્યાર પછી વક્ષઃસ્થળથી ચાર આંગળ ઉપર હડપચીને રાખીને નાસિકાગ્રપર દ્રષ્ટિ સ્થિર કરવી એ બીજા પ્રકારનું પદ્માસન છે.

જેમણે હઠયોગ સિદ્ધ કરવો હોય તેમણે પથ્યાદિ નિયમો પાળી બે પ્રકારનાં સિદ્ધાસન અને બે પ્રકારનાં પદ્માસનનો અભ્યાસ કરવો જોઇએ. એક પ્રહર સુધી નિશ્ચલતા પ્રાપ્ત થવાથી પ્રાણાયામના અધિકારી થઈ શકાય છે. ગમે ત્યાં પ્રાણાયામ કરી શકાય નહિ. તેને માટે એકાંતમાં એક નાનીસરખી સ્વતંત્ર ઓરડી બનાવવી જોઇએ.

આ મઠનું દ્વાર પણ નાનું રાખવું જોઇએ. તેમાં ખાડો ટેકરો નહિ રાખતાં જમીન એકસરખી રાખવી જોઇએ. ઉંદર, વગેરેનાં દર પણ તેમાં હોવાં જોઇએ નહિ. તેને છાણથી લીંપી દરરોજ વાળી ઝાડી સ્વચ્છ રાખવો જોઇએ. મચ્છર આદિ જંતુઓ તેમાં ન હોવા જોઇએ ધૂપથી તેને સુગંધિત રાખવો જોઇએ. મઠની બહાર એક સુંદર મંડપ બનાવવો જોઇએ. તેમાં વેદી તથા કૂવો બનાવવો જોઇએ અને ચારે તરફ દીવાલ બાંધી દેવી જોઇએ. મઠની આસપાસ મળમૂત્રની દુર્ગંધ હોવી જોઇએ નહિ.

જેમના શરીરમાં મેદ અને કફ ઇત્યાદિ દોષો હોય તેમણે યોગાભ્યાસ કર્યા પૂર્વે એ દોષોની શાંત કરવી જોઇએ, એ શાંતિ ષટ્કર્મ દ્વારા થઈ શકે છે. ધોતિ, બસ્તિ, નેતિ, ત્રાટક, નૌલિક અને કપાલભાતિને ષટ્કર્મ **કહેવામાં આવે છે.**

ધોતિ—પંદર હાથ લાંબી અને ચાર આંગળ પહોળી એવી એક સ્વચ્છ બારીક કપડાંની પટ્ટી ગરમ પાણીમાં ભીંજવવી; પછી એક

છેડાપર તેને ગોળી જેવી બનાવી આંગળીની મદદથી કંઠમાં ઉતારી ધીમે ધીમે ગળવા માંડવી. પ્રથમ કદાચ ઉલટી થશે, પરંતુ પાછળથી કાંઈ કષ્ટ થશે નહિ. પહેલે દિવસે માત્ર એક હાથ સુધી તે પટ્ટી ગળવી. બીજે અથવા ત્રીજે દિવસે બે હાથ ગળવી. આ પ્રકારે નિત્ય વધારતાં વધારતાં તેને ચૌદ હાથ સુધી ગળવી. શેષ વધેલા એક હાથ કપડાને દાંતમાં પકડવું અને સ્હેજ નીચા વળી ભૂમિ સાથે ઉભય હસ્ત લગાડી એકવાર ડાબી અને એકવાર જમણી બાજુ તરફ શરીરને વાળીને હલાવવું અને સારી રીતે ઉદરને આંદોલિત કરવું. હઠયોગ પ્રદીપિકામાં આને નોલિ ક્રિયા કહેવામાં આવી છે. આ ક્રિયાથી શરીરની સર્વ શ્લેષ્મા, અમ્લ અને ખટાસ તે પટ્ટાની સાથે ચોંટી જશે, પછી ધીમે ધીમે તે વસ્ત્રને મુખમાંથી બહાર કાઢવું. આજ ધોતની ક્રિયા છે. આ ક્રિયા નિત્ય સ્નાન કર્યા પૂર્વે કરવી. આ ક્રિયા કર્યાં પછી વસ્ત્રને ઉત્તમ પ્રકારે ધોઈ સૂકવી નાંખવું.

બસ્તિ—કમર સુધી પહોંચે એટલું જળ એક માટીના; પાષાણના અથવા કાષ્ઠના પાત્રમાં ભરવું. પછી છ આંગળ લાંબી અને છેલ્લી આંગળીના જેટલી જાડી છિદ્રયુક્ત વાંસની નળી લઈ તેના ચાર આંગળ જેટલા ભાગનો ગુદામાં પ્રવેશ કરાવવો. તત્પશ્ચાત્ યોગીએ ઉત્કટ આસન કરી જળમાં બેસવું અને અશ્વિની મુદ્રા કરી વારંવાર ગુદા દ્વારને આકુંચિત કરતા રહેવું. આથી આંતરડામાં જલનો પ્રવેશ થઇ જશે. પછી વાંસની નળી કાઢી લેવાથી સર્વ આંતરડાં ધોવાઇને સાફ થશે. આ ક્રિયાને બસ્તિ કહેવામાં આવે છે. બન્ને પગની એડીયોપર બંને નિતંબ રાખી ઉંચા થઈ બેસવું એને ઉત્કટ આસન કહેવામાં આવે છે અને મલદ્વારને વારંવાર ખોલવું અને બંધ કરવું એને આશ્વની મુદ્રા કહેવામાં આવે છે.

નેતિ—એક સુંવાળી પણ સ્હેજ જાડી દોરી નાકમાંથી પ્રવેશ

કરાવી મુખમાંથી બહાર કાઢવી. પછી બન્ને હાથ વતી તેના બન્ને છેડા પકડી દહીં વલોવતા હોય તેની પેઠે તેને ખેંચવી. આનું નામ નેતિ છે.

ત્રાટક—જ્યાં સુધી આંખમાં આંસુ આવે ત્યાં સુધી કોઈ પદાર્થ તરફ એક દ્રષ્ટિથી જોયા કરવું એનું નામ ત્રાટક છે.

કપાલભાતિ—નાસિકાદ્વારા જોરથી વાયુ લેવો અને મૂકવો એને કપાલભાતિ કહેવામાં આવે છે.

વાયુ, પિત્ત અને કફ એ ત્રણેની સમતા રાખવાને માટે ષટ્કર્મ કરવાની આવશ્યકતા છે.

ધોતિ કર્યા પછી પ્રાણાયામ થઇ શકે છે. પ્રાણાયામ સર્વથી કઠિન છે. યોગીજનોજ પ્રાણાયામ કરી શકે છે અને તેઓજ એનો ઉપદેશ આપી શકે છે. યોગાભ્યાસીએ પ્રાણાયામ કરતી વખત મોટે સાદે બોલવું જોઇએ નહિ અને અધિક પણ બોલવું નહિ. આ વખતે તેણે હાથી ઘોડા અને પાલખીપર આરૂઢ થવું નહિ, દોડવું નહિ, ક્રોધ કરવો નહિ અને માન અપમાનને સમાન સમજવું. ભોજન કર્યા પછી પ્રાણાયામ કરવો નહિ, પરંતુ પ્રાણાયામ કરીને તરતજ જમી લેવું.

પ્રાણાયામનો અભ્યાસ કરતી વખતે એક વર્ષ સુધી નિત્ય **મેકપર્ણી**નાં પાંદડાં એક તોલો છુંદીને ખાવાં જોઇએ. બીજે વર્ષે નિત્ય પ્રાતઃકાળમાં તેજ પાંદડાં છુંદીને દૂધની સાથે ખાવાં જોઇએ. ત્રીજે વર્ષે અપામાર્ગ (અંઘેડી) નાં બીજ છોડાં ઉતારી ઘીની સાથે મેળવીને ખાવાં જોઇએ.

મોતી કાઢનારા લોકો ઘણીવાર સુધી જળમાં ડૂબકી મારવાને માટે શ્વાસ રોકે છે. પરંતુ અધિક વાર શ્વાસ રોકવાથી કષ્ટ ન થાય એવો કોઇ ઉપાય તેમની પાસે નથી, તેથી તેઓ ઘણો થોડો કાળ જીવે છે. જેઓ ઘણો કાળ જીવે છે તેઓ દમનું કષ્ટ ભોગવે છે. યોગી લોકો શ્વાસ રોકે છે ખરા પરંતુ તેઓ પથ્યપર ઘણું લક્ષ રાખે

છે. તેથી તેમને રોગ નડતો નથી. યોગીએ કદિ પણ સ્ત્રીસંગ કરવો જોઇએ નહિ. જો તે કરે તો રોગી થઇ શીઘ્ર મરણ પામે.

પ્રથમ યોગીએ અનુલોમ વિલોમ પ્રાણાયામ સાધવો. વાયુધારણની શક્તિ વધતાં આઠ પ્રકારનો કુંભક અભ્યાસ થઇ શકે છે. સૂર્ય ભેદન, ઉજ્જાયી, શીતકારી, શીતલી, ભસ્ત્રીકા, ભ્રામરી, મૂર્ચ્છા અને પ્લાવની આ આઠ પ્રકારના કુંભક છે.

કોની પછી કયી ક્રિયા કરવી તે શિવજીએ કૂર્મ્મપુરાણમાં જણાવ્યું છે. અહીંઆં તેનો સંપૂર્ણ અનુવાદ આપવામાં આવતો નથી. પરંતુ માત્ર સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવે છે.

આસનનો અભ્યાસ કર્યા પછી ઊર્ધ્વાધઃકરણનો અભ્યાસ કરવો પડે છે. ઊર્ધ્વાધઃકરણનું બીજું નામ વિપરીત કરણી છે. એના બે પ્રકાર છે અવતાન અને ઉત્તાન. ભૂમિ ઉપર મસ્તક તથા બે હસ્ત ટેકવી પગને ઉંચા કરી, ભ્રૂની મધ્યમાં દ્રષ્ટિ રાખી, નિશ્ચલ રહેવું એને અવતાન ઊર્ધ્વાધઃકરણ કહેવામાં આવે છે. ઉત્તાન એથી કઠિન છે. ભૂમિપર ચતા પડી કમરની નીચે બન્ને હાથની ભીડ મારવી, અને પછી હથેલી, કોણી તથા સ્કંધપર ભાર દઇ પગ ઉંચા કરવા એને ઉત્તાન ઊર્ધ્વાધઃકરણ કહેવામાં આવે છે.

પહેલે દિવસે થોડી વાર સુધી પગ ઉંચા રાખવા. અને પછી ધીમે ધીમે એક પ્રહર સુધી એવી સ્થિતિમાં રહેવાનો અભ્યાસ કરવો.

મનુષ્યના તાળવામાં ચંદ્ર છે. એ ચંદ્રમાંથી અમૃત ટપકે છે. નાભિમાં અગ્નિરૂપી સૂર્ય છે. આ સૂર્ય ચંદ્રનો રસ પી જાય છે; આથીજ મનુષ્ય વૃદ્ધ થઇ જાય છે. વિપરીત કરણીથી નાભિનો સૂર્ય ઉપર જાય છે અને તાળવાનો ચંદ્ર નીચે ઉતરી આવે છે. આથી ચંદ્રામૃત સૂર્યનાં મુખમાં જઇ શકતું નથી. ૭ માસ પર્યંત વિપરીત કરણી કરવાથી તે ક્રિયામાં કોઇ પણ પ્રકારની પીડા થતી નથી.

ઊર્ધ્વપદ રહી પ્લુત માત્રાથી પ્રણવ સહિત ત્રણસેં સુધી ગણ્યા પછી પ્રાણાયામનો અધિકાર પ્રાપ્ત થાય છે, અર્થાત્ પંદર મિનિટ સુધી સ્થિર રહેવાથી પ્રાણાયામનો અભ્યાસ થઈ શકે છે.

યોગીએ પ્રથમ મઠમાં મૃદુ વસ્ત્રપર પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી પદ્માસન વાળી બેસવું. પછી જમણા હાથના અંગુઠાવતી જમણી તરફનું નાસિકાદ્વાર દબાવી ડાબી તરફના નાસિકાદ્વારથી ધીમે ધીમે વાયુ ખેંચવો. અતિ ઘણો તથા અતિ થોડો વાયુ ખેંચવો નહિ, મધ્યમ પ્રકારે વાયુ ખેંચી કનિષ્ઠિકા અને અનામિકા અંગુલિઓ વતી ડાબી તરફનું નાસિકા પુટ રોકવું. તત્પશ્ચાત્ તાળવામાં જીવ્હા લઈ જઈ રાજદંતના મૂળમાં જીવ્હાને દ્રઢ રીતે બદ્ધ કરી કંઠમાંની લંધર બંધ કરી યથાસાધ્ય કુંભક કરવો. પછી જમણી તરફના નાસિકાદ્વારથી ધીમે ધીમે વાયુ બહાર કાઢવો.

બીજી વાર જમણી તરફના નાસિકાદ્વારથી હવા ભરી, પૂરક, કુંભક અને રેચક કરી મસ્તક, ગળું અને વક્ષઃસ્થળ ઉન્નત રાખી નાસિકાગ્રપર દ્રષ્ટિ સ્થિર કરવી. પ્રાતઃકાળે, મધ્યાન્હકાળે, સાયંકાળે અને મધ્યરાત્રે એ પ્રમાણે ચારવાર પ્રાણાયામ કરવા આવશ્યક છે. એક વખતે દશ પ્રાણાયામ કરવા; પછી જેમ જેમ વાયુધારણની શક્તિ વૃદ્ધિંગત થતી જાય તેમ તેમ પ્રાણાયામ અધિકવાર કરવા. ધીમે ધીમે એક વખતે એંશી પ્રાણાયામ કરી રાત દિવસ મળીને ત્રણસેંથી અધિક પ્રાણાયામ કરવા.

કાલાનુસાર કુંભકના ત્રણ પ્રકાર છે. કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ. પ્રાણાયામના કાળના સંબંધમાં જુદા જુદા ગ્રંથોના અભિપ્રાય જુદા જુદા છે. પરંતુ એ સર્વ જુદા જુદા અભિપ્રાયોમાંથી તારતમ્ય એ નીકળી આવે છે કે પચાસ સેકન્ડ સુધી કુંભક કરવાને કનિષ્ઠ પ્રાણાયામ કહેવામાં આવે છે; સો સેકન્ડ સુધી કુંભક કરવાને મધ્યમ અને દોઢસો

સેકન્ડ સુધી કુંભક કરવાને ઉત્તમ પ્રાણાયામ કહેવામાં આવે છે.

કનિષ્ઠ પ્રાણાયામ કરવાથી સમગ્ર શરીરમાંથી પ્રસ્વેદ છૂટે છે, મધ્યમ પ્રાણાયામથી કંપ થાય છે અને ઉત્તમ પ્રાણાયામથી બ્રહ્મરંધ્રમાં વાયુ પ્રવેશ કરે છે.

બ્રહ્મરંધ્રમાં વાયુ પહોંચ્યા પછી જો ૧૦ મીનીટ સુધી કુંભક કરવામાં આવે તો તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે. બે કલાક સુધી વાયુ ધારણ કરવામાં આવે તો તેને ધારણ કહેવામાં આવે છે. એક દિવસ સુધી કુંભક કરવાને ધ્યાન કહેવામાં આવે છે. બાર દિવસ પર્યંત સતત કુંભક કરવો એનું નામ સમાધિ છે. સમાધિ અવસ્થા અતિ રમણીય છે. પરિપૂર્ણ દિવ્ય આનંદ સમાધિથીજ પ્રાપ્ત થાય છે. આનંદસાગર પર બ્રહ્મનો સાક્ષાત્કાર સમાધિમાંજ થઇ શકે છે.

યોગશાસ્ત્રના મત પ્રમાણે સર્વ ચિંતા દૂર કરી પ્રાણાયામ કરવાથી ત્રણ મહિનામાં શરીર વિશુદ્ધ થાય છે. એક વર્ષ પછી ઉત્તમ પ્રકારે વાયુ ધારણ થઇ શકે છે. અને સોળ વર્ષમાં યોગી સમાધિસિદ્ધ બની જાય છે.

હઠયોગમાં જેમ જેમ અધિકાર વૃદ્ધિંગત થતો જાય છે. તેમ તેમ શરીર દુર્બળ જણાતું જાય છે. પરંતુ મુખશ્રી સતેજ જણાય છે, વચનમાં બળ આવે છે, નિર્મળ આંખોમાં આરોગ્યનાં લક્ષણ પ્રકટ થાય છે. યોગી ઊર્ધ્વરેતા થાય છે, પરિપાકશક્તિ વધે છે અને નાડીઓ વિશુદ્ધ થાય છે.

અનુલોમ વિલોમ પ્રાણાયામનો અભ્યાસ દ્રઢ થવાથી આઠ પ્રકારના કુંભક કરી શકાય છે.

સૂર્યભેદન—ડાબી તરફના નાસાપુટમાં જમણા હાથની કનિષ્ઠિકા અને અનામિકા અંગુલિ દબાવી જમણી તરફના નાસિકાદ્વારથી ધીમે ધીમે વાયુ ખેંચવો. પૂરક થયા પછી કંઠ આકુંચિત કરી યથાવિધિ

જાલંધર બંધ કરી સમસ્ત લોમકૂપથી ખૂબ પ્રસ્વેદ છૂટે તેવી રીતે કુંભક કરવો. પછી કુંભકની પછી અને રેચકની પૂર્વે મૂલાધાર આકુંચિત કરી ઉદરની ઉપરનો અને નીચેનો ભાગ દબાવી ખાલી ઉડ્ડિયાન બંધ કરવું. પછી ધીમે ધીમે રેચકની ક્રિયા કરવી. આનું નામજ સૂર્યભેદન છે.

ઉજ્જાયી—મુખ બંધ કરી ઉભય નાસિકાદ્વારથી વાયુ ખેંચી કુંભક કરી ડાબી તરફનાં નાસિકાદ્વારથી રેચકની ક્રિયા કરવી. આનું નામ ઉજ્જાયી છે.

સીત્કારી—ઉભય ઓષ્ઠ મેળવી સિસોટી ફોડે તેમ ધીમે ધીમે ઓષ્ઠની વચ્ચેના છિદ્ર વતી પૂરક કરવો. પછી કુંભક કરી ઉભય નાસિકાદ્વારથી ધીમે ધીમે રેચક કરવો. આનું નામ સિત્કારી છે. એને કેટલાક લોકો કાકી મુદ્રા કહે છે.

શીતલી—સિસોટી ફોડતા હોય તેવું મુખ કરી ઓષ્ઠોમાં જીવ્હા રાખી પૂરક કરવો. પછી કુંભક કરી ઉભય નાાસકાદ્વારથી રેચક કરવો. આનું નામ શીતલી છે.

ભસ્ત્રિકા—પ્રથમ યોગીએ પદ્માસન વાળી બેસવું. તત્પશ્ચાત્ જમણા હાથની કનિષ્ઠિકા અને અનામિકા અંગુલિથી ડાબી તરફનું નાસિકાદ્વાર બંધ કરવું. પછી કુંભારના ચાકની પેઠે ડાબી તરફના નાસિકાદ્વારથી જલદી જલદી પૂરક અને રેચકની ક્રિયા કરવી. પુનઃ પુનઃ આ પ્રકારે પૂરક અને રેચકની ક્રિયા કરવી. તત્પશ્ચાત્ શ્રમ જણાતાં જમણી તરફના નાસિકાદ્વારથી પૂરક કરી, વિધિવત્ કુંભક કરી ડાબી તરફના નાસિકાદ્વારથી રેચકની ક્રિયા કરવી. પુનઃ શ્રમ જણાતાં ડાબી તરફના નાસિકાદ્વારથી પૂરક કરી યથા સાધ્ય કુંભક કરવો અને પછી જમણી તરફના નાસિકાદ્વારથી રેચક કરવો.

વળી એની એક બીજી પ્રણાલિ પણ છે. કનિષ્ઠિકા અને અનામિકા અંગુલિથી ડાબી તરફના નાસિકાદ્વારને રોકી જમણી તરફના

નાસિકાદ્વારથી પૂરક કરવો. તત્પશ્ચાત્ અંગુઠા વતી જમણી તરફનું નાસિકાદ્વાર રોકી ડાબી તરફના નાસિકાદ્વારથી રેચક કરવો. આ રીતે પુનઃ પુનઃ પૂરક રેચક કરતાં કરતાં શ્રમ જણાય તો ડાબી તરફના નાસિકાદ્વારથી પૂરક કરી યથાશક્તિ કુંભક કરવો. પછી જમણી તરફના નાસિકાદ્વારથી રેચક કરવો.

ભ્રામરી—ભ્રમરની પેઠે વેગથી ઉચ્ચાર કરી પૂરક કરવો. પછી યથાશક્તિ કુંભક કરી ભ્રમરીની પેઠે મંદમંદ સ્વરે રેચક કરવો. આનું નામ ભ્રામરી છે.

મૂર્ચ્છા—પૂરક કરી કંઠને સંકુચિત કરી ગાઢતર જાલંધર બંધ કરી અલ્પ અલ્પ રેચન કરવું. આનું નામ મૂર્ચ્છા કુંભિકા છે.

પ્લાવિની—શરીરની અંદર પ્રચુર વાયુ ભરી અગાધ જળમાં કમલપત્રની પેઠે તરવું એને પ્લાવિની કહેવામાં આવે છે.

પ્રાણાયામના ત્રણ પ્રકાર છે—રેચક, પૂરક અને કુંભક.

રેચક પ્રાણાયામ—શરીરની અંદરના વાયુનું રેચન કરી નાસિકાદ્વારને રોકી રાખવાં એનું નામ રેચક પ્રાણાયામ અથવા મહા નિરોધ છે.

પૂરક પ્રાણાયામ—બહારનો વાયુ આકર્ષીને દેહમાં ભરવો એનું નામ પૂરક પ્રાણાયામ છે.

કુંભક પ્રાણાયામ—પૂરક રેચક ન કરી નાસિકાદ્વારને રોકી કુંભવત્ વાયુધારણ કરી રહેવું એને કુંભક પ્રાણાયામ કહેવામાં આવે છે.

કુંભકના બીજા પણ બે પ્રકાર છેઃ—સહિત અને કેવલ. સહિત પ્રાણાયામના પણ બે પ્રકાર છે. રેચકપૂર્વક અને કુંભકપૂર્વક. પૂરક કર્યા શિવાય એકવારજ કુંભક કરવો એને કેવલ કુંભક કહેવામાં આવે છે. કેવલ કુંભક સિદ્ધ થતાં યોગીને કોઇ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. યાજ્ઞવલ્કયે એ વિષે પૂર્ણ વિવેચન કર્યું છે.

મુદ્રાભ્યાસ.

પ્રાણાયામનો અભ્યાસ કર્યા પછી મુદ્રાભ્યાસ કરવામાં આવે છે. જ્યાં સુધી બ્રહ્મરંધ્રદ્વારા મસ્તકમાં વાયુ પ્રવિષ્ટ ન થાય ત્યાં સુધી યોગી સિદ્ધ થઈ શકતો નથી, પરંતુ બ્રહ્મરંધ્રદ્વારા શરીરમાં વાયુ પ્રવેશી શકે છે એમ વિજ્ઞાન માનતું નથી. પક્ષીગણ જે પ્રમાણે ઉડીને દેહની અંદરનાં હાડકાંમાં પણ વાયુનો સંચાર કરાવી શકે છે તે પ્રમાણે યોગી પણ યોગ સાધનથી મેરૂ દંડથી મસ્તક પર્યંત વાયુ પહોંચાડી શકે છે. યોગી લોકોજ આનો મર્મ જાણે છે. અન્ય કોઇ તે મર્મ જાણતું નથી.

મહામુદ્રા, મહાબંધ, મહાવેધ, ખેચરી, ઉડયાન, મૂલબંધ, જાલંધરબંધ, વિપરીતકરણી, વજ્રોલી, અને શક્તિ ચાલન—આ દશ પ્રકારની મુદ્રા છે. એમાંની ઉડયાન, જાલંધરબંધ અને વિપરીત કરણીનું વિવરણ પ્રાણાયામ પ્રણાલિમાં આવી ગયું છે. વજ્રોલીમાં સહજોલી અને અમરોલીનો સમાવેશ પણ થાય છે. આ ત્રણે પ્રકારની મુદ્રા સ્ત્રીઓને સાથે લઇને થઇ શકે છે. યોગ ગ્રંથોમાં એનું વિશેષ વર્ણન ઉપલબ્ધ થશે. ઊર્ધ્વરેતા થવાને માટે યોગી લોકો એનું સાધન કરે છે. એનું ફળ એટલું મોટું છે કે યોગની અન્ય પ્રક્રિયાઓ નહિ કર્યાં છતાં પણ માત્ર આ ત્રણેના સાધનથી યોગી ઊર્ધ્વરેતા થઇ શકે છે.

મહામુદ્રા—ડાબા પગની એડીપર બળપૂર્વક નિપીડન કરી જમણો પગ દંડની પેઠે ભૂમિપર પ્રસારવો. તત્પશ્ચાત્ જમણા હાથની તર્જની તથા અંગુઠાવતી જમણા પગનો અંગુઠો પકડવો. પછી પૂરક શિવાય કુંભક કરી જાલંધરબંધથી બ્રહ્મરંધ્રમાં વાયુ ધારણ કરવો. તેની સાથે સાથે મૂલાધારને પણ અશ્વિની મુદ્રાદ્વારા આકુંચિત કરી. એજ અવસ્થામાં યથાશક્તિ રહી પછી રેચકની ક્રિયા કરવી. આ પ્રકારે

ડાબા અંગનો અભ્યાસ થયા પછી જમણા અંગનો અભ્યાસ કરવો. આનું નામ મહામુદ્રા છે.

મહાબંધ—એડીપર ડાબી જાંગ રાખી ડાબા ઢીંચણપર જમણો પગ મૂકી, પૂરક કરી, જીહ્વાબંધ, જાલંધરબંધ અને મૂલબંધ કરી નાડીમાં એકાગ્રતાપૂર્વક મન રોકવું. પછી યથાશક્તિ કુંભક કરી ધીમે ધીમે રેચક કરવો. ડાબા અંગનો અભ્યાસ થયા પશ્ચાત્ એજ પ્રકારે જમણા અંગનો અભ્યાસ કરવો.

ખેચરી—જીહ્વાની નીચેના ચર્મબંધને સ્વચ્છ અને તેજદાર લોઢાના અસ્ત્રા વતી કાપી નાખવો. પછી સિંધવ, લવણ તથા હરીતકીનું ચૂર્ણ તે ઘા પર નિત્ય લગાડવું. સાત દિવસ પછી વળી પાછો થોડો ભાગ કાપી તેપર ઉપલું ચૂર્ણ લગાડવું. વળી દૂધ, ઘી આદિ ચિકણી વસ્તુઓ પણ દિવસમાં ચાર પાંચ વાર જીહ્વાપર ચોપડવી. આથી જ્યારે જીહ્વાનો અગ્રભાગ અનાયાસ ભ્રૂના મધ્ય ભાગને સ્પર્શ કરે એટલી તે લાંબી થાય ત્યારે જાણવું કે હવે તે ખેચરી મુદ્રાની સિદ્ધિને યોગ્ય થઇ છે. આ લાંબી થયેલી જીહ્વાને ઉલટાવીને તાળવામાં તેનો પ્રવેશ કરાવવો એનું નામ ખેચરી મુદ્રા છે. આ મુદ્રા સર્વ મુદ્રાઓમાં શ્રેષ્ઠ છે. આ મુદ્રાના યોગથીજ યોગી સમાધિ ધારણ કરી શકે છે. કલકત્તાની પાસે ભૂકૈલાસમાં એક મહાત્માને આણવામાં આવ્યા હતા. આ મહાત્માની જીહ્વા ઉંધી હતી. તેમને બાહ્યજ્ઞાન નહોતું. ડૉક્ટર ગ્રાહમે તેની જીહ્વા ખેંચીને બહાર કાઢી હતી અને તેને નાના પ્રકારનાં દુઃખ દીધાં હતાં. આથી તે મહાપુરુષનો યોગ ભંગ થઇ ગયો હતો. તે છતાં પણ તેઓ વાત કરતા નહોતા. તેનાપર અતિ દબાણ કરવાથી તેઓ માત્ર “ હાં દેડી ” “ હાં દેડી ” એટલો ઉચ્ચાર કરતા હતા.

શક્તિ ચાલન—વજ્રાસનપર બેસી ઉભય હસ્તોદ્વારા ઉભય પગની એડી પકડવી. પછી નાભિની નીચે અને શિશ્નની ઉપર એડીનો સ્પર્શ કરાવવો. તત્પશ્ચાત્ બળપૂર્વક પુનઃ પુનઃ ભસ્ત્રા પ્રાણાયામ કરવા. આ પ્રકારે કેટલાક દિવસ સુધી અભ્યાસ કરવાથી મસ્તક ઘુમવા લાગશે. કર્ણોમાં ઝણઝણ ધ્વનિ અને એવાજ બીજા નાના પ્રકારના ધ્વનિ થવા લાગશે. અને જગત્ અંધકારમય લાગશે. પછી મસ્તકની નીચે ભોં ભોં અને કટ્ કટ્ એવા ધ્વનિ થશે. આ વખતે યોગીએ જાણવું જોઇએ કે બ્રહ્મ નાડીમાં વાયુનો સંચાર થાય છે. સુષુમ્ણામાં વાયુ પ્રવિષ્ટ થતાં સમાધિનો અભ્યાસ થઈ શકે છે.

આ પ્રકારે મુદ્રાનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. અધિક વર્ણનને માટે આ લઘુ ગ્રંથમાં અવકાશ નથી. જેમને યોગાભ્યાસ કરવાની ઇચ્છા હોય તેમણે દત્તાત્રય સંહિતા, ગોરક્ષ સંહિતા, હઠયોગ પ્રદીપિકા આદિ પુસ્તકોનું પરિશીલન કરવું. વળી પુરાણોમાં પણ યોગશાસ્ત્રનો મહદ્ ભંડાર છે. પરંતુ કેવળ ગ્રંથપઠનથી યોગસિદ્ધિ થઈ શકતી નથી. ઉત્તમ ગુરૂદ્વારા ઉપદેશ ગ્રહણ કર્યા શિવાય યોગ શીખી શકાતો નથી. વળી હમણાંનો વખત વિપરીત છે, તેથી આ કાર્ય સહજ સિદ્ધ થઇ શકે એમ નથી.

સમાધિ અભ્યાસનું વર્ણન અહીંઆં કરવામાં આવતું નથી. કારણ કે ઉત્તમ ગુરૂદ્વારા તેનું જ્ઞાન મેળવ્યા શિવાય તથા થોડા ઘણા અંગત અનુભવ શિવાય તેનું વર્ણન થઇ શકે તેમ નથી. માટે હવે આ લઘુ ગ્રંથની સમાપ્તિ કરીએ છીએ.

સમાપ્ત.

સુબોધ રત્નાકર.

મજબુત પૂઠું, પૃષ્ટ ૨૮૮ કિં. ૦⌐॥ પોષ્ટેજ ૦)⌐॥

નીતિ, ધર્મ, ભક્તિ વગેરેનો ઉપદેશ, વાર્તાઓ તથા દ્રષ્ટાંતોના રૂપમાં આપવાથી તે બહુજ રૂચિકર થઇ પડીને મનપર તેની અસર ઝટ અને બહુ ઉંડી થાય છે. આ પુસ્તકમાં એજ પ્રકારનાં રત્નરૂપ ૧૦૫ દ્રષ્ટાંતો છે. અને તે દરેક દ્રષ્ટાંતની છેવટે તેનો સારાંશ તથા પ્રસંગને બેસતાં આવે એવાં ભજનો આપેલાં છે.

સુબોધ રત્નમાળા છત્રીશી.

૧૨ પેજી પૃષ્ટ ૭૦૦ કિં. ૦॥ પાકું ૦॥≈ પો. ૦)≈

આ પુસ્તકમાં ૩૬ માળાઓ તેના કર્તા જેસંગ કવિએ આપેલી છે, અને તે દરેક માળા મનહર, કુંડળીયા, વસંતતિલકા, સવૈયા એકત્રિશા, છપ્પા, ચંદ્રાવળા, ઇંદ્રવિજય, દુમિલા, ગીતિ, શિખરિણી, સોરઠા, ઉપેન્દ્રવજ્રા, એમાંના અકેક જાતના ૧૦૮ છંદોમાં સરળ અને અસરકારક શૈલીમાં રચાયલી છે, જે વાંચવાથી સમાજની હાલની ધાર્મિક, સામાજીક, આર્થિક વિગેરે જુદી જુદી સ્થિતિઓને લગતા જુદા જુદા સેંકડો વિષયોપર મનોરંજક વિવેચન સાથે સુબોધ અને આનંદ મળે છે. કાગળ અનગ્લેજ છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, કાલબાદેવી-મુંબઈ.

શ્લોક, અર્થ, માહાત્મ્ય, ધ્યાન, છબીઓ ૬૦ સાથે.

શ્રીમદ્ ભગવદ્ગીતા.

(ત્રણસો ત્રણસો પૃષ્ટના સુશોભિત ગુટકાઓ.)

૦)= ગ્લેજ કાગળ સાદું પૂઠું. ૦ા સોનેરી યા રેશમી પૂંઠું.

૦)≡ કપડું યા શણનું પૂઠું. ૦)– રફ કાગળ નાના અક્ષર.

૦ાા ખાસ ઉંચા કાગળ, અતિ સોનેરી યા કિનખાબનું પૂઠું

૦)–ાા પદ્યાત્મક ભાષાંતર, પાકું પૂઠું ૦)≡ ૩ ૧)ની ૧૪ ને ૭.

શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા.

જેમાં ગીતાના શ્લોક, અર્થ, તથા શ્રી જ્ઞાનેશ્વર મહારાજે ૬૦૦ વર્ષપર રચેલી "ભાવાર્થદીપિકા" નામની ઉત્તમ, સરળ અને અનેક સચોટ દ્રષ્ટાંતો સાથે રહસ્યને સમજાવનારી વિસ્તૃત ટીકાનું સરળ ભાષાંતર તથા

શ્રી જ્ઞાનેશ્વરનું લંબાણ ચમત્કારી ચરિત્ર છે.

ગીતાપર વિદ્વત્તાપૂર્ણ અનેક ટીકાઓ છે પરંતુ

જ્ઞાનેશ્વરીની ખુબી તો ઓરજ છે.

રોયલ ૮ પેજી પૃષ્ટ ૫૫૦. મૂલ્ય ૧ાા= ઉંચી આવૃત્તિ ૨) પો. ૦ા≡

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, મુંબઇ નં. ૨ શાખા–અમદાવાદ.

ગવર્મેન્ટે અજમાવેલો અગ્નિમાં બચાવ કરનારી

તીજોરીનો અખતરો.

હિંદુસ્તાનના પોષ્ટ ખાતાને હિંદ અને બર્માની સેવીંગબેંકો માટે મોટી સંખ્યામાં તિજોરીઓની જરૂર હતી તે પૂરી પાડવાને એવી સરતે ટેન્ડરો મંગાવ્યાં કે ખરીદતા પહેલાં હરીફાઈ કરનારી તિજોરીએ સખત અગ્નિમાં બચાવ કરવો જોઇએ.

ગત જુલાઈ તા. ૨૦ મીના રોજ પોષ્ટ અને તાર ખાતાના એસીસ્ટન્ટ અને ડૅપ્યુટી ડીરેક્ટર અને ગવર્નમેન્ટ કેમીસ્ટની સમક્ષ કલકત્તામાં પબ્લીક વર્કસના ઈન્જીનીઅર સાહેબે એ અખતરો અજમાવ્યો હતો.

અગ્નિમાં મૂકયા બાદ તિજોરીઓ ઉઘાડતાં એવું માલુમ પડયું કે માત્ર ગોદરેજની તિજોરીમાંની ચોપડીઓ, કાગળો વિગેરે કંઇ પણ નુકસાન વગર સહી સલામત હતાં, વળી તેમાંનું રૂ જેવું ને તેવું સફેદ અને નરમ હતું.

એ ઉપરથી પોષ્ટ અને તાર ખાતાના ડીરેક્ટર જનરલ સાહેબે મી. ગોદરેજને રૂ. ૮૫૦૦૦ ની ૩૭૨ તિજોરીઓનો ઓર્ડર આપ્યો છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઇ.

દુકાન—મૂળજી જેઠા મારકીટ સામે—મુંબઇ.

શાખા—રેલ્વે સ્ટેશન પાસે—અમદાવાદ.

બુન્દેલખંડ કેશરી

(૨) મહારાજ છત્રસાલજી.

(૧) બુન્દેલખંડનો સંક્ષિપ્ત પ્રાચીન ઇતિહાસ.*

યદ્યપિ બુન્દેલખંડ એ અનેક પ્રકારનાં પ્રાકૃતિક અને ઐતિહાસિક રહસ્યોથી ભરપૂર હોવાથી પરમ આનંદદાયક સ્થાન છે, અને સ્થળે સ્થળે શિલાલેખો તથા અનુપમ સ્મારકચિન્હો પણ તેમાં ઉપસ્થિત છે, તથાપિ તે દેશમાં પુરાતત્ત્વવેત્તાઓની દૃષ્ટિ અદ્યાપિ ફરી નથી તેથી ૧૫૦૦ વર્ષ પૂર્વેનો એ દેશનો શ્રેણીબદ્ધ ઇતિહાસ ઉપલબ્ધ થતો નથી. વિક્રમ સંવતના પ્રારંભની પૂર્વેથી આ દેશ પડિહારવંશીય ક્ષત્રિઓને આધીન થયો હતો, અને તેમની રાજધાની ઓરછાનગરમાં હતી. આ શહેર વેત્રવતી અથવા બેટવા નદીના તટપર આવેલું છે અને તેને હમણાં બુન્દેલા વંશનું પાટનગર ગણવામાં આવે છે. ઉક્ત પડિહાર વંશમાં જુઝારસિંહ અને મહીપક્ષ નામના બે મહા પ્રતાપશાળી રાજાઓ થઇ ગયા છે. જુઝારસિંહ વિક્રમની પાંચમી શતાબ્દીમાં વિદ્યમાન હતો. તે ન્યાયી અને પ્રજાપ્રિય હોવાથી જે પ્રદેશપર તે રાજ્ય કરતો હતો તે પ્રદેશને જુઝૌતિ નામ પ્રાપ્ત થયું હતું.[૧]

---

* આ સ્થાને સંવત્ જેવી સ્થિતિમાં મને પ્રાપ્ત થયા છે તેવીજ સ્થિતિમાં તેમને મૂકી દીધા છે. આ સંવત્ અનન્દ છે કે સનન્દ છે તેનો નિશ્ચય હું કરી શક્યો નથી. અને તેથી ખ્રિસ્તાબ્દી સાથે તેને મેળવ્યા નથી. કવિ ચંદકૃત 'પૃથ્વીરાજ રાસા' માં જેટલા સંવત્ છે તે સર્વ અનન્દ છે અને તે પ્રચલિત સંવત્થી ૯૧ વર્ષ પાછળ છે. આ પરથી વિદિત થાય છે કે સનન્દ સંવત્ પૂર્વે અનન્દનોજ પ્રચાર હતો.

૧ પુરાણોમાં આ દેશને "દશારન દેશ" કહેવામાં આવ્યો છે. સાં- ભા. મા. પુ. ૮

એમ કહેવાય છે કે સંવત્ ૪૧૧ માં રાજા જુઝારસિંહે ૧૩ બ્રાહ્મણોનું પૂજન કરીને તેમને ભૂમિદાન આપ્યું હતું. આ બ્રાહ્મણોના વંશજો હજી બુન્દેલખંડમાં વિદ્યમાન છે અને તેમને જુઝૌતીઆ બ્રાહ્મણ કહેવામાં આવે છે. તેની પશ્ચાત્ ૮ મી શતાબ્દીમાં રાજા મહીપક્ષ થયો. આ રાજાએ માતૃઋણથી મુક્ત થવાને માટે લોહના તપ્ત થયેલા તવાઓપર બેસીને પિંડદાન કર્યું હતું. નોગાવ કૅન્ટોન્મેન્ટથી પૂર્વ દક્ષિણ દિશામાં પાંચ માઇલના અંતરપર મઉ નામનું જે ગામ છે તે પણ આ રાજાએજ આબાદ કર્યું હતું. અને ઉક્ત યજ્ઞ પણ આજ સ્થાનપર કરવામાં આવ્યો હતો. આ સ્થળે હજી પણ કેટલાંક ચિન્હો શેષ છે.

પ્રત સંકલ્પાદિમાં તેનું ઉચ્ચારણ થાય છે. વિષ્ણુ ધર્મોત્તર નામક ગ્રંથમાં આ દેશને ' યુદ્ધ દેશ ' કહેવામાં આવ્યો છે એમ નીચેના શ્લોકપરથી સિદ્ધ થાય છે:—

चैद्य नैषधयोः पूर्वे विन्ध्यक्षेत्राच्च पश्चिमे ।
रेवायमुनयोर्मध्ये युद्धदेश इतीर्य्यते ॥

અર્થ—ચૈદ્ય અને નૈષધ દેશની પૂર્વે અને વિન્ધ્ય ક્ષેત્રની પશ્ચિમે રેવા અને યમુનાની વચ્ચેનો દેશ તે યુદ્ધદેશ કહેવાય છે.

વળી મદનપુરના શિલાલેખમાં એ દેશનું નામ ' જેજાક ભુક્તિ ' માલમ પડે છે. જેશક્તિ નામના ચન્દેલદેવ રાજાના નામ ઉપરથી આ દેશનું નામ પડયું હોય એમ પણ માનવામાં આવે છે. આ દેશના જુઝૌતીઆ બ્રાહ્મણ પણ આ ઉભય પ્રમાણોથી આ દેશનાં પ્રાચીન નામ 'યુદ્ધ દેશ' ' જેજાક ભુક્તિ ' વા ' જુઝૌતિ ' માને છે. મદનપુરનો લેખ નીચે પ્રમાણે છે.

अरुणराजस्य पौत्रेण श्रीसोमेश्वरसूनुना ।
जेजाकभुक्ति देशोयं पृथ्वीराजेन लुण्ठितः ॥

અર્થ—અરૂણ રાજના પૌત્ર અને સોમેશ્વરના પુત્ર પૃથ્વીરાજે આ જેજાક ભુક્તિ દેશને સ્વાધીન કર્યો છે.

વિક્રમ સંવત્ ૨૦૪ માં કાલિંજરની નજીક **ચાંદપાઠા** નામના ગામમાં એક ચંદ્રવંશી કુટુંબમાં **ચંદ્રબ્રહ્મ** નામનો એક પરાક્રમી પુરુષ ઉત્પન્ન થયો હતો. તેને ચંદ્રદેવે એવું વરદાન આપ્યું હતું કે " જ્યાં સુધી તું અથવા તારાં સંતાનો મદ્ય, દ્યૂત અને વેશ્યાનો સંસર્ગ નહિ કરો ત્યાં સુધી તમારા નામને છેડે બ્રહ્મ શબ્દ લાગુ પડશે અને ત્યાં સુધી એ દેશનું રાજ્ય પણ તારાજ વંશમાં રહેશે. " પછી એનું રાજ્ય કાલિંજરમાં સ્થાપન થયું. કાલિંજરનો દુર્ગ પણ એજ ચંદ્રબ્રહ્મે સં. ૨૨૧ માં બંધાવ્યો હતો. થોડા વખત પછી એ વંશની રાજધાની ખજૂરપુરમાં સ્થાપિત થઈ. આ સ્થળે હજી પણ તે વંશનાં કેટલાંક ચિન્હો પ્રાપ્ત થાય છે. અગીઆરમા શતકમાં આ વંશનું રાજ્ય પંજાબમાં છેક સિંધુ નદીના તટ પર્યંત વધી ગયું અને તે વખતના રાજા **નંદબ્રહ્મે** અનેક યવન હલ્લાખોરોને શિકસ્ત આપી હતી. કિંતુ ચંદ્રબ્રહ્મની ૨૧ મી પેઢીના રાજા પરિમાલ ચન્દેલે પોતાના વંશની સનાતન મર્યાદાનું ઉલ્લંઘન કર્યું, જેના પરિણામમાં એ દેશ દિલ્લીના પ્રખ્યાત રાજા પૃથ્વીરાજ ચહુઆણને આધીન થઈ ગયો. સંવત્ ૧૧૪૦ માં પૃથ્વીરાજે આ દેશમાં ખીચી અને ખેના નામના સરદારોને મોકલી તેમના હાથમાં સર્વ વ્યવસ્થા સોંપી. પરન્તુ સં. ૧૧૫૬ માં જ્યારે પૃથ્વીરાજ સ્વયં શાહબુદ્દીન ઘોરીના પંજામાં સપડાયો અને ખીચી સરદાર પણ યવનોની સાથેના યુદ્ધમાં માર્યો ગયો, ત્યારે ખેતો ખેંગાર એ દેશનો કુલ મુખ્તીઆર બની બેઠો. સં. ૧૧૫૬ થી સં. ૧૩૧૩ સુધી બુન્દેલખંડમાં ખેંગારોનો અધિકાર રહ્યો. સં. ૧૩૧૩ માં બુન્દેલા **સહનપાલજીએ** ખેંગારોને સહપરિવાર મારી નાંખીને બુન્દેલખંડ પર પોતાની સત્તા જમાવી. ત્યારથી અત્યાર પર્યંત આ પ્રદેશમાં બુન્દેલા વંશનું રાજ્ય અવ્યાહત ચાલ્યું છે.

(૨) સંક્ષિપ્ત વંશાવળી અને રાજ્ય સ્થાપન.

સૂર્યવંશમાં રઘુ, ભગીરથ, સગર, પૃથુ, અજ અને દશરથ ઇત્યાદિ જગવિખ્યાત મહાન નૃપતિઓ થઇ ગયા છે, તેમાંના મહારાજા દશરથના વડીલ પુત્ર પ્રાતઃસ્મરણીય ભારતપૂજ્ય ભગવાન રામચંદ્રજીને લવ અને કુશ એ બે મહાપરાક્રમી પુત્રો હતા. દ્વિતીય પુત્ર કુશને ચાર પુત્ર થયા. એમાંના ત્રીજા પુત્રથી રાષ્ટ્રવર કિંવા રાઠોડ વંશની ઉત્પત્તિ થઈ. આ રાઠોડ વંશમાં ગહિરદેવ નામનો એક રાજા થયો. આ રાજાના વંશજો ગહિરવાર ક્ષત્રિયોના નામથી પ્રસિદ્ધ થયા. આ લોકોએ કાશીપુરીમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું. ગહિરદેવને નાનચંદ, નાનચંદને પરમચંદ, તેને ગોવિન્દચંદ, તેને ટિહૂપાલ, ટિહૂપાલને વિંધ્યરાજ, તેને સૌનક, તેને વિઠ્ઠલદેવ, વિઠ્ઠલદેવને અર્જુનદેવ અને અર્જુનદેવને દિવોદાસ અથવા વીરભદ્ર આ પ્રમાણે તેમનો વંશ ચાલ્યો. રાજા વીરભદ્રને બે રાણીઓ હતી. જ્યેષ્ઠ રાણીને ચાર કુંવરો અને નાનીને હેમકરણ નામનો એક કુંવર જન્મ્યો. યદ્યપિ વીરભદ્રની પછી જ્યેષ્ઠ રાણીનો જ્યેષ્ઠ પુત્ર છત્રસાલ રાજ્ય મેળવવાનો અધિકારી હતો કિંતુ રાજાની પ્રીતિ કનિષ્ઠ રાણીપર વિશેષ હોવાને લીધે તેણે હેમકરણને રાજ્ય સોંપવાનો વિચાર કરી શેષ ચાર કુંવરોને જુદી જુદી જાગીરો આપી. કિંતુ દૈવયોગથી જે વખતે હેમકરણની વય ૧૦ વર્ષની હતી તે વખતે અકસ્માત રાજા વીરભદ્રનું મૃત્યુ થયું. તેથી હેમકરણના ચારે બંધુઓ તેનાપર ચઢી આવ્યા અને તેને દેશનિકાલ કરીને રાજ્યપર પોતાનો અધિકાર જમાવી દીધો.

દેશનિકાલ થયા પછી હેમકરણ વિંધ્યાચલમાં આવેલી દેવી વિન્ધ્યવાસિનીને શરણે ગયો અને ત્યાં કંદમૂળ ખાઇને તપશ્ચર્યા કરવા લાગ્યો. એવી દંતકથા ચાલે છે કે તે દેવીના આગળ કમળપૂજા

કરવા તત્પર થયો. જેવું પોતાનું મસ્તક ઉરાડી દેવા શમશેર ઉગામે છે કે તરતજ **દેવીએ** સ્વયં પ્રકટ થઈ તેને વરદાન દીધું કે "તારા સંતાનો બુન્દેલા નામથી ઓળખાશે અને તેઓ તે ભૂમપર ૯૫૦ વર્ષ સુધી રાજ્ય કરશે. મારી આજ્ઞાથી તું પંચમસિંહ નામથી પ્રસિદ્ધ થા કે જેથી તારા શત્રુઓ તને ઓળખી શકશે નહિ. આથી તું તેમના આક્રમણથી બચીશ." કેટલાક સમય પછી પંચમસિંહને **વીરસિંહ** નામનો પુત્ર ઉત્પન્ન થયો. તેને કરણપાલ, અને કરણપાલને અનંગપાલ અને અનંગપાલને **સહનપાલ** અને **સહજેંદ્ર** નામના બે પુત્રો થયા.

સહનપાલજીને ગ્વાલિયરના મહારાજા **માનસિંહના** ભાણેજ પુણ્યપાલ પ્રમાર અને મુકુટમણિ ધંધેરેની સાથે ગાઢી મિત્રતા હતી. ઉક્ત ઉભય સન્મિત્રોની સહાયતાથી સહનપાલજી ગઢકુંડારના રાજકર્તા ખેંગારોને મારી નાંખીને બુન્દેલખંડના મહારાજા બન્યા અને ઉક્ત ઉપકારના બદલામાં પોતાના બન્ધુ સહજેન્દ્રની બે પુત્રીઓને ઉભય મિત્રોની સાથે પરણાવી. પરન્તુ આથી તે બન્નેના સગાસ્નેહીઓ તેનાપર ક્રોધિત થઇ તેમને કહેવા લાગ્યા કે "ખેંગારોને આપવાની કબુલ કરેલી કન્યાઓનું છળકપટથી લગ્ન કરી તમે ખેંગારવંશનો નાશ કર્યો છે." આ અપરાધને માટે તેમણે તે ઉભયને જાતિબહિષ્કૃત કર્યા. તેથી તેઓ સપરિવાર બુન્દેલખંડમાં આવીને રહ્યા અને બુન્દેલાઓની સમ્મતિ અનુસાર પોતાનો એક નવીન વર્ગ સ્થાપન કર્યો. હજી સુધી બુન્દેલા પ્રમાર અને ધંધેરે રજપુતોની સાથે ખાનપાનાદિ અથવા વિવાહાદિ કોઈ પણ પ્રકારનો વ્યવહાર નથી. ખેંગારોની પાસેથી બુન્દેલખંડનું રાજ્ય લીધા પૂર્વે સહનપાલજી ખેંગારોએ આપેલી જાગીરના **વ્યૌના** ગામમાં રહેતા હતા. આ ગામ કોંચની પશ્ચિમે ચાર કોસપર આવેલું છે. જ્યારે સહનપાલજી ગઢકુંડારના રાજા થયા ત્યારે તેમના બન્ધુ સહજેન્દ્ર ઉક્ત ગામના

જાગીરદાર થયા. ઉક્ત જાગીરી અદ્યાપિ પણ સ્થિત છે અને જો કે તેની ઉપજ રૂ. ૧૨૦૦૦ નીજ છે તોપણ તેના જાગીરદાર મહારાજના પદથી અલંકૃત છે. વ્યૌનાના વર્તમાન જાગીરદારનું નામ મહારાજ ગોવિન્દસિંહ છે.

ગઢકુંડારના મહારાજા સહનપાલજીના સૌનકદેવ, સૌનકદેવના નૌનકદેવ, તેમના પૃથ્વીરાજ, તેમના રામચંદ્ર, તેમના મેદનીમલ્લ અને તેમના મલખાન પુત્ર થયા. આ મલખાને પોતાની રાજધાની ગઢકુંડારથી ઉઠાવી ઓરછામાં સ્થાપિત કરી. મલખાનની પછી તેમનો પુત્ર પ્રતાપરુદ્ર ઓરછાનો રાજા થયો. દશમી શતાબ્દીમાં પડિહારોનું રાજ્ય નષ્ટ થવાથી ઓરછાની શોભા પણ નષ્ટ થઇ ગઇ હતી. આથી પ્રતાપરુદ્રજીએ એ નગરને સંવત્ ૧૫૮૮ માં પુનઃ આબાદ કર્યું. પરન્તુ એવી લોકોક્તિ ચાલે છે કે ઓરછા મૂળ તેમણેજ સ્થાપન કર્યું હતું. પ્રતાપી મહારાજ પ્રતાપરુદ્રને ભારથીચંદ, મધુકરશાહ, ઉદયાજીત, સુંદરદાસ, અમાનદાસ, પ્રાગદાસ, ભૂપતસાહ, ચાંદ, પહાડ, જનખંડન ઇત્યાદિ બાર પુત્રો થયા, જેમાંથી ભારથીચંદને ગાદી મળી. ત્રણ પુત્રો નિઃસંતાન રહ્યા. શેષ આઠ પુત્રોને જે જે જાગીરો મળી તેમના નામથી બુન્દેલોના પૃથક્ પૃથક્ આઠ વંશ પ્રખ્યાત છે. જેમકેઃ— કટેરા, પડરા, મહેવા ઈત્યાદિ. ભારથીચંદને પણ સન્તાન થયાં નહિ તેથી મધુકરસાહ ઉત્તરાધિકારી થયા. ઓરછાનું રાજ્ય આજ પણ મધુકરસાહના વંશજોના શાસનમાં છે. ઓરછાના વર્તમાન મહારાજા સવાઈ મહેન્દ્ર પ્રતાપસિંહ જૂ દેવ બહાદૂર ઘણા નીતિજ્ઞ, અર્થસંચયમાં અતિનિપુણ અને અપવ્યય ન કરવાને માટે દેશમાં સુપ્રસિદ્ધ છે. એમને બે કુંવરો છે. પ્રથમ યુવરાજપદથી અલંકૃત છે અને દ્વિતીય મહારાજ સાવન્તસિંહજી બિજાવર રિયાસતના વર્તમાન રાજા છે.

મહારાજ રુદ્રપ્રતાપજીના તૃતીય પુત્ર ઉદયાજીતને મહેવાની રૂ. ૧૨૦૦૦) ની જાગીર મળી. રાવ ઉદયાજીતને રાઘવદાસ, કાલિદાસ, ગંગાદાસ, ભારથીચંદ, હૃદયનારાયણ અને પ્રેમચંદ્ર એ છ પુત્રો થયા. પ્રેમચંદ્રને માનસાહ, ભગવાનદાસ, અને કુંવરશાહ નામના ત્રણ પુત્રો થયા અને અન્ય પાંચ ભાઇઓને પણ સન્તાનો થયાં. આ સૌને ક્રમાનુસાર જાગીરના હિસ્સા મળ્યા. +

(૩) છત્રસાલજીના પિતા ચંપતરાય.

ભગવાનદાસજીને સુજાનરાય અને ચંપતરાય નામના બે પુત્રો થયા. આટલી બધી પેઢીઓ સુધી જાગીરના ભાગ થતાં થતાં ચંપતરાયને તે જાગીરનો કેટલામો અંશ મળ્યો હશે ? તેની કલ્પના વાંચક સ્વયં સારી પેઠે કરી શકે એમ છે.

રાવ ચંપતરાયજીએ સાંસારિક વિષયોનું જ્ઞાન થતાંની સાથેજ ધાડ પાડવાનો પ્રારંભ કર્યો. કેટલાક વખત સુધી તો તેઓ પાંચ દશ સિપાઇઓ લઇને અત્રતત્ર વખત બેવખત ચોટ મારતા હતા અને જંગલમાં છુપાઇ જતા હતા; પરન્તુ જેમ જેમ તે વિકટ વન અને પહાડી સ્થાનોના ભોમિયા થતા ગયા તેમ તેમ તેઓ વધારે લુંટ કરીને વધારે વધારે દ્રવ્ય મેળવતા ગયા. આથી તેઓ એક મોટું સૈન્ય જમાવી શક્યા. અને ઓરછા રાજ્યનાં મોટાં મોટાં સ્થાનોપર હલ્લા કરવા માંડયા. ચંપતરાયજીનો પ્રતાપ અને વૈભવ ધીમે ધીમે દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતો ગયો અને એમનું પ્રાબલ્ય એટલું તો વધ્યું કે પાદશાહના થાણદારો અને કિલ્લેદારો પણ તેમનાથી ડરવા લાગ્યા.

+ બુન્દેલખંડમાં અદ્યાપિ એવો નિયમ છે કે આદિ જાગીરદારનો જ્યેષ્ઠ પુત્રજ ક્રમાનુસાર જાગીરનો સ્વામી થાય છે અને શેષ સન્તાનોને જાગીરમાંથી માત્ર આજીવિકાને માટે લવાજમ મળે છે.

દૈવયોગે દિલ્હીમાં શાહજહાનના ચારે પુત્રોમાં ખટપટ થવા લાગી અને તેથી ચંપતરાયજીને વધારે સારી અનુકૂળતા મળી. મુસલમાની સલ્તનત પરસ્પર વૈર અને કુસંપમાં પડી હતી. તે સમયનો લાભ લેવા તેણે એક પ્રચંડ દળ એકત્રિત કરી મુસલમાનોનો પરાજય કરવા તૈયારી કરી. પરન્તુ અફસોસ! હે કુસંપદેવી તને સહસ્ત્રવાર નમસ્કાર હો! ત્હારાં કુટીલ કૃત્યોની પણ અજબ બલિહારી છે! ભારતવર્ષના ઉન્નત ભાવિને જમીનદોસ્ત કરનાર અવિદ્યાવાસિની કુસંપ દેવી! જો, આ સમય તારી રહેમ કેવી અનિષ્ટકર નીવડી છે! અસ્તુ! ચંપતરાયે નિસ્સીમ યવન દળની સામે થવાને પોતાને અશક્ત ધારવાથી ઓરછાધિપતિ પહાડસિંહપર સંવત્ ૧૭૦૨ ના જેઠ વદી ૨ ની મીતીએ મહેવાહારથી એવા આશયનો સંધિપત્ર લખ્યો કે "મને આપનું દર્શન કરવાની તીવ્ર અભિલાષા છે, માટે જો આપની આજ્ઞા થાય તો હું ઓરછા આવું..."

ઓરછાધિપતિ મહારાજ પહાડસિંહને ઉપલો પત્ર મળ્યો કે તરતજ તેમણે તેનો પ્રત્યુત્તર લખી ચંપતરાયને ઓરછા બોલાવ્યો. ચંપતરાય જ્યારે તે નગરમાં પહોંચ્યો ત્યારે તેનું તેણે ઉત્તમ રીતે સન્માન કર્યું. બન્ને નિષ્કપટ ભ્રાતૃભાવથી મળ્યા. પ્રથમ દિવસ તો પરસ્પર કુશલસમાચાર નિવેદનમાં વ્યતીત થયો. બીજે દિવસે ચંપતરાયે તક જોઇને રાજા પહાડસિંહને પોતાથી કાંઈ અપરાધ થયો હોય તો તેની ક્ષમા માગીને મુગલ રાજ્યની વધતી જતી આબાદીથી બીજાં રાજ્યોના જેવી દુર્દશા થતી જાય છે તેવો કોઇ વખતે પોતાનો પણ વારો આવવા સંભવ બતાવી વિનવ્યું કે એવા અનિષ્ટ સામે બચાવ કરવાને માટે આપણે એકસંપ થઈ એક બીજાને સહાય કરવાને કટિબદ્ધ થવું જોઇએ.

મહારાજ પહાડસિંહને ચંપતરાયનું કથન સત્ય લાગ્યું પરન્તુ

પહાડસિંહે મંત્રીનો અભિપ્રાય લીધા પછીજ નક્કી ઉત્તર આપવાનું યોગ્ય ધારી જણાવ્યું કે; "તમારૂં કથન મને શિરોધાર્ય છે. પરન્તુ કાલે પ્રાતઃકાળમાં આપણે સર્વ ઇષ્ટ મિત્રોની સાથે ભોજન કરીશું અને સર્વનો અભિપ્રાય લઈ એ કાર્ય કરવાને તત્પર થઇશું."

રાવ ચંપતરાયના જવા પછી મહારાજ પહાડસિંહે પોતાના વિશ્વાસપાત્ર મંત્રી વઝીર નસીમુદ્દૌલાને બોલાવી ચંપતરાયની વાતનો સર્વ સારાંશ તેને કહી સંભળાવ્યો. એ ક્ષત્રિયોના મેળાપની વાત સાંભળીને નસીમુદ્દૌલા મનમાં થરથરી ઉઠયો અને કૃત્રિમ હાસ્ય કરી બોલ્યો; "હુઝુર આપકી બુલંદ ઇકબાલ આલીજાહકા ફર્માન બહુત દુરૂસ્ત ઔર બજા હૈ,' પરન્તુ આપ શું ભૂલી ગયા છો કે ચંપતરાય આપનો એક નાનો સરખો જાગીરદાર છે અને આપના જ રાજ્યમાં ધાડ પાડી પાડીને મસ્ત થઈ પડયો છે! કોઈ દિવસ એ આપને જ ભારે પડી જાય એમાં શું શક છે? એ ચંપતરાયે આપનુંજ નિમક ખાધું છે અને આપનીજ સામે એણે શિર ઉઠાવ્યું છે, તો એવા બેઇમાન ઇન્સાન પર ભરોસો રાખવો એ મોટી નાદાનીનું કાર્ય છે. કસુર માફ, બંદાના તો જે ધ્યાનમાં આવ્યું તે કહ્યું. ગરીબ પરવર સલામત! કમતરીજ બંદાનો તો એવો અભિપ્રાય છે કે આવતી કાલે એનું જ કામ તમામ કરી દેવામાં આવે તો હમ્મેશને માટે બલા દૂર થાય." દુષ્ટ નસીમુદ્દૌલાએ આ પ્રમાણે કહીને રાજા પહાડસિંહના હૃદયમાં વૈરનું એવું બીજ વાવી દીધું કે જેથી ક્ષત્રિયોમાં પરસ્પર કુસંપ વધી ગયો. અફસોસ! કુટીલ મનુષ્યની સાથે મૈત્રી રાખી તેના પર વિશ્વાસ રાખનાર કદિ પણ શાન્તિસુખનો અનુભવ લઇ શકે છે?

ચંપતરાયે જેમ તેમ કરીને તે રાત્રિ વ્યતીત કરી. પ્રાતઃકાળ થતાં જ તે સ્નાનધ્યાનાદિ સર્વ નિત્યકર્મથી નિશ્ચિંત થઇ પોતાના પિત્રાઇ બન્ધુ ભીમજીને પોતાની સાથે લઇને પહાડસિંહના મહાલયમાં

ગયો. હવે જ્યારે તેની સમક્ષ પાનનાં બીડાંની રકાબી મૂકવામાં આવી ત્યારે ભીમજીએ તે રકાબી પોતાની પાસે ઉઠાવી લીધી અને ચંપતરાયને પોતાના ગજવામાંથી પાન આપ્યું. જ્યારે ત્યાંથી બન્ને જણુ નીકળીને પોતાને મુકામે આવ્યા ત્યારે ચંપતરાય ભીમજીના ઉપર ઘણા ગુસ્સે થયા. ભીમજીએ ખુલાસો કીધો કે "નસીમુદ્દૌલાએ તમારો પ્રાણુ લેવાનાં કાવતરાં રચવા માંડયાં છે. આ વાત એક જાણભેદુએ મને કરી છે." આ વાત સાંભળતાંની સાથે જ ચંપતરાયના કાન ખુલી ગયા અને તેણે પોતાનાં માણુસોને ત્યાંથી કુચ કરવાની આજ્ઞા કરી દીધી. મુનશી શ્યામલાલકૃત બુન્દેલખંડની તવારીખમાં એવો ઉલ્લેખ છે કે પહાડસિંહે આ પ્રકારે ચંપતરાયનો પ્રાણુ લેવાને અનેકવાર પ્રયત્નો કર્યા હતા.

જ્યારે ચંપતરાયની માતાના સાંભળવામાં આ વાત આવી ત્યારે તે પોતાના પુત્રને ઉદ્દેશીને કહેવા લાગી; "વ્હાલા પુત્ર ! તું સ્વયંચતુર છે, પરન્તુ હું એક વાત કહું છું તે સાંભળ. હમણાં તું સૈન્ય એકત્રિત કરીને વીરતાપૂર્વક રાજકીય કર્મ કરવાને પ્રવૃત્ત થયો છે; પરન્તુ રાજનીતિશાસ્ત્રને અનુસરીને તારે કર્તવ્ય કરવું જોઇએ. તને સમય પ્રમાણે વર્તતાં આવડતુંજ નથી, તેથી કોઇ દિવસ ધોકો પહોંચશે. હમણાં તારા બે પ્રબળ શત્રુઓ છે. માટે તારે હવે આપણા સમ્રાટ્નું શરણુ ગ્રહણુ કરવું ઉચિત છે; નહિ તો તારો પ્રાણુ બચવો કઠિન છે. વિદૂરજીનું વચન છે કે "સબ નીતનકી નીતિ યહ, રાય રંક જો કોય; સમય દેખકે અનુસરે, અંત સુખી વહ હોય." વળી ચાણાક્યે પણુ કહ્યું છે કે "માત, પિતા, ગુરૂરાજ કે, ઇનકે બચન પ્રમાણુ; ઇનકી આજ્ઞા ભંગ કરે, દુષ્ટ મનુષ્ય સો જાન." આવો વિચાર કરી ચંપતરાયે તે વખતના વર્તમાન પાદશાહ દારાશિકોહપર પત્ર પાઠવ્યો અને તેમાં પોતે તેને શરણે થવાની ઇચ્છા જણાવી. તે

સમયે દારાશિકોહ ક્ષત્રિય જાતિપર ઘણો પ્રેમ રાખતો હતો. તેથી ચંપતરાયનો પત્ર વાંચીને તેનાપર ઘણો પ્રસન્ન થઇ તેને ઘણા આદર સહિત પોતાના દરબારમાં બોલાવ્યો, અને તેને પોતાની દરબારનો સભ્ય બનાવીને કુમ્હારગઢના કિલ્લાપર નિયુક્ત કર્યો. ઈશ્વર અનુકૂળ હોવાથી ત્યાં ચંપતરાયને શીઘ્ર વિજયપ્રાપ્તિ થઇ. આથી પાદશાહે તેનાપર પ્રસન્ન થઇને તેને તેની વીરતાના પારિતોષિક તરિકે કૌંચ જીલ્લાની જાગીરી આપી. આ જાગીરીની ઉપજ પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦૦૦) ની હતી. કિંતુ ચંપતરાય ઘણા વખત સુધી શાન્તિનું સુખ ભોગવી શક્યા નહિ. એક વખત તે પાદશાહની આજ્ઞાનુસાર દિલ્લી ગયા હતા ત્યારે પહાડસિંહે પોતાના એક ગુપ્તચર મારફતે પાદશાહની એક ચીજ ચોરાવીને તેને ચંપતરાયના મુકામપર રખાવી દીધી. જ્યારે પાદશાહી મહાલયમાં તે ચીજને માટે તપાસ થવા લાગી ત્યારે પહાડસિંહનો ગુપ્તચર પાદશાહને કહેવા લાગ્યો કે "જહાંપનાહ! આપે ચંપતરાયને એક મોટી જાગીરી આપીને તેનો દરજ્જો વધારી દીધો છે, પરન્તુ તેની નીચ આદત કંઇ જાય? મને તેનાપર મજબુત શક છે!" પાદશાહે ચંપતરાયના મુકામપર ખોજ કરાવી તો તે ચીજ ત્યાંથી જડી આવી. આથી નારાજ થઇને પાદશાહે ચંપતરાયને આપેલી જાગીરી ખાલસા કરી નાંખી. ચંપતરાયને આ આકસ્મિક આપત્તિથી નાઇલાજ થઇને પુનઃ પોતાનો નિર્વાહ પહાડો અને જંગલોમાં કરવો પડયો.

હવે ચંપતરાય પર અતુલ આપત્તિઓનું દલ તુટી પડયું. એક તરફ પાદશાહ અને બીજી તરફ પહાડસિંહ એ ઉભયનાં માણસો તેને કાયર કરવા લાગ્યાં. ચારે તરફથી તેને ઘેરવા લાગ્યાં. એક દિવસ તે જંગલમાં વિશ્રામ કરતા હતા તે વખતે પાદશાહી સૈન્યે તેમના પર આક્રમણ કર્યું. ચંપતરાય પોતાની રાણી સાથે એક તરફ ભાગી ગયા. અન્ય સિપાઇઓ પણ પોતાના પ્રાણનું રક્ષણ કરવાને માટે અહીં-

તહીં નાસી ગયા, પરન્તુ ચંપતરાયનો ષોડષ વર્ષીય તરુણ પુત્ર કે જે એક નિકટના તળાવમાં જળક્રીડા કરતો હતો તે યવનોના હાથમાં સપડાઇ ગયો, તેણે પોતાનું ક્ષાત્ર તેજ યવનોને બતાવી આપ્યું પણ સોમાં એક શું કરે ? આખરે તે હાર્યો અને યવનોને હાથે માર્યો ગયો.

પુત્રવધની વાત સાંભળીને ચંપતરાય તથા તેની પત્નીને અતિશય શોક થયો. તેમનાં હૃદય શોકથી દગ્ધ થઇ ગયાં અને તેમને આ સંસાર શૂન્ય ભાસવા લાગ્યો. ચંપતરાયનું ચિત્ત સર્વ કાર્યો પરથી પરાવૃત્ત થઇ ગયું અને તેથી તેનું સૈન્ય પણ શનૈઃ શનૈઃ ન્યૂન થવા લાગ્યું. હવે તેની એવી બુરી દશા થઇ કે તે પાંચ દશ માણસમાં બેસીને વાર્તાલાપ પણ કરી શકતા નહોતા. એક વખત તે કકરકચનના પર્વત પર વિશ્રામ કરતા હતા એવામાં પાદશાહના સૈન્યે આવીને તે પહાડને ચારે તરફથી ઘેરી લીધો અને કેટલાંક માણસો તેને બંદીવાન કરવાને માટે પહાડપર ચઢવા લાગ્યાં. આ આપત્તિ જોઇ ચંપતરાયે વિચાર કર્યો, કે આ દુષ્ટોના હાથમાં બંદીવાન થવું તેના કરતાં પ્રાણ ત્યાગ કરવો વિશેષ ઉચિત છે. એવો વિચાર કરી ઇષ્ટ દેવનું સ્મરણ કરી, રાણીને પોતાની પીઠ પર બાંધી તેમણે તે પહાડ પરથી ભુસ્કો માર્યો અને બે ફર્લાંગના અંતર પર આવેલા એક પહાડ પર તેઓ કુદી પડયાં.

આ વખતે રાણીને ગર્ભ હતો, તેને છ માસ પશ્ચાત્ મોરપહાડીના જંગલમાં છત્રસાલજી અવતર્યા. આ જંગલ કટેરાની દક્ષિણે ત્રણ કોસપર આવેલું છે. છત્રસાલજીની વય છ માસની થઇ ત્યારે ચંપતરાવજીએ રાણીને તેમને પિયેર મોકલી આપ્યાં અને પોતે એકલાજ રહ્યા. જ્યારે છત્રસાલ ચાર વર્ષના થયા ત્યારે રાણી પુનઃ ચંપતરાયને આવી મળ્યાં અને એ સિંહ સિંહણ ઉભય વનમાં સ્વચ્છંદ વિચરવા લાગ્યાં અને પોતાનું આયુષ્ય વ્યતીત કરવા લાગ્યાં.

યદ્યપિ ચંપતરાય હવે કોઇનો અપરાધ વા કોઇનું અનિષ્ટ કરતા નહોતા, કેવળ શાન્તિસુખ પ્રાપ્ત કરવાનાજ માર્ગમાં હતા, પરન્તુ પ્રથમ ઉપદ્રવ કરીને પછી સંતોષ ધારણ કરી શાન્તિ સુખની અભિલાષા કરવી એ બાવળનું બીજ રોપીને આમ્રફળની આશા રાખવા સમાન વ્યર્થ છે. રાજા પહાડસિંહને આ વીર પુરુષ નિરંતર શલ્ય સમાન ખુંચતો હતો અને તેથી તેનો પ્રાણ લેવાને માટે તે નાનાવિધ પ્રયત્ન કરતો હતો. દૈવયોગથી આખરે તેની દુરાશા પરિપૂર્ણ થઇ. પહાડસિંહે તક જોઇને પાદશાહના સૈન્ય પાસે ધામૌની જંગલમાં તેનાપર હલ્લો કરાવ્યો. આ વખતે ચંપતરાયની પાસે કેવળ ૬૦ શસ્ત્રધારી સિપાઇઓ હતા. આ સિપાઇઓએ રક્ષણનો કોઇ પણ માર્ગ ન રહેવાથી રણક્ષેત્રમાં આત્મોત્સર્ગ કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો. ચંપતરાયજીએ પોતાની રાણી સહિત અશ્વારૂઢ થઈ પોતાની તેજસ્વી અસિ ધારણ કરી, મુસલમાન સેનાને પોતાના ક્ષત્રિયત્વનો પરિચય કરાવવા માંડયો અને અગણિત યવનોને રણાંગણમાં પાડયા. પરન્તુ એકનું ઔષધ બે! અંતે એક યવન સરદારે બગલપર આવી ચંપતરાયપર અસિનો ઘાવ કર્યો, આ પ્રહાર એવો સખ્ત હતો કે તેથી ચંપતરાયની ખોપરી ફાટી ગઇ. બીજા યવને ઘોડાને બંદુકની ગોળીથી વિંધી નાંખ્યો અને ત્રીજાએ ઘોડાનો તંગ કાપી નાંખ્યો. રાય રાણી ઉભય ધરાશાયી થયાં. ચંપતરાયમાં હજી કાંઈ અંશે પ્રાણ રહ્યો હતો તેથી રાણીએ પોતાની કમ્મરેથી પિસ્તોલ કાઢી અને પોતાના હાથથી પોતાના પતિના હૃદયમાં ગોળી મારી, તથા એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં પોતે પણ પોતાના અંગમાં કટાર મારી પોતાના પતિની સાથે સ્વર્ગવાસિની થઇ!! ધન્ય છે આવી વીર રમણીને! ધન્ય છે આવી વીર પત્નીને! અને ધન્ય છે આવી વીર માતાને! સહસ્ત્ર વાર ધન્ય છે આવી વીર સ્ત્રીને! આવી વીર માતાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલા

છત્રસાલજી સમસ્ત ભરતખંડના સમ્રાટ્ ન થયા એ પણ એક આશ્ચર્યની અને ભરતખંડના દુર્દૈવની વાત છે! જો ભારતની સ્ત્રીઓ પુનઃ પોતાનાં આવાં શુદ્ધાચરણ ગ્રહણ કરે તો આ ભારતભૂમિ પુનઃ પોતાની [1] ઉન્નત દશાને પ્રાપ્ત થાય એમાં કાંઈ પણ શક નથી.

(૪) છત્રસાલજીનો જન્મ.

दोहा.

पद्माकर किन सिंहको, कियो राज्य अभिषेक;
अपने बल मृगराज भौ, हन गजराज अनेक.

ઇ. સ. ૧૬૪૯, સંવત્ ૧૭૦૬, શાકે ૧૫૭૧ જ્યેષ્ઠ માસ શુક્લપક્ષ તૃતીયાને સોમવારે શત્રુને પરાજીત કરનાર સ્વદેશની રક્ષા કરી, ક્ષત્રિય ધર્મની ચિરસ્થાયી કીર્તિ સ્થાપિત કરનાર છત્રસાલનો જન્મ વીરમાતાના ઉદરથી થયો.

છત્રસાલજીનો જન્મ શહેનશાહ જલાલુદીન મહમ્મદ અકબરની પેઠે જંગલમાંજ થયો હતો. છત્રસાલે જન્મ લેતાંની સાથેજ તોપોના ભયંકર અવાજ સાંભળ્યા હતા, બંદુકના ધ્વનિ સાંભળ્યા હતા, અને મારો, પકડો એવી ધુમાધુમ તથા ભીષણ અવાજો પણ સાંભળ્યા હતા અને ખચાખચ અસિપ્રહારથી રુધિરમાં તરબોલ થયેલા મૃત તથા ઘાયલ વીરોનાં શરીરો જોયાં હતાં. આ પ્રકારે ઘોર

---

૧ આ સમય એવો હતો કે રાણીએ જે કાર્ય કર્યું તે પ્રશસ્ય હતું. કારણકે જો તેણે પોતાના હૃદયમાં ગોળી મારી ન હોત અને પોતાનો પ્રાણ લીધો ન હોત તો પ્રાણની સાથે મર્યાદા પણ જવાનો સંભવ હતો. રાયને પણ એવા ઘાવ લાગી ચૂકયા હતા કે તેના પ્રાણનું રક્ષણ થવાની લેશ પણ આશા નહોતી.

સંગ્રામ, જંગલ, પહાડ, બંદુક, તરવારાદિ જોતાં તથા મારો પકડોની લલકાર સાંભળતાં સાંભળતાં તેના છ માસ વ્યતીત થયા હતા.

છત્રસાલના આયુષ્યનો સાતમો માસ શરૂ થયો હતો. એ સમયની એવી વાત છે કે એક દિવસે તેનાં માતપિતા થોડાક સિપાઇઓની સાથે ભોજન લેતાં હતાં અને તેમના ઇતર સૈનિકો પણ આમ તેમ ભ્રમણ કરતા પોતાના ઉદરની પ્રજ્વલિત જઠરાગ્નિને શાન્ત કરવાનાં સાધનો ઢુંઢતા હતા. આવો પ્રકાર ચાલી રહ્યો હતો એવામાં પાદશાહનું સૈન્ય એકાએક આવી પહોંચ્યું ! પાદશાહના અનેક સૈનિકો દ્રષ્ટિગોચર થતાંજ જેને જેમ ફાવ્યું તેમ સૌ પ્રાણસંરક્ષણને માટે નાસી ગયા. ચંપતરાય અને રાણી પણ ઘોડાની પીઠ પર ચઢી બેસી એક તરફ ચાલ્યાં ગયાં અને બિચારૂ કુમળું બાળક ત્યાં રો રો કરતુંજ રહ્યું. આહા ! પ્રાણ કરતાં કોઇ પણ વસ્તુ અધિક પ્રિય નથી એ ઇશ્વિરી નિયમ કેવો સર્વત્ર પ્રસરી રહ્યો છે ! જ્યારે મનુષ્યના પ્રાણ પર સંકટ આવી પડે છે ત્યારે તેને ઇતર કોઇ પણ વસ્તુની સ્મૃતિ રહેતી નથી. સર્વે નાશી ગયાં પણ બિચારૂં છ માસનું બાળક નાશીને ક્યાં જાય ? મુસલમાન સૈનિકો ઘેરો, પકડો, મારો, કાપો આદિ બૂમો પાડતા પોતાના તેજસ્વી ઘોડાઓ દોડાવતા અને તેજસ્વી અસિ ચમકાવતા જોસભેર ચાલ્યા જતા હતા. પ્રાયઃ એક હજાર ઘોડેસ્વાર છત્રસાલની આસપાસ થઇને નીકળી ગયા, પરન્તુ છત્રસાલનો વાળ પણ વાંકો થયો નહિ. પ્રભુની વિચિત્ર લીલા કોણ સમજી શકે ! 'રામ રાખે તેને કોણ ચાખે' એ અક્ષરશઃ સત્ય પડયું. સર્વવ્યાપી, દીનદયાળુ પરમાત્મા આ સમયે છત્રસાલની મદદે ધાયા, જેણે નવ માસ માતાના ગર્ભમાં સંરક્ષણ કર્યું તે છ માસના બાળકનું રોદન ન સાંભળે ? પ્રાર્થના પ્રભુને ત્યાં સ્વીકારવામાં આવી. તેમણે તેના રક્ષણકર્તાને મોકલી આપ્યો. ચંપતરાયનો એક સૈનિક પગમાં ગોળી વાગ-

વાથી અશક્ત થઇ ગયો હતો, તેથી તે નાશી શકતો નહોતો. તે બિચારો મુસલમાનોનું સૈન્ય આવતું જોઇ એક પર્વતની ગુફામાં ભરાઇ સંતાઇ ગયો. ત્યાં થોડી વાર પછી તેને એક બાળકનો રોદન-ધ્વનિ કર્ણે પડયો. તે ઉતાવળો ઉતાવળો પેલી ગુફામાંથી બહાર નીકળ્યો અને જે દિશામાંથી સ્વર આવતો હતો તે દિશા તરફ ગયો. આહા ! પોતાના સ્વામિના એકના એક પુત્રને આવી અસહાય દશામાં જોઇને તેના મનમાં કેવી લાગણી ઉદ્દભવી હશે ? તેણે તરતજ બાળક છત્રસાલને પોતાના હાથમાં ઉઠાવી લીધો અને પાછો જઇને પર્વતની ગુફામાં ભરાયો. ઇશ્વરકૃપાથી કોઇ પણ યવન સૈનિકના જોવામાં તે આવ્યો નહોતો. બે દિવસ પર્યંત પેલા સ્વામિભક્ત સેવકે બાળક છત્રસાલને ફળનો રસ પાઇને જીવંત રાખ્યો. એટલામાં તેનાં માત-પિતા આવી પહોંચ્યાં. પોતાના બાળકને સુરક્ષિત જોઇને તેમને કેટલો આનંદ થયો હશે તેનું વર્ણન કોણ કરી શકે એમ છે ? અમારી જડ લેખિનીમાં તે આનંદ વર્ણવવાની શક્તિ લેશ પણ નથી.

હવે ચંપતરાયે વિચાર કર્યો કે બાળક છત્રસાલને પોતાની સાથે રાખવો ઉચિત નથી. જેથી તેમણે બાળક સહિત રાણીને તેમને પિયર મોકલી આપ્યાં. અને છત્રસાલની ઉમ્મર ચાર વર્ષની થઈ ત્યાં સુધી તે ત્યાંજ રહ્યાં.

ત્યાર પછી રાણી પોતાના પુત્રને લઇને પુનઃ જંગલમાં આવી પોતાના પતિને મળ્યાં. હવે છત્રસાલ ધીમે ધીમે ચાલવા તથા તોતડા શબ્દો બોલવા લાગ્યા. તેના કાલા કાલા શબ્દો સાંભળીને માતપિતાને અનિર્વાચ્ય આનંદ થતો. આટલી નાની વયમાં પણ છત્રસાલ પોતાના પિતાના હસ્તથી મૃત્યુ પામેલા શત્રુઓનાં મૃત શરીરો જોઇને પ્રસન્ન થતો. આજકાલના નામર્દ છોકરાઓની પેઠે રુધિર જોઇને તે રોદન કરતો નહોતો, પરન્તુ સ્મિત હાસ્ય કરી આનંદ પ્રદ-

ર્શિત કરતો હતો—અને કદિ કદિ તો તે રક્તમાં આળોટવાને માટે દોડતો હતો. તે તોપ અને બંદુકની ભયંકર ગર્જના સાંભળીને માતાની સોડમાં મુખ છુપાવતો નહોતો. પરન્તુ તે સાંભળીને મુદિત થતો હતો અને પુનઃ તે ગર્જના સાંભળવાની અભિલાષા પ્રકટ કરતો હતો. છત્રસાલની માતા એક ચતુર સ્ત્રી હતી અને તે થોડે ઘણે અંશે વિદુષી પણ હતી, તેથી તે હાલની મૂર્ખ માતાઓની પેઠે "પેલો બાવો પકડી જશે! જો! પેલો સિપાઈ લઈ જશે!" એવા શબ્દો કહી તેના હૃદયમાં ભીતિનાં બીજ વાવતી નહોતી પરન્તુ તેને વીર પુરુષોનાં વૃત્તાન્તો કહી સંભળાવતી હતી. તે તેને કાયર બનાવનારી વાર્તાઓ કહેતી નહોતી, પરન્તુ ધર્મનિષ્ઠાને જાગૃત કરે અને શૌર્યને ઉત્તેજન આપે એવી કથાઓ કહી સંભળાવતી હતી. ઉત્તરાવસ્થામાં છત્રસાલે જે પરાક્રમ કર્યાં તેનાં બીજ આ પૂર્વાવસ્થામાંજ વવાઇ ચૂક્યાં હતાં. છત્રસાલના કોમળ હૃદયપર **વીર**રસની એવી ઉંડી છાપ પડી કે તે જન્મપર્યંત ભુસાઇ નહિ. દિવસાનુદિવસ તેના શરીરના વિકાસની સાથે તેનું વીરત્વ પણ વૃદ્ધિ પામતું ગયું.

આ વાત તો સર્વમાન્ય અને સિદ્ધ થઈ ચૂકી છે કે બાલ્યાવસ્થામાં બાળકના મગજપર જેવો સંસ્કાર પડે છે તેવોજ તેનો સ્વભાવ બંધાઈ જાય છે અને તે સ્વભાવ તેના મરણ પર્યંત જતો નથી. મનુષ્યની વય જેમ જેમ વૃદ્ધિંગત થતી જાય છે તેમ તેમ તે પોતાના સમાન સ્વભાવનાં માણુસો ઢુંઢે છે અને તેથી તેનો સ્વભાવ ધટ્ટ થવામાં સહાયતા મળે છે. અંતે સ્વભાવ મનુષ્યને પોતાના સ્વભાવમાં લીન કરી લે છે અને મનુષ્યનો નાશ થાય છે તોપણુ તે સ્વભાવની સુકીર્તિ વા અપકીર્તિ આ લોકમાં કેટલાક કાળ પર્યંત વિદ્યમાન રહે છે. બાળકનું સુધરવું વા બગડવું માતાના શિક્ષણુપર રહેલું છે.

હવે છત્રસાલની વય સાત વર્ષની થઇ ત્યારે ચંપતરાયે તેને

વિદ્યાધ્યયન કરાવવાને માટે તેના માતામહને ત્યાં મોકલી દીધો. તેને ત્યાં ગયે માત્ર ૨ માસ ૧૩ દિવસ થયા હતા એવામાંજ માતપિતાના મૃત્યુના અમંગળ સમાચાર તેણે સાંભળ્યા. આ સમાચાર ચંપતરાયના એક અતિ વિશ્વાસુ સિપાઇએ છત્રસાલને પહોંચાડયા. પ્રસ્તુત હૃદય-વિદારક સમાચાર સાંભળીને છત્રસાલ અતિ દુઃખી થયા. હવે આ સપ્ત વર્ષીય બાળકને ઉંચે આભ અને નીચે ધરતી એ શિવાય અન્ય કોનો આશ્રય હતો? છત્રસાલના શોકનું વર્ણન કરવાની કયી કલમમાં શક્તિ છે?

પરન્તુ છત્રસાલ કાંઇ સાધારણ બાળક નહોતો. યદ્યપિ તેની ઉમ્મર આ વખતે માત્ર સાત વર્ષનીજ હતી તોપણ તેની સ્વાભાવિક-શક્તિ અતિ પ્રબળ હતી. છત્રસાલ પોતાનાં માતપિતાની મરણોત્તર ક્રિયા કરી પ્રકૃતિદેવીને પોતાની માતા અને સર્વશક્તિમાન જગદીશ્વરને પોતાનો પિતા સમજી વિદ્યાધ્યયનમાં દત્તચિત્ત થઇ ગયો અને બુન્દેલખંડની પ્રાચીન પ્રણાલીઅનુસાર રામચન્દ્રિકા તથા થોડો ઘણો ગણિતનો અભ્યાસ કરીને ૧૩ વર્ષની વયે વિદ્યાધ્યયનમાંથી નિવૃત્ત થયો.

પઠન પાઠનથી નિવૃત્ત થઈને એક દિવસ તેમણે મનમાં વિચાર કર્યો કે "મામાને ત્યાં રહેવું ઉચિત નથી. આપણા ઘરમાં જઈને રહેવુંજ ઉચિત છે. પિત્રાઇઓ જો જાગીરમાંથી ભાગ નહિ આપે તો તેમને પણ જોઇ લઇશું. શું હું વીરપુત્ર નથી? શું મારી પોતાનીજ મિલ્કતપર અધિકાર પ્રાપ્ત કરવો એ શું કઠિન કાર્ય છે? મને કોઈ સાહાય્યકર્તા નથી એ વાત ખરી, પરન્તુ સાહસ કરીશું તો શું ઇશ્વર સાહાય્ય નહિ કરશે? ઇશ્વર સર્વવ્યાપી છે તો શું તે મારી પ્રાર્થના નહિ સાંભળે?" જ્યારથી છત્રસાલે પોતાની છ માસની વયમાં યવન સૈનિકોના પંજામાંથી પોતાનું રક્ષણ થયાની વાત સાંભળી હતી ત્યારથી ઇશ્વરના અસ્તિત્વ અને ઇશ્વરની શક્તિ વિષે તેને પૂર્ણ શ્રદ્ધા ચોંટી ગઇ હતી.

અને વાસ્તવમાં જે ઈશ્વરપર શ્રદ્ધા રાખે છે તેને તેની સાહાય્ય મળે છેજ.

ઉક્ત વિચારને આચારમાં મૂકવાને છત્રસાલ તૈયાર થયો. સત્પુરુષોના વિચાર આવાજ દૃઢ હોય છે અને દ્રઢતાને લીધેજ કઠિનમાં કઠિન કાર્ય પણ સિદ્ધ થઇ શકે છે. છત્રસાલે પોતાના મામાના ઘરનો ત્યાગ કર્યો અને એક હાથમાં ધનુષ્યબાણુ લઇને તથા બીજી બગલમાં રામચન્દ્રિકાનું પુસ્તક ઘાલીને પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

ઉક્ત ઘટનાને ચાર દિવસ વ્યતીત થઈ ગયા છે. છત્રસાલ દૈલવારા નામના ગામની નજીક એક વટવૃક્ષની છાયામાં બેઠો છે. મામાને ઘેરથી નીકળ્યા પછી તેનાપર શું શું સંકટ પડયાં હશે તે તો ઇશ્વરજ જાણે, પરન્તુ તેની ખિન્ન આકૃતિપરથી એવો ભાસ થાય છે કે તે કોઈ ગૂઢ વિચારમાં નિમગ્ન છે અને એ ગૂઢ વિચારનું કારણુ પણ કોઈ વિશેષ આપત્તિનું આક્રમણ છે. મહાપુરુષોનું આ એક લક્ષણુ છે કે તે કોઇ પણ ભાવી વા પ્રત્યક્ષ આપત્તિથી મુગ્ધ થઇ જ્ઞાનશૂન્ય બની ભાગ્યનું રોદન કરતા નથી, પરન્તુ આપત્તિને છિન્નભિન્ન કરી નાંખવાના ઉપાયો શોધે છે. અનુમાન થાય છે કે આ સમયે છત્રસાલની પાસે દ્રવ્ય નહોતું અને તેઓ ક્ષુધાથી અત્યંત પીડિત હતા, તેથી તેમનાં તેજસ્વી ચક્ષુ ઉંડાં પેસી ગયાં હતાં. પરન્તુ નિરાશા, ભય, સંકલ્પ, વિકલ્પ, તૃષ્ણા આદિ વિકારો માત્ર સ્વાર્થી મનુષ્યો પરજ અસર કરી શકે છે, પરન્તુ ઈશ્વરપર પૂર્ણ શ્રદ્ધા રાખનાર મનુષ્યપર તેની લેશ પણ અસર થઈ શકતી નથી. અકસ્માત્ છત્રસાલે ઉન્નત મસ્તક કરી જોયું તો એક દીર્ઘકાય મનુષ્ય તેની દૃષ્ટિએ પડયો. આ મનુષ્યની વય પ્રાયઃ ૫૦ વર્ષની હશે. આ મનુષ્ય છત્રસાલની સામે આવીને ગંભીર દ્રષ્ટિથી તેનું અવલોકન કરી રહ્યો હતો. યદ્યપિ તે મનુષ્યની આકૃતિપરથી સ્પષ્ટ રીતે જણાતું હતું કે તે શૂદ્રકુલોત્પન્ન છે, પરન્તુ તેનું હૃદય શૂદ્ર છે કે કેમ તે છત્રસાલ સમજી

શકતો નહોતો. છત્રસાલે તેના પ્રતિ દૃષ્ટિપાત કર્યો એટલે તે અત્યંત મધુર વાણીથી બોલ્યો:—

"આપ અહીંઆં શા માટે વિરાજ્યા છો ?"

છત્રસાલે આનો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. આથી તે પુનઃ બોલ્યો "આપ એકલાજ છો કે આપની સાથે અન્ય કોઈ છે? આપ ક્યાંથી આવ્યા છો અને ક્યાં જાઓ છો? મહેરબાની કરીને આપ આ સેવકને ત્યાં પધારશો તો મારે ઘેર જે સુકો લુખો રોટલો હશે તે આપની સેવામાં સાદર કરીશ. આજનો દિવસ મારે ત્યાં આરામ કરો અને પછી તમારે જ્યાં જવું હશે ત્યાં તમને મૂકવાને માટે હું આવીશ."

મનની ગતિ જાણવામાં મન અતિ ચતુર હોય છે. ઉક્ત શૂદ્રનાં પ્રેમભર્યાં વચનો સાંભળીને છત્રસાલે ઉત્તર આપ્યો "ભાઈ! હું સંસારમાં એકલો છું. ફક્ત ઈશ્વરજ મારો સાથી છે. હું મહેવા જવા ઇચ્છું છું." મહેવાનું નામ સાંભળતાંજ તે શૂદ્રની મુખાકૃતિ પર કરુણા, શોક, આનંદ અને આશ્ચર્યથી મિશ્રિત લાગણીનો આવિર્ભાવ જણાયો. તેણે ઉત્સુકતાપૂર્વક પ્રશ્ન કર્યો "આપના પિતાનું નામ કૃપા કરીને મને જણાવશો?" છત્રસાલે ઉત્તર આપ્યો "મારા પિતાનું નામ ચંપતરાય અને હું તેમનો નાનો પુત્ર છત્રસાલ છું."

ચંપતરાયનું નામ સાંભળતાંની સાથેજ તે શૂદ્રના નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી; તે ચંપતરાયના ગુણો સંભારી સંભારી રોવા લાગ્યો અને છત્રસાલને ચરણે પડયો. આ દ્રશ્ય જોઇ છત્રસાલની આંખમાંથી પણ અશ્રુધારા ચાલવા લાગી. થોડીવાર પછી તે શૂદ્ર બોલ્યો "રાજા સાહેબ! આપ તો અમારા અન્નદાતા છો. મેં તો આખી જીંદગી સુધી રાવસાહેબની નોકરી કરી છે. આ દેહ આપની સેવાને માટે સદા તત્પર છે." છત્રસાલજી આ શૂદ્રનો શુદ્ધ

પ્રેમ ઓળખી ગયા. શૂદ્રની સાથે સાથે તેને ઘેર ગયા. ઉક્ત શૂદ્રે છત્રસાલજીને બે દિવસ પર્યંત અતિ પ્રેમથી પોતાને ઘેર રાખી એક અશ્વ ખરીદ કરી તેપર તેમને બેસાડી, પોતે તેની સાથે જઈ તેમને મહેવા પહોંચાડયા.

છત્રસાલજી મહેવામાં પોતાના પિત્રાઇ સુજાનરાયને ઘેર ગયા. તેમને ચરણે પડી પ્રણામ કરી તેમની સામે બે હાથ જોડી ઊભા રહ્યા. તેને જોઇને સુજાનરાય વિમૂઢ થઈ ગયો અને પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો " આ કોણ હશે ? અને હું એનો કાકો શા રીતે થાઉં ? એ ગોપાલરાય તો છે નહિ.* રતનશાહ છે કે નહિ તે કોણ જાણે ? અંગદરાય તો દેવગઢમાં છે. અને બિચારા સુશાલશાહનું તો સ્મરણ થતાંજ હૃદય ફાટે છે. તે તો બિચારો સંસારમાંજ નથી. એ ચંપતરાયનો નાનો છોકરો તો નથી કે જે પોતાના મોસાળમાં હતો ?" તે આ પ્રમાણે વિચાર કરતો હતો એટલે તરત છત્રસાલે પોતાનું નામ તથા પોતાની હકીકત જણાવી. તેની હકીકત સાંભળીને સુજાનરાયની આંખમાંથી પણ અશ્રુ નીકળ્યાં અને પ્રેમથી ગદ્દગદ્દ થઈ છત્રસાલને પોતાની ગોદમાં લઇ તે તેના મસ્તકપર હાથ ફેરવવા લાગ્યો.

આ વખતથી છત્રસાલ આનંદપૂર્વક પોતાના કાકા સુજાનરાયને ત્યાં રહેવા લાગ્યા. તેમના વિદ્યાભ્યાસની વ્યવસ્થા પણ અહીંઆં સારી થઈ. ત્રણ વર્ષ સુધી તેણે નીતિ અને કાવ્યનો અભ્યાસ કર્યો. તેમજ તલવાર વાપરવી, બંદુક ફોડવી, અશ્વારોહણ કરવું આદિ વીરકર્મો પણ તેમણે શીખી લીધાં. એમ કહેવાય છે કે તેમની તે કૌમારાવસ્થામાં પણ તેમના ધનુષ્યમાંથી છુટેલું બાણ અર્ધ માઇલ સુધી જતું

* ચંપતરાયને પાંચ છોકરા હતા. ગોપાલરાય, રતનશાહ, અંગદરાય, શારવાહન અને છત્રસાલ.

હતું. પિસ્તોલ બાજીમાં સારા સારા ઉસ્તાદો પણ એને પોતાનો ઉસ્તાદ માનતા હતા. વળી તેઓ શસ્ત્રવિદ્યામાં ઘણા કુશળ હતા અને દશ શસ્ત્રધારી મનુષ્યોને પોતાનાથી દૂર રાખી શકતા હતા. ચૌદ વર્ષની ઉમરમાં તો તેઓ તે વખતની પ્રચલિત સર્વ પ્રકારની અસ્ત્રશસ્ત્રાદિક વિદ્યાઓમાં પ્રવીણ થઇ ગયા.

હવે છત્રસાલજી શીખી ભણીને તથા અસ્ત્રશસ્ત્રાદિ વિદ્યાઓમાં નિપુણ થયા એટલે તેમણે શાળાનો અભ્યાસ છોડી દીધો. પરન્તુ મન કદિ સ્થિર રહે છે? તેને તો કાંઇ ને કાંઇ કાર્ય જોઇએજ છે. તે એકાદ કાર્ય કરી પરવારે છે એટલે નાના પ્રકારના સંકલ્પ વિકલ્પોમાં ગુંથાય છે. છત્રસાલજીને કોઈ વખત પોતાના બન્ધુ શારવાહનનું યવનોના હાથથી થયેલું મૃત્યુ સાંભરી આવતું અને કોઇ વખત પોતાના પિતા ચંપતરાયની વિપત્તિઓનું સ્મરણ થઈ આવતું. તે કદિ કદિ પાદશાહના પ્રચંડ લશ્કર વિષે વિચાર કરતા તો કોઇ વખત વીરતા અને વીરોચિત કર્મોનું કાલ્પનિક ચિત્ર ખેંચી માનસિક દ્રષ્ટિથી તેને જોતા. તેના મનમાં કદિ પણ ભય, નિરાશા, અધર્મ અને અન્યાયના વિચાર આવતા નહોતા. સત્પુરુષોના મનમાં સદ્વિચારોનોજ વાસ હોય છે.

(૫) છત્રસાલજીની યુવાવસ્થા.

હવે છત્રસાલજી છેક બાળક પણ નથી તેમ યુવા પણ નથી, પ્રિય વાચકો! આ ઉમરની કોઇ સ્ત્રી હોત તો તેને વયઃસન્ધિ નાયિકાના નામથી સમ્બોધન કરત, તો શું આપણે છત્રસાલજીને વયઃસન્ધિ નાયક લખવા? નહિ. જ્યારે આપણે તેમને **વીર છત્રસાલ**ના નામથીજ સંબોધીશું. વીર છત્રધારીઓના ગુણોથી યુક્ત છત્રસાલજી સ્વરૂપવાન વીર હતા. તારુણ્યના પ્રકાશ ઉપર મદન નૃપતિનું સામ્રા-

જ્ય પ્રવર્તવાથી તેઓ એક લાવણ્યતાની દિવ્ય મૂર્તિ સમ બની રહ્યા હતા. મદનનું અલૌકિક લાલિત્ય તેમનાં રોમરોમથી ઝળકતું હતું અને જોનારનું ચિત્ત ચોરી લેતું હતું. જેને અંગ્રેજીમાં 'લેડી કિલર' (Lady killer સ્ત્રી હૃદયવિહારક) કહેવામાં આવે છે તેવું છત્રસાલજીનું દિવ્ય સ્વરૂપ હતું. પરન્તુ આજકાલના યુવકોની પેઠે મસ્તક પર તૈલ મર્દન કરી, વાળના સેંતા પાડી, સુંદર કોટ પહેરી, નાજુક નાજનીનની પેઠે, આંખના ઇસારા કરી ગલીઓમાં રઝળતાં રખડતાં છત્રસાલજી શીખ્યા નહોતા. પાઠક ! આનું શું કારણ હશે ! એને ઉત્તર એજ છે કે છત્રસાલજીએ હજી કદિ પણ વિષયનું નામ સાંભળ્યું નહોતું. આ સર્વ લક્ષણોને બદલે તેમના નયનોમાં તેજ, શાન્તિ, અને સંકોચ એ ગુણો આવ્યા હતા. તેઓ ગુરુજનની સમક્ષ લજ્જાથી નીચે જોતા હતા. તેમના મનમાં કદિ કોઇ સમય કુત્સિત વિચારો આવતા નહોતા, પરન્તુ નિરંતર શ્રેષ્ઠ વિચારોનીજ શ્રેણી તેમના હૃદયમાં ઉત્પન્ન થયા કરતી હતી. મનમાં ઈશ્વર પર દ્રઢ વિશ્વાસ, અને હાથમાં કલમને બદલે તલવાર ગ્રહણ કરી તેઓ સદા યવનોના સંહાર કરવાના વિચારમાં ફરતા હતા. તેઓ અન્ય યુવકોની પેઠે પોતાનો અમૂલ્ય સમય પાનાં રમવામાં અથવા દ્યૂત ખેલવામાં ગાળતા નહોતા. યૌવન પ્રાપ્ત થતાં તેમના અંગમાં મોટું પરિવર્તન થઈ ગયું અને તેઓ હવે **વીર છત્રસાલ** થયા.

વીર છત્રસાલજી વીર વેષને યોગ્ય મસ્તક પર ફેંટા બાંધી, સુરવાળ પહેરી, પગમાં બુન્દેલખંડી જોડા ચઢાવી, કમરમાં તલવાર, કટારી, ગુપ્તી આદિ શસ્ત્રો ધારણ કરી, સ્કંધ પર ધનુષ્ય બાણ લઇ, હાથમાં બંદુક ગ્રહણ કરી જંગલમાં શિકાર કર્યા કરતા. તેઓ જો કે આ પ્રકારના ખેલોમાં નિમગ્ન થતા તોપણ શત્રુઓના સંહારનો વિચાર તેમના હૃદયમાંથી જરા પણ ખસ્યો નહોતો.

એક દિવસ છત્રસાલે પોતાના મનની વાત પોતાના કાકાજીને નિવેદન કરી અને જણાવ્યું કે; "મારૂં મન નિરંતર એવી ચિંતામાં નિમગ્ન રહે છે કે કોઇ પણ પ્રકારે શત્રુઓને તેમની દુષ્ટતાનો બદલો આપવો જોઇએ. મેં તો મારા મન સાથે આ વાતની પ્રતિજ્ઞા કરી છે. આપ આ સંબંધમાં મને સાહાય્ય આપશો ?"

છત્રસાલની આ વાત સાંભળીને સુજનરાય તો મનમાં ભયભીત થયા અને વિચારવા લાગ્યા "અરે! કોણ જાણે શો અનર્થ થનાર હશે કે આ છોકરાને આવી વાત સૂઝી! જો એ કાંઇ પણ ઉપદ્રવ કરશે તો આપણાપર કોણ જાણે શું શું વિપત્તિ આવી પડશે." આવો વિચાર કરી તેણે છત્રસાલજીને સ્પષ્ટ ઉત્તર આપ્યો કે "બેટા! તમે હજી બાળક છો અને તમારૂં મન પણ બાળક અને કોમળ છે. કોમળ વસ્તુ જરા વાયુની લહરિ લાગતાં ફાવે તે તરફ ઘુમવા મંડી જાય છે. ક્ષણિક નિશ્ચયને નિશ્ચય કહી શકાતો નથી. બેટા ! અકળાઓ નહિ! સાહસ કરી બેસવાથી પરિણામમાં પશ્ચાત્તાપ શિવાય અન્ય કાંઈ પણ ફળ આવતું નથી. જુઓ તો ખરા, આપણી પાસે સૈન્ય નથી, વીર યોદ્ધા નથી, અને ધનુષ્ય બાણનો સંગ્રહ નથી. ભલા! આવી સ્થિતિમાં બાદશાહ સાથે શિર ઉંચકી શકાય કે? વૈર લઇ શકાય કે? વળી સાંભળો, મન ઘણું ચંચળ છે, મનના અનુયાયી બનનારા માણસો નિરંતર દુઃખ અને શોકમાં ડૂબેલા રહે છે, પણ મનને વશ કરનારા પુરુષોજ નિરંતર શાન્તિ, સુખ, તેમજ અન્ય લાભ પણ ભોગવે છે. તેમનો સંસાર સુખમય હોય છે, તેમનું કુટુંબ આનંદમાં નિમગ્ન હોય છે અને તેમને કોઇ પણ પ્રકારનું કષ્ટ ભોગવવું પડતું નથી. શાન્તિ અને સંતોષ એ ઇશ્વરનાં સ્વરૂપ છે અને ચંચળતા એ માયાનું સ્વરૂપ છે; માટે મનની આજ્ઞા પ્રમાણે વર્તવું અને તેના ચક્રમાં પડવું એ કેવળ મૂર્ખતા છે."

કાકાજી સુજાનરાયનો ઉપલો બોધ સાંભળીને વીર છત્રસાલજીએ પોતાના મન સાથે થોડો વિચાર કરીને પ્રત્યુત્તર આપ્યો "કાકાજી સાહેબ! આપની શિક્ષા ઉત્તમ છે. પરન્તુ પ્રત્યેક વિષયને માટે વિશેષ સમય અને વિશેષ વિધિ પણ નિયુક્ત હોય છે એ વાત આપ જાણો છો? વિષયનું યોગ્ય જ્ઞાન ન હોવાથીજ કોઇ પણ કાર્ય બરાબર થઈ શકતું નથી. આથી આધુનિક અલ્પજ્ઞાની પુરુષો શાસ્ત્ર અને ઇશ્વરનો દોષ કાઢે છે. તેઓ પોતાની ભ્રમમય બુદ્ધિનો દોષ કાઢતા નથી. મારો તો મુખ્ય સિદ્ધાંત એ છે કે મનુષ્યના શરીરમાં સત્ સ્વરૂપ આત્મા વિદ્યમાન છે, માટે જે કાર્ય કરવામાં આત્મા સમ્મતિ ન આપે તે અધર્મ અને અકર્તવ્ય છે, અને તેજ કર્મને મનના આવેગથી ઉત્પન્ન થયેલું માનવું; પરન્તુ જે કાર્ય કરવામાં વા તેનું સ્મરણ કરવામાં આત્મા સુદ્રઢ રીતે સમ્મતિ આપે તે ધર્મ વા કર્તવ્ય છે અને તે કાર્ય કરવાથી મનુષ્યનું શ્રેય થાય છે. આત્માથી પ્રેરિત થયેલા મનનાં સંકલ્પિત કાર્યને સાક્ષાત્ ઇશ્વરનીજ આજ્ઞા સમજવી જોઇએ."

આ પ્રમાણે કહીને છત્રસાલજી એકદમ ઉઠીને ખડા થયા અને પોતાનાં હથીઆરો લઇને ચાલતા થયા. તેઓ ગામમાંથી નીકળીને પૂર્વ દિશામાં આવેલા જંગલમાં ચાલ્યા ગયા અને ત્યાં મસ્ત અવસ્થામાં આમ તેમ ઘુમવા લાગ્યા. તે સમયે એક હરણ છત્રસાલની ક્રોધમય તથા પ્રકાશિત આંખોની સન્મુખ આવી પડ્યું. છત્રસાલની આંખો તેની આંખો સાથે મળી. વીર છત્રસાલે ધનુષ્યપર બાણ ચઢાવ્યું અને એકજ બાણ મારીને હરણના પ્રાણ લીધા. વીર છત્રસાલ મૃત હરણને પોતાની પીઠપર નાંખી ઘર તરફ ચાલ્યા. સંધ્યાકાળે ઘેર આવ્યા અને દરવાજાપર બેઠેલા સુજાનરાયની સમક્ષ હરણને ભૂમિપર પછાડયું તથા તેની પીઠપર પોતાનો જમણો પગ મૂકી પોતાના

હાથવતી તેનાં બન્ને શીંગડાં ઉખેડી બે હાથ જોડી કાકાજીને નિવેદન કર્યું "શું હજી આપ મને બાળક સમજો છો? મારા બળનું આથી પ્રબળ પ્રત્યક્ષ પ્રમાણુ આપને બીજું શું જોઇએ છે? હું જે કાંઇ પ્રતિજ્ઞા કરી ચૂકયો છું તે જીવન પર્યંત છોડનાર નથી. હું તો મારૂં આ શરીર મારી પ્રતિજ્ઞાનેજ અર્પણુ કરી ચૂકયો છું. આપની કૃપાથી જ્યારે શત્રુદળને પદદલિત કરીને, આપનું નામ ઉજવલ કરીશ ત્યારેજ હું આપનું દર્શન કરીશ. અન્યથા નહિ." આ પ્રમાણે કહી વીર છત્રસાલ ત્યાંથી નીકળીને ચાલવા લાગ્યા. ઘણાં માણુસોએ તેમને સમજાવ્યા, સુજાનરાયના દિવાને પણુ તેમને આગ્રહપૂર્વક સમજાવ્યું પરન્તુ તેમણે કોઇ ઉપર લક્ષ આપ્યું નહિ. સર્વે નિરાશ થઇને બેસી રહ્યા અને છત્રસાલજી પ્રકૃતિદેવીની ગોદમાં ખેલતા ખેલતા કયાં ગયા તે તો પરમાત્માજ જાણે!

આ વાતની ચર્ચા આખા ગામમાં ફેલાઇ હતી. ઘેર ઘેર એજ વાત ચાલતી હતી. કોઈ છત્રસાલને અપરાધી ઠરાવતું તો કોઇ તેની બાળકબુદ્ધિ જણાવતું; કોઈ ભાગ્યને દોષ દેતું તો કોઇ તેના ભાગ્યની પ્રશંસા કરતું. આ પ્રમાણે સર્વે લોકો પોતપોતાની બુદ્ધિ અનુસાર તર્ક કરવા લાગ્યા. તે રાત્રિએ એ હકીકત મહેલમાં પ્રસરી ગઇ, પરન્તુ પ્રાતઃકાળમાં તે ગામની સ્ત્રીઓએ તે હકીકતમાં મરચું મીઠું ભેળી, નવીન કલ્પના ઉમેરી અદ્દભુત વાતો બનાવી, તેની ચર્ચા કરવા માંડી. એટલે એ વાર્તા પથિકોને કાને જઇને નિકટનાં ગામોમાં પણુ પ્રસરી ગઇ. આસપાસનાં સર્વે ગામોમાં આ ચર્ચા ફેલાઇ એટલે ચંપતરાયના મિત્રોને છત્રસાલનાં આ કાર્યથી અચંબો પેદા થયો અને તેમાંના કેટલાક તેને પાછો સમજાવી લાવવા, અને કેટલાક તેને સહાય્ય કરી તેની સાથે જઇ પોતાના ભાગ્યની પરીક્ષા કરવાને માટે નીકળી પડયા. જે માણુસો તેને સમજાવવાને માટે ગયા હતા તે તો પોતાનું કર્તવ્ય

બજાવી 'લુહાર જાણે અને લોઢું જાણે' એમ કહી પાછા પોતાને ઘેર આવ્યા અને સહાય કરવાને જે ગયા હતા તે તેમની સાથે રહ્યા. આ પ્રકારે પ્રાપ્ત થયેલાં મનુષ્યોને લઇને છત્રસાલજી પોતાના જ્યેષ્ઠ બન્ધુ અંગદરાયની પાસે ગયા. અંગદરાય આ સમયે દેવગઢના રાજાને ત્યાં કાલક્ષેપન કરતા હતા.

(૬) છત્રસાલજીનું પાદશાહી ફોજમાં નોકર રહેવું.

છત્રસાલજીએ માર્ગમાં એવી વાત સાંભળી કે દેવગઢપર ચઢાઈ કરવાને માટે આલમગીર (ઔરંગઝેબ)ની આજ્ઞાનુસાર જયપુરાધિપતિ જયસિંહ એક પ્રચંડ સૈન્ય લઇને આવે છે. આથી પ્રથમ તેણે જયસિંહની મુલાકાત કરવાનો વિચાર કરી ચાલવા માંડયું. જયસિંહ છત્રસાલના નામથી સારી રીતે વાકેફ હતો, તે વીર છત્રસાલજી આવે છે એવા સમાચાર સાંભળીને તેમને પોતાની પાસે બોલાવ્યા અને યથાયોગ્ય સન્માન આપી આદર સહિત કુશલસમાચાર પૂછ્યા. તેણે તેમને સર્વ પ્રકારે આશ્વાસન આપ્યું અને તેની ઇચ્છાનુસાર તેમને કેટલાક ઘોડેસ્વારોના નાયક બનાવ્યા. જયસિંહ એકજ સ્થાનપર ઘણા દિવસ પડી રહ્યા. એ અરસામાં છત્રસાલજીએ પોતાના બન્ધુ અંગદરાયને પોતાની પાસે બોલાવી લીધા. આહા ! જગતમાં બન્ધુના જેવી પ્રિય વસ્તુ શી છે ? બન્ને ભાઇઓ પ્રેમથી મળ્યા. આ બન્ને ભાઇઓની પ્રથમનીજ મુલાકાત હતી. તે બન્ને એકમેકનાં મુખ પહેલીજ વખત જોતા હતા. તેમણે આજ સુધી એવી વાત સાંભળી હતી કે અમારે બન્ધુ છે, પરન્તુ આજ સુધી તેનો પરિચય થયો નહોતો. તેઓ આજ સુધી બન્ધુઓના મુખદર્શનના સુખથી વંચિત હતા. પરન્તુ ઇશ્વરેચ્છાથી તેમને તે સુખ આજે પ્રાપ્ત થયું. ઇશ્વરકૃપાથી આજે તેમને તે શુભ ઘડી પ્રાપ્ત થઇ કે જ્યારે ઉભય બન્ધુઓનો સ્નેહસમુદ્ર ઉછળી આવ્યો. બન્ને ભાઇઓને એક બીજાનો આશ્રય મળ્યો. તેઓ એક બીજાનાં સુખ દુઃખ

પૂછવા લાગ્યા. ધન્ય છે! ભ્રાતૃસ્નેહ પણ એક આશ્ચર્યકારક વસ્તુ છે.

આ સમયે ખબર મળી કે નવાબ બહાદુરખાંને સૈન્યનો નાયક નિયત કરવામાં આવ્યો છે અને મહારાજ જયસિંહ દિલ્લી પાછા જાય છે. આ હકીકત સાંભળી **વીર** છત્રસાલજીને કાંઇક શોક થયો, પરન્તુ અંગદરાયે તેના શોકની નિવૃત્તિ કરીને જણાવ્યું કે "ભાઈ બહાદુરખાં આપણા પિતાનો મિત્ર છે અને તેના દ્વારા આપણા કાર્યની ઘણે અંશે સિદ્ધિ થશે. ચંબલ નદીના તટ પર આપણા પિતાજી અને બહાદુરખાં વચ્ચે પાઘ બદલો થઇ ચૂક્યો છે.× યદ્યપિ છત્રસાલજીએ જ્યેષ્ઠ ભ્રાતાની આજ્ઞા શિરસાવંદ્ય કરી, પરન્તુ તેનું મન બરાબર માન્યું નહિ. પ્રસ્તુત ખબર આપવાને ત્રણ રોજ થયા એટલે બહાદુરખાં પોતાના થોડાક અંગરક્ષક સૈનિકો સહિત આવી પહોંચ્યો. બન્ને સેનાપતિઓ પરસ્પર મળ્યા. બીજે દિવસે મહારાજા જયસિંહે સર્વ સેનાનો ચાર્જ બહાદુરખાંને સોંપ્યો. આ બન્ને રાજકુમારોને પણ તેને સોંપીને પોતે દિલ્લી તરફ રવાના થયા. આ તરફ બહાદુરખાં કુચ કરી ત્રણ દિવસની મજલ કાપી દેવગઢની નિકટ જઇ પહોંચ્યો. રાજા દુરમલ્લજી ૧૭૦૦૦ રજપુત સૈનિકો લઇને મુસલમાનોની સાથે યુદ્ધ કરવાને ઉદ્યત થયો. બન્ને પક્ષ વચ્ચે દારૂણ યુદ્ધ જામ્યું. તોપના ધડાકા અને બંદુકના અવાજ તથા ખંજરોના ખણખણાટથી સમરભૂમિ ગાજી રહી. રજપુતો હાથમાં ખડ્ગ ધરી યવન સેનામાં દાખલ થયા અને તેમને ઘાસની પેઠે કાપવા મંડ્યા. બાદશાહનું સૈન્ય ગભરાઇને નાસવા લાગ્યું, પણ **વીર** છત્રસાલથી આ દ્રશ્ય સહન થઇ શક્યું

×પંજાબમાં એવો રિવાજ છે કે બે મિત્રો પાંચ વર્ષ પર્યંત દ્વેષરહિત થઈ સન્મિત્ર બની રહે છે ત્યારે તેઓ બન્ને પરસ્પર પાઘડી બદલે છે અને ત્યાર પછી તેઓ સહોદર બન્ધુની પેઠે એક બીજા સાથે વર્તન કરે છે, અને તેઓ પાઘ બદલે ભાઇ કહેવાય છે.

નહિ. તેણે સૈનિકોને ઉદ્દેશીને કહ્યું "અરે કાયરો! શું આજ તમારી વીરતા કે? વૃથા શસ્ત્ર બાંધીને 'સિપાઇ' નામને શા માટે લજ્જાસ્પદ કરો છો? શું તમે નથી જાણતા કે એક દિવસ તો સર્વને મરવુંજ છે! તો પછી કપાળ પર કલંકની કાળી ટીલી શા માટે લગાડો છો?" એમ કહી છત્રસાલે પોતાનો અશ્વ આગળ કરી દેવગઢ તરફ હાંક્યો. આથી આવેશમાં આવીને તેની પાછળ બાદશાહનું સૈન્ય પણ ચાલ્યું. આ સમયના ઘોર યુદ્ધનું વર્ણન કયી લેખિનીથી કરવું? સંગ્રામમાં છત્રસાલજીની ઢાલ નીચે તુટી પડી. સમયનો લાભ લઇ એક રાજપુત સૈનિકે તેમની ગરદન પર એક એવો અસિપ્રહાર કર્યો કે યદિ તેમની ગરદન પર બિછુઓ ન હોત તો તેમનું શિર ધડથી પૃથક્ થઇ પડત. પરન્તુ આ ઘા કંઇ તદ્દન નિષ્ફળ થયો નહોતો તે તેમના ગરદનને ઝપટાયાથી તેની એક નસ કપાઇ ગઇ. આથી તેઓ મૂર્છિત થઇને ધરાશાયી થયા. યુદ્ધનું પરિણામ એ આવ્યું કે છત્રસાલજી ઘાયલ થયા, રાજા દુરમલ્લજી કેદ થયા અને બહાદુરખાંને વિજયલક્ષ્મી પ્રાપ્ત થઇ.

સાયંકાળે જ્યારે સર્વ સેના પોતાને સ્થાને પહોંચી ત્યારે સર્વ યોદ્ધાઓ રાંધવા લાગ્યા. ત્યાં ગપ્પાં ઉડવા લાગ્યાં: "ભાઇ! મેં કેવો હાથ માર્યો તે તેં જોયો'તો ને?" વગેરે, વગેરે! પરન્તુ વીર છત્રસાલજીના હાથ નીચેના માણસો કોઇની સાથે વાતચીત કરતા નહોતા. છત્રસાલજીની વાટ જોતાં જોતાં બે પ્રહર રાત્રિ વીતી ગઇ, પરન્તુ તેનો ક્યાંય પણ પત્તો લાગ્યો નહિ. તેથી તેના માણસો ઉદાસ બની ગયા હતા. અંતે તેને શોધી કાઢવાને માટે તે લોકો રણભૂમિ તરફ ચાલ્યા. થોડે દૂર ગયા ન ગયા એટલામાં તેમને લાશ ઉડાવનાર માણસો સામા મળ્યા. તેમને તેમણે વિનયપૂર્વક કહ્યું કે "ભાઇ! તમે ક્યાંય અમારા સેનાપતિ વીર છત્રસાલજીને જોયા છે? તેઓ ષોડષ વર્ષીય

યુવક છે." પેલા માણુસમાંના એકે જવાબ આપ્યો "જી નહિ. પરન્તુ અહીંઆંથી થોડે દૂર એક સ્વાર જમીનપર પડયો છે. તે મૃત છે કે જીવંત છે તે તો અમે કાંઈ જાણુતા નથી. તે આપણા સૈન્યમાંનોજ માણુસ જણાય છે. અમે તેને ઉઠાવી લાવવાને માટે ગયા તો ઘોડાએ અમને પાસે જવા દીધા નહિ. વલ્લાહ! ઘોડો શું સેતાનનો બચ્ચો છે! તે એવી રીતે માણુસની સામો દોડે છે કે તેની નિકટ જવાની કોઇની હામ ચાલતી નથી. કદાચ તેજ સ્વાર તમારો સેનાપતિ હોય તો હોય!" આશા પડવાથી તે સર્વે જ્યાં તે સ્વાર પડયો હતો ત્યાં જઈ પહોંચ્યા. ઘોડો તેમની સામે ધસી આવ્યો, પરન્તુ સીપાઇએ જ્યારે તેનું નામ લઇને તેને આશ્વાસન આપ્યું ત્યારે તે ઊભો રહ્યો.* આ વખતે છત્રસાલજી ઉઠીને બેઠા થયા. પરન્તુ તેમનામાં ચાલવાની શક્તિ નહોતી તેથી તે સર્વે તેમને ઉઠાવીને તંબુમાં લઇ આવ્યા. ત્યાં તેમના ઘાવપર ઉપચાર કરવા માંડયા. ઇશ્વરેચ્છાથી ૧૫ દિનમાં તેમનો ઘા રૂઝવાપર આવ્યો. હવે તેઓ હરવા ફરવા અને ઘોડાપર બેસવાને પણ સશક્ત થઈ ગયા. આ દરમ્યાન નવાબ બહાદુરખાં દિલ્લીમાં આવી ઉપસ્થિત થઇ ગયો.

વીર છત્રસાલજીને પાદશાહ ઔરંગજેબના તરફથી કાંઇક જાગીરી, ખિતાબ વગેરે મળવાની આશા હતી. તેણે મનમાં વિચાર કર્યો કે "પાદશાહ જરૂર મને કાંઇ પારિતોષિક આપશે અને પાછળથી ઓદ્ધા ચઢતાં ચઢતાં આપણે પણ જયસિંહજીના જેવી મહાન પદ્વીપર પહોંચી જઈશું." નવાબ બહાદુરખાંનને પારિતોષિકમાં જાગીરી

---

* છત્રસાલજીએ ત્યાર પછી આ ઘોડાનું નામ '**ભલે ભાઇ**' પાડયું. આ ઘોડાની કબર હમણાં પણ મઉના મહાલયથી ૪ ફર્લાંગ પર વિદ્યમાન છે. અને ત્યારથી આ દેશમાં ઘોડાને '**ભલાભાઇ**' કહેવામાં આવે છે.

તથા કાંઇક ઉપાધિ પણ મળી. તેના કૃપાપાત્ર મુસલમાન યોદ્ધાઓને પણ તેમની યોગ્યતાનુસાર પારિતોષિક મળ્યાં; પરન્તુ વીર છત્રસાલજી તો આશામાં ને આશામાંજ રહી ગયા. તેમને કાંઇ પણ ઉપાધિ વા જાગીર મળી નહિ. આ અન્યાયથી તેમના મનમાં ખેદ અને અભાવ ઉત્પન્ન થયો.

વીર છત્રસાલજીને ઔરંગઝેબના તરફથી કાંઇ પારિતોષિક ન મળ્યું તેથી સારૂંજ થયું. જો તેમને પારિતોષિક મળ્યું હોત તો તેઓ પાદશાહી દલમાં અમલદાર થાત અને એ પ્રકારે પાદશાહી બળ વધતાં હિંદુ પ્રજાપર અત્યાચારની પણ વૃદ્ધિજ થાત. જેથી દેવગઢના યુદ્ધમાં ઇશ્વરે ખરૂં જોતાં તેમને રજપુતોની સામે તરવાર ઉચકવાને માટે દંડજ કર્યો હતો! ઇશ્વિર જેને જે કાર્યને માટે નિર્માણ કરે છે તેને અંતરમાંથી તેવી પ્રેરણા પણ કરે છે. અતએવ એ પ્રેરણાથી વિરુદ્ધ કર્મ કરીને શ્રેયની આશા રાખવી એ કેવળ અજ્ઞાન છે. જે કાર્ય કરવાથી કદાચ મનવાંચ્છિત ફળની પ્રાપ્તિ થતી પણ હોય તોપણ તે કાર્યથી અંતરાત્મા જો ડંખતો હોય તો તેને અકર્તવ્ય માનીને તેનો ત્યાગ કરવો ઉચિત છે અને જે કાર્યમાં સફળતા પ્રાપ્ત ન થાય તોપણ આત્માને સંતોષ થતો હોય તો તે કાર્ય દત્તચિત્તથી કરવુંજ ઘટિત છે.

વીર છત્રસાલજી કાંઇક વિચાર કર્યા પશ્ચાત્ નવાબ બહાદુરખાંનની સાથે પુનઃ પણ એકવાર દક્ષિણની ચઢાઇમાં ગયા. પરન્તુ તે વખત પણ ઉપરના જેવા અન્યાયરૂપ ફળનીજ પ્રાપ્તિ થઇ. અંતે તેમનાં નેત્રો ખુલ્યાં જેથી તેમણે બે હાથ જોડી વિનયપૂર્વક પોતાના બન્ધુ અંગદરાયને નિવેદન કર્યું કે "જુઓ! મેં પ્રથમજ કહ્યું હતું કે આ નોકરીનું ફળ સારૂં આવવાનું નથી! આપણા પિતાએ જીવનપર્યંત પાદશાહી સત્તા સામે અસિ ધારણ કરી હતી, તો આપણાપર એ લોકો શી રીતે ઉપકાર કરશે? એ આપણા દેશમાં કેવો ભયંકર

અત્યાચાર કરી રહ્યા છે? એમનો દૃઢ ઉદ્દેશ હિન્દુ શબ્દનો નાશ કરવાનો છે. અમુક પુરુષ ધર્મનું કાર્ય કરે છે એમ તેઓ દેખે છે કે તેમના રક્તના તેઓ તરસ્યા થઈ જાય છે. માટે એ લોકોની દ્વારા આપણું ભલું શી રીતે થઈ શકશે? અને કદાચ તેમની દ્વારા આપણું કલ્યાણ થતું હોય તોપણ ધિક્કાર છે એવી ધનસંપત્તિ અને એવા ઐશ્વર્ય ઉપર! એમની સાથે રહેવાથી એઓ જે કર્મ કરે છે, તે આપણે પણ કરવાંજ પડવાનાં! હાય! આપણા પોતાનાજ હસ્તથી આપણા ક્ષત્રિય બાન્ધવોનું સત્યાનાશ આપણે શી રીતે કરી શકીએ? હવે તો જો હું સેવા કરીશ તો એવા પુરુષનીજ કરીશ કે જે ભારતજનનીનો સાચો વીર પુત્ર હોય, અને જે આર્ય ધર્મનો રક્ષક તથા જે આ દુષ્ટ પાદશાહીના દર્પનો ધ્વંસ કરનાર હોય."

વીર છત્રસાલજીના શબ્દોએ અંગદરાયજીના ચિત્તપર સંપૂર્ણ અધિકાર જમાવ્યો અને તેથી તેમણે છત્રસાલજીને કહ્યું "બન્ધુ! કાળક્ષેપ કરવાને માટે હમણાં આપણે કાંઇ ને કાંઈ ઉદ્યોગ કરવોજ જોઇએ, અને આપત્તિના સમયમાં એ ઉદ્યોગ નોકરી સિવાય બીજો કોઈ નથી. તેથી મારા વિચારમાં તો એમ આવે છે કે મહારાષ્ટ્રાધિપતિ છત્રપતિ શિવાજી મહારાજને શરણે જવું ઉચિત છે. એઓજ માત્ર હાલ તો હિન્દુ ધર્મરક્ષક વીર પુરૂષ છે. તેમનાજ આશ્રયે જવાથી આપણા વિચાર ફળીભૂત થશે અને પ્રતિજ્ઞા પણ પૂર્ણ થઈ શકશે."

(૭) છત્રસાલજીનું પ્રથમ લગ્ન અને તેમનું શિવાજી પાસે ગમન.

આ પ્રકારે છત્રસાલજીએ છત્રપતિ મહારાજ શિવાજી પાસે જવાનો દૃઢ નિશ્ચય કર્યો. અને બન્ને ભાઇઓ દિલ્હીનો ત્યાગ કરી પોતાના સાથીઓને લઇને દેવીવારામાં આવ્યા. અહીં **વીર** છત્રસાલજીએ પ્રમાર

કુળની કુમારી દેવકુંવરી સાથે પોતાનો વિવાહ કર્યો. જ્યારે છત્રસાલજી પોતાના પિત્રાઈ સુજાનરાયને ત્યાં હતા ત્યારથીજ ઉભયની વચ્ચે સ્નેહ બંધાયો હતો. દેવકુંવરીને કંઇ સન્તાન થયું નહોતું.

વિવાહ થયા પછી તરતજ છત્રસાલજી પોતાની નવવિવાહિતા વધુને તથા પોતાનાં કેટલાંક માણસોને લઇને પુના તરફ ગયા. પરન્તુ રસ્તામાં ઠેર ઠેર શિવાજીની ચોકી બેશી ગઇ હતી. છત્રસાલજીએ તથા તેમનાં માણસોએ વેષ બદલી નાંખ્યો અને જેમતેમ કરીને સર્વ પુના પહોંચી ગયા, ત્યાંથી એક માઇલના અંતરપર પોતાનો ડેરો નાંખ્યો. સાયંકાળને સમયે તેઓ નગરની શોભા જોવાને ગયા, અહીં તહીં જોતા જોતા જ્યારે તેઓ રાજમહાલયની નિકટ જઈ પહોંચ્યા ત્યારે રાત્રિનો પ્રારંભ થઇ ચૂક્યો હતો. વીર છત્રસાલજી જુદે જુદે સ્થળે બેસી મહેલમાં આવતા જતા માણસોની વાર્તા સાંભળતા હતા; આ પ્રમાણે તેઓ પોતાની માહિતી મેળવવાનો હેતુ સાધ્ય કરીને પ્રહર રાત્રિ વીત્યા પછી પોતાના ડેરામાં આવી પહોંચ્યા.

જેમતેમ કરીને એક દિવસ અને એક રાત્રિ વ્યતીત કરી બીજે દિવસે સાયંકાળે ચાર વાગે વીર છત્રસાલજી પોતાનાં પાળેલાં કબૂતરને લઇને રાજ્યમહેલ તરફ ગયા, કારણ કે આગલી રાત્રિએ આવ જા કરનાર માણસો દ્વારા તેમને વિદિત થયું હતું કે શિવાજી મહારાજ કબૂતરની લડાઇ જોવાના ઘણા શોખીન હતા.

છત્રસાલજીએ રાજદ્વાર પર જઇને શિવાજી મહારાજને ખબર કરવા ચોકીદારને પ્રાર્થના કરી: બેચારવાર તો ચોકીદારે તેની વાત આ કાને સાંભળી પેલે કાને કાઢી નાંખી, પરન્તુ આખરે એક માણસે જઇને શિવાજી મહારાજને ખબર આપી કે “ એક ક્ષત્રિય જેવો લાગતો વીસ એકવીસ વર્ષનો યુવક કબૂતર લઇને દરવાજા પર આવ્યો છે અને આપનાં દર્શન કરવાને ઉત્સુક છે.” શિવાજીએ તરત તેમને

આવવા આજ્ઞા આપી. છત્રસાલજીએ દરવાજામાં જઇને ઉચિત પ્રકારે શિવાજી મહારાજને પ્રણામ કર્યા અને પોતાની તલવાર નજર કરી. શિવાજી સ્વયં અતિ બુદ્ધિશાળી અને ચતુર પુરુષ હતા. છત્રસાલજીની હીલચાલ પરથી તેમણે જાણી લીધું કે એ કોઈ વીર અને કુલીન પુરુષ છે. આથી તેમણે તેને પોતાના સરદારોની સાથે બેઠક આપી. તત્પશ્ચાત્ શિવાજીની આજ્ઞાથી કબુતરની લડાઇ થઇ, તેમાં છત્રસાલજીના કબૂતરે શિવાજીના કબૂતરને હરાવ્યું. આથી શિવાજી છત્રસાલજી ઉપર અતિ પ્રસન્ન થયા. છત્રસાલજીના પિતાના નામ વિષે તથા તેમના નિવાસસ્થાન વિષે પૃછવામાં આવ્યું ત્યારે તેમણે સર્વ વાત સ્પષ્ટ કરી અને સાથે સાથે પોતાના પર પડેલી આપત્તિ તથા પોતાના મનનો સંકલ્પ પણ શિવાજીને નિવેદન કર્યો. શિવાજી વીર છત્રસાલજીની વીરતા જોઇને તથા પ્રતિજ્ઞા સાંભળી બોલ્યા "છત્રસાલ! તમને ધન્ય છે. ખરેખર, વીર પુરુષોના પુત્ર વીરજ નિપજે છે. આપે સ્વદેશરક્ષા અને સ્વધર્મરક્ષાને માટે દુષ્ટોનો ધ્વંસ કરવાનો જે દ્રઢ સંકલ્પ કર્યો છે તેથી આપને જરૂર સહાયતા મળશે. પરન્તુ આ પ્રકારે કાર્ય કરવામાં કોઈ મહાન આપત્તિ આવી પડે તોપણ આપ એ સંકલ્પનો ત્યાગ કરશો નહિ, મનોધૈર્ય છોડશો નહિ અને આપત્તિને સમયે મનઃસંયમ કરીને દ્રઢતા ધારણ કરશો. ધીરતા અને દ્રઢતા, ધારણ કરી પુરુષાર્થ કરવો એજ પ્રત્યેક વ્યક્તિનું કાર્ય છે. જુઓ તો ખરા! મુસલમાનો અલ્પ સંખ્યામાં છે તોપણ તેમણે આપણને હરાવી આપણા સમસ્ત દેશ પર પોતાનો અધિકાર જમાવી લીધો છે. શું આપણે ક્ષત્રિયો તેમના કરતાં કોઈ પણ રીતે ઉતરતા છીએ? પરન્તુ માત્ર આલસ્યથીજ આપણું નખ્ખોદ વળ્યું છે. એથીજ આપણે તેજોહીન થયા છીએ. ધર્મને માટે પ્રાણ ત્યાગ કરવો પડે તોપણ ત્યાગ કરો, પરન્તુ ધર્મ

ન છોડો. હતાશ ન થાઓ, કાયર ન બનો. હૃદયમાં દ્રઢતા રાખી ઇશ્વરને નિરંતર આપણો રક્ષક સમજી દેશની સેવા કરો. દુરાચારીઓનો કદિપણુ વિશ્વાસ કરશો નહિ. તેઓ ઘણા સ્વાર્થી, કપટી અને દુષ્ટ હોય છે. જોકે મૂઢ પુરુષો તેમની સેવા કરવામાંજ ધન્યતા માને છે, પરન્તુ વાસ્તવમાં તેઓ પોતાનો નાશ પોતાને હાથેજ કરે છે. તેઓ આ લોક પરલોક બન્નેનાં સુખથી વંચિત રહે છે. ઇશ્વરે આપણુને પરમ શ્રેષ્ઠ ક્ષત્રિયોના કુળમાં સ્વદેશ અને સ્વધર્મનું રક્ષણ કરવાને માટેજ સરજ્યા છે, છતાં જે ઇશ્વરની આજ્ઞા લોપીને અધર્મના પથપર ચાલે છે તેઓ કદિ પણ સુખ પામતા નથી. વીર છત્રસાલજી ! આપના અંતઃકરણમાં જુલ્મી પાદશાહીના પંજામાંથી સ્વદેશને મુક્ત કરવાની જે ઇચ્છા ઉત્પન્ન થઈ છે તે પરમ આદરણીય છે. ઇશ્વર આપની ઇચ્છા પૂર્ણ કરે એજ તેમના પ્રતિ મારી પ્રાર્થના છે. આપ મારી સહાયતા માગો છો, તો હું તન, મન, ધન અને પ્રાણ પણ આપને આપવાને તત્પર છું. કિંતુ મારે આધીન રહેવાથી આપનું બાહુબલ જગતમાં વિખ્યાત થશે નહિ માટે તેમ ન કરતાં આપ જો મારી પાસેથી આર્થિક સાહાય્યની ઇચ્છા રાખતા હો તો હું તે આપવાને તૈયાર છું. આપ પોતેજ સૈન્ય તૈયાર કરીને દેશ અને ધર્મનો ઉદ્ધાર કરો અને દુષ્ટનો ગર્વ ઉતારી ક્ષત્રિયત્વનો પ્રકાશ ફેલાવો.”

---

(૮) શુભકરણ બુન્દેલા સાથે મેળાપ.

આ પ્રકારે છત્રસાલજીને સમજાવી શિવાજીએ તેમને એક આજ્ઞાપત્ર આપ્યું અને આદર સહિત વિદાય કર્યા. આ પત્રમાં એવી મતલબની આજ્ઞા હતી કે છત્રસાલજીને રસ્તામાં કોઈ ચોકીદારે

રોકવા નહિ અને મરાઠા સામ્રાજ્યમાંથી એમને જોઇએ તેટલી આર્થિક સહાય્ય આપવી. હવે છત્રસાલજીના આનંદનો પાર રહ્યો નહિ. શિવાજીની વાણીએ તેના અંતરમાં બળતા ક્રોધાગ્નિ પર ઘૃતનું કાર્ય સાર્યું અને તેથી એમનો ક્રોધાગ્નિ અધિક બળવા લાગ્યો. દ્રવ્ય જોઇએ તેટલું મળ્યું, પરન્તુ કાર્યનો આરંભ શી રીતે, ક્યાં અને ક્યારે કરવો તે વિષે નિશ્ચય કરવાનું કાર્ય શેષ રહ્યું. તેઓ આ નિશ્ચય કરવાના વિચારમાં હતા એવામાં તેમના સાંભળવામાં આવ્યું કે એક શુભકરણ નામનો બુન્દેલવાસી ઔરંગઝેબનો કૃપાપાત્ર બની નિકટનાજ એક કિલ્લાનો કિલ્લેદાર બની બેઠો છે. થોડો વિચાર કરીને છત્રસાલજી શુભકરણની મુલાકાત લેવાને ગયા. શુભકરણે પોતાના જાત ભાઇના આગમનની વાત સાંભળીને તેમને ઘણા આદરસત્કારથી પોતાની પાસે બોલાવ્યા. ઉભય વચ્ચે સારો પ્રેમ થયો. વીર છત્રસાલજી તેની પાસે એક માસ પર્યંત રહ્યા, પછી તેઓ જવાને નીકળ્યા ત્યારે રાવ શુભકરણે તેમને જણાવ્યું કે " બન્ધુ ! આપ ઘેર જઇને શું કરશો ? હું આપના નામથી એક પ્રાર્થનાપત્ર ઔરંગઝેબ ઉપર મોકલું છું. તે નિઃસંદેહ આપને એકાદ ઉત્તમ પદ પર નિયત કરશે, એટલે આપ અને હું નિરંતર સાથેજ રહીશું. બન્ધુ ! રાજ્યસેવાથીજ માણસને સન્માનની પ્રાપ્તિ થાય છે. માટે મારૂં કહેવું માનો. હું ખુદ મારા વકીલને મોકલીને સમ્રાટની આજ્ઞા મંગાવું છું."

શુભકરણના આ વ્યાખ્યાનના પ્રત્યુત્તરમાં છત્રસાલજીએ જણાવ્યું કે " કાકા શ્રી ! આપનું કહેવું યથાર્થ છે; પરન્તુ મેં ઔરંગઝેબની સેવા ઘણા દિવસ સુધી કરી છે. નવાબ બહાદુરખાંની સાથે દેવગઢ જીતવા હું પણ ગયો હતો. અન્યાયી રાજ્યની સેવા કરવાથી જે પરિણામ આવે છે તે મને સારી પેઠે વિદિત છે. અને તેથી તે પ્રત્યે મને એટલી તો ઘૃણા ઉત્પન્ન થઇ છે કે જન્મ પર્યંત હું તેમની લેશ

પણ સેવા બજાવીશ નહિ. આપ કહો છો કે તમે ઘેર જઇને શું કરશો ? સૈન્ય એકત્રિત કરી મોગલોનો નાશ કરીશ, અને તેમના અત્યાચારનો અંત આણીશ. જો આપનો મારા પર સત્ય પ્રેમ હોય અને આપ મારી સાથે જોડાવા માગતા હો તો ચાલો મારી સાથે અને ક્ષત્રિય નામને સાર્થક કરો, પવિત્ર કુલને ઉજ્વલ કરો."

શુભકરણે વીર છત્રસાલજીના મુખમાંથી આ અંતિમ વાત સાંભળીને તેને રાજદ્રોહી જાણી પોતાને ત્યાંથી ત્વરિત વિદાય કર્યો.

હવે આપણે સમ્રાટ્ ઔરંગઝેબના દરબારમાં શું થાય છે તે જોઇશું. ઔરંગઝેબ પોતાના સિંહાસન પર બેઠો હતો. તેની જમણી બાજુએ મુસલમાન સરદારો અને ડાબી બાજુએ રાજપુત સરદારો બેઠા હતા. દેશદેશાંતરની વાતો ચાલી રહી હતી, વાત પર વાત નીકળતાં બુન્દેલખંડનો પણ વારો આવ્યો. બુન્દેલખંડ પ્રદેશ પર ઔરંગઝેબની ક્રૂર દ્રષ્ટિ પડી રહી હતી.

ઔરંગઝેબ સભાસદો પ્રતિ જોઇને બોલ્યો "એમ સાંભળવામાં આવે છે કે બુન્દેલખંડમાં હમણાં હિન્દુ લોકો મહા બખેડા અને ઢોંગ કરે છે." આ સાંભળી એક સભાસદ ઊભો થઈ બે હાથ જોડી અદબથી બોલ્યો "હુઝુર, ત્યાંના હિન્દુ લોકો ઘણા સેતાન છે. તેઓ હરવખ્ત તિલક કરે છે, શંખ બજાવે છે અને એ રીતે દીન ઇસ્લામના ફરમાનોનો અનાદર કરે છે. અત્યાર સુધી એ લોકો ડાકુ ચંપતરાયના હાથ નીચે ખેલતા હતા. પરન્તુ હમણાં તે નથી; તે તો ગુજરી ગયો છે. અને જો તે હોત તોપણ તે નાચીઝ હુઝુરના બુલંદ ઇકબાલની સામે શું ગણત્રીમાં હતો ? ઔરંગઝેબે પૂછ્યું "તો હવે શું કરવું જોઇએ ?"

એક બીજો મુસલમાન સભાસદ ઉઠીને બોલ્યો "કુસુર માફ હોય તો બંદો અર્જ કરે. આલીજાહ જહાંપનાહ ! આપ ગ્વાલિયરના

સુબેદારને એવો હુકમ ફરમાવી દો કે બુન્દેલખંડમાં હિન્દુઓનાં પ્રખ્યાત તીર્થો હોય ત્યાંનાં મંદિરોને તોડીને તેની જગ્યાએ મસ્જીદો બાંધવી. આથી તે સ્થળોને, મોલવીઓ અલ્લાહતાલાની બંદગી કરીને પાક બનાવશે અને દીનઇસ્લામની વૃદ્ધિ થઇ હુઝુરની મુરાદો બર આવશે."

આ મંત્રણા અનુસાર ઔરંગઝેબે ગ્વાલિયરના સુબેદાર ફીદાઇખાંપર નિમ્ન લિખિત આશયનો આજ્ઞા પત્ર મોકલ્યો:—

"એમ સાંભળવામાં આવે છે કે બુન્દેલખંડના કાફર હિન્દુ લોકો નિહાયત બેખૌફી સહિત બુતપરસ્તી (મૂર્તિ પૂજક) છે અને દીનઇસ્લામની તેજ તલવારની ધારથી જરા પણ ડરતા નથી. ખાસ કરીને ઓરછાનો રાજા સુજાનરાય એ મજહબનો નેતા છે. માટે તમે એક મોટું લશ્કર લઇને બુન્દેલખંડ પર સ્વારી કરો. મંદિરોને તોડો, બૂતો (મૂર્તિઓ) ને ફોડો અને જે તમારા કાર્યમાં વિઘ્ન નાંખે તેને શિકસ્ત આપો."

ફીદાઇખાંને શહેનશાહની આ પ્રકારની આજ્ઞા પ્રાપ્ત થતાં તેણે એક પત્ર શહેનશાહના આજ્ઞાપત્રના પ્રત્યુત્તરમાં લખ્યો અને બીજો પત્ર ઓરછાધિપતિ સુજાનસિંહ પર લખીને તેને જણાવ્યું કે શહેનશાહ ઔરંગઝેબની આજ્ઞા બુન્દેલખંડ પર સ્વારી કરવાની થઈ છે. વળી તેમાં તેણે જણાવ્યું કે "તમને આથી ખબર આપવામાં આવે છે કે આ બાબતમાં તમારે મને મદદ કરવી નહિ તો શહેનશાહી ફર્માનની અવજ્ઞા કરવા માટે શિક્ષા ખમવાને તૈયાર રહેવું."

ફીદાઇખાંનનો આ પત્ર મળતા ઓરછાધિપતિની સ્થિતિ કેવી થઈ હશે? તેનો ખ્યાલ વાંચક પોતે કરી શકશે. એકદમ તેની રગોનું લોહી ઠંડું પડી ગયું. રાજા, મંત્રી આદિ સર્વે દિંગ્મૂઢ બની ગયા. જો ફીદાઇખાંનના પત્રના ઉત્તરમાં "હા" કહે તો આ લોકમાં અપકીર્તિ થાય અને પરલોકમાં નરકપ્રાપ્તિ થાય અને "ના" કહે તો રાજ્ય જાય,

અગણિત લોકોનો રક્તપાત થાય અને દેશની ખરાબી થાય. ખરેખર ! મનુષ્યની કસોટી આવા અણીના વખતે જ થાય છે. જે આવા સમયમાં અડગ રહી શકે છે તે જ ખરો મનુષ્ય છે. હશે, જેમ ઈશ્વરે ધાર્યું હશે તેમ થશે.

---

(૯) બલદેવ દિવાન સાથે સમાગમ.

વીર છત્રસાલજી શુભકરણની પાસેથી નીકળી ઔરંગાબાદના નિકટના પ્રદેશમાં તેમના પિતરાઇ બલદિવાન રહેતા હતા ત્યાં ગયા. છત્રસાલજી તથા બલદિવાન અતિ પ્રેમથી એક બીજાને મળ્યા. ઉભયે એક થાળમાં ભોજન કર્યું અને સાયંકાળે એકત્ર બેસી અહીં તહીંની વાતો કરવા લાગ્યા. અંતે વીર છત્રસાલજી બોલ્યા. " પ્રિય બન્ધુ ! હું આપને કાંઇ વાત કહેવાની ઇચ્છા રાખું છું. પરન્તુ મારે તમને ગૂઢ મંત્ર કહેવાનો હોવાથી આપણે કાલે અરણ્યમાં જઇશું અને ત્યાં હું તમને તે વાત કહીશ." બીજે દિવસે પ્રાતઃકાળ થતાં ઉભય બન્ધુઓ અસ્ત્રશસ્ત્ર ધારણ કરી મૃગયા ખેલવાનું નિમિત્ત કરી નિર્જન અરણ્યમાં ગયા અને એક એકાંત સ્થાન શોધી કાઢી ત્યાં બેસી છત્રસાલજીએ બલદિવાનને નીચે પ્રમાણે પ્રાર્થના કરીઃ—

" પ્રિય બન્ધુ ! સંસારની સર્વ વસ્તુઓનો ત્યાગ કરી હું દેશરક્ષા કરવાને માટે આ અનિત્ય શરીર અર્પણ કરી ચૂક્યો છું. અને મને આશા છે કે આ કાર્યમાં આપ પણ મારી સાથે જોડાશો. ત્રેતાયુગમાં રામચંદ્રજી અને લક્ષ્મણજીએ રાવણનો સંહાર કર્યો. દ્વાપરમાં કૃષ્ણ બળદેવે કંસનો વધ કર્યો. આ પ્રકારે જેમણે જેમણે અધર્મીઓનો નાશ કર્યો છે તેમણે પરસ્પર એકત્રિત થઇને જ કર્યો છે. સ્વયંભૂ જગત્પિતા સચ્ચિદાનંદ શ્રીપ્રભુ પણ પ્રકૃતિ અને પુરુષ, એ બે સ્વરૂપ

ધારણ કરીનેજ જગતની લીલા વિસ્તારી રહ્યા છે. પ્રકૃતિનું બનેલું શરીર જીવાત્માના સંયોગથીજ સર્વ કર્મ કરે છે અને એ ઉભયને વિયોગ થાય છે એટલે કાંઇ પણ કર્મ થઇ શકતું નથી. માટે મને દૃઢ વિશ્વાસ છે કે આપ આ કાર્યમાં મને સાહાય્ય કરશે!!

બલદિવાનનું અંતઃકરણ મુસલમાનોના અત્યાચારથી પ્રથમથીજ ખિન્ન થઈ રહ્યું હતું અને એટલામાં છત્રસાલજીના ઉપલા શબ્દોએ "અગ્નિ પર ઘૃત" ની ગરજ સારી! આથી તેને મુસલમાનો પર અત્યંત તિરસ્કાર છૂટયો અને તેણે અતિ આનંદથી છત્રસાલજીને સાહાય્ય કરવાનું વચન આપ્યું. તેઓ બોલ્યા "ધન્ય છે! ભાઇ છત્રસાલજી! તમને ધન્ય છે! આપ શુદ્ધ ક્ષત્રિય છો, અને પૂર્ણ રીતે ક્ષત્રિય ધર્મનું પાલન કરો છે; આપત્તિમાં ધૈર્ય ધારણ કરવું, શત્રુઓનું હનન કરવું, શરણાગતની રક્ષા કરવી, સુસ્થિતિમાં નમ્રતા ધારણ કરવી, સદ્-વિદ્યાને ઉત્તેજન આપવું, સત્ પુરુષોને સાહાય્ય કરવી, દુર્જનોને નાશ કરવો, પ્રાણ જતાં પણ ધર્મનું પાલન કરવું, જ્ઞાતિબાન્ધવોની ઉન્નતિ કરવાને માટે રાતદિન મચ્યા રહેવું, અને અકર્તવ્ય કર્મનો ત્યાગ કરવો એજ ઉત્તમ પુરુષનાં લક્ષણ છે. આપ આ ગુણોથી સ્વભાવતઃજ ભૂ-ષિત છો. શતસહસ્ત્રધા આપને ધન્યવાદ ઘટે છે!

આપ આ સત્કાર્ય કરો છો તે માટે હું આપની પ્રશંસા કયા શબ્દોમાં કરી શકું? હું આપનાં કાર્યને સર્વાશે સમ્મત છું. આ દે-શના રક્ષણને માટેજ વિધાતાએ આપનેજ ઉત્પન્ન કર્યા હોય તો તેમાં આશ્ચર્યવત્ શું છે? મનુષ્યે તો નિમિત્ત થઈને કાર્ય કરવાનું છે. કાર્ય સફળ થવું વા નિષ્ફળ થવું એતો ઈશ્વરપર નિર્ભર છે. માત્ર કાર્ય ક-રવું એજ આપણા હાથમાં છે. કાર્ય જેટલું ઉત્તમ હોય છે તેટલુંજ કઠિન હોય છે. વળી કોઈ પણ કાર્યના નેતા થવું એતો મહા કઠિન કાર્ય છે. આ મહાકાર્યમાં જેટલી જેટલી વસ્તુઓની આવશ્યકતા છે

તેમાંની એક પણ વસ્તુ આપની પાસે નથી. તે છતાં પણ હે બન્ધુ! હું ઇશ્વર પાસે એજ પ્રાર્થના કરૂં છું કે તે આપને વિજયશાળી કરે."

બલદિવાને આખો દિવસ આવી વાતોમાં ગાળ્યો પણ તેને સાધનનો અભાવ જણાયાથી છત્રસાલને પૂછતાં ખુલાસો કરવાની છત્રસાલજીને જરૂર પડી. તેઓ ગંભીરતાપૂર્વક બોલ્યા "પ્રિય બન્ધુ! સર્વ સામગ્રી તૈયાર છે. માત્ર "**श्री गणेश**" કરવાનીજ વાર છે.

સાંઝ થતાં બન્ને ભાઇઓ ફરતા ફરતા જંગલમાંથી પોતાને ઘેર આવ્યા. બીજે દિવસે પ્રાતઃકાળ થતાંજ સ્નાન ધ્યાન કરી ઉભય બન્ધુઓએ ભગવાન રામચંદ્રજીનાં દર્શન કરી આજ્ઞા માગી; કેટલોક વિચાર કર્યા પછી તુરતજ બલદિવાને છત્રસાલજીને વચન આપ્યું કે આપ અવશ્ય સૈન્ય એકત્ર કરવાનો ઉદ્યોગ કરો, હું સમ્મત છું અને હું પણ એ બાબતમાં બનતો યત્ન કરીશ; તથા સમય આવતાં આપ સમાચાર કહાવશો કે તરતજ આવી પહોંચીશ.

આ કબુલતથી **વીર** છત્રસાલજી અતિ આનંદ પામી, પોતાના મિત્રોને આ વાતની ખબર આપી પોતાના ઘર તરફ ચાલ્યા. ધીમે ધીમે તેમની ફોજ મોરપહાડ (આ સ્થળે એમનો જન્મ થયો હતો) પર એકત્રિત થવા લાગી.*

ઓરછાધિપતિ મહારાજ સુજાનસિંહ આપત્તિમાં આવી પડયા હતા એ વાત તો પાઠકોને સુવિદિતજ છે. સુજાનસિંહ વિચારમાં પડયા હતા કે હવે શો ઉપાય કરવો? આ આપત્તિમાંથી શી રીતે બચવું?

---

* છત્રપ્રકાશમાં લખ્યું છે કે છત્રસાલજીએ બલદિવાનની પાસેથી આવ્યા પછી સૈન્ય તૈયાર કર્યું અને તે પછી ફરીથી ઉપક્રમ કરી નૌરંગાબાદ ગયા અને ફરી પાછા પોતે અહીં આવ્યા. (બીજે લખ્યું છે કે છત્રસાલજી ઓરછામાં પણ હતા) આથી બે ચાર પુસ્તક તથા લોકોની કહેણીમાં જે શુદ્ધ લાગ્યું તેનો ઉલ્લેખ કર્યો છે.

પ્રધાનાદિને પણ કાંઇ ઉપાય સુઝતો નહોતો. એટલામાં મહારાજ સુજાનસિંહને એક ગુપ્તચરે એવી ખબર આપી કે "ચંપતરાયના પુત્ર છત્રસાલજી મોરપહાડપર છે અને તેઓ ત્યાં સૈન્ય એકત્રિત કરે છે. તેમનું સૈન્ય દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતું જાય છે." આ વાત સાંભળી રાજા તથા પ્રધાનનાં મન પ્રફુલ્લિત થયાં. પ્રધાને એકાંતમાં કહ્યુ "જુઓ, ઈશ્વર પરમકૃપાળુ છે. અનાયાસજ આપણને ઉત્તમ સંધિ મળી ગઇ છે. શાણા માણસોનું વચન છે. કાંટો વાગ્યો હોય તો કાંટા વતીજ તેને કાઢવો અર્થાત્ બે શત્રુ હોય તો એકને હાથમાં લઇ બીજાની સામે તેને લડાવવો અને આ રીતે આપણું કાર્ય સાધી લેવું. રાજ્યનીતિનું પણ આ એક મુખ્ય સૂત્ર છે. છત્રસાલ આપણા જુના શત્રુનો પુત્ર છે. તે પણ પોતાના પિતાનુંજ કાર્ય કરે છે. આપણે જો તેને સન્માન સહિત બોલાવીશું અને મુગલોની સામે ઉશ્કેરીશું તો તે તરત તેમની સામે થશે. જે પરિણામ આવશે તે તે ભોગવશે અને આપણે તો ભલાને ભલાજ રહીશું." રાજાએ આ વાત માન્ય રાખી અને છત્રસાલજીને બોલાવવાને માટે રતિરામ નામના એક ચતુર રાજસભાસદને રવાના કર્યો. વીર છત્રસાલજીએ રતિરામને આદર સહિત પોતાની પાસે બોલાવ્યો. તેણે છત્રસાલજીને મહારાજ સુજાનસિંહનો પત્ર આપ્યો અને પોતાનો આવવાનો ઉદ્દેશ કહી સંભળાવ્યો. છત્રસાલજીએ પત્ર વાંચીને રતિરામને એક દિવસ વિશ્રાંતિ લેવાને કહ્યું અને પોતે અંગદરાય તથા બલદિવાનની સાથે રાત્રિએ મસલત કરી ઓરછા જવાનો નિશ્ચય કર્યો. પ્રાતઃકાળ થતાંજ તે ત્રણે જણ ઓરછા તરફ જવાને ઉદ્યત થયા.

(૧૦) ઓરછામાં સુજાનસિંહનો મેળાપ.

તેઓ ઓરછા પહોંચ્યા એટલે રાજા સુજાનસિંહે તેમનો યથોચિત સત્કાર કર્યો. સાયંકાળે તે ત્રણે ભાઇ સુજાનસિંહની મુલાકાત લેવાને ગયા. બીજે દિવસે સુજાનસિંહ તેમને ભગવાન ચતુર્ભુજ રાયજીના મંદિરમાં લઇ ગયા અને છત્રસાલજીને ઉદ્દેશીને બોલ્યા; "આપનાં દર્શનથી મને અવર્ણનીય આનંદ થયો છે. આપ વીર પિતાના વીર પુત્ર છો. આપ સ્વધર્મરક્ષણને અર્થે કટિબદ્ધ થયા છો એ ઘણુંજ શુભ કાર્ય કરો છો. ઇશ્વર અવશ્ય આપની રક્ષા કરશે. આપનાં અત્યુત્કૃષ્ટ કાર્યની વાત સાંભળીને મને ઘણો આનંદ થયો છે. અને આપને અહીંઆં સુધી આવવાની જે તસ્દી આપી છે તેનું કારણ પણ આપની સત્કીર્તિજ છે. આપ જેવી ઇચ્છા ધરાવો છો તેવી મારી પોતાની પણ વાંચ્છના છે અને આપ માગો તે પ્રકારની સહાયતા આપવાને હું તૈયાર છું."

વીર છત્રસાલજી પરમ ચતુર અને નીતિજ્ઞ પુરુષ હતા. તેમણે ચતુરતાપૂર્વક ઉત્તર આપ્યો કે "મેં તો આ દેહ એજ કાર્યને અર્પણ કર્યો છે. આપ મુગલોનો ભય રાખો છો અને એ ભયને લીધે કદિ કદિ અનુચિત કાર્ય કરવાને પણ પ્રવૃત્ત થાઓ છો. હવે ભૂતકાળની વાતો ઉકેલવાથી શો ફાયદો! પરન્તુ હાલ એટલુંજ કહું છું કે બોલવું સહેલ છે પરન્તુ બોલવા પ્રમાણે કાર્ય કરવું મુસ્કેલ છે."

દુષ્કાર્ય એવી તો અધમ વસ્તુ છે કે તેનો કર્ત્તા ગમે તેવો સત્તાવાન પુરુષ હોય તોપણ તેને નીચું મુખ કરાવે છે. વીર છત્રસાલજીનાં ઉપલાં વચનો સાંભળીને સુજાનસિંહ અને મંત્રી, એ ઉભયને નીચું મુખ કરવું પડયું. તેમનાથી ઉચ્ચાર પણ કરી શકાતો

નહોતો, જેમ તેમ કરીને તેમણે પ્રત્યુત્તર આપવાનું સાહસ કર્યું. સુજાનસિંહ બોલ્યા "વીર છત્રસાલજી ! ગત વાતોને હવે ભૂલી જાઓ અને ભવિષ્યમાં જે કાર્ય કરવું હોય તે પ્રતિ લક્ષ આપો. જે થયું તે ન થયું થવાનું નથી. આપના તરફથી તો અમને સર્વદા રક્ષણ મળતું રહ્યું છે. રાવ ઉદયાજીતની સહાયતાથી ઓરછાની ગાદી સ્થાપિત થઈ; ચંપતરાયજીએ યવનોના પંજામાંથી દેશનું રક્ષણ કર્યું. એમના જ વીરપુત્ર આપ છો અને આપ પણ આપના પિતાનો જ માન્ય કરેલો ધર્મ બજાવો છો, તો મને સંપૂર્ણ આશા છે કે આપ આ સમયે અમારી રક્ષા કરશો." આ પ્રમાણે રાય સુજાનસિંહજીએ ભગવાન ચતુર્ભુજરાયની સન્મુખ પોતાનું ખડ્ગ રાખીને પ્રતિજ્ઞા કરી કે "જો કોઇ કોઈની સાથે દગો કરે તો તેના સાક્ષી શ્રી ભગવાન છે અને તેઓ તેને જરૂર શિક્ષા કરશે" એમ કહી તેમણે તેજ તલવાર છત્રસાલજીને અર્પણ કરી. વળી એમ પણ કહેવાય છે કે સુજાનસિંહે વીર છત્રસાલજીને કેટલીક દ્રવ્યની પણ સહાયતા કરી હતી. તત્પશ્ચાત્ છત્રસાલજીએ ત્યાંથી વિદાય થઇને સૈન્ય સંગ્રહ કરવા તૈયારી કરવા માંડી.

વીર છત્રસાલજીના કઠિન પરિશ્રમથી અત્યાર સુધીમાં તેમની પાસે બસેં પાયદળ અને ત્રીસ સ્વાર એકત્રિત થયા. જેતપુરવાળા ગોવિન્દરાય, કુંવર નારાયણદાસ, સુંદરમન પ્રમાર, દલસિંગાર, રામમન દૌવા, મેઘરાજ પડિહાર, ધુરમાંગદ બગસી (કાયસ્થ), કિશોરી ખાગર, લચ્છે રાવત, રામમન, માનસાહ, હરબંસ, મેઘી, ભાનુભાટ, ફોજે (મુસલમાન) સાઇસખાસ, બંવલકહાર, પત્તે વૈશ્ય વગેરે લોકો ચંપતરાયજીનાં ખાસ માણસો અથવા તેમના પુત્રપૌત્રાદિ હતા. આ પ્રકારે સૈન્ય એકત્રિત કરી વીર છત્રસાલજી બલદિવાનની સલાહ પ્રમાણે વિજોરીના રતનશાહ બુન્દેલાની પાસે ગયા. રતનશાહે પણ

તેમને સારો આવકાર આપ્યો. એ ત્રણ દિવસ તે સ્થળે રહીને છત્રસાલજીએ પોતાનો ઉદ્દેશ તેમને કહી સંભળાવ્યો, તેઓ બોલ્યા કે વીર રતનશાહજી ! મેં ઔરંગઝેબની સામે શસ્ત્ર ધારણ કરવાનું પણ લીધું છે, માટે હું આપને પ્રાર્થના કરૂં છું કે આપ પણ મને સાહાય્ય કરો. આપ અમારા અધિપતિ બનો; અમે સર્વે આપની સેવા કરીશું. જો આપને અમારા નિયમો જાણવા હોય તો તે નીચે પ્રમાણે છે:—

(૧૧) છત્રસાલજીના નિયમો.

(૧) ક્ષત્રિય ધર્મ ધારણ કરવો.

(૨) સ્વદેશ તથા સ્વધર્મનું રક્ષણ કરવું અને આપણા સ્વદેશબન્ધુઓની ઉન્નતિ કરવાના ઉપાય કરવા.

(૩) ધર્મવિરુદ્ધ આચરણ કરનાર તથા પ્રજાને પીડનાર દુસ્મનોનો સંહાર કરવો.

(૪) જે જાગીરદારો અમારી આજ્ઞાનું પાલન કરશે તેનું અમે સંરક્ષણ કરીશું અને જે વિજાતીય મોગલોના આશ્રય તળે રહીને અમારાથી પરાંગમુખ થશે તેઓ પોતાના કર્મનું ફળ ભોગવશે અર્થાત્ આ સમશેરોથી તેનો ન્યાય ચૂકવીશું.

"**यतोधर्मस्ततोजयः**" જ્યાં ધર્મ છે ત્યાં જય છે.

મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે જગત્પિતા અવસ્ય મને સાહાય્ય કરશે. ઈશ્વરેચ્છાથી

"शत्रु भागि हैं मानभय, लोग लहैंगे साथ;
तेज छाय है दिशनमें, देश आय है हाथ."

ભાવાર્થઃ—(શત્રુઓ માનખંડિત થઇ ભયથી ભાગી જશે, લોકો સાથે આવશે (સહાયતા કરશે) દિશાઓમાં (દશે દિશામાં) તેજ પ્રસરી રહેશે અને દેશ હસ્તગત થશે)."

છત્રસાલજીનાં આ વચનો સાંભળી રતનશાહ બોલ્યા "ભાઇ છત્રસાલ ! આશય વિના ચિત્ર આલેખી શકાય છે ? આ કાર્યને માટે દ્રવ્ય તથા સૈન્યની અપેક્ષા છે તે તમારી પાસે ક્યાં છે ? આ કાર્યમાં તમારા સહાયક કોણુ છે ? તમારા મંત્રી કોણુ છે ? મંત્રી, સેના, કોષ અને પ્રજા એ ચાર વસ્તુ રાજ્યનાં મુખ્ય અંગો ગણાય છે. સમ્રાટ્ એ ચારે વસ્તુથી ભૂષિત છે. આપની પાસે એમાંની એક પણુ વસ્તુ છે ? શું તમારા પિતાએ પણુ આખી જીંદગી એ કાર્યમાં રોળી નથી નાંખી ? બન્ધુ ! લગ્ન, પ્રીતિ અને વૈર સમાન મનુષ્યોની સાથે થઇ શકે છે. પ્રબળ શત્રુની સામે થવું એ જાણી જોઇને પોતાના પગ પર કુહાડી મારવા સમાન છે."

આનો ઉત્તર આપતાં વીર છત્રસાલજી બોલ્યા. "વડીલ બન્ધુ ! એ સામાન્ય નીતિ, ન્યાયપૂર્ણ સત્ય નથી, કેવળ ઇશ્વરજ પૂર્ણ સત્ય છે. ઇશ્વરજ મારો સહાયક છે, તેજ મારો મંત્રી છે અને આ અખિલ સંસાર તેનીજ ઇચ્છાથી નિર્માણ થયો છે. જે રીતે પત્થરમાં અગ્નિ રહ્યો છે તે પ્રમાણે તે સર્વ જડ ચૈતન વસ્તુઓમાં વ્યાપી રહ્યો છે તેણે જે જે નિયમ રચ્યા છે તે અનુસાર ચાલવાથી સુખની પ્રાપ્તિ થાય છે તેજ મારો કોષ છે, તેજ મારી સેના છે, અને તેજ કરુણાસિંધુ ભગવાનના ભરોંસાપર હું મારો કાર્યારંભ કરૂં છું.

(कवित)

जेहि सरितान सागरान सोख्यो नीर,
सोइ सरितान सागरान नीर भरि है;

जिहि तरु वरन कौ पत्रनविहीन कियो,
सोइ तरुवरनमां फेर पत्र करि है;
जेहि राजा बलिकौ उंचेसे पाताल भेजौ,
सोइ राजा बलिकौ फेर इंद्र करि है;
धरे रहौ धीरबीर अक्षर अनन्य भने,
जोहि उपजाइ पीर सोइ पीर हरि है.

સર્વશક્તિવાન પરમેશ્વરે સર્વ વસ્તુઓ નિર્માણ કરીને પ્રત્યેકને નિયમબદ્ધ કરી છે. કેવળ મનુષ્યજ એવું પ્રાણી છે કે જેને તેણે બુદ્ધિ આપી છે અને જેને તે તેના કર્માનુસાર ફળ આપે છે. કર્મ કરવાં એ મનુષ્યના હાથમાં છે માટે પોતાનું હૃદય દ્રઢ કરી સદૈવ ઇશ્વરને પોતાનો રક્ષક સમજી ઉત્તમ કાર્ય કરવાં એ મનુષ્યનો ધર્મ છે. પરન્તુ મનુષ્યે ફળને ઇશ્વરાધીન સમજી તે પ્રતિ જરા પણ ધ્યાન આપવું જોઇએ નહિ.× ઉત્તમ કાર્યનું ફળ ઉત્તમજ હોય છે એમાં જરા પણ સંદેહ નથી.

વર્ણાશ્રમ ધર્મ પ્રતિ લક્ષ આપીશું તો આપણને વિદિત થશે કે ઉત્તમ વિદ્યા ભણવી ભણાવવી અને સંસારને સારે માર્ગે વાળવો એ બ્રાહ્મણનો ધર્મ છે. દુષ્ટોનુ દમન કરવું અને પ્રજાનું સંરક્ષણ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે, પશુપાલન અને વાણિજ્ય એ વૈશ્યનો ધર્મ છે અને એ ત્રણે વર્ણની સેવા કરવી એ શૂદ્રનો ધર્મ છે, પ્રત્યેક મનુષ્યને પોતાનો ધર્મજ શ્રેયસ્કર છે, અન્યનો ધર્મ ઉચ્ચ કોટીનો

× ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કેઃ—

कर्मण्येवाधिकारस्ते मां फलेषु कदाचन

હોય છતાં તે શ્રેયસ્કર નથી.* માટે વિચારી જુઓ કે જો સંતોષ અને સહનશીલતાનુંજ અવલંબન કરવારૂપ ધર્મજ આપણે માટે શ્રેયસ્કર હોત તો પ્રભુએ અવશ્ય આપણને બ્રાહ્મણ વર્ણમાંજ ઉત્પન્ન કર્યા હોત; એ ધર્મપાલનનો અધિકાર સંન્યાસીઓને માટે છે, ક્ષત્રિયોને માટે નથી."

વીર છત્રસાલજીએ રતનશાહને ૧૮ દિવસ આ પ્રમાણે સમજાવ્યા, પરન્તુ રતનશાહ એકના બે થયા નહિ અને તેમણે અંતે નાની સરખી જીભને બદલે પાંચશેરનું માથું હલાવી દીધું.

અઢારમા દિવસની રાત્રિએ વીર છત્રસાલજીને સ્વપ્નમાં પ્રેરણા થઈ કે "હે છત્રસાલ! તું તારો અમૂલ્ય સમય વ્યર્થ શામાટે ગુમાવે છે? ઉઠ અને તારાં કાર્યનો આરંભ કર. કોઇની પ્રતીક્ષા કરવાની (રાહ જોવાની) જરૂર નથી. એ સર્વ લોકો સ્વયં તારે શરણે આવશે. ગોળના ઉપર મક્ષિકા પોતાની મેળે આવીને બેસે છે. દુનિયાનો ઉગતાને નમવાનો સ્વભાવજ છે." આ સ્વપ્ન પૂરૂં થયું અને તેમની આંખ ખુલી તો પોતાની સામે તેમણે અસંખ્ય લોકોને પોતાની પ્રતીક્ષા કરતા ઉભેલા દીઠા. કોઇ તેમના પિતાનો સહાયક તો કોઇ સહાયકનો પુત્ર અને કોઇ સહાયકનો ભત્રીજો તો કોઈ ભાઇ આ પ્રમાણે સર્વ મદદગારો વીર છત્રસાલજીની સન્નિધ આવીને ઉભા હતા. છત્રસાલજીની આંખ ખુલતાં તે સર્વે જણે તેમને નમસ્કાર કર્યા અને છત્રસાલજીએ પણ તેમને વળતા નમસ્કાર કર્યા.

---

*श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

પરાયો ધર્મ આચરવા કરતાં પોતાનો ધર્મ ઓછા ગુણવાળો હોય તો પણ તે વધારે કલ્યાણ કરનારો છે સ્વધર્મમાં રહીને મરવું સારૂં છે. પરન્તુ પારકો ધર્મ તો એથી પણ વધારે ભય ભરેલો છે.

गी. अ. ३ श्लो. ३५.

છત્રસાલજી ત્યાંથી નીકળી ઓડેરા મુકામે આવ્યા. આ સ્થળે તેમને સર્વના અધિપતિ સ્થાપિત કરવામાં આવ્યા. બલદિવાનને યુવરાજના પદપર નિયુક્ત કરવામાં આવ્યા. જરજમીનાદિ જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં સેંકડે પંચાવન ટકા છત્રસાલજીના ભાગ અને પીસતાળીસ ટકા બલદિવાનના એ પ્રમાણે તેમના ભાગ નિશ્ચિત કરવામાં આવ્યા હતા.

(૧૨) મોગલો વિરૂદ્ધ હથિયાર ઉઠાવ્યાનો પ્રથમ દિવસ.

છત્રસાલજીએ પ્રથમ ઇ. સ. ૧૬૭૧ માં ૪૫૦૦ પાયદળ અને ૩૦ સવાર લઈને ધંધેરા ખંડપર સ્વારી કરી. ધંધેરાનો સરદાર કુંવરસેન તેમની સામે આવ્યો પરન્તુ અંતે તે પરાજીત થઇને સકરહાટિના કિલ્લામાં ભરાઈ બેઠો. છત્રસાલજીએ તેની પુઠ પકડી તેને તે કિલ્લામાં પકડયો અને તેને કેદી બનાવ્યો. તેણે વીર છત્રસાલજીની આધીનતા સ્વીકારી અને પોતાના બન્ધુ હિરદેશાહની 'દાનકુંવરી' નામની કન્યાને તેમની સાથે પરણાવી. વળી તેણે કેસરીસિંહ નામના પોતાના એક સરદારને ૨૫ માણસો સાથે છત્રસાલજીના લશ્કરમાં દાખલ કર્યો.

આ સમાચાર સાંભળી સિરોજના થાણદાર મહમદ હાસિમખાંએ પોતાના એક વિશ્વાસુ મિત્ર અને ૩૦૦ માણસોને પોતાની સાથે લઇને છત્રસાલજીનો માર્ગ રોકયો. છત્રસાલજી આ સેનાને પરાજિત કરીને નીકળી ગયા અને તેજ મુસલમાન સરદારની સત્તા નીચેના તિવરી નામના સ્થળપર હલ્લો કર્યો. છત્રસાલજીએ આ ગામને લૂંટી લીધું. અહીંઆં તેમને લૂંટમાં ત્યાંના પટેલની ચંડી નામની એક ઘોડી પણ પ્રાપ્ત થઇ. આ પ્રકારે છત્રસાલજીએ બે ત્રણ મુકામ લૂંટયા એટલે ચારે તરફ તેમના નામનો પોકાર ઉઠી રહ્યો અને ક્રમશઃ તેમનું સૈન્ય વૃદ્ધિંગત થતું ગયું.

છત્રસાલજીએ હવે પિતૃવૈર લેવાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને માટે ધામૌની તરફ પ્રવાસ કરવા માંડયો. ધામૌનીનો જાગીરદાર તેમની સામે થયો. આઠ દિવસ પર્યંત પુષ્કળ રક્તપાત થયો. અંતે તેણે પરાજિત થઇને છત્રસાલજીની આધીનતા સ્વીકારી અને કેટલુંક દ્રવ્ય નગદ આપી ચોથ આપવાની કબુલાત આપી.

ધામૌનીથી મુકામ ઉઠાવી તેમણે મૈહરપર હલ્લો કર્યો. મૈહરનો રાજા એ સમયે માત્ર બાર વર્ષનો હતો, તેથી તેની માતા રાજ્યનો પ્રબંધ કરતી હતી, જ્યારે છત્રસાલજીએ જઇને નગરને ઘેરી લીધું ત્યારે રાજમાતાની આજ્ઞાનુસાર ત્યાંના સેનાપતિ માધવસિંહ બડગૂજરે તેમની સાથે યુદ્ધ કરવા માંડયું. માધવસિંહનાં માણસો નગરમાં રહીને લડતાં હતાં અને છત્રસાલજીનાં માણસો મેદાનમાં હતાં. આથી તેમને ઘણું નુકશાન થયું. બારમે દિવસે રાત્રિને સમયે છત્રસાલજીનાં માણસો પછવાડેથી કિલ્લામાં ઘુસી ગયાં અને કિલ્લો પોતાને હસ્તગત કરી લીધો. માધવસિંહને પકડીને કેદ કરવામાં આવ્યો. જ્યારે રાજમાતાએ પ્રતિ વર્ષ ૩૦૦૦) રૂપિઆ આપવાની કબુલાત આપી ત્યારે માધવસિંહને મુક્ત કરી પૂર્વવત્ રાજમાતાનો રાજ્યપ્રબંધ ચલાવવાનો અધિકાર આપ્યો.

(૧૩) કેશવરાય દાંગીની સાથે યુદ્ધ.

આ વખત એવો હતો કે જે સરદાર જ્યાં હતો તે ત્યાંનો રાજાજ બની જતો. આ રીતે એક 'દાંગી' સરદાર કેશવરાય વાંસાનો રાજા બની ગયો હતો. તેની પાસે ૧૦૦૦ પાયદળ અને ૨૦૦ ઘોડેસ્વાર હતા. વીર છત્રસાલજીની વીરતાની પ્રશંસા સાંભળી તેને લાગ્યું કે કોઇ નહિ ને કોઇ દિવસ અવશ્ય તે આપણાપર હલ્લો કરશે માટે અત્યારથી તૈયાર થઇ રહેવું ઠીક છે અને થયું પણ તેમજ. વીર છત્રસાલજી પણ તે સરદારની વીરતા જાણતા હતા. અને ઉભય એક-

બીજાની વીરતાની પરીક્ષા કરવાને ઉત્સુક હતા. **વીર** છત્રસાલજીએ કેશવરાયને એક પત્ર લખી જણાવ્યું કે યાતો અમારી આધીનતા સ્વીકારો નહિ તો અમારી સામે યુદ્ધ કરવાને તત્પર થાઓ. કેશવરાયે આ પત્રના પ્રત્યુત્તરમાં નિમ્ન લિખિત આશયનો એક પત્ર છત્રસાલજી ઉપર મોકલ્યો:—

"મહાશય ! આપનો પત્ર વાંચીને મારા મનમાં અત્યાનંદ થયો છે. ઇશ્વિર આપને ક્ષેમ કુશલ રાખે ! હું આપનાં દર્શન કરવાને માટે ઘણો ઉત્સુક હતો, અને આપનો પત્ર મળવાથી હું મને ભાગ્યશાળી સમજું છું. હું પૂર્ણ રીતે સમજું છું કે આપ વીર પુરુષ છો, પરન્તુ બે સિંહો એક સ્થાનમાં રહી શકતા નથી. કાલે આપણે ઉભય એક બીજાની સાથે યુદ્ધ કરીશું. વ્યર્થ સૈનિકોનો સંહાર થાય એમ કરવાની શી જરૂર છે ? કાલે આપણે જોઇશું કે કોણ કોનાથી ચઢીઆતો છે. **વીર** છત્રસાલ ! પરાધીન ક્ષત્રિય, ક્ષત્રિયનામને યોગ્ય નથી."

કેશવરાયનો ઉપલો પત્ર મળ્યા પછી અંગદરાય, બલદિવાન, કુંવરસેન ઇત્યાદિની સાથે **વીર** છત્રસાલજી મસલત કરવા લાગ્યા કે કાલે શું કરવું ? બલદિવાને કહ્યું કે "કેશવરાયની સાથે હું લડીશ." પરન્તુ છત્રસાલજીએ આ વાત માન્ય કરી નહિ. તેમણે કહ્યું કે "એમ કરવામાં અપયશના ભાગી થવું પડશે, ધર્મભીરુતા થશે અને જગત્ મને કાયર પુરુષ કહીને બોલાવશે. આપ કોઇ પણ પ્રકારની ફિકર રાખશો નહિ. આવતી કાલે હુંજ તેની સામે લડીશ."

બીજે દિવસે પ્રહર રાત્રિ રહી ત્યારથી **વીર** છત્રસાલજીએ સ્નાન ધ્યાનાદિ કર્મ કરી લીધાં. પ્રાતઃકાળના પાંચ વાગ્યા એટલે છત્રસાલજી સસૈન્ય રણક્ષેત્ર તરફ ચાલ્યા. સામા પક્ષ તરફથી કેશવરાય પણ પોતાના પુત્ર વિક્રમસિંહને લઇને આવ્યા.

પાઠકગણ ! આ પરીક્ષા શેની હતી ? આ પરીક્ષા કંઇ આપણા

બિલાડીથી બ્હી ઉઠતા, બારમે વર્ષે બૈરીવાળા બનાવી મૂકાતા, બ્રહ્મચર્ય રહિત, નિર્વીર્ય, મુરદ્દાલ શરીરધારી યુવકોની બી. એ. કે એમ. એ. બનવા માટેની ગોખણીયા વિદ્યાની નહોતી. એ પરીક્ષા તો બ્રહ્મચર્ય અને વ્યાયામ વડે મેળવાતા અપાર શરીર બળની અને તેનો ઉપયોગ કરવાની વિદ્યાની હતી. એ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇનેજ ક્ષત્રિયો સાર્વભૌમ સમ્રાટ્ થયા હતા, એ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇનેજ મુસલમાનોએ ઉત્પાત મચાવી મૂક્યો હતો અને એજ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇનેજ કુશળ અંગ્રેજો હજારો કોશથી આવીને ભારતવર્ષપર પોતાનું ન્યાયી રાજ્ય ચલાવે છે. અફસોસ! હાલના ક્ષત્રિયોની સ્થિતિપર હજારો વાર અફસોસ કે તેઓ પોતાની એ મહાન વિદ્યાના મૂળાક્ષર પણ જાણતા નથી!

આજે એ વિદ્યાની પરીક્ષા આપવાને માટે ઉભય વીરો સસૈન્ય રણભૂમિમાં આવીને ઉપસ્થિત થયા પરન્તુ સૈન્યને આજે યુદ્ધ કરવાની આજ્ઞા નહોતી. વીર છત્રસાલજી અને કેશવરાય બન્ને જણ પોતપોતાના સૈન્યને મોખરે આવ્યા. પ્રથમ કેશવરાય બોલ્યા "વીર છત્રસાલ! પ્રથમ આપ મારાપર શસ્ત્રપ્રહાર કરો." પરન્તુ છત્રસાલજી બોલ્યા "હું આપનો અતિથી છું માટે શસ્ત્રથી આપ મારો સત્કાર કરો. વળી જો હું શસ્ત્રપ્રહાર કરીશ તો આપની પ્રહાર કરવાની અભિલાષા એમની એમ રહી જશે, માટે એ અભિલાષા આપ પૂર્ણ કરી લ્યો."

કેશવરાયે આ વચનો સાંભળી પ્રથમ ભાલાનો પ્રહાર કર્યો. આ પ્રહાર છત્રસાલજીના વક્ષઃસ્થળપર લાગ્યો, પરન્તુ થોડો ઘા લાગ્યો કે તરતજ છત્રસાલજીએ પાછળ હઠી તે ભાલો ખેંચી કાઢી દૂર ફેંકી દીધો.

હવે છત્રસાલજીનો વારો આવ્યો. તેમણે ભાલાનો પ્રહાર એવો કર્યો કે તે કેશવરાયનું અંતર ફોડીને બહાર ફુટી નીકળ્યો. આ પ્રહાર થતાં તરતજ તેણે છત્રસાલજીના ઉપર ઘા કરવાને માટે પોતાની તરવાર ઉગામી. પરન્તુ એટલામાં છત્રસાલજીએ પોતાનો ભાલો હલાવી

કેશવરાયને અશ્વપરથી નીચે તોડી પાડ્યો. પછી તેમણે તેના અંગમાંથી પોતાનો ભાલો ખેંચી કાઢ્યો. કેશવરાય થોડી વારમાં મૃત્યુવશ થયો. વીર છત્રસાલજીને પણ ઘા લાગ્યો હતો તેથી તેઓ પણ મૂર્છિત થઈ ગયા. આ સમયે બન્ને પક્ષમાં શોકની છાયા છવાઈ રહી.

બીજે દિવસે છત્રસાલજીએ કેશવરાયના પુત્ર વિક્રમસિંહને બોલાવીને આશ્વાસન આપી કહ્યું કે "બેટા ! તમે કાંઇ પણ ચિંતા કરશો માં! મને કેશવરાયજ સમજો. કેશવરાયના મૃત્યુને માટે મને પોતાને પણ અત્યંત ખેદ થાય છે. હું ધારતો હતો કે એ વીર પુરુષ મને સહાયતા આપશે. પરન્તુ અફસોસ! દૈવેચ્છા પ્રબળ છે. મારે પોતાને હાથેજ એ વીર ક્ષત્રિયનું ખુન કરવું પડયું. હવે તમે મને સહાયતા કરશો એવી મને આશા છે હું તમને મારા પુત્રવત્ ગણું છું."

છત્રસાલજીની આ મધુર વાણી સાંભળી વિક્રમસિંહનું હૃદય શાન્ત થયું અને તેણે છત્રસાલજીના અનુયાયી બનવાની પોતાની ખુશી દર્શાવી. છત્રસાલજીએ તેને સેનાપતિના પદ પર નિયુક્ત કર્યો.

છત્રસાલજીને ઘા લાગવાથી તેમને ઘણી વેદના થતી હતી, તેથી તેઓએ પોતાના મિત્ર બાંકીખાનની સરહદમાં પોતાનો મુકામ નાંખ્યો. એક માસમાં તેમનો ઘા રૂઝાઈ ગયો. ત્યાર પછી તેઓ એક દિવસ ચાર પાંચ માણસોને પોતાની સાથે લઇને મૃગયા ખેલવાને માટે નિર્જન અરણ્યમાં ગયા. આ ઘટના વિગેની ખબર ગ્વાલિયરના સુબેદારના એક સેનાપતિ સૈયદ બહાદુરખાંનને થઇ. તેથી તેણે તેમને જંગલમાંજ ઘેરી લીધા. ઈશ્વરકૃપાથી છત્રસાલજી આ વિકટ પ્રસંગે બે ચાર સૈનિકોનો વધ કરીને એક ગુપ્ત પહાડી માર્ગદ્વારા ચપળતાથી નીકળી ગયા અને બહાદુરખાંન ચિત્રવત્ સ્તબ્ધ થઇ રહ્યો.

પોતાના મુકામપર જઇને છત્રસાલજીએ તરતજ પોતાના સૈન્યને તૈયાર થવાને માટે આજ્ઞા કરી દીધી અને પવાંય નામનું સ્થળ લૂંટી

લીધું. આ વાતની ખબર ગ્વાલિયરના સુબેદારને થતાં તેને અતિશય ક્રોધ ચઢ્યો અને તેણે પોતાની એક સેના પોતાની સાથે લઇને છત્રસાલજી પર હલ્લો કર્યો. બન્ને પક્ષ વચ્ચે દારુણ યુદ્ધ થયું. અંતે સૈયદ મુનૌવર વીર છત્રસાલજીની સન્મુખ ટકી શક્યો નહિ, અને સૈન્ય સહિત નાશી ગયો. છત્રસાલજીએ ગ્વાલિયર સુધી તેની પૂઠ પકડી. જ્યારે તે કિલ્લામાં ધુસી ગયો ત્યારે છત્રસાલજીએ પોતાને બહારથી લડવામાં અસમર્થ માની શહેરમાં લૂંટ ચલાવી. અહીંઆં લગભગ સવા કરોડ રૂપિઆની લૂંટ તેમને હાથ આવી. ત્યાંથી નીકળી તેમણે કુટિયાના જંગલમાં પોતાનો મુકામ નાંખ્યો. મહમદ હાસિમ એક વાર પરાજિત થયો હતો તેથી તે છત્રસાલજી પર વૈર લેવાને માટે મોટી સેના લઇને ચઢી આવ્યો. તે આ વખત પોતાના સાહાયક આનંદરાય ચૌધરીને પણ પોતાની સાથે લાવ્યો હતો. આ વખત પણ તે હાર પામ્યો. છત્રસાલજી વિજયપતાકા ઉડાવતા હનુટેક પર ચઢી આવ્યા. અહીંઆં છત્રસાલજીનું ત્રીજી વારનું લગ્ન મોહારના ધંધેરા સરદાર હરિસિંહની પુત્રી ઉદૈતકુંવરીની સાથે થયું.

હવે વીર છત્રસાલજીની કીર્તિ સમસ્ત બુન્દેલખંડમાં પ્રસરી ગઈ. તેમના શત્રુઓના હૃદયમાં ઘણો ભય પેદા થયો અને મિત્રોનાં હૃદય પ્રફુલ્લિત થયાં. જે લોકો પ્રથમ મનાવવા જતાં રિસાઇ બેસતા હતા અને પાદશાહની સામે શસ્ત્ર ધારણ કરવાને અચકાતા હતા તેઓ હવે છત્રસાલજીને શરણે આવી પોતાને તેમના સાચા મિત્ર જણાવવા લાગ્યા. વીર છત્રસાલજી તેમની પાછલી વર્તણુંક પર જરા પણ લક્ષ આપતા નહિ અને તેમનો યથોચિત આદરસત્કાર કરતા.

(૧૪) મઉનગરમાં પડાવ અને પન્નાની આબાદી.

વીર છત્રસાલજી હનુટેકથી સીધા મઉ તરફ ચાલ્યા ગયા. મઉથી એક માઈલના અંતર પર તેમણે મહેવા નામનું ગામ વસાવ્યું. પરન્તુ આ ગામ બરાબર સંરક્ષિત ન હોવાથી તેમણે રણવાસના નિવાસને માટે પન્ના આબાદ કર્યું અને ત્યાં રણવાસના રક્ષણને માટે કેટલાક યોદ્ધાઓ રાખ્યા અને પોતે સૈન્ય સાથે મઉમાં રહેવા લાગ્યા.

આ અરસામાં ગ્વાલિયરના સુબેદાર મુનૌવરખાંએ સમ્રાટ્ ઔરંગઝેબ પર એવો પત્ર લખ્યો કે "લૂંટારા ચંપતરાયનો પુત્ર છત્રસાલ ભારે તોફાન મચાવી રહ્યો છે અને તેણે પોતાની સેના ઘણી વધારી દીધી છે. આ કમતરીને તેને ગિરફતાર કરી હુઝુર આલીજાહની કદમબોસીમાં હાઝિર કરવાની ઈચ્છા રાખી હતી પરન્તુ તે મક્કાર કાફિર રાજપૂત મારી ચુંગાલમાંથી નીકળી ગયો. આલીજાહ! અગર એ આ રીતે થોડા દિવસ સ્વતંત્ર રહેશે તો મહા ગજબ થશે. આ મુલ્કના સર્વ બુન્દેલા સરદારો મોગલ સલ્તનત તરફ બેવફા થતા જાય છે અને તેને સહાયતા આપતા જાય છે. માટે મને મદદ આપવાનો બંદોબસ્ત કરવાની કૃપા કરશો."

ઉપરનો પત્ર પ્રાપ્ત થતાં ઔરંગઝેબને છત્રસાલજીના ઉપર અતિશય ક્રોધ ચઢયો. તેનું મન ચકડોળે ચઢી ગયું. તે પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો "યા પરવર દિગાર! તારી શું મરજી છે? દક્ષિણમાં શિવાજીએ મારા નાકમાં દમ આણ્યો છે અને હવે વળી બીજો છત્રસાલ જાગ્યો છે. આ સમયે આ કાફિર રાજપૂતો બહુ બળવાન બની ગયા છે. આ મોગલ સલ્તનત ડુબાવવાનો અપયશ મારાજ લલાટમાં લખ્યો છે કે શું?" આવો વિચાર કરી તેણે છત્ર-

સાલજીને પકડીને ગિરફતાર કરવાને માટે એક હજાર સવાર અને બે હજાર ચુનંદા સિપાઇઓને બુન્દેલખંડમાં મોકલી આપવાની સેનાપતિને આજ્ઞા ફરમાવી.

હવે છત્રસાલજી માત્ર ડાકૂ નહોતા. તેમની પાસે ત્રણ હજાર કરતાં પણ અધિક માણસોનું લશ્કર એકત્રિત થયું હતું. રતનશાહ, અમરદિવાન, સવલસિંહ, કેશવરાય પડિહાર, ધારૂશાહ પ્રમાર, દિવાન દીપચંદ બુન્દેલા, પૃથ્વીરાજ, માધવસિંહ, ઉદયભાનુ, અમીરસિંહ, પ્રતાપસિંહ, રાવઇન્દ્રમન, ઉગ્રસેન, કછવાયા, જગતસિંહ, સકતસિંહ, તોર, જામશાહ, વખતસિંહ ધંધેરા, દેવદિવાન, ભગ્નશાહ, અજિત ચિત્રાંગદ, બલદિવાનનો પુત્ર જસવંતસિંહ, રાજસિંહ, જયસિંહ, યાદવરાય, કરણસિંહ, ગાજીશાહ, જગતસિંહ, વનાફર, ગુમાનસિંહ, દૌવા, ઇત્યાદિ ૭૨ સરદારો તેમની પાસે એકત્રિત થયા હતા. તેમની પાસે મોટું સૈન્ય એકઠું થઈ જવાથી હવે તેમને જંગલમાં રહેવાની આવશ્યકતા નહોતી. જ્યાં વીર છત્રસાલજીનો મુકામ પડતો હતો ત્યાંની ભૂમિ આનંદમય બની જતી હતી. અનેક પ્રકારના ચિત્રવિચિત્ર તંબુઓ ઠોકાઇ જતા હતા, ધ્વજાઓ ફરકવા લાગતી હતી, ઘોડાઓ હણહણતા હતા, હાથીઓ આરડતા હતા અને ઉંટ પોકાર કરતાં હતાં. સાયંકાળે નોબત પણ વાગતી હતી. ઠાકોરજીને પણ સાથે લઇ લેવામાં આવ્યા હતા, તેથી શંખાદિના ધ્વનિ પણ થતા. આ સમયે છત્રસાલજીની પાસે સર્વ રાજ ઠાઠમાઠ હતો, કોઈ પણ વસ્તુની ત્રુટી નહોતી. તોપણ હજી તેઓ રાજા બન્યા નહોતા. પરન્તુ તેમ થવાનો સમય હવે નિકટજ આવી પહોંચ્યો હતો.

(૧૫) ગઢાના કિલ્લાની લડાઈ.

વીર છત્રસાલજીના ગુપ્તચરો પણ આસપાસના સો કોસની ખબર પહોંચાડતા હતા. પાદશાહનું સૈન્ય આવી પહોંચ્યું કે તરતજ એક ગુપ્તચરે વીર છત્રસાલજીપર તે વાતની ખબર પહોંચાડી દીધી. આ ખબર સાંભળી છત્રસાલજીએ મઉ છોડી દક્ષિણ દિશા તરફ કુચ કરવા માંડી. ગઢાના કિલ્લાપર પાદશાહના થોડાક સિપાઇઓ રહેતા હતા તેને સ્વધામ પહોંચાડી તે કિલ્લાને છત્રસાલજીએ પોતાને હસ્તગત કરી લીધો. તેમની પાસે તોપો ન હોવાથી તેમને મઉ છોડીને ગઢામાં આવવું પડયું. આ સમયે ઓરછા, સચી, સિરૌંજ, કૌંચ, ધામૌની અને ચંદેરીના બુન્દેલા સરદારોએ છત્રસાલજીને પોતાનો શત્રુ માની ખરા શત્રુ સમ્રાટ્ ઔરંગઝેબની સેનામાં જઈ મળ્યા.

વીર છત્રસાલજીએ અર્ધી સેના સહિત બલદિવાનને કિલ્લાની અંદર રાખ્યા અને પોતે અર્ધી સેના લઇને બહાર રહ્યા. પાદશાહની સેના જોશભેર ચાલી આવતી હતી. તે સેના શાહગઢની નદી ઉતરતી હતી, તે વખતે વીર છત્રસાલજીએ તેમનાપર ગોળીબ્હાર કરી પાંચમા ભાગની સેનાનો નાશ કર્યો. સૈનિકો નદીની બહાર નીકળ્યા એટલામાં વીર છત્રસાલજી ઝડપથી જંગલમાં જતા રહ્યા. હવે તેમણે પાદશાહની સેના અટકાવી નહિ, પરન્તુ જ્યારે તે સેનાએ કિલ્લાપર આક્રમણ કર્યું ત્યારે તેમણે પાછળથી તેનાપર ગોળી છોડવા માંડી. કિલ્લાપરથી બલદિવાને પણ તોપના ગોળા છોડવા માંડ્યા અને પાછળથી છત્રસાલજીએ માર શરૂ કર્યો એટલે આ બમણા મારથી પાદશાહની સેના હાર પામી ગઇ. તે ત્યાં ચાર કલાકથી અધિક સમય સુધી ટકી શકી નહિ. સેનાપતિ રનકુલા નાસીને સાગર તરફ જતો રહ્યો. આ યુદ્ધમાં રનકુલાના ૧૦ સરદારો અને ૭૦૦ સિપાઇઓ મરણ પામ્યા અને છત્રસાલજીના હાથમાં તેની ૧૦ તોપો આવી.

(૧૬) બાદશાહી નજરાણાની લૂંટ.

રનકુલાને નસાડી મૂકીને છત્રસાલજી પોતાના સૈન્ય સહિત લલિતપુર રહીને નરવરમાં આવ્યા. આ નગરમાં લૂંટ કરી તેઓ પાછા ફરવાના હતા એટલામાં એક દૂતે તેમને ખબર કરી કે રૂપીઆ તથા હીરા મોતીની ભરેલી ૧૦૦ ગાડીઓ દક્ષિણથી દિલ્હી તરફ જાય છે અને તેની સાથે કેવળ ૫૦૦ સિપાઇઓજ છે. આ સમાચાર સાંભળી છત્રસાલજીએ તેનો માર્ગ રોકયો અને પાદશાહનું દ્રવ્ય લૂંટી લીધું. આ ઘટના અને રનકુલાના પરાજયની હકીકત સાંભળી ઔરંગઝેબના ક્રોધનો પાર રહ્યો નહિ.

પાદશાહના મનમાં નાના પ્રકારના સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા. આ ઉપદ્રવમાં વળી એક બીજો ઉપદ્રવ વધ્યો ! પાદશાહને ખબર મળી કે કુમાર બહાદુરશાહ રાજ્ય વિરુદ્ધ પ્રપંચ કરે છે અને તેમાં જોધપુરના મહારાજા જસવંતસિંહનો પણ હાથ છે તેમ શાહજાદો બહાદુરશાહ હમણાં એક મોટું લશ્કર લઇને દક્ષિણ તરફ જાય છે. ઔરંગઝેબે પોતાના મંત્રીઓની સલાહ લઇ ઠરાવ કર્યો કે મજબુત રૂમીઓની એક સેના મોકલી પ્રથમ છત્રસાલને ગિરફતાર કરવો અને પછી તે સેનાને દક્ષિણમાં મોકલી શાહજાદાને તાબે કરવો.

બાસિયાના મેદાનમાં રૂમી સરદાર અને છત્રસાલ વચ્ચે યુદ્ધ થયું. છ કલાકના વિકટ સંગ્રામ પછી છત્રસાલજી પરાજીત થયા અને સમર ભૂમિથી બે કોસના અંતરપર આવેલા એક જંગલમાં તે છુપાઈ ગયા. મુસલમાની સેનાએ તેમની પુઠ પકડી. પરન્તુ તે ઘાડા જંગલમાં તેમનો પત્તો લાગ્યો નહિ. આથી તે લોકો નાકાં ઘેરીને જંગલના બહારના પ્રદેશમાં રહ્યા. અર્ધરાત્રિને સમયે રૂમી સરદાર બક્કાખાનની આજ્ઞાથી ફોજમાં દારૂગોળી વહેંચવામાં આવતી હતી. આ

વખતે બલાદવાન તથા છત્રસાલ મુસલમાની પહેરવેશ પરિધાન કરીને તે સૈન્યમાં ઘુસ્યા અને સારી સંધિ જોઈ મશાલચીને ધક્કો મારી દારૂનો સમુદાય તોડી પાડયો. દારૂ સળગી ઉઠતાં સઘળા સૈનિકો ગભરાયા. આ સમયે ચપળતા વાપરી છત્રસાલજી તથા બલદિવાન બહાર નીકળી ગયા અને પોતાની સેના લાવી રૂમીઓપર હલ્લો કર્યો. મુસલમાની સૈન્ય સંપૂર્ણ હાર પામી વિખરાઇ ગયું. તત્પશ્ચાત્ છત્રસાલજી જીગનીમાં ગયા. ત્યાંના પડિહાર જાગીરદાર સિંહજૂએ તેમનો સારો સત્કાર કર્યો અને પોતાની પુત્રી ભગવત કુંવરીને તેમની સાથે પરણાવી.

આ રીતે મુસલ્લમાનોને ખૂબ શીકસ્ત આપી છત્રસાલજી પુનઃ મઉમાં આવ્યા. પછી બે ચાર દિવસમાં સડવાના સરદારની કુંવરી સાથે તેમનાં લગ્ન થયાં. પોતાનું સર્વ સૈન્ય મઉમાં રાખીને તેઓ માત્ર ૬૦ સવારને લઇને લગ્ન કરવા ગયા. તેઓ મંડપમાં બેઠા હતા અને બ્રાહ્મણ લગ્નવિધિ કરતો હતો તેજ વખતે બાદશાહના તરફથી મોકલવામાં આવેલા તહવરખાં નામના પઠાણે તે શહેરપર હલ્લો કર્યો અને તોપનો મારો ચલાવવા માંડયો. છત્રસાલજીએ મોગલ સેનાપતિ પર કહેણ મોકલ્યું કે તમે કિલ્લો ઘેર્યો છે અને અમે અહીંઆંથી નાશી જઇ શકનાર નથી, માટે તમે નકામા ઇંટ ચૂનાપર દારૂ ગોળો શા માટે ખલાસ કરો છો? ધૈર્ય રાખો, લગ્ન થયા પશ્ચાત્ અમે સ્વયં આવીને તમારી સમક્ષ હાજર થઇશું. તહવરખાંએ આ વાત ખુશીથી માન્ય રાખી અને તોપનો મારો બંધ રાખ્યો. લગ્ન થઇ રહેતાં બે પ્રહર રાત્રિ વ્યતીત થઇ ગઈ. પછી વીર છત્રસાલજીએ મોગલો પર તોપના ગોળા છોડવા માંડયા. મુસલમાની સૈન્યમાં ગડબડાટ મચી રહ્યો. છત્રસાલજી પોતાનાં માણસોને લઇને કિલ્લાની પછવાડેના ખડકીના રસ્તાથી ચાલ્યા ગયા. મુસલ્લમાનોએ ઘણીવાર સુધી શહેરપર ગોળા છોડયા પરન્તુ કિલ્લામાંથી સામા ગોળા

ન આવ્યા એટલે તેઓ શહેરમાં ઘુસ્યા. પરન્તુ ત્યાં છત્રસાલજી ક્યાંથી હોય ?

આ રીતે છેતરાઇને તહવરખાંએ પાદશાહ સમક્ષ જઇને તેને સર્વ હકીકત નિવેદન કરી જણાવ્યું કે "એ મક્કાર કાફિર આ રીતે હાથમાં આવવાનો નથી. એને ગિરફતાર કરવાને માટે તો જ્યારે પ્રચંડ સૈન્ય મોકલવામાં આવશે ત્યારે એ હાથમાં આવશે."

હવે ઉત્તમોત્તમ અને કુશળ માણસોને છત્રસાલજીને ગિરફતાર કરવાને માટે મોકલવામાં આવ્યા.

છત્રસાલજી સડવામાં લગ્ન કરી મઉમાં આવ્યા. આ વખતે જ્યેષ્ઠ માસ ચાલતો હતો. વર્ષાઋતુ અને અર્ધ શરદ્ઋતુ છત્રસાલજીએ મઉમાં જેમતેમ કરીને વ્યતીત કરી. પરન્તુ તેમના જીવને ચેન ક્યાં પડતું હતું ? તેમના મનમાં તો આ લઉં ને તે લઉં એવાજ વિચારો નિરંતર ઘોળાયા કરતા હતા. વિજયાદશમીને દિને અસ્ત્રશસ્ત્રોની પૂજા કરીને તેમણે કાલિંજર પર હુમલો કર્યો. બલદિવાનને સૈન્ય સહિત ત્યાં રાખી પોતે પોતાના મિત્ર ચિન્તામણિને ત્યાં આતિથ્યનો આસ્વાદ લેવાને માટે ચાલ્યા ગયા. અઢાર દિવસ પર્યંત દારુણ યુદ્ધ ચાલ્યું. બુન્દેલાનાં ઘણાં માણસો માર્યા ગયાં. પરન્તુ બહાદુર બલદિવાને કિલ્લાપરનો ઘેરો ઉઠાવ્યો નહિ. ઓગણીસમા દિવસે કિલ્લામાંની ફોજે અર્ધ રાત્રિને સમયે કિલ્લાની બહાર નીકળી છત્રસાલજીના સૈન્યપર હલ્લો કર્યો. બલદિવાને પ્રાતઃકાળમાં બે તરફથી કિલ્લા પર હુમલો કરવાના વિચારથી પોતાના સૈન્યને બે ભાગમાં વિભક્ત કર્યું હતું. જેવી પેલી ફોજ બહાર નીકળી કે તરતજ બલદિવાનનું સૈન્ય કોઈ પણ પ્રકારના પ્રતિરોધ વિના શહેરમાં પ્રવેશી ગયું. પછી પૂછવુજ શું ? કિલ્લો બુન્દેલાના હાથમાં આવ્યો અને કિલ્લેદાર કરમઇલાહી દિલ્હી તરફ નાશી છૂટયો. આ યુદ્ધમાં નંદન છીપી, કૃપારામ ચંદેલ, કુંવર

સેન બઘેરા, વાઘરાજ પડિહાર, વગેરે દશ સરદારો બલદિવાનના સૈન્યમાંથી મૃત્યુ પામ્યા અને ૨૭ સરદારો ઘાયલ થયા. મુસલમાની સૈન્યના ૬૦૦૦ સિપાઇઓ મુઆ અને ૨૨૦ ઘાયલ થયા.

છત્રસાલજીએ ગઢ કાલિંજર પોતાને હસ્તગત કરી ચોબા માનધાતાને ત્યાંના કિલ્લેદાર તરિકે નિયત કર્યો અને ૫૦૦ સિપાઇઓ ગઢના રક્ષણને માટે મૂકી પોતે પન્ના થઇને મઉમાં આવ્યા. એક દિવસ વીર છત્રસાલજી અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઇને મહાલયની બહાર નીકળી શિકાર કરવાને જતા હતા એટલામાં તેમની દ્રષ્ટિ એક ગૌરવર્ણના યોગી પર પડી. આ સમયે તેમની વચ્ચે કાંઇ પણ વાર્તાલાપ થયો નહિ પરન્તુ પાછા વળતાં યોગીરાજની સન્નિધ આવી છત્રસાલજીએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. યોગીરાજના અનુરોધથી તેઓ નીચે બેઠા. થોડી વાર સુધી ઉભય વચ્ચે વાર્તાલાપ થયો. તત્પશ્ચાત્ છત્રસાલજી તે યોગીને સન્માનપૂર્વક મહાલયમાં લઇ ગયા. આ યોગીરાજનું નામ પ્રાણુનાથ હતું. આજ યોગીરાજ પરિનામી મતના અભિષ્ઠાતા હતા.

પ્રાણુનાથજી જામનગરથી દક્ષિણનું પર્યટન કરીને પન્નામાં આવ્યા હતા. અહીંઆં છત્રસાલજીની રાણી દાનકુંવરી શ્રી પ્રાણુનાથજીની અર્ધાંગના બાઈ જીુરાજની શિષ્યા બની હતી. આથી બાઇ જીુરાજ પન્નામાં રહ્યાં અને પ્રાણુનાથજી મઉમાં આવ્યા.

કેટલાક દિવસ પર્યંત મઉમાં રહ્યા પશ્ચાત્ શ્રી પ્રાણુનાથજીની આજ્ઞાનુસાર વીર છત્રસાલજી પન્નામાં આવ્યા. વાસ્તવમાં પ્રાણુનાથજી મહાત્મા હતા અને તે કારણથી છત્રસાલજી તેમના એવા આજ્ઞાંકિત દાસ બની ગયા હતા કે તે જે કહેતા તે છત્રસાલજી કરતા હતા. પન્નામાં છત્રસાલજી પોતાના મહાલયમાં રહેતા હતા, પરન્તુ પ્રાણુનાથજી કુંડિયા (નદી) તટપર રહેતા હતા. એક દિવસ છત્રસાલજી

પ્રાણનાથનાં દર્શન કરવાને માટે આવ્યા તે વખતે તે મહાત્માએ તેમને ચાર વિચિત્ર પ્રકારનાં ચિત્રો બતાવ્યાં. એક ચિત્રમાં બે સુંદર બાળકોની મૂર્તિ હતી; બીજામાં રત્નરચિત ભૂમિ હતી; ત્રીજામાં ચાર શ્વાન હતા અને ચોથામાં સ્વયં છત્રસાલજી હતા. છત્રસાલજીના એક હાથમાં નગ્ન અસિ હતી અને બીજામાં સુવર્ણ મુદ્રા હતી. આ ચિત્રો જોઇને છત્રસાલજીએ વિનીત ભાવથી પૂછ્યું "સ્વામી! આ ચિત્રોનો અર્થ શું તે કૃપા કરીને મને સમજાવો."

પ્રાણનાથજીએ ઉત્તર આપ્યો "જે ચિત્રમાં તમે રત્નમયી ભૂમિ જુઓ છો તે આપણે જે ભૂમિપર બેઠા છીએ તે ભૂમિ છે. એ સમસ્ત ભૂમિ રત્નોની ખાણ છે. જે ચિત્રમાં તમે બે બાળક જુઓ છો તે તમારી રાણી દાનકુંવરીના પુત્રોનું છે. એ પુત્રો મહા પિતૃભક્ત અને ધર્મજ્ઞ થશે. તૃતીય ચિત્ર તમારી સાત પેઢીના પછીના સન્તાનનું છે, તારી સાત પેઢીનાં સન્તાનો ઘણાં કુત્સિત થશે. ચતુર્થ ચિત્રમાં તમે સ્વયં છો એનો આશય એ છે કે તમે શીઘ્ર આ ભૂમિના રાજા થશો અને જન્મ પર્યંત તમે એવા ન્યાયી થશો કે ગુન્હેગારને ખડ્ગથી દંડ દેશો અને ધર્મજ્ઞ તથા સત્કાર્ય કરનારને મુદ્રાવાળા હસ્તથી સર્વદા પારિતોષિક આપશો."

પ્રાણનાથજીના મુખમાંથી આવાં વચનો સાંભળીને છત્રસાલજી બોલ્યા "આપ નિત્ય મને મહારાજ કહીને સંબોધો છો તેથી મને લજ્જા ઉત્પન્ન થાય છે, કારણ કે હું એ ઉપાધિને યોગ્ય નથી. હું તો એક નિઃસહાય તસ્કરની પેઠે દસ્યુ કર્મ કરી રહ્યો છું."

આ બોલ સાંભળી પ્રાણનાથજીએ ઉત્તર આપ્યો "છત્રસાલજી! તમે રાજા નથી પણ મહારાજા છો. તમે ખરેખર એ ઉપાધિને યોગ્યજ છો." પછી તેઓ ધુણીમાંથી ભસ્મ લઈ છત્રસાલજીને તિલક કરી બોલ્યા "આજેજ તમને રાજતિલક થઈ ચૂક્યું છે. હવે

તમે ઉત્તમ સૈન્ય સજ્જ કરીને દિગ્વિજય કરો. જે પ્રસન્નતાપૂર્વક તમારી આધીનતા સ્વીકારે તેનું રક્ષણ કરો અને જે તમારી સન્મુખ આવે તેને શસ્ત્રબળથી વશ કરો. ઇશ્વરેચ્છાથી.

“ छत्ता तेरे राज्यमें, धकधक धरनी होय;
जित जित घोडा मुख करे, तित तित फत्ते होय.

પન્નામાં તે સમયથી હજી સુધી હીરા જડે છે+ અને એ હીરા ગોલકોંડાના હીરાથી ઉતરતા નથી. અહીંઆં લગભગ ૧૨ પ્રકારના હીરા નીકળે છે. બીજે દિવસે પ્રાતઃકાળમાં છત્રસાલજી પ્રાણનાથજીને પન્નામાં મુકીને પોતે મઉ તરફ ચાલ્યા ગયા. ત્યાં સમસ્ત સૈન્ય સજ્જ કરીને કાર્તિક

+ મૂળ હિંદી પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે પ્રાણનાથજીએ આ મુલાકાત સમયે છત્રસાલજીને કહ્યું હતું કે આજે તમારો ઘોડો જેટલી ભૂમિમાં ફરી વળશે તેટલી ભૂમિમાંથી તમારી સાત પેઢી સુધી હીરા નીકળશે. આથી છત્રસાલ પ્રાણનાથજી પાસેથી વિદાય થયા પછી તેમની આજ્ઞાનુસાર તેજ દિવસે અશ્વારૂઢ થઈને ૭ કલાકમાં બાર કોસનું ચક્કર લગાવી આવ્યા હતા. ખરી વાત ગમે તે હો પણ, આ હકીકતમાં કોઈ અંશે અતિશયોક્તિ હોય તોપણ સંભવિત છે. તેમજ એ ભૂમિમાં હીરા હોવાની વાર્તા એ સમય સુધી કોઈની જાણમાં ન હોય અને ભૂમિ પરીક્ષણ શક્તિથી યા યોગબળથી એ બાબત પ્રાણનાથની જાણમાં આવી હોય તથા છત્રસાલજીને યોગ્ય અધિકારી સમજીને તે વાત તેમને જણાવી હોય અને ત્યારથી તે ભૂમિમાંથી હીરો શોધી કહાડવાનું શરૂ થયું હોય તો તે હીરા સાત પેઢી સુધી નીકળવાના વરદાનની સત્યતા વિષે અસંભવિત નથી. તે સાત પેઢી થઇ ગયેલી હોવાને લીધે મૂળ હીંદી પુસ્તકમાં આગળ જતાં જણાવેલી આ હકીકત અહીંજ આપવી ઠીક લાગે છે કે,—“ એ વરદાન સત્ય નિવડ્યું છે; અર્થાત્ હમણાં પન્નામાં જે હીરા નીકળે છે તે ઘણાજ નહાના હોય છે અને તે પણ કવચિતજ નીકળે છે કે જે ન નીકળવા સમાનજ છે. ”

મંત્રી.

વદી સપ્તમીને દિવસે પ્રાણનાથની પ્રેરણાનુસાર દિગ્વિજય કરવાને નીકળ્યા.

વીર છત્રસાલજી મઉથી દક્ષિણ તરફ જવાને નીકળ્યા અને પ્રથમ સાગરના કિલ્લા પર હલ્લો કર્યો. તત્પશ્ચાત્ દમોહ, ધેરી લૂંટીને ડોલચીનો નાશ કર્યો. પછી બરહનાના રાજાને તાબે કર્યો, એરચ્ય શહેર લૂંટી હિનૌતિ બાળી મૂકયું અને જમાલપુરનો નાશ કર્યો, વૈદવતી નદી ઉતરતાં કેટલાક પઠાણોએ તેમનો માર્ગ રોકયો, પરન્તુ પરિણામ એ આવ્યું કે પઠાણોનો સરદાર જમાલખાં છત્રસાલજીના હાથમાં આવ્યો અને તેનું સૈન્ય નાશીને સૈયદ લતીફની ફોજમાં જઈ મળ્યું.

સૈયદ લતીફે ગઢ ગ્વાલિયરથી નીકળી જટધડીમાં આવી મુકામ નાંખ્યો હતો. વીર છત્રસાલજીએ તેનાપર હલ્લો કર્યો, રાત્રિનો સમય હતો તેથી મુસલમાનો કાયર થયા; રંક લતિફ જાન બચાવી દક્ષિણ તરફ નાશી છૂટયો અને તેનો સામાન જયાંનો ત્યાં પડી રહ્યો, આ યુદ્ધમાં ૧૦૦ અરબી ઘોડા ૭૦ ઉંટ અને ૧૩ તોપો છત્રસાલના હાથમાં આવી, ત્યાંથી તેમણે બાંદાપર આક્રમણ કર્યું, બાંદાની પ્રજા નમ્રતાથી છત્રસાલજીને તાબે થઇ તેથી તેમનું રક્ષણ થયું. આસપાસના લોકોએ તોફાન કર્યું તેમને યથોચિત દંડ આપવામાં આવ્યો.

આ પ્રમાણે દિગ્વિજય કરતા કરતા વીર છત્રસાલજી રાજગઢમાં આવ્યા. અહીંઆં તેમના સાંભળવામાં આવ્યું કે તહવરખાંની રગોમાંનું લોહી હજી શાન્ત પડયું નથી, તેથી તેણે સામા થવાની તૈયારી કરી છે. તહવરખાંની દશા પૂર્વવતજ થઇ, ત્યાર પછી તેઓ મેંઢમાં ગયા. મૌધા, મુસ્કરા આદિ ૧૮ ગામના જમીનદારોએ મળી વીર છત્રસાલજીને વિષમબેગ આગળ રોકયા. આનું પરિણામ એ આવ્યું કે ૪૦૦ ગામડીઆઓના પ્રાણ ગયા અને બાકીના નાશી છૂટયા. ગામડીઆઓનાં આવાં વર્તનથી ક્રોધિત થઈને છત્રસાલજીએ મહોબા, રાઠ, પડવારી ઈત્યાદિ સ્થળો લૂંટી ત્યાં પોતાનાં થાણાં બેસાડી દીધાં.

બુન્દેલા સૈન્યે જ્યારે અજનર પર હલ્લો કર્યો ત્યારે ૨૭ ગામના ગમારોએ એકત્રિત થઇ પોતાના પ્રાણ ગુમાવવાને માટે છત્રસાલજીનો માર્ગ રોક્યો.

પુનઃ પૂર્વવતજ પરિણામ આવ્યું. પરન્તુ આ સમયે પૂર્વના જેટલો રક્તપાત થયો નહિ. તેમનો સરદાર કૃપારામ બનાફર ચૌધરી માર્યો ગયો અને ભગવાનદાસ બક્ષી ઘાયલ થયો એટલે સર્વ ગમારો ઘેટાંની માફક નાશી ગયા.

હવે તેમણે સેંગરધાર તરફ પોતાની દ્રષ્ટિ ફેરવી. ત્યાંના એક સરદાર દુર્જનસિંહ પડિહારે વીર છત્રસાલજીનું શરણ ગ્રહણ કર્યું; આથી તેનો બચાવ થયો. જે જે લોકો દુર્જનસિંહની પેઠે છત્રસાલજીને શરણે આવ્યા તેમનું રક્ષણ થયું. અને જે લોકો તેમની સામે થયા તેમને તલવારની ધાર અને ભાલાની અણીથી સીધા દોર કરી નાંખ્યા. સેંગરધારને સ્વાધીન કરી તેમણે કાલ્પી પર આક્રમણ કર્યું. આ કાલ્પીમાં પાદશાહનું થાણું હતું. ત્યાંના થાણદારે સામા થવામાં કાંઇ પણ લાભ ન જોવાથી ચોથ આપવાનો સ્વીકાર કર્યો અને તરતને માટે થોડું દ્રવ્ય આપી માથા પરથી આપત્તિ ટાળવાનો વિચાર કર્યો, પરન્તુ તેનો તે વિચાર સિદ્ધ થયો નહિ. વીર છત્રસાલજીએ ચોથના રૂપિઆ પણ લઇ લીધા અને કિલ્લાપર પોતાનો અધિકાર પણ જમાવી દઈ ઉત્તમસિંહ ધંધેરાને ત્યાંનો થાણદાર નિયત કરી દીધો.

(૧૭) ત્રીકમગઢ રાજ્યની હદ.

છત્રસાલજી દિગ્વિજય કરવાને નીકળ્યા તે પૂર્વે ત્રણ વર્ષપર અર્થાત્ સંવત્ ૧૭૩૯ માં ઓરછાધિપતિ સુજાનસિંહ પરલોકવાસી થઈ ગયા હતા અને તેમની ગાદીપર તેમનો બન્ધુ ઈન્દ્રમન બેઠો હતો,

પરન્તુ તે વખતે તેમની ઉમ્મર કેવળ ૧૫ વર્ષની હતી. તેથી સર્વ રાજસત્તા કર્મચારીઓના હસ્તમાં હતી. મંત્રીઓ માત્ર નામને ખાતર સુજાનસિંહની ૯૦ વર્ષની માતામહી ગણેશ કુંવરીની સલાહ લેતા હતા, પરન્તુ સર્વ કાર્ય પોતાની ઇચ્છા પ્રમાણેજ કરતા હતા. આથી તેઓ છત્રસાલજીની સાથે મૈત્રી રાખતા નહોતા; એટલુંજ નહિ પરન્તુ એમ પણ કહેવાતું હતું કે તેમણે સમ્રાટ્ ઔરંગઝેબને છત્રસાલજીને ગિરફતાર કરવાની કબુલાત આપી હતી.

આ કુત્સિત સમાચાર જ્યારે છત્રસાલજીના કર્ણપર પડયા ત્યારે તેઓ કાલ્પીથી સીધા ઓરછા તરફ ચાલ્યા ગયા. રસ્તામાં તેમણે મોઠું મઉ અથવા ભોજનું મઉ લૂંટયું અને બે દિવસ પછી ઓરછાપર આક્રમણ કરવાનો વિચાર કર્યો. તેઓ ધસાન નદી ઉતરતા હતા તે વખતે રાણી ગણેશકુંવરી પાલખીમાં બેસી પોતાની સાથે માત્ર ૫૦ સિપાઇઓ લઇને છત્રસાલજીની પાસે જવાને નીકળી. તેમણે નદીની વચમાં પોતાની પાલખી ઉભી રખાવીને છત્રસાલજીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે; “ બેટા, તમે કયાં જાઓ છો ? હું તમારી પાસે આવી છું. શું તમે વૃદ્ધ માતાપર આક્રમણ કરો છો ? મારૂં કહ્યું માનો અને આ નદીને પેલે પાર તમે રાજ કરો અને આ પાર તમારા ભાઇને રાજ કરવા દો. તમે આવ્યા તો ભલે આવ્યા. ચાલો મારે ઘેર અને તમારી ઇચ્છા હોય ત્યાં સુધી પ્રસન્નતાપૂર્વક રહો.”

મહારાણી ગણેશકુંવરીની આજ્ઞાનુસાર વીર છત્રસાલજી બે દિવસ ઓરછામાં રહ્યા. ત્રીજે દિવસે તેઓ ત્યાંથી નીકળી ગ્વાલિયર ગયા. તહવરખાં અગાઉ બે વાર પરાજિત થયો હતો તેથી આ વખતે તેણે નગદ રૂ. ૨૦૦૦૦ આપી પોતાની રૈયત અને પોતાના સિપાઇઓનું રક્ષણ કર્યું.

આ રીતે દિગ્વિજય કરતા કરતા અને મોગલોનો નાશ કરતા

કરતા વીર છત્રસાલજી ચંબલ નદી સુધી પહોંચી ગયા. ત્યાંથી તેમણે ભેલસાના કિલ્લેદારપર એક પત્ર લખ્યો અને તેને જણાવ્યું કે "યાતો નજરાણું મોકલીને અમને ચોથ આપવાનો સ્વીકાર કરો, નહિ તો અમારા શસ્ત્રના પ્રહાર સહો" આ પત્રનો તેણે કાંઇ પણ જવાબ આપ્યો નહિ. તેથી છત્રસાલજીએ ભેલસાના કિલ્લાપર આક્રમણ કર્યું. ભેલસા પહોંચતાં તેમને દશ દિવસ અને દશ રાત્રિની મુસાફરી કરવી પડી. ત્યાં પહોંચીને તરતજ તેમણે તે કિલ્લો પોતાને હસ્તગત કરી લીધો. આથી ઉજ્જન સુધી છત્રસાલજીની હાક વાગી ગઈ. દેવગઢના કિલ્લેદારને પણ ભય લાગ્યો. ગમે તે કારણ હો, પણ છત્રસાલજી ભેલસાથી આગળ વધ્યા નહિ.

ગ્વાલિયરના સુબેદાર તહવરખાંએ નજરાણું આપ્યું હતું અને ચોથ આપવાનો સ્વીકાર પણ કર્યો હતો, પરન્તુ તે માત્ર સમય ટાળવાને માટેજ. છત્રસાલજીની પીઠ ફરી કે તરતજ તેણે મદદ મેળવવાને માટે દિલ્લી તરફ કેટલાક સવારો મોકલી આપ્યા. એક તરફથી ગ્વાલિયરના સવારો દરબારમાં પહોંચ્યા અને બીજી તરફથી કાલ્પીનો કિલ્લેદાર પણ પહોંચ્યો. આથી ઔરંગઝેબે અનવરખાં નામના પ્રખ્યાત સેનાપતિને છત્રસાલજીને પકડવાને માટે મોકલી આપ્યો. અનવરખાંએ આવીને છત્રસાલજીનો ભેલસાથી મઉ જવાનો રસ્તો રોક્યો.

(૧૮) અનવરખાંનું કેદ પકડાવું.

અનવરખાંના ગુપ્તચરો આમ તેમ ફરવા લાગ્યા. બે ત્રણ દિવસ સુધી ખૂબ તપાસ કરવામાં આવી, પરન્તુ છત્રસાલજીની કાંઇ પણ ખબર ન મળવાથી મુસલમાની સેના ગુલચમન કરવા લાગી. સૈનિકો દિવસના સમયે સૂતા હતા અને રાત્રિના સમયે શરાબનો રંગ ઉડા-

વતા હતા. પાંચમા દિવસની રાત્રિએ મુસલમાન સૈનિકો શરાબબાજીમાં ચકચૂર બન્યા હતા તે સમયે છત્રસાલજીના થોડાક સિપાઇઓ તેમનાપર ચઢી આવ્યા અને ટપાટપ તેમનાં શિર ધડથી જુદાં કરવા મંડયા. બલદિવાન પણ આ વખતે આવ્યા હતા. તેમણે અનવરખાંની પાઘડી વતીજ તેને મુસ્કેટાટ બાંધ્યો અને અન્ય મોગલ સૈનિકોને યમધામ પહોંચાડી દીધા. આ વખતે છત્રસાલજીના હાથમાં એક વેશ્યા આવી. આ વેશ્યા મુસલમાન સૈનિકોની આગળ નાચ કરવાને માટે આવી હતી. અનવરખાં અને તે વેશ્યા બન્નેને કેદી બનાવવામાં આવ્યાં.

આઠ દિવસ પર્યંત અનવરખાં કેદી અવસ્થામાં રહ્યો અને ત્યારપછી એક લાખ મહોર આપવાથી તેનો છૂટકો થયો. તેની સાથે વેશ્યાને પણ મુક્ત કરવામાં આવી. પરન્તુ તેણે પ્રાર્થના કરી કે આજની રાત્રિ મારો મુજરો થયા પછી હું પ્રાતઃકાળમાં ચાલી જઇશ. વીર છત્રસાલજીએ તેની પ્રાર્થના સ્વીકારી. બીજે દિવસે તે વેશ્યા દરબારમાં આવી અને ઘણા હાવભાવથી નૃત્ય કરવા લાગી. તેણે નયનના કટાક્ષથી છત્રસાલજીના અચંચલ ચિત્તને આકર્ષિત કરવાનો વિચાર રાખ્યો હતો. પરન્તુ છત્રસાલજીએ તેના તરફ કલુષિત દ્રષ્ટિથી જોયું નહિ. ગાયન વાદ્ય સમાપ્ત થયા પછી તે વેશ્યાએ છત્રસાલજીના ચરણુપર મસ્તક મૂકી પ્રાર્થના કરી કે 'હું આપના ચરણ છોડી અન્યત્ર જવા ઇચ્છતી નથી.'

આ સમયથી મહારાજ છત્રસાલજીએ તે વેશ્યાને પોતાની સેવામાં રાખી. આ વેશ્યાના ઉદરથી જે પુત્ર થયો તેનું નામ શમશેર બહાદુર રાખવામાં આવ્યું અને તેની પુત્રીનું નામ મસ્તાની રાખવામાં આવ્યું. મસ્તાનીને છત્રસાલજીએ બાજીરાવ પેશ્વાને અર્પણ કરી. બાંદાના નવાબ મસ્તાનીના વંશજ છે. આ વેશ્યા પંજાબની હતી. જ્યારે

તે વીર છત્રસાલજીને શરણે આવી ત્યારે તેની ઉમ્મર ૧૮ વર્ષની હતી. મઉમાં હજી તેનો મહેલ છે. આ પ્રેમકથા યુદ્ધકાંડમાં શોભતી નથી. માટે એનો વિસ્તાર ન કરતાં એને અત્રેજ સમાપ્ત કરવામાં આવે છે.

અનવરખાંના પરાજયની હકીકત સમ્રાટ્ ઔરંગઝેબના કાનપર આવી ત્યારે તે અતિશય ક્રોધે ભરાયો અને તેણે ભરદરબારમાં જણાવ્યું કે જે સરદાર છત્રસાલને ગિરફતાર કરશે તેને મોટું ઈનામ આપવામાં આવશે, અર્થાત્ તેના તાબાના સર્વ મુલકો તેને આપી દેવામાં આવશે. પાદશાહની આ આજ્ઞા સાંભળીને સુદરૂદ્દીન નામનો એક સરદાર કે જે પોતાને અતિ હુંશીઆર, ચાલાક, અને અક્કલમંદ સમજતો હતો તે ઉભો થયો અને બોલ્યો "આ ગુલામને અગર હુકમ થાય તો ચંદરોજમાં એ કામ ફતેહ કરે." સમ્રાટ્ને એજ જોઇતું હતું. તેણે તરતજ તેને ભેલસાની સૂબેદારીનો પરવાનો લખી આપ્યો. પછી તેને ખાનગીમાં સલાહ આપી કે "પ્રથમ તો છત્રસાલપર એવું કહેણુ મોકલવું કે 'ઔરંગઝેબ આલમગીર તમારાપર બહુ પ્રસન્ન થયા છે અને અત્યાર સુધીમાં તમે શહેનશાહની સલ્તનતમાં જે લૂંટ તથા રક્તપાત કર્યો છે તેની તમને માફી મળી શકશે માટે ઉચિત છે કે તમારે શહેનશાહી દરબારમાં હાજર થઈ પોતાના કસુરની માફી માગવી અને શહેનશાહની કૃપા સંપાદન કરી પોતાનો મરતબો બુલન્દ કરી લેવો. જો આ પ્રમાણે તમે ન કરશો તો તમારા હકમાં નુકશાન પહોંચશે. આ સંધિ તમને શુભકર્તા થશે, માટે એ ગુમાવશો નહિ. તમારૂં કિસ્મત અજમાવો.' જો તમારી આ વાત તે માન્ય ન કરે તો પછી તમને યોગ્ય લાગે તે સજા તેને કરજો."

(૧૯) સુદરૂદ્દીનનું ભેલસાપર આવી લાગવું.

સુદરૂદ્દીન પાદશાહી ફર્માન લઇને ભેલસામાં આવ્યો. પરન્તુ કિલ્લો તો છત્રસાલજીના કબજામાં હતો તેથી તેને બહારજ થોભવું પડ્યું. પાદશાહના હુકમ પ્રમાણે તેણે પ્રથમ પોતાના એક વિશ્વાસુ સિપાઇને છત્રસાલની પાસે મોકલ્યો. આ સિપાઇએ છત્રસાલજીની પાસે આવીને મોટી મોટી બડાઈની વાતો હાંકવા માંડી. તે બોલ્યો "હુઝુર! મીર્જા સાહેબ ઘણા બહાદૂર છે. જે વખતે એઓ સહાજાનાબાદના સુબેદાર હતા તે વખતે એમણે ભલભલાને વશ કર્યા હતા. આપની પાસે એઓ આવ્યા છે એ આપનું મહદ્‌ભાગ્ય છે. આપને ઉચિત છે યાતો એમના ગજબથી બચવાને એમની ખિદમત મંજુર કરવી, યાતો આ સ્થાન છોડીને ચાલ્યા જવું, કે જેથી એમને શહેનશાહી દરબારમાં આપની સિફારસ કરવાની સંધિ મળે." મિર્જા સાહેબના દૂતની આવી વાત સાંભળી છત્રસાલજીએ ઉત્તર આપ્યો કે "આપના મિર્જા સાહેબ એવા બહાદૂર હશે તેની સાથે અમારે શી નિસ્બત છે? ભલે એ વીર હોય કે કાયર, પણ જ્યારે દેહ ચાલી ચાલીને એ અહીંઆં આવ્યા છે તો કૃપા કરીને અમારૂં નજરાણું અને અમારી ચોથ પણ આપતા જાય. પછી ભલે તે એ શહેનશાહની આગળ મારી પ્રશંસા કરે યા નિંદા કરે. અમે તો તમારા મીર્જાને દંડ દઇનેજ છોડીશું અને ત્યારેજ અમારી પ્રશંસા કરવાની ઉત્તમ સંધિ તેમને પ્રાપ્ત થશે. અરે મૂર્ખ! નાસી જવાથી કદિ કોઇની પ્રશંસા થઇ છે કે? ક્ષત્રિયોની પ્રશંસા તો શત્રુઓને નસાડી મૂકવાથી થાય છે, સ્વયં નાશી જવાથી નહિ. શત્રુઓના હસતા મુખથી પ્રશંસા સાંભળવી એ ક્ષત્રિયોનો ધર્મ નથી, પરન્તુ શત્રુના રડતા મુખથી પ્રશંસા સાંભળવી એજ ક્ષત્રિયોનો ધર્મ છે. મિર્જાને સમ્રાટ્‌નો આધાર છે, તેમ મને ઇશ્વર અને મારા પોતાના બાહુબળપર ભરોંસો છે. માટે જા અને આ સર્વ વાત તારા મિર્જાને કહે."

મીર્જાંનો દૂત છત્રસાલજીના તરફથી આવો સ્પષ્ટ ઉત્તર સાંભળી નિરાશ થઇને મીર્જાની પાસે ગયો અને તેને સર્વ હકીકત નિવેદન કરી. સાથે સાથે એવી પણ સલાહ આપી કે; "હુઝુર! ચોથ આપીને આ બલાને ટાળવી જોઇએ. નહિ તો કોણ જાણે આપણું શું એ થશે?" પોતાના દૂતની આવી કાયરતા જોઈ મીર્જાં ઘણો ગુસ્સે થયો અને તે બોલ્યો; "અરે સુવર! ચૂપ રહે. ચોથ આપીને હું શહેનશાહી દરબારમાં શું મોં બતાવીશ? જે દુશ્મનથી ડરીને ભાગે તેની જીંદગી પર લ્યાનત છે!" એમ કહીને તેણે તરતજ સેનાને તૈયાર થવાની આજ્ઞા આપી પોતે એવી પ્રતિજ્ઞા કરી કે; "આજે જ્યારે હું છત્રસાલને ગિરફતાર કરીશ ત્યારેજ ભોજન કરીશ." બપોરનો સમય હતો તેથી વીર હિન્દુઓ સ્નાન, ધ્યાન, પૂજન, પાઠ, ભોજન, શયન ઇત્યાદિ વ્યવહારોમાં નિમગ્ન થયા હતા. પરન્તુ એટલામાં તો બંદુકો અને તોપોના અવાજ તેમને કાને પડ્યા. બલદિવાને પોતાની ફોજને કિલ્લા બહાર કાઢી. ઉભય સૈન્યો વચ્ચે દારુણ યુદ્ધ જામ્યું. સાયંકાળે બુન્દેલા સૈન્યની હાર થઈ અને મુસલમાનોનો જય થયો.

---

(૨૦) સુદરૂદ્દીનનો પરાજય.

પ્રાતઃકાળ થતાંજ પુનઃ યુદ્ધનો આરંભ થયો. આ વખતે મુસલમાનોએ બે તરફથી આક્રમણ કર્યું. બુન્દેલા ફોજ જંગલમાંથી જતી રહી. બન્ને મુસલમાની ફોજ એક બીજાને બુન્દેલા ફોજ સમજી એક બીજા પર તોપનો મારો ચલાવવા લાગી. એટલામાં છત્રસાલજીનું સૈન્ય જંગલમાંથી નીકળ્યું અને મુસલમાનો પર આક્રમણ કર્યું. સમરભૂમિમાં અસંખ્ય માણસો મરણ પામ્યાં. નદીના જલપ્રવાહની પેઠે

રક્તપ્રવાહ વ્હેવા લાગ્યો. આ વખતે પણ મુસલમાનો જીતી જાય એવાં ચિન્હ જણાવા લાગ્યાં. પરન્તુ મરણીઆ માણસ શું ન કરે? **વીર** છત્રસાલ અને બલદિવાન એ ઉભયે પોતાના અશ્વ આગળ કર્યા અને મુસલમાની દલમાં પ્રવેશ કરી **મનીદાસ** નામના સરદારનું મસ્તક કાપી નાખ્યું. મનીદાસનું મૃત્યુ થતાંજ મુસલમાનોની હામ ખૂટી ગઈ અને યોદ્ધાઓ નાસવા લાગ્યા. **મીર્ઝા** સાહેબ સૌથી આગળ નાસવા લાગ્યા. પણ નાશીને જાય ક્યાં? તેને માટે તો આ સર્વ રક્તપાત થયો હતો. તેને પકડીને કેદ કરવામાં આવ્યો ત્યારે તેને પણ 'સો ડંડી અને એક બુન્દેલખંડી' એ કહેવત સત્ય લાગી. રંક **મીર્ઝા**એ નજરાણું અને ચોથ આપી મીઠી જબાનથી છત્રસાલજીને પ્રસન્ન કર્યા અને પોતાનો પ્રાણ બચાવ્યો.

મીર્ઝા સાહેબને યથોચિત શિકસ્ત આપીને **વીર** છત્રસાલજી જે રસ્તેથી આવ્યા હતા તેજ રસ્તે તાબે કરેલા પ્રદેશમાં પ્રજાના કુશલ સમાચાર પૂછતા, ઇનામ આપતા, નજરાણું સ્વીકારતા, સ્વામી કામતાનાથનાં દર્શન કરવાની અભિલાષાથી ચિત્રકૂટ તરફ પધાર્યા. તેમના જાસુસો તેમનાથી, બેચાર મજલ આગળ ચાલ્યાજ કરતા હતા. તેમને **બાંદા**માં ખબર મળી કે હુમીદખાં નામનો પઠાણ ચિત્રકૂટવાસી સાધુઓને કષ્ટ આપે છે. આ સમાચાર સાંભળી બલદિવાનને ૫૦૦ ચુનંદા સવાર આપી તેને વશ કરવાને મોકલ્યા. બલદિવાને તેનાપર આક્રમણ કરી અર્ધ રાત્રિએ તેને ઘેર્યો. બિચારો હુમીદ પોતાના સાથીઓ સહિત પ્રાણ બચાવી નાશી છૂટયો અને તેનો સર્વ સામાન બુન્દેલાઓને હાથ આવ્યો. ચિત્રકૂટમાં છત્રસાલજી ચાર દિવસ પર્યંત રહ્યા. ત્યાંથી તેમણે પન્ના જવાનો વિચાર કર્યો એટલામાં તેમને ખબર મળી કે **મહોબા**ના જમીનદારોને હુમીદખાંએ એવી ઉશ્કેરણી કરી છે કે તમારે છત્રસાલની આધીનતા સ્વીકારવી નહિ, અમે તમને સહાયતા કરવાને

તૈયાર છીએ. આથી છત્રસાલજીએ પન્ના જવાનો વિચાર માંડી વાળી મહોબા તરફ કુચ કરી. છત્રસાલજીના આગમનની વાત સાંભળી મહોબાના જમીનદારો નાશી ગયા, પરન્તુ અન્ય પાંચ દશ ગામના રહીશોએ એકત્રિત થઇ હલ્લો કર્યો. હમીદ પણ તેમની સાથેજ હતો, છત્રસાલજીની આજ્ઞાથી કુંવરસેન ધંધેરાએ તેમને માર મારીને નસાડી મૂક્યા. જો કે દીન પ્રજાને દંડ કરવો એ કાર્ય છત્રસાલજીને રૂચતું નહોતું, પણ કરે શું ? એમ જો ન કરે તો તેમનું પોતાનું કામ બગડતું હતું, '**शठं प्रति शाठ्यं कुर्यात्**' એ નીતિ તેમને પણ ગ્રહણ કરવી પડતી હતી. મહોબાથી લશ્કરની એક ટુકડી દેવગઢ તરફ મોકલી. ત્યાંના કિલ્લેદારે ત્રણ દિવસ સુધી આ લશ્કરની સાથે ટક્કર લીધી પરન્તુ આખરે તેને શરણે આવવું પડયું. ત્યાર પછી પણ આ સ્થળે શાન્તિનાં ચિન્હ જણાયાં નહિ તેથી એકવાર પુનઃ નરસિંહગઢ, દેવગઢ, કૌંચ કાલપી વગેરે સ્થળોપર આક્રમણ કરવું પડયું ત્યાંથી પછી તેમની સેનાએ કોટલા પર આક્રમણ કર્યું. અહીંઆંનો કિલ્લેદાર સૈયદ લતીફ હતો. તેણે બે માસ પર્યંત ખૂબ ટક્કર લીધી. પરન્તુ જ્યારે દારૂગોળો, ખોરાક વગેરે વસ્તુઓ ખુટી ગઇ અને ભૂખે મરવાનો વારો આવ્યો ત્યારે તેણે કાયર થઇને છત્રસાલજીની સાથે સંધિ કરી અને એક લક્ષ મુદ્રા આપી પોતાના પ્રાણની રક્ષા કરી.

---

(૨૧) અબદુલ સમદની લડાઇ.

મીર્ઝાં સુદરૂદ્દીનના પરાજયની વાત સાંભળીને સમ્રાટ્ ઔરંગઝેબના હૃદયમાં અતિ આશ્ચર્ય અને ક્રોધની ઉત્પત્તિ થઇ અને તેણે દિલ્લીના ખાસ સેનાપતિ અબદુલ સમદને વીર છત્રસાલનું દમન કરવાની આજ્ઞા આપી. સમ્રાટ્ની આજ્ઞા પ્રાપ્ત કરી અબદુલ સમદ મોટા ઠાઠમાઠથી ૩૦૦૦૦ સૈનિકો લઇને બુન્દેલખંડમાં આવ્યો અને

મોધામાં મુકામ કર્યો. વીર છત્રસાલજીને સમદના આગમનની ખબર અગાઉથી થઇ ચૂકી હતી. તેઓ પોતે પણ પોતાની સેનાને લઇને સમદની સેનાથી બે કોસના અંતર પર આવીને ઉપસ્થિત થયા. દૂત-દ્વારા ઉભય પક્ષ તરફથી યુદ્ધની તીથિ નિયત કરવામાં આવી.

વસંતઋતુ, ચૈત્ર સુદ ૫ ને ગુરુવારનો દિવસ હતો. સુંદર શીતલ, સુગંધિત વાયુ પ્રત્યેક શ્રેણીના મનુષ્યોનાં મન પ્રફુલ્લિત કરી રહ્યો હતો. પૂર્વ દિશામાં સૂર્ય ભગવાને પોતાના આગમનની સૂચના આપી કે તરતજ રણુસ્થળમાં બન્ને સેનાઓ અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઇને કરાલ કાલસ્વરૂપ ધારણ કરી ઉપસ્થિત થઇ આગળ પાયદળ, તેની પાછળ અશ્વારોહી (સવાર), તેની પાછળ હાથી અને તેની પાછળ તોપો ગોઠવી દેવામાં આવી હતી. તુરી વાગતી હતી, કડખા ગવાતા હતા, ચિત્રવિચિત્ર ઉત્તુંગ ધ્વજા પતાકા બન્ને દલોમાં ફરકતી હતી. યુદ્ધભૂમિમાં આજે વીર પુરુષો પોતાના જન્મનું સાર્થક કરવાને ઉત્સુક બની રહ્યા હતા અને ગર્વથી ઘોડા કુદાવી રહ્યા હતા. કાયર પુરુષો સમય જોઇને નાસવાની વાટ જોતા હતા. વીર છત્રસાલ, બલદિવાન, કુંવરસેન ધંધેરા તથા અંગદરાય એ ચારે વીરો પોતપોતાના હાથ નીચેનાં સૈનિકોને ઉત્તેજન પ્રદાયક વચનો સંભળાવી રહ્યા હતા. વીર છત્રસાલજીએ મોટેથી નિમ્ન લિખિત શ્લોકનો ઉચ્ચાર કર્યો:—

“ यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम्

सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम्. ”

गीता अ. २. श्लोक. ३२

અર્થ—દૈવેચ્છાથી આવી મળેલું અને સ્વર્ગના ખુલ્લા દ્વારરૂપ આવું યુદ્ધ, હે પાર્થ ! જે ક્ષત્રિઓને આવી મળે છે તેઓ ભાગ્યશાળી છે.

ત્યાર પછી બુન્દેલા સૈનિકો જે પ્રમાણે ક્ષુધિત સિંહો હાથીઓનાં વૃંદપર તૂટી પડે છે તે પ્રમાણે મુસલમાનોપર તૂટી પડયા. આ વખતે અગ્ન્યાસ્ત્રનો તો કોઇએ ભાવ પણ પૂછયો નહિ. તલવાર, બરછી, કુહાડી, બિછુવા, તીર, તવલ, તોમર, મુદ્દગર, પટા ઇત્યાદિ શસ્ત્રો વતી યુદ્ધ થવા લાગ્યું. ક્ષણભરમાં ભૂમિ આરક્ત થઇ ગઇ. સમ્રાટ્ ઔરંગઝેબના સરદાર દેવકરણે ૬૦૦ સવારોની વચ્ચે છત્રસાલજીને ઘેરી લીધા. વળી આજ વખતે છત્રસાલજીનો અશ્વ ઘાયલ થઇ ગયો. આ આપત્તિમાં પણ વીર છત્રસાલજીએ ધૈર્ય છોડયું નહિ. તેઓ જે તરફ મુખ ફેરવતા હતા તે તરફ ઘાસની પેઠે સૈનિકોને કાપતા હતા. આ રીતે એક કલાક સુધી વીર છત્રસાલજી એકલા ૬૦૦ માણસોની સામે લડયા. એટલામાં અંગદરાય પોતાના સૈનિકોને લઇને તેમની મદદે આવી પહોંચ્યા અને છત્રસાલજીને આવી દુર્ઘટ સ્થિતિમાં જોઇને અતિ ક્રોધથી મોગલ સૈન્યપર તૂટી પડયા. તેમણે થોડીવારમાં છત્રસાલજીને બહાર કાઢયા. પ્રાતઃકાળથી સાયંકાળ સુધી એક સરખી રીતે યુદ્ધ ચાલ્યું. સૂર્ય ભગવાન અસ્ત થતી વખત વીર છત્રસાલજીને વિજયલક્ષ્મી પ્રદાન કરતા ગયા. આખા દિવસના પરિશ્રમથી મોગલ સૈનિકો અકળાઇ ગયા હતા એવામાં અંગદરાયે ૮૦ સવારોની સાથે તેમના તોપખાનાપર આક્રમણ કર્યું અને ૨૧ તોપો પોતાને સ્વાધીન કરી લીધી. હવે યુદ્ધનો અંત આવ્યો. રાત્રિની વેળાએ મોગલ સૈનિકો યુદ્ધથી પરિશ્રમિત થઇને નિદ્રાદેવીની ગોદમાં શયન કરી રહ્યા હતા. તે વખતે વીર છત્રસાલજીએ તેમનાપર આક્રમણ કર્યું અને તેમનાં દારૂ ગોળાનાં ગાડાં હસ્તગત કરી લીધાં. પ્રાતઃકાળમાં અબ્દુલ સમદે યુદ્ધ કરવામાં લાભ ન માની સંધિ કરી વીર છત્રસાલજી ત્યાંથી કાલિંજર થઇને પન્નામાં આવ્યા.

આ ઘોર સંગ્રામમાં છત્રસાલજીને ચાર ઘા થયા. તેથી જ્યાં

સુધી તે ઘા રૂઝાયા નહિ ત્યાં સુધી તેઓ યુદ્ધકાર્ય કરી શક્યા નહિ. બે માસ પછી તેમણે એક સેના કોટી સુહાવલપર મોકલી. ત્યાંનો અધિપતિ હરિલાલ ગજસિંહ થોડા દિવસ સુધી તો સામો થયો, પરન્તુ અંતે તેણે તે કાર્યમાં પોતાનું તથા પ્રજાનું અનિષ્ટ જોઈ ચોથ આપવાનો સ્વીકાર કર્યો અને આ રીતે સંરક્ષણ મેળવ્યું.

એક વર્ષ વ્યતીત થઈ ગયું હતું તોપણ ભેલસાના કાંઇ સમાચાર મળ્યા નહોતા. સમાચાર તે શું મળે ? ત્યાંતો તેમની પીઠ ફરતાંજ મુસલમાનોએ કબજો કરી લીધો હતો. છત્રસાલજીએ એક સેના પુનઃ ભેલસા તરફ મોકલી. આ સેનાના આગમનની વાત સાંભળી ત્યાંના સુબેદારે ૯૦૦૦ કાબુલી સૈનિકોની એક ફોજ છત્રસાલજીની સામે યુદ્ધ કરવાને મોકલી. બન્ને સૈન્યો વચ્ચે યુદ્ધ થતાં મુસલમાનોનો પરાજય થયો અને તેમના ૪૦ સવાર મરણ પામ્યા.

(૨૨) બહલુલખાંની હાર,

બહલુલખાં પાછો ભેલસા તરફ ચાલ્યો ગયો. ભેલસાની નજીકમાં રાજ્ય કરતા રાજા જગતસિંહની સહાયતા લઇને તે પુનઃ છત્રસાલજીની સામે થયો. સાત દિવસ પર્યંત બન્ને દળોની વચ્ચે ઘોર સંગ્રામ થયો. છત્રસાલજી રાત અને દિવસને માટે જુદી જુદી સેના રાખતા હતા અને આ ઉભય સેનાની સહાયતાથી તેમણે મોગલ સેનાને છિન્ન ભિન્ન કરી નાંખી. સાતમે દિવસે રાજા જગતસિંહે સ્વયં છત્રસાલજીના ઉપર આક્રમણ કર્યું અને તેનું પરિણામ એ આવ્યું કે છત્રસાલજીના હાથથી તેનું મૃત્યુ થયું. આથી મોગલ પક્ષનું જોર નરમ પડયું. છત્રસાલજીએ શાહગઢપર હલ્લો કર્યો. આ વખતે બહલુલખાંને પુનઃ જુસ્સો આવ્યો અને તેણે છત્રસાલજીપર પાછળથી આક્રમણ કર્યું, પરન્તુ છત્રસાલજીના મારથી તેને નાસવું પડયું. શાહગઢમાં પોતાનું

થાણું બેસાડી છત્રસાલજી ધામૌની તરફ ગયા. ત્યાં પણ બહલુલખાંનું મૃત્યુ તેને ખેંચી લઈ ગયું. ધામૌની આગળ તેનો પ્રાણ ગયો.

ધામૌનીથી છત્રસાલજી મઉ ગયા. બલદિવાને સૈન્ય સહિત જઇ કોટરાપર પોતાનો અધિકાર જમાવ્યો અને મહોબા તરફ પ્રયાણ કર્યું. ત્યાંથી એકવાર બાંદાની તપાસ કરી તેઓ ઝાંશી તરફ ચાલ્યા ગયા. ત્યાંથી તેમણે સિવડાપર+ આક્રમણ કર્યું. અહીંઆં દલેલખાં પઠાણનો નાયબ મુરાદખાં કિલ્લેદાર હતો. એણે બુન્દેલાની સામે ચાર દિવસ પર્યંત યુદ્ધ કર્યું. અનેક શેખ, સૈયદ, મુગલ, પઠાણ વગેરે જાતિના યવનોનો રક્તપાત થયો. ચોથે દિવસે તે કિલ્લો બુન્દેલાના અધિકારમાં આવ્યો અને મુરાદખાં મરણ પામ્યો. આ ઘટનાની ખબર પણ શહેનશાહને થઈ.

(૨૩) દલેલખાં સાથે સંગ્રામ.

જે વખતે દલેલખાં શહેનશાહી દરબારમાં ગયો તે વખતે શાહ ઔરંગઝેબે તેને કહ્યું કે; "તમારો ભત્રીજો તો હવે તમારા રોટલા પર પણ લાત મારી રહ્યો છે." આ વાત સાંભળી દલેલખાં ચૂપ રહ્યો. પરન્તુ જ્યારે તે પોતાને ઘેર ગયો અને પોતાના પ્યારા મુરાદના મરણની વાત સાંભળી ત્યારે તેને અતિ શોક થયો અને તેણે તરતજ પાછે પગલે શહેનશાહની પાસે જઇને પ્રાર્થના કરી કે "જહાંપનાહ! કસુર માફ કરજો! આપે હમણાં જે કહ્યું હતું તેનો અર્થ આ કર્મહીન સમજી શક્યો નહોતો. ઘેર ગયો ત્યારે ખુલાસો સાંભળી તાબેદાર આપની કદમબોસીમાં આવીને હાઝિર થયો છે. અગર મને મદદ આપવામાં આવે તો હું જઇને જોઉં કે છત્રસાલ કેવો છે?"

+ સિવડા હાલ દતિયાના રાજ્યમાં છે.

ઔરંગઝેબે તેની પ્રાર્થના માન્ય ન રાખી અને તેને ચોખ્ખો જવાબ આપ્યો કે; "તમારો બચાવ તમેજ કરી લ્યો." આ વચનો સાંભળી દલેલખાંએ છત્રસાલજીના ઉપર એક પત્ર લખ્યો, જેનો આશય નીચે પ્રમાણે છેઃ—

"આપના પિતા રાજા ચંપતરાય મારા પાઘબદલા (પાઘડી બદલા) બન્ધુ હતા. હમણાં હું શહેનશાહના રાજ્યમાં રહું છું. અને હું તમને ભત્રીજો જાણીને લખું છું કે આપ મારા રોટલાપર શા માટે પગ મૂકો છો? મને કાકો સમજીને તમારે મારા મુલકપરથી તમારી સત્તા ઉઠાવી લેવી જોઇએ."

આ પત્ર વાંચી વીર છત્રસાલજીએ બલદિવાન ઉપર એક પત્ર લખી મોકલ્યો અને સિવડાપરની સત્તા ઉઠાવી લેવરાવી અને જે નુકશાન થયું હતું તે ભરી આપ્યું.

જે વખતે બલદિવાન સિવડાથી પાછા ફરતા હતા તે વખતે ચારપાંચ ગામના જમીનદારોએ એકત્રિત થઇ રાત્રિના વખતે તેમના લસ્કરપર છાપો માર્યો અને મટેબંદના કિલ્લામાં છુપાઇ ગયા. બલદિવાને ત્રણ તરફથી આ કિલ્લાને ઘેરી લીધો. આ આક્રમણમાં દિવાન રામમન દૌવા માર્યો ગયો. બલદિવાન દૌવાને બહુ ચાહતા હતા, તેથી તેઓ અતિ ખિન્ન થઇને અભય શૂરતાથી કિલ્લામાં સૈન્ય સહિત પ્રવેશ્યા અને ત્યાં એક શ્વાન સુદ્ધાં પણ જીવતો રહેવા દીધો નહિ.

હવે સમ્રાટ્ ઔરંગઝેબનો મોકલેલો શાહકુલી નામનો એક સરદાર બુન્દેલખંડમાં આવ્યો અને ધોરાહટ, કોટરા, જમાલપુર વગેરે છત્રસાલજીનાં તાબે કરેલાં સ્થળો પર તેણે આક્રમણ કર્યું. ત્યાર પછી તે નૌલી મુકામે થોભ્યો અને છત્રસાલજી ઉપર પોતાની સામે યુદ્ધ કરવાને માટે પત્ર લખી મોકલ્યો. મઉથી છત્રસાલજી નીકળ્યા અને બલદિવાનને તથા સર્વ વિખરાઇ ગયેલાં સૈન્યને એકત્રિત કરીને શાહકુ-

લીની સામે યુદ્ધ કરવાને માટે આવ્યા. અહમદખાં નામનો સરદાર શાહકુલીને જઈ મળ્યો અને તેની આજ્ઞાથી બુન્દેલાની સામે લડવા લાગ્યો. યુદ્ધ થતાં થતાં મધ્યાન્હકાળે અસમદખાંનનો સહોદર શેરખાં માર્યો ગયો. આથી અસમદે ક્રોધિત થઇ બમણા જોરથી બુન્દેલા પર આક્રમણ કર્યું. છત્રસાલજી તથા બલદિવાને પોતાના સૈન્યને બહુ ઉશ્કેર્યું પરન્તુ તેમનો સઘળો પ્રયાસ વ્યર્થ ગયો. સર્વ સૈનિકો નાશી ગયા અને છત્રસાલજી તથા બલદિવાનને પણ ભાગી જવું પડયું. છત્રસાલજી હમણાં બીજીવાર સમરાંગણમાંથી નાઠા હતા.

છત્રસાલજીએ થોડા ગાઉ પાછા હઠીને પુનઃ સૈન્ય એકત્રિત કરવા માંડયું અને પોતાના હતાશ થએલા નિરુત્સાહી બન્ધુઓને સમજાવ્યા કે ''ભાઇઓ હિમ્મત શા માટે હારી જાઓ છો ? આટલો વખત હાર્યા તેમાં શું થઇ ગયું ? અરે જે માણસ આલસ્યની નિદ્રામાં સૂઈ રહે છે તે કદિ નિદ્રાના સુખને જાણે છે ? નિરંતર સુખમાં રહેનારને સુખ પોતેજ દુઃખ રૂપ થઇ પડે છે. પરિશ્રમ કર્યા પછી જે આરામ મળે છે તે સુખદાયક હોય છે. તડકાથી પીડિત થયેલો મનુષ્યજ છાયાના સુખનો અનુભવ લઇ શકે છે, હાર પામીને જીતવું એજ ખરી જીત છે. પ્યારા ભાઇઓ ! હતાશ ન થાઓ ! નિરુત્સાહી માં થાઓ ! ધૈર્ય ધારણ કરો ! તમારામાં કેટલું અગાધ બળ છે તેનો વિચાર કરો. શસ્ત્રોને સંભાળો અને શત્રુઓને પછાડી પછાડીને મારો. જે અંતે સુખી થાય છે તેજ ખરો સુખી છે. ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર આનંદકંદ સત્તર વખત જરાસંધથી હાર્યા હતા અને તેમણે અઢારમી વખત વિજયલક્ષ્મી પ્રાપ્ત કરી હતી. આ સર્વ દ્રશ્ય વસ્તુઓ તો નાશવંત છે પરન્તુ જે તત્ત્વ અંતે રહે છે તેજ અનંત છે. જેવું કારણસ્વરૂપ કર્મ કરવામાં આવે છે તેવુંજ ફળ નિપજે છે. આમ્ર વૃક્ષને થડ, શાખા, પાંદડાં, તથા મૉર વગેરે સર્વ વસ્તુઓ હોય છે,

પરન્તુ તેનું ખરૂં ફળ તો કેરીજ છે. બીજી સર્વ વસ્તુઓ તો માત્ર તેનાં સાધન છે. માટે કોઈ લતાને કાંઇ નુકશાન થયું હોય તેથી ફલનો ત્યાગ કરવામાં કાંઇ લાભ નથી. આપણે ધર્મકાર્ય કરવાને કટિબદ્ધ થયા છીએ તેથી ઈશ્વર અવશ્ય ઉત્તમ ફળજ આપશે. ઉઠો, શસ્ત્ર ધારણ કરો અને આનંદથી વિજયલક્ષ્મી પ્રાપ્ત કરો.

क्षत्रिन हित विधिनो रच्यो, युद्धतीर्थ सुख सार;
मरे स्वर्ग जीते सुयश, जाको उभय प्रकार.

આળસુ માણસ તો સર્વદા મૃત્તિકા સમાનજ છે. માટે ઉઠો, આલસ્યનો પરિત્યાગ કરો અને ધર્મ કાર્ય કરવાને તત્પર થાઓ."

આ પ્રકારનું તત્ત્વજ્ઞાનથી ભરેલું છત્રસાલજીનું ભાષણ સાંભળીને સર્વ વીરોના મનમાં ઉલ્લાસ આવ્યો અને તેમણે પ્રસન્નતાપૂર્વક ઉત્તર આપ્યો કે "મહારાજ! જ્યાં સુધી અમારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી હાર કેવી? આ વખત અવશ્ય અમે શત્રુઓને પદદલિત કરીશું."

અંતે વીર છત્રસાલજીનાં માણસો પુનઃ સજ્જ થયાં અને વીણા, શરણાઇ, ઢોલ, ડફ, ડમરૂ ઇત્યાદિ વાદ્યો વાગવા માંડયાં. તેની સાથે વળી મારૂ રાગ ગવાવા લાગ્યાથી વીરોનો ઉત્સાહ દ્વિગુણ વૃદ્ધિ પામવા લાગ્યો. ઉત્તુંગ રણ ધ્વનિએ મેઘમાળાઓની પેઠે સમસ્ત સેનાને આચ્છાદિત કરી નાંખી. પોતાના સૈનિકોને આ રીતે ગાજતા વાજતા જોઇને વીર છત્રસાલજીએ મોગલોને પોકાર કર્યો. મુસલમાનો પણ અતિ ક્રોધથી સામા આવ્યા. બન્ને પક્ષ તરફથી અસ્ત્રશસ્ત્રના મારની પુષ્કળ વૃષ્ટિ થવા લાગી. બુન્દેલા લોકો ઘણા માર્યા ગયા તોપણ તેઓ હઠયા નાહ. અંતે બુન્દેલા સૈન્યે મોગલ સેનાને છિન્ન ભિન્ન કરી નાંખી વીર છત્રસાલજીએ અસમદખાં ઉપર તલવાર ઉઠાવી એટલામાં એકાએક

તેનો મિત્ર અબદુલ લતીફ ત્યાં આવી પહોંચ્યો. તેણે છત્રસાલજીને સવિનય પ્રાર્થના કરી કે "હુઝુર ! એની કસુર માફ કરો ". વીર છત્રસાલજીએ આ રીતે તેના મિત્રની દીન વાણી સાંભળીને પોતાનો ક્રોધ સમાવ્યો અને અસમદને અભયદાન આપ્યું. પાઠક મહાશય ! આ ઉદારતા વિચારવા યોગ્ય છે. જે પોતાના મનપર આટલો કાબુ રાખી શકે છે તેજ સત્પુરુષ છે. પરન્તુ હાથમાં આવેલા શત્રુને છોડી દેવો એ પણ મૂર્ખતા છે, તેથી છત્રસાલજીએ તેને બંદીવાન કર્યો અને તેને મઉ મુકામે લઇ આવ્યા ત્યાં તેને ઉચિત દંડ કરી છોડી મૂકયો.

(૨૪) શાહકુલીની સાથે લડાઈ.

શાહકુલીની સેના યદ્યપિ અસમદની સાથે હતી તોપણ તે અદ્યાપિ સ્વયં યુદ્ધમાં સામિલ થયો નહોતો. તેણે અસમદની આ સ્થિતિ જોઈ દિલ્હીથી મદદ મંગાવી. ત્યાંથી સમ્રાટ્ની આજ્ઞાનુસાર રાજા નંદરાય ૮૦૦ સવારો લઇને આવ્યો અને તત્પશ્ચાત્ બન્નેએ મળીને મઉપર આક્રમણ કર્યું. હાલમાં જ્યાં નૌગાંવની છાવણી છે તેજ સ્થળે તે સમયે યુદ્ધ થયું હતું. આ સ્થળે અસ્ત્રોને બદલે શસ્ત્રોજ વાપરવામાં આવ્યાં હતાં. પ્રાતઃકાળથી બપોર સુધી ખૂબ લડાઈ ચાલી. બપોરે રાજા નંદરાય બલદિવાનની કટારથી ઘાયલ થઇને તૂટી પડ્યો અને મુસલમાની સેના પણ બુન્દેલાનો માર સહન ન કરી શકાવાથી નાશી ગઈ. ખરેખર ! ક્ષત્રિયોની પેઠે તલવાર કોણ વાપરી શકે છે ? બંદુક તો સ્ત્રીઓ પણ વાપરી શકે છે !

શાહકુલી અહીંઆંથી નાશી આલીપુર જઇ રહ્યો. તેણે વીર છત્રસાલજી શિકાર ખેલવાને આવે તે વખતે તેના પર આક્રમણ કરવાના વિચારથી પહાડીમાં બબ્બે ચચ્ચાર માણુસો સંતાડી રાખ્યાં હતાં. પરન્તુ તે પોતેજ છત્રસાલજીનો શિકાર બની ગયો. એક દિવસ

અર્ધ રાત્રિને સમયે બુન્દેલા વીરો શિકાર કરવાને નીકળ્યા હતા તે વખતે ઇતર મુસલમાન સૈનિકો તો નાસી છૂટયા પરન્તુ **શાહકુલી** તેમના પંજામાં સપડાઈ ગયો. તેણે ૮૦૦૦ મુદ્રા આપી પોતાના પ્રાણનું રક્ષણ કર્યું. દિલ્લીપતિની સાથે છત્રસાલજીનું આ છેલ્લુંજ યુદ્ધ હતું.

આ તરફ **શાહકુલી** હાર્યો અને દક્ષિણમાં **ઔરંગઝેબ—આલમગીરે અહમદનગરમાં** હાર ખાધી. તે ત્યાંથી પાછા ફરતાં ૧૬૮૭ માં મરણ પામ્યો. એના પછી **બહાદુરશાહ** ગાદીપર બેઠો. **શ્યામલાલ** કૃત બુન્દેલખંડની તવારીખમાં **ઔરંગઝેબનું** મૃત્યુ ૧૧૧૮ હીજરીમાં થયું એમ જણાવવામાં આવ્યું છે. તેમાં ૫૬૯ વર્ષ ઉમેરવાથી ઇ. સ. ૧૬૮૭ થાય છે. વળી તેમાં મહારાજ છત્રસાલજી સંવત ૧૭૪૪ માં ૩૮ વર્ષની ઉમ્મરે ગાદીએ બેઠા એમ જણાવવામાં આવ્યું છે. હવે છત્રપ્રકાશમાં તેમનો જન્મ સંવત ૧૭૦૬ માં થયેલો જણાવવામાં આવ્યો છે. આમાં ૩૮ વર્ષ ઉમેરવામાં આવતાં ૧૭૪૪ થાય છે અને તેમાંથી ૫૭ વર્ષ બાદ કરવામાં આવતાં ઈ. સ. ૧૬૮૭ બને છે. અંગ્રેજી તવારીખોમાં **ઔરંગઝેબના** મૃત્યુનો સન ૧૭૦૭ જણાવવામાં આવ્યો છે. અમે જે પુસ્તકોનો આધાર લીધો છે તેમાં તે ૧૬૮૭ જણાવવામાં આવ્યો છે. વાંચકો પોતે એનો નિર્ણય કરી લેવાની કૃપા કરશે.

---

(૨૫) બહાદુરશાહની મુલાકાત.

સમ્રાટ્ **ઔરંગઝેબનો** દેહાંત થઈ જવા પશ્ચાત્ તેનો બીજો પુત્ર **બહાદુરશાહ** પોતાના ભાઇઓની સાથે લડીવઢીને તખ્તનશીન થયો, પરન્તુ આ વખતે મોગલ શહેનશાહત બહુ કમજોર બની ગઈ હતી. મરાઠાઓનું પ્રાબલ્ય વિશેષ હતું. તેથી સમ્રટ્ના મુખ્ય મંત્રી નવાબ ખાનખાનાન બહાદુરે છત્રસાલજીની સાથે વિરોધ રાખવામાં લાભ નથી એમ જાણી તેમની સાથે મૈત્રી કરવાનો પ્રયાસ

કર્યો. તેણે શહેનશાહની સમક્ષ ચંપતરાયની પ્રશંસા કરી જણાવ્યું કે "દારા શિકોહના સમયમાં તેઓ મોગલ સલ્તનતના ખેરખાં હતા અને તેમને જાગીરી પણ મળી હતી." વળી તેણે છત્રસાલજીની પણ ખૂબ પ્રશંસા કરી, શહેનશાહને પ્રાર્થના કરી કે "જહાંપનાહ! લોહાગઢ ઘણા વખતથી દુસ્મનોના હાથમાં છે, માટે છત્રસાલજીને જો ત્યાં મોકલવામાં આવે તો એ શૂરો રાજપૂત જરૂર ફતેહ મેળવે." પાદશાહે આ વાતનો સ્વીકાર કર્યો. પાદશાહની પરવાનગી મેળવી નવાબ ખાનખાનાને છત્રસાલજી ઉપર ઉપલા આશયનો એક પત્ર લખી મોકલ્યો. વીર છત્રસાલજીએ એ પત્રનો એવો ઉત્તર આપ્યો કે કે "હું લોહાગઢ જીત્યા પછી દિલ્હી દરબારમાં હાજર થઈશ." પરન્તુ પાદશાહના આગ્રહથી તેઓ પ્રથમ દિલ્લી ગયા. ત્યાં તેમનો યોગ્ય સત્કાર થયો, તેમને પાદશાહના દરબારમાં ઉચિત આસન મળ્યું અને સમ્રાટે સ્વયં ઉઠીને પોતાનું ખડ્ગ છત્રસાલજીને અર્પણ કર્યું. પછી તેણે તેમને લોહાગઢપર આક્રમણ કરવાની આજ્ઞા કરી. છત્રસાલજી સસૈન્ય લોહાગઢપર ચઢ્યા અને જે વિકટ દુર્ગ પાદશાહનું સૈન્ય મહિનાઓ સુધી યુદ્ધ કરીને જીતી શક્યું નહોતું તે દુર્ગ છત્રસાલજીએ એક દિવસમાં હસ્તગત કરી લીધો. લોહાગઢ જીતીને વીર છત્રસાલજી શાહજહાંનાબાદમાં આવીને બહાદુરશાહને મળ્યા. બહાદુરશાહે અતીવ પ્રસન્ન થઈને વીર છત્રસાલજીને કહ્યું કે "આપ શહેનશાહી દરબારમાં રહેવાનું મંજુર કરો અને મનમાની જાગીર લો" પરન્તુ તેમણે એ વાતનો સ્વીકાર કર્યો નહિ અને ઉત્તર આપ્યો કે "ઈશ્વરે મને બે કરોડની ભૂમિ આપી છે તે મારે જોઇએ તે કરતાં અધિક છે. હું આપની માત્ર કૃપાદ્રષ્ટિનો આકાંક્ષી છું. આપ જે કાર્ય કરવાને આજ્ઞા ફરમાવશો તે કાર્ય કરવાને હું તત્પર છું."

(૨૬) વિજાપુરના સરદાર સાથે લડાઈ.

સંવત ૧૭૫૦ માં વિજાપુરથી એક યવન સરદાર પન્નાપર ચઢી આવ્યો. તેણે છત્રસાલજીની સાથે એવી સરત કરી હતી કે " જો હું કુડિયા નદીથી યુદ્ધ કરતો કરતો આવી ધર્મસાગર (પન્નાની દક્ષિણે આ તળાવ આવેલું છે) નું જળ મારા ઘોડાને પાઇશ તો તમારે પન્ના છોડી જવું પડશે" યુદ્ધનો આરંભ થયો, તેનો એક ભાઇ બેની-સાગર નામના તળાવ આગળ માર્યો ગયો. પરન્તુ તેતો આગળ ચાલતોજ ગયો. આખરે છત્રસાલજીએ સ્વહસ્તે તેને ધર્મસાગરથી થોડા અંતરપર માર્યો. આ બન્ને ભાઇઓની કબર હાલ પન્નામાં જે સ્થળે તેઓ માર્યા ગયા હતા ત્યાં મોજુદ છે.

મહારાજ છત્રસાલજીએ ફેરૂક્કાબાદના અધિપતિ બંગસની સાથે સંવત ૧૭૮૩ (ઈ. સ. ૧૭૨૬) માં અંતિમ યુદ્ધ કર્યું બંગસે જેત-પુરના કિલ્લાપર આક્રમણ કરી તેને પોતાને સ્વાધીન કરી લીધો અને દેશમાં મહા ઉત્પાત મચાવ્યો. તેણે બુન્દેલાના દળને બેવાર મારીને નસાડી મૂકયું. આથી મહારાજ છત્રસાલજીએ પુનાના પેશ્વા બાજીરાવ પર એક પત્ર મદદને માટે લખ્યો. આ પત્રમાં તેમણે નિમ્ન લિખિત દોહરો લખ્યો હતોઃ—

" जो गति भइ गज ग्राहकी, सोगति अपनी आइ;
बाजी जात बुन्देलकी, रखवो बाजी राइ. "

આ પત્ર મળતાં બાજીરાવ પેશ્વા પુનાથી નીકળી ૧૭ દિવસમાં જેતપુર આવ્યા. મરાઠા અને બુન્દેલાનું એકત્રિત સૈન્ય જોઇને બંગસ સ્વયં કિલ્લો છોડી નાશી ગયો. આ સહાયતાના પારિતોષિક તરિકે મહારાજ છત્રસાલજીએ પોતાની વેસ્યાના ઉદરથી ઉત્પન્ન થયેલી પુત્રી મસ્તાની બાજીરાવને અર્પણ કરી અને તેને પોતાનો ત્રીજો પુત્ર માનીને

પોતાના રાજ્યમાં તેને ત્રીજો ભાગ આપ્યો. છત્રસાલજીએ મરાઠાઓને સાગર વગેરે સ્થળો આપ્યાં હતાં. બાજીરાવને મસ્તાનીના ઉદરથી એક પુત્ર થયો. આ પુત્રનું નામ શમશેરબહાદુર હતું. શમશેર-બહાદુરને બાંદાનો નવાબ બનાવવામાં આવ્યો. આ અંતિમ યુદ્ધમાં મહારાજ છત્રસાલજીએ પોતે શસ્ત્ર ધારણ કર્યાં નહોતાં. એમના બે પુત્રોએ એ યુદ્ધમાં ભાગ લીધો હતો.

દિલ્લીપતિ સમ્રાટ્ ઔરંગઝેબના મૃત્યુ પશ્ચાત્ છત્રસાલજીને મોગલ સલ્તનત તરફથી કાંઈ પણ ઉપદ્રવ થયો નહિ.

સંવત ૧૭૪૪ (ઈ. સ. ૧૬૮૭, હીજરી સન ૧૧૧૮) માં ૩૮ વર્ષની ઉમ્મરે છત્રસાલજીએ કાશી, કાશ્મીરાદિના પંડિતોને બોલાવીને શાસ્ત્રોક્ત વિધિથી રાજતિલક કરાવ્યું. અને સિંહાસનારૂઢ થયા.

મહારાજ છત્રસાલજી જે પ્રમાણે વીર અને દૃઢપ્રતિજ્ઞ હતા, તેજ પ્રમાણે સત્કર્મ, ધર્મશીલતા, સૌજન્ય, પરોપકાર, ગુર્વાજ્ઞાપાલન, જિતેન્દ્રિયતા, સૌહૃદ, ભ્રાતૃસ્નેહ, સ્વદેશપ્રેમ, અને સ્વજાતિભક્તિ એ સર્વ શુભગુણોથી પણ સારી રીતે વિભૂષિત હતા.

આ વખતે મહારાજ છત્રસાલજીનું રાજ્ય દક્ષિણમાં નર્મદા, ઉત્તરમાં યમુના, પૂર્વમાં ટૌંસ અને પશ્ચિમમાં ચંબલ નદી સુધી વિસ્તરેલું હતું. એમના રાજ્યમાં સમસ્ત પ્રજા સુખી અને સુપ્રસન્ન હતી. સમસ્ત પ્રજા તેમને પિતાતુલ્ય માનતી હતી અને દેવતાવત્ પૂજતી હતી. અને તેઓ પોતે પણ પોતાની પ્રજાને પુત્રપુત્રીવત્ માનતા હતા. આ વાતનાં પ્રમાણ અદ્યાપિ મળે છે.

મહારાજ છત્રસાલજી ઘણા સમય સુધી મઊમાં રહ્યા. મઊની પશ્ચિમે બે માઇલપર એમણે પોતાના નિવાસને માટે કેટલાક મહેલો બંધાવ્યા અને ત્યાં કેટલીક વસ્તી પણ વસાવી. આ સ્થાનનું નામ મહુવા રાખવામાં આવ્યું. એમ જણાય છે કે પોતાની જન્મભૂમિનું

નામ ચિરસ્થાયી રાખવાને માટે તેમણે મહેવા વસાવ્યું હતું. જો કે તેઓ સ્વયં મહેવામાં રહેતા હતા તોપણ સર્વ લશ્કર, સામાન અને રણવાસનો નિવાસ મઊમાં હતો. મહારાજ કદિ કદિ પન્નામાં જઇને પણ થોડા દિવસ સુધી રહેતા હતા. તે વખતે બુન્દેલખંડનું પાટનગર મઊ અને મહેવા હતું અને ત્યાંથીજ રાજયવ્યવસ્થા સંબંધે લખાણ વગેરે થતું હતું. આ સર્વ હકીકત મહારાજ છત્રસાલજીની સનંદો-પરથી ઉપલબ્ધ થઈ છે.

છત્રસાલજીના સમયમાં મઊ અને મહેવા એક થઇ ગયાં હતાં. તે સમયે મઊનો વિસ્તાર પ્રાયઃ પાંચ માઈલનો હતો. ત્યાં ઉત્તમોત્તમ વિદ્વાનો તથા મોટા મોટા ધનાઢ્ય પુરૂષો વસતા હતા. આવા ધર્મજ્ઞ રાજાના અમલમાં શી વસ્તુની ત્રુટિ હોય? પરન્તુ અફસોસ! કાળ-ચક્ર પણ કેવું પ્રબળ છે? તેજ રાજસ્થાન મઊ હમણાં કેવળ ૧૦૦૦ માણસની વસ્તી ધરાવે છે. હમણાં માત્ર આગલી જાહોજલાલીનાં ચિન્હો અવશેષ રહ્યાં છે. મહારાજ છત્રસાલજીના મહાલયો પણ ખં-ડિયેરો બની ગયાં છે તલાવ ઉપર જે મહેલો છે તે મહારાજ અમાન-સિંહના છે. તે મહેલો પણ ભાગી તૂટી ગયા હતા પરન્તુ હાલમાં તે મહેલોનો છત્રપુરાધિપતિ વિશ્વનાથસિંહજીએ જીર્ણોદ્ધાર કરાવ્યો છે. આ મહાલયોના આંગણામાં સુંદર ઉદ્યાનો બનાવવામાં આવ્યાં છે. તેની પછવાડે ધ્રુવસાગર તળાવ આવેલું છે. વિશ્વનાથસિંહજીએ આ પ્રા-ચીન મહાલયોને પુનઃ નવીન બનાવી દીધાં છે.

(૨૭) છત્રસાલજીનું શીલ સૌજન્ય.

મહારાજા છત્રસાલજી પોતાનું દૃઢ રાજ્ય સ્થાપિત કરીને પ્રજાપાલન કરી રહ્યા હતા. એક પ્રસંગે તેઓ મઊમાં આવેલા પોતા-ના મહેલની અગાશીમાં વિરાજમાન હતા. ઠાકોરો, મંત્રીઓ, સરદારો,

શેઠો વગેરે સર્વ પ્રકારના લોકો ત્યાં બેઠા હતા, એટલામાં રસ્તામાં થોડેક દૂર એક ગાડી મહાલય તરફ આવતી તેમની દ્રષ્ટિએ પડી. આ ગાડી જોતાંજ છત્રસાલજી મહારાજે સર્વ સભાસદોને કહ્યું કે "જુઓ ! આ ગાડીમાં આવતા વૃદ્ધ પુરુષ મારી બાલ્યાવસ્થાના સહાયક છે. તેને અહીંઆં સુધી દાદર ચઢતાં પરિશ્રમ થશે. ચાલો આપણેજ ત્યાં જઈને તેમને મળીએ." ગાડી દરવાજાની પાસે આવી એટલે મહારાજ પોતે પણ ત્યાં પહોંચી ગયા. પછી તેઓ ગાડી પાસે જઈ ગદ્‌ગદ્ કંઠે બોલ્યા "કાકા ! ક્ષેમકુશલ તો છો ?" આ વચન સાંભળી તે વૃદ્ધ પુરુષથી રહી શકાયું નહિ. તેઓ તો એકદમ રડી પડયા અને આંખમાં આનંદાશ્રુ સહિત બોલ્યા "મહારાજ ! મારા જેવો ભાગ્યવાન અને સુખી માણસ બીજો કોણ હશે ? આપને આ અવસ્થામાં જોઈને મને કેટલો આનંદ થાય છે, તેનું વર્ણન હું શી રીતે કરી શકું ? " હવે છત્રસાલજી પોતાની બાલ્યાવસ્થાની વાત સરદારો સમક્ષ કરવા લાગ્યા. પછી તેમણે તે વૃદ્ધને કહ્યું "હવે આપને શી વસ્તુની આવશ્યકતા છે ?' વૃદ્ધે કહ્યું "આપ મને કાકો કહી ચૂકયા છો એટલે હવે સંસારમાં મને શી વસ્તુ અપ્રાપ્ય રહી ? પરન્તુ આપને એટલીજ પ્રાર્થના કરૂં છું કે આપે હમણાં મારૂં જેટલું માન રાખ્યું છે તેટલુંજ મારૂં નામ મારા મરણ પછી પણ ચાલે એવો બંદોબસ્ત કરશો." છત્રસાલજીએ તરતજ નગરમાં ઢંઢેરો પિટાવી દીધો કે "હવે પ્રજાએ મને કેવળ 'છત્રસાલ' ન કહેવો પણ **'છત્રસાલ મહાબલી'** કહેવો." પાઠક મહાશય ! વિચાર કરો કે આવું શીલ સૌજન્ય પ્રત્યેક મનુષ્યમાં હોય છે ? શું આ શીલ સૌજન્ય ગુણગ્રાહક શ્રોતાઓના હૃદયમાં આનંદ, શરીરમાં રોમાંચ અને કૃતઘ્નીઓના ચિત્તમાં લજ્જા તથા ગ્લાનિ અને છત્રસાલજીના સન્તાનોના હૃદયમાં કુલાભિમાન ઉત્પન્ન કરવાને સમર્થ નથી ? સુજન છત્રસાલજીને અનેકવાર ધન્યવાદ ઘટે છે.

(૨૮) જિતેન્દ્રિયતા અને આત્મશક્તિ.

યવન પાદશાહીના ઉપદ્રવથી કંટાળીને એક કવિ દિલ્લીથી મઉ આવીને વસ્યો હતો. દૈવયોગથી તે ભરયુવાવસ્થામાંજ પરલોકવાસી થઈ ગયો. આથી તેની નવયૌવના સર્વાંગ સુંદર પત્ની પતિવિયોગથી વિહ્વળ થઇ ગઇ. કિંચિત્કાળ પર્યંત તો તેણે જેમતેમ કરીને પોતાના દિન વ્યતીત કર્યા, પરન્તુ અંતે તેનાથી કામદેવનાં પંચબાણ સહન થઇ શક્યાં નહિ. એક તો કામની પ્રેરણા અને વળી તે રસિક કવિની પ્રિયા એટલે પછી તેનાથી ધૈર્ય શી રીતે રહી શકે ? થોડો ઘણો વિચાર કરીને તેણે નિ ા લિખિત આશયનો એક પત્ર લખ્યો:—

“ શ્રીમાન્ !

સર્વ ગુણનિધાન, પ્રજાપાલક, યવનકુલસંહારક શ્રી ૧૦૮ મહારાજ છત્રસાલજી !

સપ્રણામ સવિનય પ્રાર્થના કરૂં છું કે આપના રાજ્યમાં સર્વ પ્રજા સુખી અને આનંદી છે. આપ પ્રજાને સુખી રાખવાને માટે રાજ્યનો ઉત્તમ પ્રબંધ કરો છો. પરન્તુ અફસોસ ! આ અભાગિની અત્યંત દુઃખી છે. તેથી શ્રીમાન્ આ દાસીના સ્થાનપર પધારવાનો શ્રમ લેશે તો મોટી કૃપા થશે. આપ પધારશો ત્યારે હું આપને મારી પ્રબળ વ્યથા કહી સંભળાવીશ અને મારા શરીરને દુઃખમાંથી મુક્ત કરીશ.

આપની કૃપાભિલાષિણી દાસી
પ્યારીબાઇ ભાટિની. ”

આ પત્ર વાંચી મહારાજ છત્રસાલજીના મનમાં નાના પ્રકારના સંકલ્પ વિકલ્પો થયા. તેઓ વિચાર કરવા લાગ્યા “ હે દેવ ! એને

શું થયું હશે ? એ તો સર્વ પ્રકારે અન્ન ધનાદિથી પરિપૂર્ણ છે. ખરેખર, એને કોઈ દુષ્ટ કુદ્રષ્ટિથી જોતો હશે."

સાયંકાળે મહારાજ છત્રસાલજી તે સ્ત્રીને મકાને ફરતા ફરતા ગયા. પ્યારીબાઇએ તેમનો અતિ પ્રસન્નતાપૂર્વક આદરસત્કાર કર્યો અને તેમને જણાવ્યું કે "હું મારી વ્યથા આપને એકાંતમાં નિવેદન કરીશ." તે મહારાજને પોતાના દિવાનખાનામાં લઈ ગઇ અને તેમને કહ્યું કે "મહારાજ ! હું અનાથ અબલા છું. મારી પાસે ધન અન્નાદિ સર્વ વસ્તુઓ છે, પણ મને કામ બહુ સતાવે છે. તેથી મારૂં ચિત્ત કદિ પણ શાન્તિ પામતું નથી. માટે હે નાથ ! આ અનાથને પુત્રદાન આપો. હું આપના જેવા બલવાન પુત્રની ઇચ્છા રાખું છું. જો આપ મારી એ ઇચ્છા પરિપૂર્ણ નહિ કરશો તો આ સંસારમાં મારૂં જીવન વ્યર્થ જશે અને એ દુઃખથી કંટાળીને હું મારો પ્રાણ ત્યાગી દઇશ." આ પ્રકારે મહારાજ છત્રસાલજી તે સ્ત્રીનો કામી વિચાર જોઇ મન સાથે બોલવા લાગ્યા. "અફસોસ ! હવે શું થશે ? હું મારા રાજ્યમાં વસતા સર્વ પુરુષોને પુત્રવત્ અને સ્ત્રીઓને પુત્રીવત્ સમજું છું. તો મારાથી આની સાથે અશ્લીલ વ્યવહાર શી રીતે થઇ શકશે ? અને રૂક્ષ ઉત્તર આપવાથી જો એ પ્રાણ ત્યાગ કરે તો તે પણ ઠીક નહિ." ઘણો વિચાર કર્યા પશ્ચાત્ મહારાજે તેને ઉત્તર આપ્યો. "તું મારા જેવો પુત્રજ માગે છે ને ? બીજું તો કાંઇ માગતી નથી ને ?" તે બોલી "આપના જેવો પુત્ર મને થાય તો પછી મારે બીજું શું જોઇએ ? " આ વચનો સાંભળી છત્રસાલજીએ તરતજ તેના બન્ને કુચ કલશ પોતાના મોંમાં લીધા અને હાથ જોડીને પ્રાર્થના કરી કે "હે માતા ! હું આપનો છું. બોલો આપની શી આજ્ઞા છે ?" છત્રસાલજીના મુખમાંથી આ વચનો સાંભળી પેલી સ્ત્રીની વૃત્તિ પણ માતાના જેવીજ થઈ ગઇ અને તે છત્રસાલજીના મહેલમાં માતૃવત્

રહેવા લાગી. તેની પાસે ૨૦૦૦૦૦૦૦ રૂપિઆ હતા, તેનો છત્રસાલજીએ મઉ શહેરની આસપાસ કોટ બંધાવ્યો. પાઠક ! આ પ્રમાણે પોતાની વિશુદ્ધ ઉચ્ચ ભાવના વડે એક વિકારવશ સ્ત્રીના વિચારને પલટાવી નાંખવા એ શું આત્મશક્તિની પ્રબલતા નથી ?

વળી મહારાજે બુન્દેલખંડમાં એવો ઢંઢેરો પણ પીટાવી દીધો હતો કે " આ દેશની કન્યા આ દેશમાંજ પરણી હોય તો તેણે મારી સમક્ષ મોં ઢાંકવું નહિ. " તેઓ પ્રજાને પુત્ર પુત્રીવત્ માનીને તેજ પ્રમાણે તેની સાથે વર્તન કરતા હતા.

---

(૨૯) નમ્રતા અને ઉદારતા.

સંવત ૧૭૪૮ માં મહારાજ છત્રસાલજી પન્ના નગરમાં વિરાજમાન હતા તે વખતે તેમનો યશ સાંભળીને કાનપુર જીલ્લામાં આવેલા ટિકમાપુરના રહેવાશી ભૂષણકવિ શાહજી પાસેથી ૨૫૦૦૦ રૂપીઆ, પાંચ હાથી તથા વસ્ત્ર ભૂષણાદિ લઇને પન્નામાં પધાર્યા. તેમના આગમનની ખબર સાંભળીને મહારાજ છત્રસાલજીએ મનમાં વિચાર કર્યો કે " હવે આ મહાન બારોટ કવિને હું શું આપી શકું એમ છું ? એને કોઇ એવી વસ્તુ આપવી જોઇએ કે જેથી જન્મ પર્યંત તેનું વિસ્મરણ તેને થાય નહિ અને મારૂં નામ ચિરસ્થાયી થાય. " અંતે તેઓ કવિને વાજતે ગાજતે સામે લેવાને માટે ગયા. જ્યારે તેઓ નિયત સ્થાનપર પહોંચ્યા ત્યારે તેઓ પોતાના હાથી પરથી નીચે ઉતર્યા અને એક બાજુપર ખડા રહ્યા. ભૂષણકવિ પાલખી પર બેઠા હતા અને તેમનો નોકર અશ્વપર બેસી આગળ આગળ ચાલતો હતો. મહારાજ છત્રસાલજીએ પ્રથમ તેને મળીને તેને પોતાના હાથી પર આરૂઢ કરી દીધો. પછી તેમણે જઇને ભૂષણકવિની પાલખીને પોતાની

ખાંધ અડાડી. આ ઘટના જોઇને કવિભૂષણે તરત પોતાની પાલખી પરથી ઉતરીને મહારાજનો હાથ પકડી લીધો અને તેમને કહ્યું કે મહારાજ, ધન્ય છે!

दोहा.

नातीको हाथी दियो, जापँर दुरकत ढाल;
साहुके जस कलसपर, ध्वज बांधी छत्रसाल.

कवित.

राजत अखंड तेज साजत सुयश बडो,
गाजत गयन्द दिग्गजन हिये शाल को;
जाके परताप सों मलिन आफताब होत
ताप तज दुज्जन करत बहु ख्यालको;
साज सज गज तुरी कोतल कतार दीन्हें
भूषण भनत एसो दीन प्रतिपालको;
और राजा राव मन एकहुं न ल्याउं अब
साहूको सराहूंका सराहूं छत्रसालको.

પછી મહારાજ છત્રસાલજી અને ભૂષણ બારોટ એ બન્ને ખાસ મહાલય સુધી પાઉં-પ્યાદા આવ્યા. ભૂષણ કવિ પન્નામાં એક વર્ષ પર્યંત રહ્યા. તેમણે મહારાજ છત્રસાલજીની પ્રશંસાનાં બીજા પણ કેટલાંક કાવ્યો રચ્યાં છે, જેનો ઉલ્લેખ નીચે કરવામાં આવ્યો છે:—

कवित.

भुज भुजगेश कै वे संगनी भुजंगिनी सीं,
खेद खेद खाती दीह दारुण दलन के;

बखतर पार बरनि बीच धस जात मीन
पैर पार जात परवाह ज्यौं जलन के;
रैया राव चंपतके छत्रसाल महाराज
भूषण भनत को बखानिबो बलन के;
पक्षी परछीने एसे परे परछीने बीर
तेरी बरछीने बरछीने हैं खलनके. १

चाक चक चमूके अचाक चक चहूं ओर
चाकसी फीरत धाक चंपतके लालकी;
भूषण भनत बादशाही मार जेर करी
काहूं उमरावना करेरी कर बालकी;
सुन सुन रीति बीरदैतके बडप्पनकी
थप्पन उथप्पनकी रीति छत्रसालकी;
जंगजीत लेवा ते ह्वै के दाम देवा भूप
लागे कर न सेवा माहेवा महिपालकी. २

दोहा.

वे देखो छत्तापता, ये देखो छत्रसाल;
वे दीलीकी ढाल ये दीली ढाहनवाल. १

इक हाडा बुंदी धनी, मर्द महेवा वाल;
साले औरंगझेबको, यह दोनों छत्रसाल. २

મહારાજ છત્રસાલજીનો સાહિત્યપ્રેમ તથા તેમનો ઉદારતાની

કીર્તિ સાંભળીને દૂર દૂરના કવિઓ તેમના દરબારમાં આવ્યા અને તેમના ગુણુ ગાવા લાગ્યા.

પુરુષોત્તમ કવિએ નિમ્ન લિખિત કવિત્ત રચ્યું છે.

कवित्त.

कवि पुरुषोत्तम तमासे लग रहे मान
वीर छत्रसाल अद्‌भुत युद्ध ठाटे हैं;
नारद नरेश के सवारद रजपूत लडे
मारे तरवारे गज बादर से फाटे हैं;
सिंधु लोहुं कुंडन गगन झुंडा झुंडनसों
रिपु रुंडा मुंडनसों सब घट पाटे हैं;
चरवी चरवैयनके परवी समर बीच
गरवी मगरवी ते करवी सें काटे हैं. १

પંચમ કવિનું નીચલું કવિત્ત છેઃ—

कवित्त.

कीवो समान द्रूढ देखे प्रभु आनिये निदान
दान जुझ में न कोउ ठहरात हैं;
पंचम प्रचंड भुजदंड के बखान सुनि
भागवे को पक्षी लों पठान थहरात हैं;
शंका मानी कंपत अमीर दील्लीवाले जब
चंपतके नंदके नगारे घहरात हैं;

चहुं ओर ताके चकत्ताके दल उपर
छत्ताके प्रतापके पताके फहरात हैं. १

લાલમનિ કવિનું કવિત નીચે પ્રમાણે છે:—

कवित्त.

लीन्हों देश दक्षिण तैलंग करनाट बडो,
औरंग जैतवार जंग रनके जवालको;
विरच्यौ महेवावार रेवालौ दवायो देश
धायो फिरे चक्र जोर जाको यों कृपान को;
लालमनि कहैं यों दिनेश लों प्रताप ताको
हो चलो अमल राव चंपतके लालको;
बद्दलकी छाह लौ उसल बादहाही चलौ फैल
चलो भान सौ प्रताप छत्रसालको. १

सवैया.

नहि तात न भ्रात न साथकोउ, नहि द्रव्य हु रंचक पास हती;
नहि सेनहु साज समाज हती अरु कहु सहाय जराहु नती;
कर हिम्मत किस्मत आपनी सों सु लई धरती औ बढाई रती;
बलभद्र भने लख पाठक वृंद हिये में गुनों छत्रसाल गती. १

बरवै—निज हिम्मत किम्मत सों, यवन बिडाल;
भे गरीब सों राजा, धन छत्रसाल.

મહારાજ છત્રસાલજીના દરબારમાં જે કોઈ કવિકોવિદ, ગુણીજનાદિ આવતા હતા તે સર્વ શ્રીમંત થઈને જતા હતા. છત્રસાલજી

મહારાજ જે પ્રમાણે કવિ લોકોના કલ્પવૃક્ષ, ગુણગ્રાહક અને સાહિત્યપ્રેમી તથા ઉદારચિત્ત હતા તે પ્રમાણે સ્વયં પણ કવિતા રચવામાં નિપુણ હતા. મહારાજ છત્રસાલજીનો બનાવેલો કૃષ્ણચરિત્ર નામનો ગ્રંથ અતિ ઉત્તમ અને રસમય છે. વળી એમણે પોતાની વંશાવળી આદિ બુન્દેલા પુરુષ પંચમસિંહથી લઇને પોતાના સુધી છંદબદ્ધ વર્ણવી છે. આ પુસ્તક છત્રપ્રકાશ નામથી પ્રસિદ્ધ છે.

એકવાર મશ્કરીના રૂપમાં ઓરછાથી નિમ્ન લિખિત પદ લખાઇ આવ્યું:—

"औरछे के राजा अरु दतियाकी राई,
अपने मुंह छत्रसाल बने भनाबाई."

આના પ્રત્યુત્તરમાં છત્રસાલજીએ નીચલું કવિત લખી મોકલ્યું:-

कवित्त.

सुदामा तन हेरे तब रंक हुं ते राव कन्हिों,
विदुर तन हेरे तव राजा कियो चेरे से;
कुंवरी तन हेरे तब सुंदर स्वरुप दीनो,
द्रौपदी तन हेरे तब चीर बढयौ टेरेसें;
कहत छत्रसाल प्रल्हादकी प्रतिज्ञा राखी,
हिरनाकुस मारो नेक नजरके फेरेसें;
एरे अभिमानी गुरु ज्ञानी भयें कहा होत
नामी नर होत गुरुड गामी के हेरेसें.

મહારાજ છત્રસાલજીની રાણી કમલાવતી પણ મહા વિદુષી અને કાવ્ય રસની જ્ઞાતા હતી. એક સમય મહારાજ પોતાના રાજ્યમાં

ફરવા ગયા હતા ત્યારે ભગવત નામનો એક કવિ મહેલમાં આવ્યો. એ કવિ ઘણા દિવસ સુધી પડી રહ્યો, પરન્તુ મહારાજ આવ્યા નહિ અને અત્યાર સુધી મહારાણીને પણ તેની ખબર પહોંચાડવામાં આવી નહોતી તેથી આ કવિએ મહાલયના દરવાજા આગળ જઇને પોકાર કર્યો કેઃ—

दोहा.

चल भगवत् चलिये जहां, शीतल झिरियन नीर;
बडो समुद्रका सेइये, प्यासन मरियत तीर. १

સુભાગ્યવશાત્ આ વખતે મહારાણી કમલાવતી દરવાજાની નજીકનાજ ખંડમાં વિરાજમાન હતી. તેણે કવિનો દોહો સાંભળીને પોતાની રૂા. ૫૦૦)ની એક અંગુઠી મોકલી અને તેની સાથે નીચલો દોહો પણ લખી મોકલ્યોઃ—

भगवत गति जानी नहि, का झिरियन कौ नीर;
बड़ो समुद ना छोड़िये, निकसत रतन गंभीर. १

---

(૩૦) સહનશીલતા.

એક સમયે મહારાજ છત્રસાલજી પોતાના બન્ધુઓ તથા પુત્રોની સાથે શિકાર ખેલવાને પધાર્યા. તેમની એક બાજુએ તેમનો એક મોહનસિંહ નામનો પુત્ર ચાલતો હતો. આ મોહનસિંહને શ્રીનગરની જાગીર આપવામાં આવી હતી. તેમની બીજી બાજુએ બલદિવાનનો પિતરાઇ ગાજીશાહ ચાલતો હતો. આ ઉભયની વચ્ચે વાદવિવાદ થયો. મોહનસિંહ ગાજીશાહ પ્રત્યે કાંઇક અપમાનકારક વચનો બોલ્યો. આથી ગાજીશાહને ઘણું માઠું લાગ્યું અને તે ક્રોધિત થઇને છત્રસાલજી પ્રત્યે બોલ્યો "આપના પુત્રને રોકો નહિ તો હું તેને

મારીશ.” આ પરથી છત્રસાલજીએ પોતાના પુત્રને ત્યાંથી પાછા ચાલ્યા જવાની આજ્ઞા ફરમાવી.

(૩૧) ન્યાય ચાતુર્ય.

મઉમાં એક દિવસ છત્રસાલજી મોતીબાગમાં હવા ખાતા હતા એટલામાં એક વણજારાએ આવીને પોકાર કર્યો કે “મહારાજ! આ શાન્તિદાયક રાજ્યમાં આવો જુલમ!” મહારાજે પૂછ્યું “શું છે?” આથી વણજારાએ શાન્ત ચિત્તથી ઉત્તર આપ્યો કે “મારા વૃત્તાંતપર આપ ખૂબ ધ્યાન આપજો. આ વાત એકાંતમાં કહેવા જેવી છે.” આથી છત્રસાલજી તેને એકાંતમાં લઇ ગયા અને તેની વાત સાંભળવા માંડી.

તે વ્યાપારી અતિ દીનભાવથી સાષ્ટાંગ નમસ્કાર કરી બોલ્યો “મહારાજ! હું જેસલમીરનો રહીશ છું, અને જ્ઞાતે વણિક છું. હું અહીંઆં આઠ દિવસ થયાં આવ્યો છું. એક વર્ષપર આપના આ નગરના કેટલાક જોગીઓ મારા શહેરમાં આવ્યા અને ત્યાંથી મારા વ્હાલા પુત્રની વહુને ચોરી લાવ્યા. અમે ઘણી તપાસ કરી પરન્તુ અમને તેનો પત્તો લાગ્યો નહિ. આખરે અમે હતાશ થઇને બેસી રહ્યા. મહારાજ, અમે મીઠાનો વ્યાપાર કરીએ છીએ અને બળદની પીઠપર મીઠું લાદીને ગામે ગામ અને શહેરે શહેર પરિભ્રમણ કરીએ છીએ. આ રીતે અમે અહીંઆં આવી પહોંચ્યા છીએ. અમારો મુકામ આપના નગરની પશ્ચિમ દિશામાં છે. પરમદિવસે મેં કૂવા પર મારી વહુના જેવા સ્વરૂપની એક સ્ત્રીને પાણી ભરતી જોઈ. તેને જોઇને મને મારી ખોવાઈ ગયેલી વહુનું સ્મરણ થયું અને મને વિચાર થયો કે હું એની સાથે કાંઇક વાર્ત્તાલાપ કરૂં. પરન્તુ આપ શ્રીમાનના ધર્મરાજ્યમાં પરસ્ત્રીની સાથે વાર્તાલાપ કરવો ઉચિત ન માની

હું નિસ્તબ્ધ રહ્યો. પરન્તુ તે સ્ત્રીને મારી તરફ આવતી જોઈને મને ઘણું આશ્ચર્ય થયું. તે સ્ત્રી મારી પાસે આવી અને રોતી રોતી બોલી "કાકા, આ અભાગિણી આપની વહુ છે. મને આ જોગીઓ લઇ આવ્યા છે. હાય! મેં કોણ જાણે શાં પાપ કર્યાં હતાં, જેથી મને આપના ચરણનો વિયોગ થયો. જો કે હું હવે આપની સેવા કરવાને યોગ્ય રહી નથી, મારો સતીત્વ ધર્મ નષ્ટ થયો છે, તોપણ મને આશા છે કે આ પરવશતામાંથી આપ કૃપા કરીને મને છોડાવશો. હું આપના ઘરમાં દાસીની પેઠે રહીશ. આપના ઘરમાં આપના અને આપના પુત્રના ચરણકમળનાં દર્શન તો થશે!"

મેં ઉત્તર આપ્યો કે "ઠીક, વત્સે! મારી સાથે ચાલો." પરન્તુ તે બોલી "કાકા, આ પ્રકારે ચાલવામાં લાભ નથી. આ જોગી ઘણા નિષ્ઠુર છે અને તેઓ યંત્ર, મંત્ર, તંત્ર ઇત્યાદિના જ્ઞાતા છે. મને આ પ્રકારે લઈ જવાથી આપના સમસ્ત વંશનો નાશ થશે. આ દુષ્ટોએ આ રીતે અનેક સ્ત્રીઓનું સતીત્વ નષ્ટ કર્યું છે અને સેંકડો ઘરોની પાયમાલી કરી છે. આપ એમ કરો કે અહીંઆંના શ્રીમાન નરેશ બુન્દેલવંશાવતંસ મહારાજ શ્રી છત્રસાલજીને આ વૃત્તાન્ત નિવેદન કરો. એ કૃપાળુ નૃપતિ અવશ્ય આ વાતપર લક્ષ આપશે અને મને આ આપત્તિમાંથી મુક્ત કરશે. પરન્તુ જો આ વાત સર્વ સાધારણ જનસમાજના કાનપર જશે તો આપણાપર મોટી વિપત્તિ આવવાનો સંભવ છે. મારો પ્રાણ જશે તો જશે પણ સાથે આપનો તથા આપના સમસ્ત કુટુંબના પ્રાણ જશે અને વળી આ દુષ્ટો રાજ્યને પણ કોઈ પ્રકારની હાનિ પહોંચાડશે." હે નાથ! આ પ્રમાણે બોલી તે ચૂપ રહી. મેં મારી હકીકત આપને નિવેદન કરી છે. હવે આપના ધ્યાનમાં આવે તે કરો. આપ ધર્મજ્ઞ છો, હું અજ્ઞ છું."

પેલા વ્યાપારીની ઉક્ત વાત શ્રવણ કરી મહારાજે તેને આશ્વા-

સન આપી જણાવ્યું કે "ધૈર્ય ધરો. હું સારી રીતે એનો નિવેડો આણીશ અને દુષ્ટ દુરાચારીઓને દંડ આપીશ. પરન્તુ આ વાત તમે અન્ય કોઇને પણ કરશો નહિ."

બીજે દિવસે મહારાજ છત્રસાલજીએ જંગલમાં પહાડ ઉપર કોઈ પ્રકારની પૂજાના નિમિત્તે નાનાથી મોટા સુધી સર્વ યોગિયોને આમંત્રણ કરીને બોલાવ્યા અને તેમની સ્ત્રીઓને પણ બોલાવી. પછી પોતે સ્ત્રી સમાજમાં જઇને, કોણ કોની સ્ત્રી છે તે વિષે પૂછવા લાગ્યા. મહારાજના મુખમાંથી આ પ્રશ્ન નીકળતાં વેંતજ પેલી મારવાડી સ્ત્રી અતિ ગદ્દગદિત કંઠે બોલી "મહારાજ! આમાંની કોઇ પણ સ્ત્રી કોઇની પરિણીતા નથી. આ સર્વ સ્ત્રીઓને આ દુષ્ટો ચોરી લાવ્યા છે અને તેમને સતીત્વથી ભ્રષ્ટ કરી છે. આ સર્વ અભાગિણી સ્ત્રી પરપત્નીઓ છે." આ આશ્ચર્યજનક વાર્તા સાંભળીને મહારાજે તેને શાન્ત રહેવાની આજ્ઞા કરી અને ક્રમશઃ એક એક સ્ત્રીને પ્રશ્ન પૂછવા માંડયા, ત્યારે તે સર્વ સ્ત્રીઓએ પોતપોતાના દુઃખની કથા કહી સંભળાવી. આ વાત સાંભળી મહારાજ છત્રસાલજીએ તરત સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે જે સ્થળે યોગી લોકો એકત્રિત થયા છે તે સ્થળે ૧૦૦ સિપાઇઓને લઇને જાઓ અને સર્વના શિરનું છેદન કરો અને ત્યાંજ ખાડો ખોદાવીને તેને તેમાં પૂરી દો, કે જેથી પુનઃ કોઈ આવાં દુષ્કર્મ કરવાની ચેષ્ટા કરે નહિ. પછી તેમણે કેટલીક સ્ત્રીઓને તેમને પોતાને ઘેર મોકલી આપી અને કેટલીક સ્ત્રીઓને અન્ન વસ્ત્રનો પ્રબંધ કરી આપ્યો તેથી તે ત્યાંજ રહી. પેલી વણિક વધૂ તો શ્રીમાનને નમસ્કાર કરી તથા પોતાના શ્વશુરની આજ્ઞા લઈ તેજ વખતે યોગિનીવેષ ધારણ કરી જંગલમાં ચાલી ગઇ.

શ્રીમાન છત્રસાલજીની ન્યાય પરાયણતાનું આ તો માત્ર એકજ દ્રષ્ટાન્ત છે, પરન્તુ બુન્દેલખંડમાં તો તેવી અનેક વાતો પ્રચલિત છે.

(૩૨) સાધુ સેવા.

બાબા લાલદાસજીનો સમાગમ અને છત્રપુરનું વસાવવું.

સંવત ૧૭૬૪ની વસંત ઋતુમાં વૈશાખ સુદ ૫ ને દિવસે મહારાજ છત્રસાલજી પોતાના બન્ને રાજકુમારો તથા અન્ય બે ચાર સભાસદોની સાથે મૃગયા ખેલવાને પધાર્યા. થોડાક અંતરપર ગયા તો તેમની દ્રષ્ટિયે એક ભુંડ પડ્યું. તેમણે તેની પાછળ પોતાનો ઘોડો છોડ્યો. આ ભુંડ સાત માઇલ સુધી નાઠું. મહારાજે તેની પૂંઠ પકડી અને છેવટે તેને પોતાની બરછીથી માર્યું. આ વખતે એક પ્રહર દિવસ ચઢ્યો હતો. જ્યેષ્ઠ માસ ચાલતો હતો અને સાત માઇલ પર્યંત ઘોડાપર મુસાફરી કરવાથી તેમને અતિશય તૃષા લાગી હતી. તેઓ જળની શોધ કરવાને માટે ઇતસ્તતઃ પરિભ્રમણ કરવા લાગ્યા, પરન્તુ કયાંય પણ જળનું ચિન્હ દ્દષ્ટિગોચર થયું નહિ. તેઓ સામે આવેલા એક પહાડપર ચઢ્યા તો ત્યાં ધુમાડો દેખાયો. આથી મહારાજે અનુમાન કર્યું કે અહીંઆં અવશ્ય અગ્નિ હોવો જોઇએ અને અગ્નિને પ્રદીપ્ત કરનાર પણ કોઈ વ્યક્તિ હશેજ. આવો વિચાર કરી તેઓ જ્યાંથી ધુમાડો આવતો હતે તે તરફ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં જ્યારે તેઓ તેની છેક નિકટ પહોંચ્યા. ત્યારે તેમણે એક મહાવીરજીની પ્રતિમા એક વૃક્ષની નીચે જોઈ. ત્યાં આગળ ધૂણી તથા ચીપીઓ હતો તેથી તે કોઇ સાધુનું સ્થાન હોય એમ જણાતું હતું. વળી ત્યાં આગળ એક પર્ણકુટી પણ હતી. છત્રસાલજી ત્યાં જઇને તે પર્ણકુટીની બહાર બેઠા. થોડીવારે એક સાધુ જંગલની કેટલીક જડીબુટ્ટિઓ લઇને આવ્યો. રાજાએ ઉઠી તેને સાષ્ટાંગ પ્રણામ કર્યા. સાધુએ આશીર્વાદ આપ્યો અને પૂછ્યું "રાજન્! શી ઇચ્છા છે?" આ વચન સાંભળી છત્રસાલજી ચકિત થઇને વિચાર કરવા લાગ્યા "હું તો એક સિપાઇના વેશમાં

છું, તે છતાં પણ આ સાધુએ મને કેવી રીતે ઓળખી કાઢયો?" છત્રસાલજી આવા વિચારમાં હતા એટલામાં સાધુએ તેમને કેટલાં કફળ આપ્યાં અને કહ્યું "બચ્ચા, પ્રસાદ પ્રાશન કરો અને પછી જળપાન કરો" મહારાજની પણ એજ ઈચ્છા હતી. પ્રસાદ લઈ જળપાન કર્યા પછી મહારાજે સાધુ પાસે વિદાય માગી. સાધુ બોલ્યા "રાજન્! તું ઘણો પ્રતાપી છે. તું જો મારી કહી એક વાત કરે તો તે તને કહું." રાજાએ વિનયપૂર્વક ઉત્તર આપ્યો "સેવકને શી આજ્ઞા છે? પ્રાણને સાટે પણ દાસને સાધુની આજ્ઞા શિરોધાર્ય છે." આ વચનો સાંભળી તે સાધુ પ્રસન્નતાપૂર્વક બોલ્યા "બચ્ચા! અહીંઆં તમે તમારા નામનું એક નગર વસાવો. કાલે આજ વખતે શુભ મુહૂર્ત છે. બેટા! આ ગામ તમારો કીર્તિસ્તંભ થશે અને એ નગર હમેશાં વસંત ઋતુની પેઠે પ્રફુલ્લિત રહેશે." છત્રસાલજીએ મઠમાં આવીને પોતાના મંત્રીઓ, સભાસદો તથા રાજકુમારોને આ વાત કહી સંભળાવી. બીજે દિવસે તે સાધુની આજ્ઞાનુસાર છત્રપુરનો પાયો નાંખવામાં આવ્યો. જ્યાં આગળ આજે રાજમહાલય છે ત્યાં આગળ સંવત ૧૭૬૪ ના વૈશાખ સુદ ૬ ને દિને શહેર છત્રપુરનો પાયો નાખવામાં આવ્યો હતો. મહારાજે પોતાના હાથે પાયાની ઈંટ નાંખી હતી. શહેર બરકોવા તથા કાદીના વણિકોને આ સ્થળે આવી વસવાટ કરવાને કહેવામાં આવ્યું હતું. આ છત્રપુર પન્નાની ગાદીએ આવેલા મહારાજ સરનેતસિંહજીએ સંવત ૧૮૪૦ માં પરમાર વંશના "સોનેશાહ" નામક પ્રતાપી પુરૂષ જે તેમના સેનાધિપતિ તરીકે હતા તેમને ચાર લાખની જાગીર આપી તેમાં આપવામાં આવ્યું હતું જે અદ્યાપિ તેમના વંશજોની રાજધાની છે.

છત્રપુર વસાવવાની મહારાજ છત્રસાલજીને આજ્ઞા કરનાર સાધુનું નામ બાબા લાલદાસજી હતું. તેઓ જે સ્થળે રહેતા હતા તે સ્થળ

આજે પણ 'લાલક ડક્કાકા અખાડા' એ નામથી ઓળખાય છે. આ શહેર હજુ પણ ઘણું આબાદ છે. સંવત ૧૮૪૦ માં અહીંઆંના વણિકોએ અર્જુનસિંહ પરમારને સાત કલાકમાં રૂ. ૩૦૦૦૦૦ બનાવરાવી આપ્યા હતા. સંવત ૧૯૧૪ માં આ શહેરમાં ૨૨૦૦૦ માણસોનું સૈન્ય હતું. હાલમાં આ શહેરમાં વિદ્યાનો પ્રચાર ઘણો સારો છે. આ શહેરની મહારાજ હાઇસ્કૂલ બુન્દેલખંડની સર્વ સ્કૂલો કરતાં ઉત્તમ છે. અહીંઆંની મહારાજ હાઈસ્કૂલના દ્વિતીય શિક્ષક લાલા ભગવાનદીને કાવ્યલતા નામની એક કવિસમાજ સ્થાપન કરી છે. લાલા ભગવાનદીન ઘણા ચતુર અને મહા વિદ્વાન છે. એમની બુદ્ધિ અદ્ભુત છે. આ પુસ્તકના મૂળ હીંદી લેખક એજ શિક્ષકના શિષ્ય છે.

(૩૩) મહારાજ છત્રસાલજીની શારીરિક શક્તિ.

છત્રપુરના રાજ્યમાં મઉની પાસે મકબરા નામના સ્થળે છત્રસાલજી મહારાજનો એક અતિ જીર્ણ જામો હજી પણ સુરક્ષિત રાખવામાં આવ્યો છે. આ જામો જોવાથી તેમના શરીરની પ્રચંડતાનું અનુમાન આપણે સારી રીતે કરી શકીએ છીએ. આ જામાપરથી જણાય છે કે તેમની ઉંચાઇ આશરે ૬ાા ફીટની હતી, વક્ષઃસ્થળની પહોળાઈ ૬૮ ઇંચની હતી, પરન્તુ તેમની કટિ સૂક્ષ્મ હતી. શરીરનો ડોળ ઘણો સુંદર હતો. તેમનું મુખ બહુ લાંબું પણ નહિ અને ગોળ પણ નહિ એવું હતું. તેમનું ઉદર મોટું નહોતું. તેમનું કપાળ ભરાઉ હતું. મસ્તક મોટું, મૂછ મોટી અને નેત્ર લાંબાં હતાં. ઓષ્ટ ધન્વાકાર હતા. વીર છત્રસાલ જેવા વીર હતા તેવાજ રસિક પણ હતા. તેમના શરીરનો વર્ણ સ્હેજ શ્યામ હતો.

છત્રસાલજીને ૧૮ રાણીઓ સ્વજ્ઞાતીય હતી અને ૬ રાણીઓ પરજ્ઞાતીય હતી. એમને સ્વજ્ઞાતીય રાણીઓના ઉદરથી ૫૨ પુત્રો અને

પરજ્ઞાતીય રાણીઓના ઉદરથી ૧૬ પુત્રો ઉત્પન્ન થયા હતા. તેમાં એક મુસલમાની રાણીનો અને એક વેસ્યાનો પુત્ર હતો.

આ ૬૮ પુત્રોની નામાવળી નીચે પ્રમાણે છેઃ—

(૧) પદ્મસિંહ (૨) હિરદેસિંહ (૩) જગતરાજ (૪) ભારતીચંદ (૫) હમીરન (૬) માધોસિંહ (૭) દેવીસિંહ (૮) ખાનજૂ (૯) ભગવંતરાય (૧૦) મરજાદસિંહ (૧૧) તેજસિંહ (૧૨) શંભુસિંહ (૧૩) દુર્જનસિંહ (૧૪) ગોવિન્દસિંહ (૧૫) કેશવરાય (૧૬) ધીરજમલ્લ (૧૭) સાલમસિંહ (૧૮) અર્જુનસિંહ (૧૯) કરનજૂ (૨૦) કુંવર ચતુરભૂજ (૨૧) નૌનેહિવાન (૨૨) અનુપસિંહ (૨૩) દલપતરાવ (૨૪) શિવસિંહ (૨૫) માનસિંહ (૨૬) રાજારાય (૨૭) અનુરુધાસિંહ (૨૮) કિસુનસિંહ (૨૯) ખાનજહાન (૩૦) નવલસિંહ (૩૧) અનંતસિંહ (૩૨) કેસરીસિંહ (૩૩) ઉદેતસિંહ (૩૪) હિમ્મતસિંહ (૩૫) માનસિંહ (૩૬) પૂરનમલ (૩૭) દરયાવસિંહ (૩૮) ગંધર્વસિંહ (૩૯) શ્યામસિંહ (૪૦) વરજોરસિંહ (૪૧) ખુબસિંહ (૪૨) ઉરગસિંહ (૪૩) વિશંતીસિંહ (૪૪) પહિલવાનસિંહ (૪૫) બલવંતસિંહ (૪૬) હનમતસિંહ (૪૭) મકુન્દસિંહ (૪૮) સમશેર બહાદુર (૪૯) રાનાસિંહ (૫૦) ઉમરાવસિંહ (૫૧) કમોદસિંહ (૫૨) દિનદુલા (૫૩) ગાજીસિંહ (૫૪) મોહનસિંહ (૫૫) ભીમસિંહ (૫૬) દલસિંહ (૫૭) દેવીસિંહ (૫૮) સાવંતસિંહ (૫૯) અંગદજૂ (૬૦) રાયચંદ (૬૧) જુરાવનસિંહ (૬૨) ફૂલસિંહ (૬૩) અચલસિંહ (૬૪) ખેનસિંહ (૬૫) પર્વતસિંહ (૬૬) સહાયસિંહ (૬૭) મિર્જારાજા (૬૮) મા પુત્રનું નામ ઉપલબ્ધ થતું નથી.

સ્વજ્ઞાતીય રાણીઓના ઉદરથી ઉત્પન્ન થયેલા જગતરાજ, પદ્મસિંહ અને ભારતીચદના વંશજો અદ્યાપિ શાસનકર્ત્તા છે, જેમનું વર્ણન પાછળથી સંક્ષેપમાં લખવામાં આવશે.

(૩૪) રાજ્ય પ્રબંધ.

મહારાજ છત્રસાલજીના શાસનક્રમ વિષે કાંઇ ખાસ પ્રમાણો મળતાં નથી. તોપણુ રાજ્યની સઘળી વ્યવસ્થા એમના હાથમાં હતી એ વાત તો નિશ્ચિતજ છે. એઓ રાત્રિને સમયે સ્વયં વેષ બદલીને પ્રજાની તપાસ રાખતા હતા. પ્રજાને દુષ્ટ અમલદારો તરફથી જે કષ્ટો સહન કરવાં પડતાં હતાં. તેની હકીકત તેઓ જાતે પ્રજાને મુખેથી સાંભળતા અને દુષ્ટોને દંડ આપતા. વળી તેઓ સારા અમલદારોને પારિતોષિક પણુ આપતા હતા. પોતાના પુત્રો અધર્મ કરતા તો તેમને પણુ તેઓ યોગ્ય દંડ આપતા હતા અને ધર્મરત શત્રુઓને પણુ પુરસ્કાર આપતા હતા. સૈન્ય એકત્રિત કરી કિલ્લાઓનું રક્ષણુ કરતા, ધનની રક્ષા કરતા અને પોતાના કુબેરના જેવા ભંડારમાં અધર્મની એક કોડી પણ આવવા દેતા નહિ. મહારાજ શ્રદ્ધાપૂર્વક માનતા હતા કે અધર્મ કરીને પ્રાપ્ત કરેલું ધન ઇન્દ્રની શ્રીનો પણુ નાશ કરે છે. વળી મહારાજ છત્રસાલજીની પાસે પાર્લામેંટ સમાન એક દરબાર પણુ હતી. આ દરબારમાં પ્રત્યેક જ્ઞાતિના બબ્બે પ્રતિષ્ઠિત સભાસદો હતા. અને એ રીતે પ્રત્યેક તાલુકામાં પ્રજાવર્ગીય સભા હતી. આ સભાઓમાં રાજ્યપ્રબંધનો નિર્ણય થતો હતો અને તે નિર્ણયાનુસાર શાસન થતું હતું. આ રાજ્યપ્રબંધ એ રાજ્યમાં અદ્યાપિ વિદ્યમાન છે.

(૩૫) પ્રજાપાલન.

સંવત ૧૭૪૮ માં છત્રસાલજીના રાજ્યમાં ભયંકર દુષ્કાળ પડયો; તે વખતે તેમણે પેલી ભાટિની બાઇના બે કરોડ રૂપિયામાં એક કરોડ રૂપિઆ પોતે ઉમેરીને મઉની આસપાસ કોટ બંધાવ્યો. આ વખતે માણુસોને નીચે પ્રમાણે મજુરી આપવામાં આવતી હતી.

પુરુષને છ આના, સ્ત્રીને ચાર આના, બાર વર્ષ સુધીના છોકરાને બે આના અને ત્રણ વર્ષના છોકરાને અર્ધો આનો તથા પારણામાં પડેલા બાળકને પોણો આનો.

પ્રત્યેક નિર્ધન બ્રાહ્મણને તેમણે મુફત જમીન આપી હતી, કે જે જમીનનો ઉપભોગ અદ્યાપિ તેમનાં સન્તાનો કરે છે. અન્ય જાતિનાં માણસોને ભિક્ષા માગવાની છૂટ નહોતી. કોઇ પણ માણસ નિર્ધન થઇ જાય તો અરજ કરવાથી તેને સરકાર તરફથી દ્રવ્ય, ગાય તથા બળદ વિગેરેની સહાયતા મળી શકતી હતી અથવા તેની સરકારી નોકરી કરવાની ઇચ્છા હોય તો તેની યોગ્યતાનુસાર તેને નોકરી આપવામાં આવતી હતી. વર્તમાન રાજા મહારાજાઓ આવો પ્રબંધ કરે તો પ્રજા અનાથ શી રીતે રહે ?

(૩૬) શ્રદ્ધા ભક્તિ.

મહારાજ છત્રસાલજી ઈશ્વિર ઉપર દૃઢ શ્રદ્ધા રાખતા હતા. તેઓ સગુણ બ્રહ્મના દૃઢ ઉપાસક હતા. બાલ્યાવસ્થામાં જ્યારે તેઓ પોતાના કાકા સુજાનરાયને ત્યાં હતા ત્યારે પણ મંદિરમાં જઇને નિત્ય દર્શન કરતા હતા અને જ્યારે સૈન્ય લઇને ઇતસ્તતઃ પરિભ્રમણ કરતા હતા ત્યારે પણ દેવ દેવીઓની મૂર્તિને તેઓ પોતાની પાસે રાખતા હતા, તેઓ ભોગ ધરાવ્યા વિના કદિ પણ ભોજન કરતા નહિ. પોતે સિંહાસનારૂઢ થયા પછી ભગવાનની મૂર્તિને તેમણે મહેવાની પાસેની એક નાની સરખી પહાડી પર મંદિર બંધાવીને તેમાં પધરાવી હતી. મહારાજ એ ઠાકુરજીને નૃત્યગોપાલ કહેતા હતા. એમ કહેવાય છે કે “મહારાજ છત્રસાલજી પ્રેમના આવેશથી પ્રફુલ્લિત થઇને નિત્ય ઠાકુરજીની સન્મુખ નૃત્ય કર્યા કરતા હતા. એક દિવસ ઠાકુર નૃત્યગોપાલજીએ સ્વયં મહારાજ છત્રસાલજીનો હાથ પકડી લીધો અને પોતે

પણ તેમની સાથે નાચવા લાગ્યા. આ પ્રકારે નિત્ય ઠાકુરજી અને છત્રસાલજી નૃત્ય કર્યા કરતા હતા."* હાલમાં નૃત્યગોપાલજી મહેવામાં પધરાવ્યાં છે. હવે કાળગતિ ફરી ગઈ છે. હવે તે છત્રસાલજી પણ નથી અને તે નૃત્યગોપાલજી પણ નથી.

(૩૭) વિપ્રસેવા.

મહારાજ છત્રસાલજી બ્રાહ્મણોને માન આપતા હતા. પોતાના રાજ્યમાં જે જમીન અન્ય લોકોને સવા રૂપિયે વીઘું આપવામાં આવતી હતી તે જમીન બ્રાહ્મણોને દશ આને અથવા આઠ આને વીઘું આપવાનો તેમણે નિયમ રાખ્યો હતો. આ સંબંધમાં મહારાજ છત્રસાલજીનો વિચાર એવો હતો કે અન્ય લોકો તો અહર્નિશ કૃષિ કર્મજ કરે છે, પરન્તુ બ્રાહ્મણોનો પ્રાતઃકાળ અને સાયંકાળ તો સંધ્યાવંદનાદિમાં વ્યતીત થાય છે, માત્ર મધ્યાન્હકાળેજ તેમને કૃષિ કર્મ કરવાનો અવકાશ મળે છે, આથી આ પ્રમાણે તેમને સગવડ કરી આપવાથી તેઓ સંધ્યાવંદનાદિમાં ત્રુટિ કર્યા શિવાય પોતાનું ખેતીવાડીનું કાર્ય કરી શકે છે. (અને બાકીનો સમય નિરૂદ્યમી તરીકે વૃથા ગાળી ઢોંગ ધતુરા અને ભિક્ષાવૃત્તિ ઈત્યાદિના સેવક બની સમાજ પર-

---

* શ્રદ્ધાભક્તિનાં ઉચ્ચ રહસ્યો સમજી શકનારને મન આ અસાધારણ વાતો અસંભવિત લાગે તેમ નથીજ; તેમ બીજા હાથપર પ્રતિષ્ઠિત મનુષ્યોના સંબંધમાં તેમને યા તેમના વંશ વારસોને રાજી કરવા માટે ખુશામત માટે, અલંકાર માટે કે પૂજારી વર્ગ તરફથી મૂર્તિની મહત્તા ફેલાવવામાં રહેલા તેમના હિતને માટે આવી વાતો તે સમયમાં યા પાછળથી જોડી કહાડ પાછળથી સાચી તરીકે ગણાવા લાગી હોય અથવા "કાગનો વાઘ" અને "રજનું ગજ" જગતમાં આજે પણ જરા જરામાં થઈ જતું જણાય છે તેવુંજ કાંઇ એમાં હોય તો તે પણ અસંભવિત નથી. મંત્રી.

ભારરૂપ થઈ પડતા નથી.) બુન્દેલખંડમાં આ નિયમ હજી પણ પ્રચલિત છે. આજે પણ બુન્દેલખંડમાં કોઈકજ ગામ એવું હશે કે જ્યાં બ્રાહ્મણને માફીની જમીન ન મળી હોય. હજી પણ બ્રાહ્મણોને છત્રસાલજીએ આપેલી સનંદો ઉપલબ્ધ થાય છે. એમણે પોતાની ઉત્તર વયમાં પોતાના બે પુત્રોને એવી શિક્ષા આપી કે "બ્રાહ્મણોના ઉપર સદા સર્વદા દયા કરવી અને તેમનો ક્રોધ આપણે સહન કરવો પણ તેમના પર કદિ પણ ક્રોધ કરવો નહિ."

(૩૮) નિયમ પાલન.

છત્રસાલજી પ્રાતઃકાળમાં ઉઠીને ઈશ્વરસ્તુતિનું એક કવિત, દોહરો અથવા પદ રચતા ત્યારે અન્ય કાર્ય કરતા. આ નિયમ છત્રસાલજીએ જન્મ પર્યન્ત પાળ્યો હતો. આ કાવ્યોમાંનાં સો બસેં કાવ્યો ઉપલબ્ધ થયાં છે. શેષ કાવ્યોની શોધ ચાલે છે.

(૩૯) મૃત્યુ.

હાય! કાળ પણ કેવો અદ્‌ભુત ભયંકર છે? એક દિવસ સર્વને એના સપાટામાં આવવું પડે છે શ્રી રામચંદ્ર તથા શ્રી કૃષ્ણ ભગવાન પણ કાળના ચક્રમાંથી છૂટયા નથી. એક દિવસ છત્રસાલજી અનાથ બાળક હતા. ત્યાર પછી તેઓ યુવાન થયા અને બળવાન શત્રુઓનાં દલને મારી હઠાવ્યાં. તત્પશ્ચાત્ તેમણે રાજ્યાસન ગ્રહણ કર્યું. અને અફસોસ! તેજ યોદ્ધાનો ઇતિશ્રીનો દિવસ પણ અંતે આવ્યો! વીર છત્રસાલજીના મૃત્યુ સમય વિષે લખતાં આ વાત મનમાં આવ્યા વિના રહેતી નથી કે આ સંસારમાં અવિચળ કોને રહેવું છે? માત્ર સુકૃત દુષ્કૃત રૂપ કર્મોજ ભવિષ્યમાં સુખ વા દુઃખ

આપવા માટે જીવની સાથે રહેનાર છે અને જગતમાં તે સંબંધી કીર્તિ કે અપકીર્તિ રહેનાર છે. બાકી શરીર તો સર્વનાં ક્ષણ માત્રમાં ભસ્મીભૂત થઈ જનાર છે અને તે માટે સત્કર્મ થાય તે કરી લેવાં એજ આપણ દરેકનું કર્તવ્ય છે.

મહારાજ છત્રસાલજીના સંબંધમાં બુન્દેલખંડમાં એક વાત પ્રચલિત છે તેનો ઉલ્લેખ અત્રે કરવામાં આવે છે. પછી તે વાત સત્ય છે કે અસત્ય તે તો ઈશ્વરજ જાણે.

એમ કહેવાય છે કે સંવત ૧૭૮૮ ના વૈશાખ સુદ ૩ ને દિને મહારાજ છત્રસાલજી ધ્રુવસાગર (તળાવ) માં જળ ક્રીડા કરી રહ્યા હતા. તે વખતે એક બ્રાહ્મણે તળાવની પાળ પરથી પોકાર કર્યો કે "મહારાજ, હું આપને એક પ્રાર્થના કરવાના ઈરાદાથી આવ્યો છું." આર્દ્ર હૃદયના મહારાજાએ કહ્યું કે "મોતી બાગમાં આવો. હું પણ ત્યાં આવું છું." આ વચનો સાંભળી તે બ્રાહ્મણ મોતી બાગમાં ગયો. ત્યાર પછી થોડી વારમાં મહારાજા પણ ત્યાં પધાર્યા. તે બ્રાહ્મણે રાજાને કહ્યું કે "રાજન્! મારો મંત્ર બહુ ગૂઢ છે. આપના શિવાય અન્યને તે સાંભળવાનો અધિકાર નથી." આ વચનો સાંભળી મહારાજ તેને બગીચાના એક ગુલઝાર કુંજમાં આગળ લઈ આવ્યા. આ સ્થળે પેલો બ્રાહ્મણ બોલ્યો. "મહારાજ! હું અહીંઆંથી નિકટમાંજ આવેલા નંદગાંવનો રહીશ છું, અને અત્યંત દરિદ્રી છું. હું કુટુંબનાં માણસોને ભૂખે મરતાં જોઈ તેમના પોષણને માટે દ્રવ્યાર્જન કરવાને માટે દક્ષિણમાં ગયો, કારણ કે તે દેશ લક્ષ્મીથી પરિપૂર્ણ છે એમ મારા સાંભળવામાં આવ્યું હતું. પરન્તુ અફસોસ! કમનશીબ માણસને ક્યાંય પણ સુખની પ્રાપ્તિ થતી નથી.

દક્ષિણમાં પણ મને કાંઇ મારાં કમભાગ્યે છોડયો નહિ. મને ત્યાં કાંઇ પણ લાભ થયો નહિ, અને ઉલટો હું ભૂખે મરવા લાગ્યો.

આથી મેં છેક નિરાશ થઇ નર્મદા કિનારે જઇ ફલપત્ર ખાઈ મારી ક્ષુધા શાન્ત કરી અને હું વિશ્રાન્તિ લેવાને માટે એક ગુફામાં જઇને ભરાયો. જો કે હું અતિ દરિદ્રી હતો અને દુઃખથી કંટાળી અષ્ટપ્રહર મૃત્યુનું સ્મરણ કર્યા કરતો હતો, તે છતાં પણ ગુફામાં પ્રવેશ કરતાંજ જ્યારે મને બે માણસોએ આવીને પકડયો ત્યારે મારા આશ્ચર્યનો અને મારા ભયનો પાર રહ્યો નહિ. આ બન્ને જણ મને પકડીને એક અતિ ઉંચા સાધુની પાસે લઈ ગયા. સાધુએ મને પૂછ્યું "તું ક્યાં રહે છે?"

મેં હાથ જોડીને કહ્યું "મહારાજ! બુન્દેલખંડમાં એક નંદગાંવ નામનું ગામ છે ત્યાંનો હું એક દરિદ્રી બ્રાહ્મણ છું."

સાધુ બોલ્યો "ત્યાંજ રાજા છત્રસાલ રાજ્ય કરે છે કે?"

મેં આશ્ચર્યચકિત થઈ જવાબ આપ્યો "હા, મહારાજ!"

સાધુએ કહ્યું "ઠીક. જઇને તેને કહે કે તને તારા ગુરુએ બોલાવ્યો છે, તારી ધૂણી ઠંડી થાય છે."

મેં જવાબ આપ્યો "મહારાજ, હું આવતાં તો અહીં આવ્યો, પરન્તુ હવે મારાથી જઇ શકાશે નહિ. આજે મેં નર્મદાને કિનારે ફલપત્ર ખાઇને ત્રીજા દિવસનું લંઘન ભાગ્યું છે. મારૂં ઘર કયી દિશામાં છે તેની પણ મને ખબર નથી, તો પછી હું મારે ઘેર શી રીતે જઇશ?"

આ વચનો સાંભળી તે સાધુએ કાંઇક ઇશારો કર્યો એટલે પેલા બે માણસોએ મારી આંખપર પાટો બાંધી દીધો અને સામેજ રાખેલી શિલા ઉપર મને બેસાડી દીધો. ત્યાર પછી શું થયું તેનું મને ભાન રહ્યું નથી, પરન્તુ મને એટલું સ્મરણ છે કે તે સાધુએ મને એમ કહ્યું કે "જતાંની સાથે મારો સંદેશો રાજાને કહેજે." પછી હું બેશુદ્ધ થઇ ગયો અને જ્યારે મને શુદ્ધિ આવી ત્યારે હું

મારા ઘરના બારણા આગળ હતો. મારી સ્ત્રીએ મારી આંખનો પાટો ખોલ્યો. બસ, ત્યાંથી સીધોજ હું આપની પાસે આવ્યો છું. જે શિલાપર બેસીને હું આવ્યો છું તે શિલા પણ હમણાં મારા દ્વારપર પડી છે.”

પેલા બ્રાહ્મણની આ વાત સાંભળીને મહારાજે તેને જાગીરીમાં નંદગાંવ અર્પણ કર્યું. આ જાગીરી હજી પણ તેના વંશજો ખાય છે.

ત્યાર પછી પંદરમે દિવસે મહારાજ સ્નાન, ધ્યાન, પૂજનાદિથી નિશ્ચિંત થઈ મોતી બાગમાં સંગેમરમરની બનાવેલી ખુરસીપર વિરાજમાન થયા અને પોતાના બે પુત્રો તથા દરબારીઓને નીચે પ્રમાણે શિક્ષા આપવા લાગ્યાઃ—

---

(૪૦) રાજનીતિ (કવિતા)

वैताल छंद.

कर्म जो जस करत हैसो जात है तिहिं साथ;
अन्तमें धन धाम माया रहत नहिं कछु हाथ;
धर्म कर्म विचार तासों कीजिये हे तात;
सुयश लहीए जगतमें अरु अन्त सुख अवदात. १

दृष्ट सों पथ शोध पगधर उंच नीच विचार;
वस्त्र सों जल शुद्ध करके पीजिये सुख धार;
शास्त्र शुद्ध सो वाक्य बोलिये विषय वृत्ति निरधार;
शुद्ध मनसों कर्म करिये धर्म निज अनुसार. २

दोहा.

सब नीतनकी नीति यह, राज रंक जो कोय;
समय देखकर अनुसरै, अन्त सुखी वह होय. ३

वैताल.

सिंह कर गुण एक लीजिये वकुल कर गुण एक ।
चार कुक्कुटसों लहिये गुण पांच काक विवेक ।
षट प्रकृति सीखिय श्वानकी औ तीन खरकी नीति ।
सो सुखी है जगतमें सब करत वासों प्रीति ॥ ४ ॥
होय कारज दीर्घ वा लघु होय पै कर्त्तव्य ।
यत्नसों तेहि साधिये यहसिंहकृत भवतव्य ॥
ससंयम युत इन्द्रियन सों देशकाल विचार ।
नीतिसों निज कार्य्य साधै वकुल गति अनुहार ॥ ५ ॥

दोहा.

उचित समयपर जागनो रणमें रहे उद्दण्ड ।
भाइन देवो भागउन, शत्रुन देवो दण्ड ॥ ६ ॥

वैताल.

आप करके आक्रमण यों कीजिये सुखभोग ।
चार कुक्कुट प्रकृति नर सीखलेहिं सुयोग ॥
गुप्त मैथुन कीजिये अरु धैर्य्य धरिये नित्त ।
समय लहि ग्रह करिय संग्रह परिश्रम सों मित्त ॥ ७ ॥

कारिय नहि विश्वास काहू कौ कवौं क्षण एक ।
पांच प्रकृती काककी बुध अनुसरहि सुविवेक ॥
शक्ति यद्यपि बहुत भोजन करन हू की होय ।
थोड हूंसों हो रहै सन्तुष्ट पै नर जोय ॥
गाढ निद्रा रहत आळस त्याग उठिये भोर ।
हिये धरिये स्वामी भक्तरु शूरता सिर मोर ॥ ८ ॥

दोहा.

यह षट गुण हैं श्वानमें वहने कवि नीतिज्ञ ।
लहहि सुयश सुख जगतमें सीख इनहिं नर प्रज्ञ ॥ ९ ॥

वैताल.

थकेहू पर भार ढोवत जात गर्धभ जेम ।
श्रमित होकर परिश्रम नहिं त्यागिये नर तेम ॥
शीत उष्ण अरुवृष्टि पर जानि ध्यान क वहू देव ।
सदा है सन्तुष्ट विचरै त्रगुण खरसों लेय ॥ १० ॥
नीतिको यह मूल है मैं कह्यो तुम ते तात ।
वीसहू गुणध्यान देवे योग्य हैं अवदात ॥
होय विजई जगतमें सब कार्य्य वाके श्रेय ।
वीसहू उपरोक्त गुणजो पुरुष चित धर लेय ॥ ११ ॥

दोहा.

और हुं कछु अब कहत हौं सो सुन लीजे सर्व ।
नीति विषय अति गूढ है याहिन जानो खर्व ॥ १२ ॥

बैताल.

बळी बैरी होय तिहि अनुकूल कर व्यवहार ।
आपने वश कीजिये नहि करिय तासों हार ॥
होय निर्बल आप सों प्रतिकूलता सों ताह ।
कीजिये वश आपने सुख लीजिये नर नाह ॥ १३ ॥
शत्रु होय सामान्य तो निज घात बात विचार ।
बल विनय छळ भेद ताके संगकर व्यवहार ॥
द्रव्य अर्जित कीजिये सत्कार्य्यमें व्यय नित्त ।
पाइये परलोकमें सुख पालिये सन्मित्त ॥ १४ ॥

दोहा.

धर्म रहित अति कष्ट सोंहै अरिके आधीन ।
संपति तजिय कुबेरकी रहिय सहित कोपीन ॥ १५ ॥

नरेन्द्र.

विष्णु सदृश गुणरहित पुरुष एकाकी सुख नहिं पावे ।
जिम अमोल माणिक विन सुवरण विरथा जन्म गवावे ॥
उपकारी संग प्रति उपकार करत निज धर्म विचारी ।
त्योंहीं अपकारी को हनिये शास्त्र वाक्य अनुसारी ॥ १६ ॥

दोहा.

धनदारा सुख स्वादके सबै रहे आधीन ।
लिप्त त्रिप्त काहू नही पै जीवन भरकीन ॥ १७ ॥

આ પ્રકારે નીતિ વાકયો કહી મહારાજે અંતે નિમ્ન લિખિત શ્લોક કહ્યોઃ-

एक वृक्ष समारूढा नानावर्णाविहंगमाः
प्रभाते दशसु दिक्षु यान्ति (इदम्) का परिवदना ॥

આ પ્રમાણે ત્યાં બેઠેલા સર્વ જણને શિક્ષા આપી તેઓ તેમના પ્રત્યે બોલ્યા "હવે તમે કોઈ મારી પાછળ આવશો નહિ." એમ કહી તેમણે પોતાનો જામો સંગેમરમરની ખુરશીપર મૂકયો. અને માત્ર ધોતીઆભેરજ દક્ષિણ તરફ ચાલ્યા ગયા. તેઓ ત્યાંથી કદિ પણ પાછા આવ્યા નહિ. જે ખુરશીપર મહારાજ પોતાનો જામો રાખી ગયા હતા ત્યાંજ હાલમાં રાજસિંહાસન છે. આ જામા વિષે અગાઉ તેમની શારીરિક શક્તિ વિષે લખતી વખત લખવામાં આવ્યું છે. તેઓ જે દિવસે આ પ્રમાણે દક્ષિણ દેશ તરફ પ્રયાણ કરી ગયા તેજ દિવસને તેમની વિદેહ તિથિ માનવામાં આવે છે. એ તિથિ તે સંવત ૧૭૮૮ ના જેઠ સુદ ૩ ને બુધવારની છે.

બલદિવાન સંવત ૧૭૪૫ સુધી સેનાધિપતિ રહ્યા. એમના વંશજો છત્રપુરના રાજ્યમાં આવેલા ઈમલયાના જાગીરદાર છે, જગતરાજ અને હૃદયસાહને યુવાવસ્થા પ્રાપ્ત થતાં હૃદયસાહને યુવરાજપદ અને રાજમંત્રિત્વનો અધિકાર મળ્યો અને જગતરાજ સેનાનાયક થયા.

૧૬૮૫ માં જ્યારે બાજીરાવને છત્રસાલજીએ સહાયતાર્થે પૂનાથી બોલાવ્યા અને બંગસ જીતી લીધું ત્યારે તેમણે પોતાના રાજ્યને ત્રણ ભાગમાં વિભક્ત કીધું હતું. તે વખતે મહારાજની કુલ ઉપજ ૧૧૨૩૮૧૫૫ રૂપિઆની હતી. તેમાંથી તેમણે બાજીરાવ પેશ્વાને ૩૯૫૭૨૦૩ રૂપિઆની ઉપજનું રાજ્ય આપ્યું. આ ભાગમાં સાગર

તથા ઝાંસી વગેરે નગરો આવેલાં છે. હૃદયસાહને ૨૬૭૬૯૦* રૂપીઆની ઉત્પન્નનું રાજ્ય આપવામાં આવ્યું હતું. જગતરાજને રૂ. ૩૬૦૪૭૬૨ ની આવક જેટલો હિસ્સો આપવામાં આવ્યો હતો. વળી જગતરાજે " મઊમાં પણ મને હિસ્સો મળવો જોઇએ " એવી માગણી કરી હતી, તેથી તેમને મહેવા પણ આપવામાં આવ્યું હતું. આ મહેવા હાલ ચરખારીના રાજ્યમાં આવેલુ છે. તે વખતે એ મહેવા મઊનો માત્ર એક મહોલ્લો હતો.

(૪૧) પરિણામી પંથ અને છત્રસાલજી.

મહાત્મા પ્રાણનાથજીનો જે પંથ ચાલ્યો તેને " પરિનામી " અથવા " પરિણામી " પંથ કહે છે. આ પંથવાળાઓ મહારાજ છત્રસાલજીને પણ મહાત્માના અવતાર તરીકે માને છે. અને તેમની વિદેહ તિથિએ તેઓ અપવાસ પાળે છે.

પ્રાણનાથજીની મહત્તાની કીર્તિ ચોતરફ ફેલાઇ ગઇ હતી. તેઓ છત્રસાલજીના પ્રેમભાવથી પ્રસન્ન થઇને પન્નામાં રહેતા હતા. ત્યાં તેમના દર્શનાર્થે મારવાડ, મેવાડ તથા ગુજરાત ઇત્યાદિ પ્રાન્તોના તેમના શિષ્યો આવતા હતા. એક લછીરામ નામે શ્રીમંત મનુષ્ય તેમના દર્શનાર્થે ઘણી વખત આવતો હતો. એમ કહેવાય છે કે આ લછીરામની પાસે પારસમણિ હતો. પ્રાણનાથજીએ પોતાના જીવનકાળમાંજ પોતાનું મંદિર બંધાવવાની આજ્ઞા કરી ત્યારે લછીરામે સુવર્ણનું મંદિર બંધાવવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. પરન્તુ દૂરદર્શી

* મૂળ હિંદી પુસ્તકમાં આટલી રકમ લખેલી છે પરન્તુ ત્રણ ભાગમાં રાજ્ય વિભક્ત કર્યાનું જણાવેલું હોવાથી તેમજ કુલ રકમનો મેળ પણ અત્રે જણાવેલી ત્રણ સંખ્યાઓ થઇને મળતો ન હોવાથી અહીં કંઈક ભૂલ હોવી જોઇએ અને આ રકમ ૩૬૭૬૧૯૦ ની હોવી જોઇયે. મંત્રી.

મહારાજ છત્રસાલજીએ આ વાતનો નિષેધ કરી જણાવ્યું હતું કે "લોભી લોકો એ મંદિરનો નાશ કરશે." પછી મહારાજ છત્રસાલજીએ સાધારણ મંદિર બંધાવ્યું અને લછીરામે ત્યાં મહારાજ પ્રાણુનાથજીનો સુવર્ણનો પંજો રખાવ્યો. આ પંજો બહુ મોટો છે. એક વખત એ પંજાની એક આંગળી તુટી ગઇ હતી, તેનીજ કિમ્મત આશરે રૂપિયા સવા લાખની કરવામાં આવી હતી !!

મહારાજ પ્રાણુનાથજીના મંદિરના બે ખંડ છે. આ મંદિરમાં મહારાજ પ્રાણુનાથજીની સેજ તથા કલગી તથા તેમની વાણીનો ગ્રંથ છે. આ ગ્રંથમાં ૧૮૦૦ ચોપાઇ છે. આ પુસ્તકનું નામ કુલજમ સ્વરૂપ છે. એમનું શરીર હજી સુધી રાખી મૂકવામાં આવ્યું છે. મહારાજ પ્રાણુનાથજીનું મંદિર સંવત ૧૭૬૫ માં બંધાવવામાં આવ્યું હતું.

સંવત ૧૭૭૧ ના આષાઢ વદ ૩ ને દિને બે ઘડી રાત્રિ વ્યતીત થયા પછી પ્રાણુનાથજી સમાધિસ્થ થયા હતા. તેમણે સમાધિસ્થ થયા પૂર્વે છત્રસાલજીને પોતાની ગાદીપર બેસાડયા હતા.

મેહરાજ ઠાકોરજીની પત્ની તેમને "પ્રાણુનાથ ! પ્રાણુનાથ !" કહ્યા કરતી હતી તેથી તેમને "પ્રાણુનાથ" નામ પ્રાપ્ત થયું હતું. પ્રાણુનાથજીનો દેહાન્ત થતાં સર્વ શિષ્યોએ છત્રસાલજીને ગુરુના સ્થાનપર સ્વીકાર્યા. બલ્કે પરિણામીઓનો હજુ પણ એ સિદ્ધાંત છે કે "છત્રસાલજીની સેવા કર્યા વિના મનુષ્ય મુક્તિ પામી શકતો નથી, કારણકે મુક્તિનું દ્વાર છત્રસાલજીના હાથમાં છે." હજી પણ પ્રાણુનાજીના શિષ્ય પૂરણદાસના પુત્ર પૌત્રો મહારાજ છત્રસાલજીની પ્રતિમાનું પૂજન કરે છે.

સમાપ્ત.

(૩) રાજર્ષિ ભીષ્મ.

(સંક્ષિપ્ત વૃત્તાંત.)

(૧) મહાવ્રત ધારણ.

Lives of great men all remind us, We can make our lives more sublime.

અર્થાત્—મહાન પુરૂષોનાં જીવન આપણને યથેચ્છ પ્રકારે સ્મૃતિ કરાવે છે કે આપણે પણ આપણાં જીવન વધારે પ્રતાપી બનાવવાં જોઇએ.

પ્રત્યેક દેશમાં સમયાનુસાર યોગ્ય નરરત્નો ઉદ્દ્ભવે છે અને તેઓના ચરિત્રોને જાણીને તે દેશના સન્તાનોએ તેને આદર્શરૂપે સન્મુખ રાખીને ઉન્નતિના શિખરે ચઢવાના યત્નો કર્યા છે. પરન્તુ અહીં જે પ્રભાવશાળી પુરૂષનું વૃત્તાંત તમારા વાંચવામાં આવશે તેની ગણના એવા પુરૂષોમાં છે કે જે પુરૂષો પ્રત્યેક મનુષ્યને-પછી તે કોઇ પણ દેશમાં ઉત્પન્ન થયો હોય યા કોઈ પણ જાતિ સાથે સંબંધ રાખતો હોય તેને-માન્ય છે. વાંચનાર! આવો પુરૂષ કોને કહી શકાય? જે નરશિરોમણિના જીવનથી સમગ્ર સંસારપર ઉપકાર થયો હોય, જેનું હ્રદય શુદ્ધ તેમ પક્ષપાત રહિત હોય, જેને અમુક જાતિપર પ્રેમ અને અમુક જાતપર દ્વેષ ન હોય અને જે સર્વદા ધર્મનેજ પોતાનો મિત્ર માનતો હોય. એવા પુરૂષનેજ મહાન પુરૂષ કહી શકાય તેમ છે. જાતિનો તેમજ દેશનો પક્ષપાત આજે જીવન વૃત્તાંતોમાં જ્યાં ત્યાં અવશ્ય દૃષ્ટિ-ગોચર થાય છે; પરન્તુ તેવો પક્ષપાત આદરને પાત્ર ગણાવા યોગ્ય નથી.

ભારતવર્ષની આ પવિત્ર ભૂમિમાં એવાં એવાં રત્નો પ્રકટી ચૂકેલાં છે કે જેમણે આ દેશનું ગૌરવ વધાર્યું છે એટલુંજ નહિ પરન્તુ પૃથ્વીભરની મનુષ્ય જાતિને માટે ઉન્નતિનાં દ્વાર ખુલ્લાં મૂકીને તેઓ તે સર્વના ગૌરવનું કારણ રૂપ થઇ પડયા છે. ખરેખર! એવા મહાન અને આદર્શરૂપ યોગ્ય પુરૂષો જો કોઇ પણ ઇતિહાસમાં વિશેષ મળી શકતા હોય તો તે આર્યાવર્તનાજ રહ્યા સહ્યા ઇતિહાસમાંથી મળી શકે તેમ છે. કારણ કે નિષ્કામ, અને પક્ષપાત રહિત ધર્માત્મા પુરૂષોજ આદર્શને યોગ્ય થઇ શકે છે. તેમજ જેમણે પ્રકૃતિના નિયમાનુસાર, સ્વધર્મ (Duty) નેજ શ્રેષ્ટ કર્તવ્યરૂપે માનીને સર્વદા અંતરાત્માને અનુકૂળ કર્મ કર્યા છે. આવા નરોનેજ મહાન્ પુરૂષ કહી શકાય છે. સંસારના પ્રવાહની સાથ વહેનાર, સ્વાર્થ સિદ્ધિની ખાતર અંતરાત્મા વિરૂદ્ધ વર્તનાર તેમજ સંસારના વિરોધથી ડરનાર મનુષ્યોએ કદી કોઇ દેશ કે કોઇ જાતિને કોઇ અંશમાં લાભ પણ પહોંચાડયો હોય તોપણ તેઓ મહાન પુરૂષ કહેવાઇ શકાતા નથી; તેમ તેઓ અનુકરણીય પણ મનાયા નથી.

આજે એક એવા રાજર્ષિનું વૃત્તાંત આપવામાં આવે છે કે જે મનુષ્ય માત્રને અનુકરણીય તેમજ પ્રત્યેકના જીવનને ઉન્નત કરનારૂં છે. આ વૃત્તાંત તે મહાભારતના પૂજ્ય નાયક શ્રી ભીષ્મ પિતામહનું છે.

ભીષ્મ શાન્તનુ રાજાના પુત્ર હતા, તેમનું જન્મ-નામ દેવવ્રત હતું. પરન્તુ તેઓ શાન્તનુની પ્રથમ સ્ત્રી ગંગાના ગર્ભમાંથી ઉત્પન્ન થયા હતા તેથી મહાભારતના કર્તાએ તેમને ગાંગેય નામથી પણ ઓળખાવ્યા છે. માતાપિતાએ એમને પરાવિદ્યા (બ્રહ્મવિદ્યા) ના અધ્યયનાર્થે બ્રહ્મર્ષિ વસિષ્ઠજીની પાસે મોકલી દીધા.

ભીષ્મે ત્યાં થોડાજ સમયમાં અંગ સહિત વેદોનું અધ્યયન પૂર્ણ કર્યું. તે પછી ભગવાન બૃહસ્પતિજીની પાસેથી શસ્ત્રવિદ્યા તેમજ

રાજ્યનીતિ પણ શીખ્યા. આવી રીતે તેઓ પરા તથા અપરા એ બન્ને વિદ્યાઓમાં પારંગત થયા.

મહારાજા શાન્તનુની પ્રથમ સ્ત્રી ગંગાજીએ સ્વર્ગગમન કર્યા પછી એક સમય તેઓ જંગલમાં મૃગયા રમવા ગયા હતા. ત્યાં એક યુવતી તેમના જોવામાં આવી. આ લાવણ્યમયી લલનાનું સૌન્દર્ય જોઇને રાજા મોહિત થઇ ગયા અને તેની સાથે લગ્ન કરવા ઇચ્છા થવાથી તે કોણ છે તે જાણવાને પોતાના અનુચરોને મોકલ્યા. તપાસ કરતાં માલુમ પડયું કે તે માછીની કન્યા છે અને તેનું નામ સત્યવતી છે. રાજાએ તેના પિતા પાસે તે કન્યાની માગણી કરી. માછીએ કહ્યું કે હું મારી કન્યા રાજાને આપી શકીશ; પણ તેણે વચનથી બંધાવું જોઇએ કે રાજ્યગાદીનો અધિકાર મારા દૌહિત્રને પ્રાપ્ત થાય. પોતાનો પુત્ર દેવવ્રત રાજ્યગાદીનો અધિકારી હોવાથી રાજાએ માછી નાયકની માગણીનો અસ્વીકાર કરી નિરૂત્સાહ થઇને નગરમાં પાછા આવ્યા. પણ તેમનું અંતઃકરણ સદા કામાગ્નિથી બળવા લાગ્યું અને શરીર નિર્બળ થઇ ગયું. જયારે દેવવ્રતે નૃપતિની દીલગીરીનું ખરૂં કારણ જાણ્યું ત્યારે, પિતા પોતાને ખાતર દુઃખ સહન કરે એ તેમને અસહ્ય થઇ પડયું. તેથી તે મનમાં વિચાર કરવા લાગ્યા કે યદ્યપિ મારે ઘણી મુસ્કેલીઓ સામે થવું પડશે પરન્તુ તેથી શું મારે પિતાને દુઃખી જોઇ રહેવા ? મને રાજય ન મળે, ધન ન મળે, તો શું થઇ ગયું ? પરન્તુ મારા પિતા આનંદમાં રહે એવીજ મારી ખરી ઇચ્છા છે, કારણ કે પિતાની શ્રદ્ધાયુક્ત સેવા કરવી એ યોગ્ય પુત્રનો ધર્મ છે. તે ધર્મ બજાવ્યા સિવાય કોઈ પુત્ર પિતૃઋણથી મુક્ત થઇ શકતો નથી. પુત્રધર્મના જ્ઞાતા દેવવ્રત તરતજ સત્યવતીના પિતા પાસે ગયા અને તેની પુત્રીને પોતાના પિતાની સાથે પરણાવવાની પ્રાર્થના કરી. માછી નાયકે પુનઃ પણ એવોજ ઉત્તર આપ્યો કે; જો રાજા

મારા દૌહિત્રને રાજ્યગાદી સોંપવાનું વચન આપે તોજ હું મારી પુત્રી તેમને પરણાવું." પિતાના સુખની ખાતર પોતાના રાજ્યગાદીના હકને તિલાંજલિ આપ્યા સિવાય દેવવ્રતને માટે હવે બીજો કોઈ માર્ગ રહ્યો નહોતો. તે સમયે દેવવ્રત બોલ્યા:—

एवमेतत्करिष्यामि यथा त्वमनुभाषसे ॥
योऽस्यां जनिष्यते पुत्रः स नो राजा भविष्यति ॥

महा० आदि० ४०५१.

અર્થાત્ જે પ્રમાણે તું કહે છે તે પ્રમાણેજ હું વર્તન કરીશ; અને આ કન્યાના સન્તાનનેજ રાજ્યાધિકાર મળશે. આ પ્રસંગે દેવવ્રતે પ્રતિજ્ઞા કરી કે "આજથી હું રાજ્યગાદી ઉપરનો મારો હક્ક ઉઠાવી લઉં છું ને તે સત્યવતીના પુત્રોને સોંપુ છું.

આવી પ્રતિજ્ઞા લીધા છતાં પણ માછી નાયકને સંતોષ થયો નહિ; કારણકે દૈવેચ્છા એવી હતી કે દેવવ્રત કઠિન વ્રત લઇ 'ભીષ્મ' નામથી સંસારમાં પ્રસિદ્ધિ પામે અને એક ઉદાહરણ રૂપે બનીને જગતને દર્શાવી આપે કે પુરૂષ કેવી રીતે બાલ બ્રહ્મચારી રહી શકે છે અને એ મહાન બ્રહ્મચર્ય વ્રતથી શા શા લાભ છે.

માછીએ કહ્યું કે હું કેવળ એટલુંજ નથી ઇચ્છતો કે તમે એકલાજ રાજ્યાધિકાર ન ભોગવો; કેમકે સંભવ છે કે તમારા પછી તમારા પુત્રો મારી કન્યાના પુત્રોને મારીને રાજ્ય લઇ લે. માટે વિશેષમાં હું એમ ઇચ્છું છું કે તમારાં સન્તાન પણ રાજ્યાધિકાર ભોગવી શકે નહિ.

દેવવ્રત પોતાના સંબંધમાં તો ઉપર પ્રમાણે કહી ચૂકયા હતાજ પણ સન્તાનના ઝગડાનું મૂળ તેઓ કયા પ્રકારે ટાળી શકે? એ વાતના વિચારમાં તેઓ ગરકાવ થઇ ગયા. વિચાર કરતાં તુરતજ ધ્યાનમાં આવ્યું કે મારે વિવાહજ ન કરવો; જેથી ન તો સન્તાન પેદા થાય

અને ન તો ઝગડો ઉત્પન્ન થાય. આમ વિચાર કર્યા પછી તેઓએ માછી પ્રત્યે કહ્યું:-

अद्य प्रभृति मे दास ब्रह्मचर्यं भविष्यति ।
अपुत्रस्यापि मे लोका भविष्यन्त्यक्षया दिवि ॥

महा० आदि०-४०६०.

(અર્થ) હે દાસ, આજથી પ્રતિજ્ઞા કરૂં છું કે હું મારા આયુષ્યપર્યંત બ્રહ્મચારી રહીશ અને અપુત્ર રહેવા છતાં પણ મને પરલોકમાં અક્ષય લોકની પ્રાપ્તિ થશે.

પ્રિય વાંચક ! આપણી વર્તમાન અધોગતિનો વિચાર કરો અને તેને પ્રાચીન સમયના પુરૂષોની સત્યતાની સાથે કંઇક સરખાવો. પિતાના કિંચિત્ સુખને માટે દેવવ્રતે 'ભીષ્મ'-પ્રતિજ્ઞા લીધી!

વાંચક બંધુ ! આજે આપણી અધોગતિ પ્રત્યે દ્રષ્ટિ નાંખો, અને પ્રાચીન કાળના પુરૂષોની સત્યતાને પણ વિચારો. પિતાના અલ્પ સુખને માટે દેવવ્રતે ભીષ્મવ્રત ધારણ કર્યું ! આજકાલના મનુષ્યોના જેવું તે વ્રત નહોતું કે "આજે વ્રત ધારણ કર્યું અને કાલે તુચ્છ વિષયોને માટે તેનો ભંગ કર્યો." દેવવ્રત્તે જે વ્રત ધારણ કર્યું હતું તેને તેમણે જન્મ પર્યંત નિભાવ્યું હતું. શું ઇતિહાસમાંથી આવું અન્ય ઉદાહરણ મળી શકશે ? આ તીવ્ર વ્રતથીજ તેઓ "ભીષ્મ"ના નામથી પ્રસિદ્ધ થયા છે.

યદ્યપિ આત્મસમર્પણ અને સ્વાર્થત્યાગનાં અનેક ઉદાહરણો ઇતિહાસમાંથી મળે છે. રામચંદ્રજીએ પિતાની આજ્ઞાપાલનાર્થે ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યો હતો, પરન્તુ તેમાં તો પિતૃ આજ્ઞા મુખ્ય કારણરૂપ હોઇ તેનું પાલન કર્તવ્યરૂપ હતું, જ્યારે ભીષ્મનું કાર્ય પિતાની આજ્ઞાથી નહિ પરન્તુ પિતૃભક્તિની પરિસીમારૂપજ હતું. રામે ચૌદ વર્ષ સ્ત્રી વ્યવહારનો ત્યાગ સેવ્યો હતો, જ્યારે ભીષ્મ આયુષ્ય પર્યંત

બ્રહ્મચર્ય વ્રત ધરી રહ્યા હતા. રામનો સ્વાર્થત્યાગ થોડાં વર્ષના સુખ-ત્યાગરૂપ પરિણામવાળોજ નિવડયો હતો, જ્યારે ભીષ્મનો સ્વાર્થ-ત્યાગ જીવનપર્યંતના આનંદ અને સુખને તિલાંજલિ આપવાવાળો હતો. બુદ્ધ દેવનો ત્યાગ સ્વસુખ (મોક્ષ) ના હેતુથી હતો, પરન્તુ ભીષ્મે તો અન્યના સુખને માટેજ આ ત્યાગ કર્યો હતો.

સંસારની સર્વ જાતિઓના ઇતિહાસને એકથી બીજા છેડા સુધી વાંચી જાઓ પરન્તુ આવું ઉદાહરણ ક્યાંય પણ મળશે નહિ ! આવા ત્યાગનો નમુનો તેમાં નજરે પડશે નહિ ! પોતાના સર્વ સુખ ઉપરાંત આખા ભારતવર્ષના ચક્રવર્તી રાજ્યને કેવળ પિતાના સુખને અર્થે ઓવારી નાખવાનું ઉદાહરણ જગતમાંના કોઇ પણ રાજવંશમાં જણાશે નહિ. ધન્ય છે આર્ય ભૂમિને કે જ્યાં આવા અસાધારણ પુત્રો ઉત્પન્ન થયા છે !! ધન્ય છે એ વેદોના શિક્ષણને કે જેના પ્રતાપે આવા મહાવ્રતધારી વીરો ઉદ્‌ભવ્યા છે ! અહા ! તે કેવો સુંદર અને મનોહર સમય હશે કે જ્યારે આવાં પુત્રરત્નો ભારતીય રમણીઓના ખોળામાં ખેલતાં હશે ! તે કેવો ઉત્તમ સમય હશે કે જ્યારે આવા સદાચારી પુરૂષો ઉત્પન્ન થતા હશે ! આજે ચાહે અમે અમારી મૂર્ખતાથી બ્રહ્મચર્ય પ્રત્યે ઉપહાસ કરીએ, પરન્તુ એવો સમય પણ આવશે કે જ્યારે લોકો એ નિયમનું પ્રાધાન્ય પુનઃ પણ સ્વીકારશે !

ભીષ્મની દૃઢતા.

ભીષ્મના આવા વ્રતથી રાજા શાન્તનુનું લગ્ન સત્યવતી સાથે થયું. તેનાથી ચિત્રવીર્ય અને ચિત્રાઙ્ગ નામના બે પુત્રો ઉત્પન્ન થયા. બન્ને પુત્રોની બાલ્યાવસ્થામાંજ રાજા શાન્તનુએ દેહ ત્યાગ કર્યો. પિ-તાના મૃત્યુ પછી રાજ્યકાર્યભાર તથા બાલકોના રક્ષણનું કામ ભીષ્મને માથે આવી પડયું. તેઓને તરૂણ અવસ્થા પ્રાપ્ત થતાં સુધી ભીષ્મે

પિતાની માફક પોતાના કર્તવ્યને વળગી રહી તેમનું રક્ષણ કર્યું અને યોગ્ય વય પ્રાપ્ત થયે સર્વ કાર્યભાર તેઓને સોંપી દીધો. ચિત્રાંગ યુવાવસ્થામાંજ અવિવાહિત મરણ પામ્યો. ભીષ્મને ભાઈના મૃત્યુથી ઘણો શોક થયો પણ તેમણે ધૈર્યબળથી શોકને સહન કર્યો.

ચિત્રવીર્ય યુવાન હતો, તેના લગ્નની ચિંતા સત્યવતીને ઘણી રહ્યા કરતી હતી. સત્યવતીએ ભીષ્મને કહ્યું કે "કાશીનરેશની અંબિકા તથા અંબાલિકા નામની બે કન્યાઓ છે; જો તે રાજા તેની કન્યાઓનું લગ્ન આપણા ચિત્રવીર્ય સાથે કરે તો કેવું સારૂં." કાશીનરેશની સાથે ભીષ્મને અણબનાવ હતો તેથી તે રાજા સ્વેચ્છાપૂર્વક તેની પુત્રીઓ આપે તે તો અસંભવિત હતું. તેથી કેટલોક સમય યુદ્ધ ચાલ્યા પછીથી પોતાના ભાઈને પરણાવવા તથા સત્યવતીની વંશવૃદ્ધિ માટે તે કન્યાઓનું તેમણે હરણ કર્યું. પણ ભાવિ પ્રબળ છે! લગ્ન પશ્ચાત્ થોડા સમયમાં ચિત્રવીર્યે બે વિધવા રાણીઓને પોતાની પાછળ મૂકી પરલોક ગમન કર્યું! આ પ્રમાણે જ્યારે શાન્તનુના સિંહાસન પર બેસનાર કોઈ પણ રહ્યું નહિ અને જ્યારે ભરતખંડનું રાજ્ય અધિકારી વિનાનું થઇ પડયું ત્યારે સત્યવતીએ સર્વ મંત્રિઓની સમ્મતિ લઈ ભીષ્મને સિંહાસનારૂઢ થવા વિજ્ઞપ્તિ કરી પણ તે અફળ ગઈ. જે સત્યવતીને ખાતર ભીષ્મને સિંહાસનનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેવી પડી હતી; તેજ સત્યવતી આજે ભીષ્મને સિંહાસનારૂઢ થવા આજીજી કરે છે! ખરેખર! સમયની બલિહારી છે! મનુષ્ય ધારે છે કંઇક! અને દૈવ કરે છે કંઇક! ઈશ્વર! તારી કળા અકળ છે. મનુષ્ય મૂર્ખ છે કે તારા આપેલા પર સન્તોષ ન માનતાં કેવળ મિથ્યા લોભમાંજ ભટકયા કરે છે. અને નાહક પોતાના જીવનને ગુમાવે છે!

સત્યવતીએ પુનઃ ભીષ્મને એકાન્તમાં બોલાવી કહ્યું; "હે નર-

શ્રેષ્ઠ ! મારો પુત્ર અને તારો ભાઈ, ચીત્રવીર્ય બાલ્યાવસ્થામાં અપુત્ર મરણ પામ્યો છે; તેની રૂપ યૌવનસંપન્ન બે સ્ત્રીઓ પુત્રની ઇચ્છા કરે છે માટે હે મહાબાહો! મારી આજ્ઞાથી આપણી વંશવૃદ્ધિને માટે તું તેમનાથી સન્તાન ઉત્પન્ન કર; કારણ કે તુંજ તેમ કરવાને યોગ્ય છું.”

માતાનાં આવાં વચન સાંભળી ભીષ્મ આશ્ચર્યચકિત થઇ વિચારવા લાગ્યા કે શું માતા મને એવચની સમજે છે કે જેથી તે આમ બોલે છે? શું તેને મારી પ્રતિજ્ઞાનું સ્મરણ નથી? શું તે મને ક્ષત્રિય સમજતી નથી? શું મ્હેં તેના પિતાની સમક્ષ મિથ્યા પ્રતિજ્ઞા લીધી હતી? આવા વિચારોથી દુઃખિત થયેલા ભીષ્મનું શરીર પસીનાથી ભીંજાઈ ગયું. અન્તે તેઓ બોલ્યા, “ માતા શું તું મારી કસોટી કરે છે? અથવા શું મને કાયર સમજે છે? હું ક્ષત્રિય છું, સ્મરણ રાખ;—

त्यजेच्च पृथिवी गन्धमापश्च रसमात्मनः
ज्योतिस्तथा त्यजेद्रूपं वायुः स्पर्शगुणं त्यजेत् ॥
विक्रमं वृत्रहा जह्याद्धर्मं जह्याच्च धर्मराट् ।
नत्वहं सत्यमुत्स्रष्टुं व्यवसेय कथञ्चन ॥

ભાવાર્થ—પૃથ્વી પોતાના સ્વાભાવિક ગુણ ગંધનો ત્યાગ કરે, જળ પોતાના રસગુણને ત્યજી દે, સૂર્ય પોતાના રૂપ ગુણને છોડી દે, વાયુ સ્પર્શ કરવાનું મૂકી દે, ઇન્દ્ર પોતાની શક્તિનો અને ધર્મરાજ ધર્મનો ત્યાગ કરે; પણ આ ક્ષત્રિય કદાપિ વચનભંગ કરશે નહિ.” ભીષ્મનાં આવાં વચન સાંભળી સત્યવતી નિરાશ થઈ ગઇ; કારણ, તે ભીષ્મને આવા દૃઢ સમજતી નહોતી. તેને ખબર નહોતી કે આ વીરનું બ્રહ્મચર્યવ્રત જોઈ સેંકડો પુરૂષ પોતાના જીવનને પવિત્ર કરશે, અને તે આ સંસારમાં અક્ષય કીર્તિનો ભાગી બનશે! અન્તે

ભીષ્મને વંશવૃદ્ધિનો ઉપાય પૂછતાં તેમણે જણાવ્યું કે પ્રાચીન વૈદિક નિયમાનુસાર સન્તાનોત્પત્તિ કરવી જોઇએ. આથી કૃષ્ણદ્વૈપાયન કે જેમનું દ્વિતીય નામ વેદવ્યાસ છે તેમને બોલાવ્યા અને તેમના નિયોગને પરિણામે બે રાણીઓને ધૃતરાષ્ટ્ર અને પાંડુ નામના બે પુત્રો તથા દાસીથી વિદુર નામનો પુત્ર થયો. તેમાં ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી રાજ્યના અનધિકારી ગણાયા અને વિદુર દાસીપુત્ર હતા તેથી તે પણ રાજ્ય માટે અયોગ્ય ગણાયા. જેથી ત્રીજા પુત્ર પાંડુને રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

---

(૨) કૌરવ અને પાંડવોનો ઝગડો.

પાંડુએ રાજ્ય સિંહાસનપર બેઠા પછી ન્યાયપૂર્વક રાજ્ય ચલાવવા માંડ્યું. તેને બે સ્ત્રીઓ હતી. એક કુન્તા અને બીજી મદ્ર દેશના રાજાની કન્યા માદ્રી હતી. આ રાણીઓના ગર્ભથી તેમને પાંચ પુત્ર થયા. યુધિષ્ઠિર, ભીમ, અને અર્જુન કુન્તાથી અને નકુલ તથા સહદેવ માદ્રીથી ઉત્પન્ન થયા. ધૃતરાષ્ટ્રનું લગ્ન ગાન્ધાર દેશના રાજાની કન્યા સાથે થયું. ધૃતરાષ્ટ્ર જ્યેષ્ઠ પુત્ર હોવાથી સિંહાસનનો અધિકાર તેમનો હતો પણ તે અંધ હોવાથી પાંડુને રાજ્યનો અધિકાર પ્રાપ્ત થયો હતો.

ધૃતરાષ્ટ્ર રાજાને ઘણા પુત્રો હતા, તે સર્વમાં દુર્યોધન જ્યેષ્ઠ હતો. મહાભારતના કર્તાએ ધૃતરાષ્ટ્રના પુત્રોને કૌરવ અને પાંડુના પુત્રોને પાંડવને નામે ઓળખાવ્યા છે. પાંડવ બાળક હતા તે સમયે તેમના પિતાએ સ્વર્ગગમન કર્યું, તેથી તેઓ તેમના કાકા ધૃતરાષ્ટ્રની પાસે રહેવા લાગ્યા. યુધિષ્ઠિર પાંડવના પુત્રોમાં જ્યેષ્ઠ હતા જેથી તેમને રાજ્યના અધિકારી ગણી રાજ્ય તિલક કરવામાં આવ્યું, પરન્તુ ધૃતરાષ્ટ્ર તેમના વતી રાજ્યકારભાર કરવાને અસમર્થ હોવાથી રાજ્યકાર્ય દુર્યોધન કરતો હતો.

દુર્યોધન ઘણા દુષ્ટ સ્વભાવનો હતો; તેણે વિચાર્યું કે જો હું કંઈ ઉપાય નહિ કરૂં તો કાકાના છોકરાઓનાજ હાથમાં રાજ્ય રહેશે અને તે પછી તેમના સન્તાનો રાજ્ય સંભાળી લેશે. આથી મારૂં તથા મારા સન્તાનોનું જીવન તેમની સેવામાંજ વ્યતીત થશે. આ પ્રમાણે વિચાર કરી પોતાના મિત્રોની સમ્મત્યનુસાર તેણે પાંચે પાંડવોને મારી નાખવાના યત્ન કરવા માંડયા. ભીષ્મ બન્ને ભાઇઓના દીકરાઓને સરખી રીતે ચાહતા હતા. તે યુધિષ્ઠિર અને દુર્યોધનના સ્વભાવથી પૂર્ણપણે પરિચિત હતા. તેથી સદા દુર્યોધનને સમજાવ્યા કરતા હતા. દુર્યોધન ભીષ્મથી ઘણોજ ડરતો રહેતો હતો; અને તેમના ભયથી તે પોતાની ઇચ્છા પાર પાડી શકતો નહોતો. છેવટે એમ ઠરાવવામાં આવ્યું કે પાંડવોએ રાજ્યના બીજા ભાગમાં જઈ વસવું, જેથી ભીષ્મની આજ્ઞાનુસાર પાંડવો ત્યાં રહેવા ગયા. પરન્તુ દુષ્ટ દુર્યોધને હજુ પણ પોતાની દુષ્ટેચ્છા છોડી નહિ. તેણે પાંડવોના નિવાસસ્થાનને માટે એક લાક્ષાગૃહ બનાવરાવ્યું; અને તેમાં આગ લગાડવાથી પાંચે ભાઇઓ બળી જાય એવો પ્રપંચ ગોઠવ્યો. પરિણામે **"રામ રાખે તેને કોણ ચાખે"** એ ખરેખર સત્ય પડયું અને વિદુરની કૃપાથી પાંડવો બચીને તે બળતા ગૃહની બહાર નીકળી ગયા. બાદ ઘણાં વર્ષ જંગલમાં રખડતાં રખડતાં તેઓ પાંચાલ દેશના દ્રુપદરાજાની કન્યાના સ્વયંવરમાં જઇ પહોંચ્યા. જ્યાં ધનુર્વિદ્યાસંપન્ન બાણાવળી અર્જુન ધનુર્વિદ્યાનું અદ્દભુત પરાક્રમ દર્શાવી દ્રૌપદીનો હાથ મેળવી શકયો. દુર્યોધને જ્યારે જાણ્યું કે પાંડવ તો બચી ગયા છે ત્યારે પોતાના ભુજબળથી જેણે નવીન રાજ્ય સંપાદન કર્યું હતું ને જે વિશેષ ઐશ્વર્યવાન થયા હતા એવા યુધિષ્ઠિરને ફરીથી ફસાવવાને દ્યૂત રમવાનો વિચાર તેણે ખોળી કાઢયો. જુગારમાં ફસાવાથી શરત મુજબ યુધિષ્ઠિર સર્વ કાંઇ હારી ગયા. વનમાં ઘણાં સંકટો વેઠી બાર વર્ષ પૂરાં કર્યાં. તેરમે વર્ષે વિરાટ રાજાની

પાસે ગુપ્ત વેષે રહ્યા. વિરાટ રાજાને ત્યાં ઘણી ગાયો હતી. પ્રાચીન સમયમાં ગાયોનેજ દેશનું ધન માનવામા આવતું હતું. કેમકે ગાયોથી ઘી તથા દૂધની પ્રાપ્તિ થાય છે, તેના સેવનથી મનુષ્યનું શારીરિક તથા આત્મિક બળ વૃદ્ધિંગત થાય છે અને તેથીજ ગાયની હાનિથી સર્વ પ્રકારની હાનિ અને ગાયની વૃદ્ધિથી સર્વ પ્રકારની વૃદ્ધિ સમજવામાં આવતી હતી. તે સમયે ગૌમાતાનું એટલું મહાત્મ્ય હતું કે ચોરી, ખૂન, વગેરે ગુન્હા કરનારાઓને "ગોહત્યાના સોગન" આપતા. આવા સોગન ખાવા કરતાં શિક્ષા ખમવાને તેઓ તૈયાર થતા. ગાયો એ ખરેખર દેશનું જીવન છે. જ્યારે તેજ જીવનને ફક્ત એક ટંકના વાળુ ખાતર નષ્ટ કરનાર, અને તેમ કરીને દેશના એ મહાન ધનનો નાશ કરનાર મનુષ્યો એટલું પણ સમજી શકતા નથી કે તેઓ માત્ર ગાયનોજ નાશ કરતા નથી પણ તેની સાથે તેમનાં સંતાનોના એક ખરેખરા હિતાવહ ધનનો પણ નાશ કરે છે. હાડકું કરડનાર શ્વાનને જે મીઠાશ હાડકામાં લાગે છે તેની તે બિચારાને ખબર નથી હોતી કે આ લોહી હાડકામાંથી નહિ પણ તેના પોતાના મ્હોંમાંથીજ નીકળે છે; તેની પેડે એવા પુરૂષો પણ ગોવધથી પોતાને, પોતાની પ્રજાને, તેમજ દેશને તેના વડે થતી મોટી હાનિને દેખી શકતા નથી એ બહુજ દિલગીરીની વાત છે. ગોધન એજ રાજ્યની અખૂટ સંપત્તિ છે અને તેની હાનિથી સર્વ પ્રકારની હાનિ તથા તેની વૃદ્ધિથી સર્વ પ્રકારની વૃદ્ધિ પ્રાચીન સમયમાં ગણાતી. તેથીજ વિરાટરાજાની રાજ્યસમૃદ્ધિરૂપ ગોધન લૂંટવાનો દુર્યોધને વિચાર કર્યો અને ભીષ્મને સૈન્યનું અધ્યક્ષ પદ સોંપ્યું. ભીષ્મે વિરાટ નગરની ત્રણ બાજુઓ ઘેરી લઈ હલ્લો કર્યો. વિરાટપુત્ર ઉત્તરકુમારની સાથે સંગ્રામમાં જવાની અર્જુનને આજ્ઞા મળી હતી. અર્જુને એવી ચાતુરીથી વ્યુહ રચના કરી હતી તથા બાણોનો એવો તો મારો ચલાવ્યો હતો કે જે ઉપરથી ભીષ્મે સત્વરજ જાણી લીધું હતું કે

સામા સૈન્યમાં અર્જુન અવશ્ય હોવો જોઇએ. અર્જુન સિવાય આવાં બાણુ કોઇ ફેંકી શકે નહિ. અન્તે પરિણામે દુર્યોધનને પરાઙ્‌મુખ થઇ પોતાની રાજ્યધાનીમાં પલાયન કરવું પડયું. વિરાટરાજાનો પુત્ર હર્ષસહ પોતાની રાજ્યધાનીમાં પાછો વળ્યો. વિરાટરાજાને જ્યારે માલુમ પડયું કે આ પાંચ યોદ્ધાઓ પાંડુના પુત્રોજ છે ત્યારે તે અત્યંત પ્રસન્ન થયો અને રાજ્યકુંવરી ઉત્તરાનું લગ્ન અર્જુનની સાથે કરવાનો તેણે વિચાર કર્યો. અર્જુન સંગીતવિદ્યામાં પારંગત હતો અને તે ગુપ્ત વેષે રહી રાજ્યકુંવરીને સંગીતવિદ્યા શીખવનાર વિદ્યાગુરૂ થઇને ત્યાં રહ્યો હતો. તેણે રાજાની આવી માગણીનો અસ્વીકાર કરી કહ્યું "ઉત્તરાનો હું વિદ્યાગુરૂ છું તેથી તે મારી કન્યા સમાન છે." આથી અર્જુનપુત્ર અભિમન્યુ સાથે ઉત્તરાના વિવાહ નક્કી કરી મોટી ધામધુમથી ઉત્તરાનું લગ્ન કર્યું.

પાંડવો બાર વર્ષ સુધી છુપા રહ્યા તેથી યુદ્ધ થતા પૂર્વે તેમના વૃત્તાન્તથી ભીષ્મ તદ્દન અજ્ઞાત હતા. પાંડવોની વીરતા અને તેમનાં સચ્ચરિત્રોનું સ્મરણ કરી, તેમના દુઃખનાં વૃત્તાન્ત સાંભળી ભીષ્મ અત્યંત દુઃખી થયા. તે જાણતા હતા કે ધૃતરાષ્ટ્ર અને તેના પુત્રોએ પાંડવોને ઠગીને તેમનો અધિકાર છીનવી લીધો છે; તેથી તેઓ અવશ્ય પોતાના ભુજબળથી રાજ્ય લેવાનો યત્ન કરશે. કારણ કે તેમના વંશમાં તેઓજ વરિષ્ઠ હક્કદાર છે. ભીષ્મની એવી ઇચ્છા હતી કે સંગ્રામની નોબત ગડગડયા કરતાં શાન્તિથી નિકાલ આવી જાય તો અધિક સારૂં. જેથી તેમણે ધૃતરાષ્ટ્રની પાસે જઇને કહ્યું, "દુર્યોધનને બોલાવીને કહો કે પાંડવો તારા ભાઇ છે, તેમ રાજ્યના અધિકારી પણ છે. વળી તે ક્ષત્રિય છે, વીર છે, તેથી અવશ્ય પોતાના બાહુબળથી રાજ્ય લેવાનો યત્ન કરશે માટે તેમ થવાથી જે કાંઇ પરિણામ આવશે તેનો વિચાર કરવો જોઇએ."

(૩) ભીષ્મનું દુર્યોધનને સમજાવવું.

પાંડવોની હયાતી જ્યારે પ્રકટ થઈ ત્યારે દ્રુપદ રાજાએ પણ આ શુભ સમાચાર સાંભળી તેમને પોતાની પાસે બોલાવ્યા. પાંડવો વિરાટરાજાની આજ્ઞાથી પાંચાલ દેશમાં આવ્યા. યદુકુલભૂષણ ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર જેઓ મહા નીતિજ્ઞ હતા તે પણ પાંડવોને મળવા માટે પાંચાલ દેશમાં ગયા. ત્યાં દ્રુપદ રાજાએ તથા કૃષ્ણ પરમાત્માએ યુધિષ્ઠિરને પોતાનો અધિકાર હસ્તગત કરવાની સલાહ આપી. યુધિષ્ઠિરે જણાવ્યું; "દ્યૂતમાં હું સઘળું રાજ્ય ગુમાવી બેઠો છું તેથી હવે કેવા પ્રકારે તે હું માગી શકું અગર તેને માટે યત્ન કરૂં?" શ્રી કૃષ્ણે જણાવ્યું; "દુર્યોધને કપટબાજી રમી તમને જીતી લીધા છે અને તેમણે કોઇ પણ કાર્ય ન્યાયપૂર્વક કર્યું નથી તેથી તેમને અવશ્ય દંડ દેવો જોઇએ. યુધિષ્ઠિરને તે યોગ્ય લાગ્યું નહિ પણ શ્રીકૃષ્ણના સમજાવ્યાથી તે ઉત્સાહિત થયા. તે પછી દ્રુપદ રાજાએ પોતાના પુરોહિતને દૂત તરીકે કૌરવોની સભામાં મોકલ્યા. દૂતે રાજ્ય સભામાં જઈ વિનંતી કરી, "હે રાજન્! પાંડવો નમ્રતાથી રાજ્યમાંનો તેમનો ભાગ માગે છે. જો તે પ્રમાણે વર્તશો તો ઠીક છે નહિ તો યુદ્ધ થશે, વંશોચ્છેદન થશે અને દેશનું સત્યાનાશ વળી જશે; માટે વિચાર કરો અને જે આજ્ઞા હોય તે કહો."

ભીષ્મ કે જે સભામાં હાજર હતા તે બોલ્યા; "હમારૂં ધન્ય ભાગ્ય છે કે હમે પાંડવોના શુભ સમાચાર શ્રવણ કરીએ છીએ. આટલું આટલું દુઃખ વેઠવા છતાં પણ તેઓ સ્વધર્મમાં સ્થિત રહ્યા છે અને જુઓ, તેઓ કેવી નમ્રતાથી પોતાનો ભાગ માગે છે! શું તે તેઓ યુદ્ધથી લેવાને શક્તિવાન નથી? પરન્તુ તે ધર્મચ્યુત થવાને ઇચ્છતા નથી. અર્જુન મહાવીર છે, તેની સામે ઉભો રહી શકે તેવો

એક પણ યોદ્ધા મારા જોવામાં નથી" ભીષ્મ બોલતા હતા તેટલામાં વચ્ચેજ કર્ણ બોલી ઉઠયો, "હે ભીષ્મ ! તમે વૃદ્ધ થઈ ગયા છો, તમારી ઇન્દ્રિયો શિથિલ થઇ ગઇ છે, અને તેથીજ અર્જુનની સામે થનાર કોઈ પણ યોદ્ધાને તમો દેખી શકતા નથી. પાંડવ તેમનો અધિકાર જુગારમાં ગુમાવી બેઠા છે તેથી તેમને હવે એક અણુ સરખી ભૂમિ મળનાર નથી. યુદ્ધ થવા દો અને અર્જુનની વીરતા જોવાનો સમય પણ આવવા દો" કર્ણનું બોલવું સાંભળી ભીષ્મ ક્રોધિત થઈ ગયા, પણ અલ્પ સમયમાં પોતાના ક્રોધને શાન્ત કરી બોલ્યા; "અરે કર્ણ ! શું તું સ્વયંવરનો દિવસ ભૂલી ગયો કે ? તે દિવસે તારી વીરતા ક્યાં સન્તાઇ બેઠી હતી ! વિરાટ રાજ્ય પર જ્યારે હલ્લો કર્યો અને અર્જુનના બાણોએ જ્યારે સૈન્યને પરસ્ત કરી નાંખ્યું હતું તે સમયે તારી વીરતા ક્યાં ભરાઈ બેઠી હતી ? હે વીર ! હું તો વૃદ્ધ થઈ ગયો છું એમાં કાંઇ સન્દેહ નથી, પરન્તુ તું સત્ય જાણજે કે, યુદ્ધથી હું કદી ડરતો નથી." ધૃતરાષ્ટ્ર રાજાએ દૂતને કહ્યું; "કાલે વિચાર કરીને ઉત્તર આપીશું." બીજે દિવસે "યુદ્ધ કર્યા સિવાય એક અણુ માત્ર પણ જમીન નહિ મળે" તેવો સંદેશો પાંડવોને તે દૂત દ્વારા પહોંચાડયો. શ્રીકૃષ્ણે કૌરવોનો ઉત્તર સાંભળી તેમની પાસે જાતે જઈ સમજાવી નિરાકરણ કરવાનું ઉચિત ધાર્યું. યુધિષ્ઠિરે શ્રી કૃષ્ણને શાન્તિમાં પરિણામ આવે તેમ કરવા વિનંતિ કરી. ભગવાન શ્રી કૃષ્ણ પાંડવોના દૂત બની કૌરવસભામાં પહોંચ્યા. ધૃતરાષ્ટ્રને સમજાવી પોતાને આવવાનું કારણ દર્શાવ્યું. ધૃતરાષ્ટ્ર મૌન રહ્યા. દુર્યોધને પ્રત્યુત્તર દીધો કે; "હે કૃષ્ણ ! તમેજ આ યુદ્ધના કારણરૂપ છો, અમે પાંડવોને રાજ્યનો ભાગ કદી પણ આપવાના નથી." શ્રી કૃષ્ણે કહ્યું; "વંશમાં વડીલ અને ધર્મજ્ઞ ભીષ્મ જ્યાં સુધી સભામાં વિદ્યમાન છે ત્યાં સુધી કાંઈ પણ બોલવાનો તમારો અધિકાર નથી." ભીષ્મ કે જેઓ તે સમયે બોલવાની તક ઇચ્છતા

હતા તેઓ હવે કૃષ્ણનું વાક્ય સાંભળી દુર્યોધન પ્રત્યે બોલ્યા; " હે દુર્યોધન ! ઘણા શોકની વાત છે કે તું તારા દુષ્ટ મિત્રોને અનુસરી ધર્મ અને અધર્મનો વિચાર કરી શકતો નથી. સ્મરણ રાખ કે સત્ય સદા જયવંત છે. શાસ્ત્રો પણ કહે છે કે;—

सत्यमेव जयते नानृतम्

સત્ય સદા વિજયી હોય છે, શું તું આ સર્વ પાપ વ્હોરીને રાજ્યને પરલોકમાં સાથે લઈ જઈ શકીશ ? અરે મૂર્ખ ! અધર્મને ઉન્મૂલન કરી યથાન્યાય તારો જે ભાગ હોય તે લે. અધર્મયુક્ત મળેલા ચક્રવર્તી રાજ્ય પર લાત માર. કપટ દ્યૂતથી ત્હેં યુધિષ્ઠિરનું રાજ્ય છીનવી લીધું, તેમને જંગલમાં રખડાવ્યા; આવાં દુઃખ દીધાં અને જ્યારે નમ્રતાથી તે પોતાના ભાગની માગણી કરે છે ત્યારે તું યુદ્ધનો ભય બતાવે છે ! શું ભીમની ભયંકર ગદાના પ્રહાર તું ભૂલી ગયો ? અરે, જ્યારે તે બળવીર ગદા લઇ રણમાં આવશે ત્યારે ત્હારૂં લોહી સૂકાઇ જશે અને તે સમય તું મ્હારૂં વચન યાદ કરીશ. યુદ્ધનું નામ છોડી દે. પાંડવોની સામા થવું તે કંઈ બાળકના ખેલ નથી. ભગવાન કૃષ્ણ આટલું કષ્ટ વેઠીને શાન્તિ સમાધાનને માટે આવ્યા છે જેથી યુદ્ધનો પ્રસંગ આવવા ન પામે. તું તારી તથા કર્ણની ખુમારીથી કોઇનું સાંભળતો નથી; પરન્તુ હે દુર્યોધન ! શ્રી કૃષ્ણની સમ્મત્યનુસાર કાર્ય કર અને તેમાંજ તારૂં કલ્યાણ છે." વિદુરજીએ પણ ભીષ્મને અનુમોદન આપ્યું, પણ એક કવિએ ઠીક કહ્યું છે કેઃ-

विनाश काले विपरीतबुद्धिः

આ નિર્બુદ્ધિના હૃદય પર કોઈની શિક્ષા ટકી નહિ. કમલપર જેમ જળનું ટીપું રહેવા પામતું નથી તેમ આ સુખદ સલાહનો તેને લેશ માત્ર પણ સ્પર્શ થયો નહિ. ગમે તે સમયે દુષ્ટ મનુષ્ય પોતાની

દુષ્ટતા છોડતો નથી. સર્પ ડંશ થયેલા મનુષ્યને લીંમડાનાં કડવાં ઝેર જેવાં પાન પણ મીઠાં લાગે છે તેમ દુષ્ટ મનુષ્યને અનિષ્ટકારક સલાહ મીઠી લાગે છે અને સત્યને શુભ કહેનાર તરફ તે દ્વેષ દ્રષ્ટિ રાખે છે. ટાઢ ને વરસાદથી કંપતા વાનરને શીખામણ દેતાં સુગ્રીની જે સ્થિતિ થાય છે તેમ તે પણ કરી બેસે છે. કાણા ઘડામાં ભરેલું અમૃત જેમ રહી શકતું નથી તેમ દુષ્ટના હૃદયમાં સુહૃદતા ટકી શકતી નથી. હૃદયને ચાહે તો મંદિર બનાવો કે ચાહે તો કત્લખાનું બનાવો. એક કવિએ કહ્યું છે; "ચાહે પે જીન ધરો, કવીયન કે તએલેમાં તોરંગ ખર ત્યારી હે"–ભાવાર્થ ઘોડો તેમજ ખર બન્ને તૈયાર છે જ્યાં ઇચ્છા હોય ત્યાં જીન ધરો.

ભીષ્મની ' શિક્ષામાળા–રત્નમાળા દુર્યોધનની આંખે દુષ્ટતાનાં પડળ ફરી વળેલાં હોવાથી પથ્થર તુલ્ય જણાવા લાગી. જેથી તેનો વિપરીતાર્થ લઇને તેમને તે કહેવા લાગ્યો; "તમો યુદ્ધના ભયથી ડરો છો અને તેથીજ કાયરતા દર્શાવો છો." ભીષ્મે જણાવ્યું; "હું ક્ષત્રિય છું; યુદ્ધભયથી હું કદી ડરતો નથી પણ તેના વિનાશકારક પરિણામથીજ ડરૂં છું. માટે તું ડાહ્યો થા કે જેથી શાન્તિ પ્રવર્તે." ભીષ્મે જ્યારે ઘણું સમજાવવા માંડયું ત્યારે તેણે કહ્યું 'સોઇના અગ્ર જેટલી ભૂમિ પણ હું પાંડવોને આપનાર નથી.' આ પ્રમાણે શ્રીકૃષ્ણ તેમજ ભીષ્મનો કરેલો પ્રયત્ન સર્વ નિષ્ફળ ગયો. ભીષ્મ કદાચ પાંડવોને તેમનો રાજ્ય હક છોડી દેવાની આજ્ઞા કરત તો તેઓ તે તરતજ છોડી દેત; કારણ તેમનું જીવન સાક્ષાત્ ધર્મમયજ હતું. તેઓ પોતાના તથા પારકા કર્તવ્યનો પૂર્ણ વિચાર કરનારા હતા. અને સર્વદા ન્યાયાનુકૂળ પક્ષપાતરહિત કર્મ કરવાનેજ તેઓ પોતાનો સ્વધર્મ માનતા હતા અને તે ધર્મ પાલન કરવામાં પોતાના શરીરની પણ તેઓ પરવા કરતા નહિ.

જ્યારે શ્રીકૃષ્ણનું આવાગમન નિષ્ફળ થયું ત્યારે ભીષ્મને યુદ્ધ જાણે સન્મુખ આવીને ઉભુ રહ્યું હોય તેમ જણાયું. તેમણે પુનઃ એક વાર યત્ન કર્યો અને ધૃતરાષ્ટ્ર તથા તેમના પુત્રોને પરસ્પર શાન્તિ કરવા સમજાવ્યા પણ સઘળું વ્યર્થ ગયું. છેવટે ભીષ્મે કહ્યું કે મને કોઈ પ્રકારનો શોક નથી પણ શ્રદ્ધાપૂર્વક વડીલોની સેવા કરનાર તથા ધર્મમાં દૃઢ એવા યુધિષ્ઠિરની સામે યુદ્ધ કરવું પડશે એજ દુઃખનું અધિક કારણ છે.

(૪) મહાભારતનું ભયંકર યુદ્ધ.

પ્રિય વાંચક ! ઉન્નત ગિરિરાજના અભ્રભેદી સપ્તમ શૃંગ ઉપરથી આર્યાવર્તની જાહોજલાલીને રસાતાળમાં ગરકાવી દેનાર, સમગ્ર પૃથ્વીપર અવિદ્યાનો અંધકાર પ્રવર્તાવનાર, વીર પુરૂષો અને વિદ્વાન વર્ગના અભાવના કારણભૂત તેમ સંસારનો રંગ પલટાવી નાંખનાર મહાભારતના મહા ભયંકર યુદ્ધને શ્રવણ કર ! કદાચ્ આશ્ચર્ય લાગશે કે ફક્ત એકજ દેશમાં થયેલા યુદ્ધથી સંસારમાં આવું પરિવર્તન થવા કેમ પામ્યું ! વાંચક ! આમાં લેશ માત્ર પણ આશ્ચર્ય જેવું નથી. જો, તને કદાચ પ્રાચીન ઇતિહાસનાં પાનાં ઉથલાવવાનો શોખ હોય અને સંસારની પ્રાચીન જાતિઓનાં વૃત્તાન્ત જાણવાની જિજ્ઞાસા હોય તો આ યુદ્ધથી આર્યાવર્તને શિરે કેવી આસમાની સુલતાની વીતી ગઈ છે તે સહજ તારા જાણવામાં આવશે. મહાભારતના યુદ્ધ પર્યંત આર્યવાસીઓનું ચક્રવર્તી સામ્રાજ્ય, તેમજ વૈદિક ધર્મનો પ્રચાર સમગ્ર પૃથ્વીપર અસ્તિત્વ ભોગવતાં હતાં. મહાભારતનું દિગ્દર્શન કર્યાથી જણાશે કે યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞ પ્રસંગે સર્વ દેશના નૃપતિઓ એકત્રિત થયા હતા, તેમજ સંસ્કૃત ભાષા પ્રત્યેક દેશમાં પ્રચલિત હતી. આર્ય ધર્મની એટલી બધી મહત્તા હતી કે પેગમ્બર જરથોસ્તે જન્દાવસ્થામાં આ-

ચૈંની ઘણીજ પ્રશંસા કરી છે અને ભારતના બ્રાહ્મણોના વૈદિક સિદ્ધાન્તોની આગળ પોતાનું શિર ઝુકાવ્યું છે.

ભાષાતત્વના જીજ્ઞાસુ શિરોમણિ પ્રો. મેક્સમૂલરે પણ સંસ્કૃત ભાષાને દુનિયાની સર્વ ભાષાઓનું મૂળ માની છે. આ યુદ્ધ પછી પ્રત્યેક દેશમાં પૃથક્ પૃથક્ રાજ્ય ઉપસ્થિત થયાં, અને વિદ્વાનોના અભાવથી તેઓમાં અજ્ઞાન વધ્યું. કેમકે પરસ્પરને મળવું, દેશ પ્રદેશમાં જવું આવવું ઘટતું ગયું. જેથી જેને જેવો રૂચ્યો તેવો ધર્મ ચલાવ્યો. આવા જેટલા ધર્મો છે, તે સર્વનું તત્ત્વ તેઓએ વેદોમાંથી લીધું હોય એમ પ્રતીત થાય છે. વળી જેટલી ભાષાઓ હાલ પ્રચલિત છે, તે સર્વ સંસ્કૃતમાંથીજ એક યા બીજા પ્રકારે અપભ્રંશ થઇને બનેલી જણાય છે, કેમકે તેમાં વપરાતા કંઈએક શબ્દો સંસ્કૃતને મળતા આવે છે. અજ્ઞાનદશામાંથી વિદ્યામાં આગળ વધેલી યુરોપિયન જાતિના ભૂષણરૂપ ગેલીલીયોએ શોધી કાઢયું કે “ પૃથ્વી ગોળ છે. ” શું આ ભારતવાસીઓની જાણ બ્હાર હતું ? આપણું એક નાનું બાળક પણ ભૂગોળ શબ્દથી પરિચિત છે. પૃથ્વી ગોળ છે, એ કંઇ ગેલેલીયોએ આપણને નવું શિક્ષણ આપ્યું નથી. તાત્પર્ય એ કે આ પ્રમાણે ભાષાનું, શોધોનું તથા વિદ્યાનું જેટલું પરિવર્તન સંસારમાં થયું છે તે મહાભારતના યુદ્ધ પ્રસંગ પછીજ થવા પામ્યું છે.

જ્યારે કૃષ્ણ નિરાશ થઈ પાંડવોની પાસે પાછા આવ્યા અને ભીષ્મનો દુર્યોધન પ્રત્યેનો સઘળો ઉપદેશ નિષ્ફળ નિવડયો ત્યારે ઉભય પક્ષ તરફથી યુદ્ધને માટે તૈયારીઓ થવા લાગી. ઘણા રાજાઓ પાંડવોના સહાયક થયા અને તેમણે પોતાની સેના પાંચાલ દેશ કે જ્યાં પાંડવોનો નિવાસ હતો ત્યાં મોકલી આપી.

પાંડવ પક્ષનું સૈન્ય કુલ સાત અક્ષૌહિણી જેટલું એકત્રિત થયું. આ સૈન્યનું આધિપત્ય પાંચાળ નૃપતિ દ્રુપદ રાજાના જ્યેષ્ઠ પુત્ર ધૃષ્ટ-

દ્યુમ્નને સોંપી તેને પાંડવ સેનાનો નાયક બનાવવામાં આવ્યો. કૌરવોએ પણ ઘણા રાજાઓ ઉપર અનુચરો મોકલી તેમને પોતાના પક્ષમાં લીધા તથા સૈન્ય એકત્રિત કરવા માંડયું, જેથી તેમના તરફના સૈન્યની સંખ્યા અગીયાર અક્ષૌહિણી થઇ. આ યુદ્ધ મહાભારત નામને યોગ્યજ હતું; કારણ આર્યાવર્તના પ્રત્યેક રાજાઓ આ યુદ્ધમાં સામેલ થયા હતા. મ્હોટા મ્હોટા વિદ્વાન વેદવેત્તા બ્રાહ્મણો જેઓ યુદ્ધ વિદ્યામાં નિપુણ હતા તેઓ પણ કૌરવ પક્ષની સહાયતાર્થે આવી મળ્યા. કૌરવ સૈન્યનું આધિપત્ય ભીષ્મને સોંપવામાં આવ્યું અને સર્વ સેનાનો અધિકાર તેમને સોંપવામાં આવ્યો. જો કે કર્ણને આધિપત્યની ઇચ્છા હતી પરન્તુ સર્વની સંમતિ ભીષ્મ પ્રત્યે ઉતરવાથી તે રિસાઇને ચાલ્યો ગયો.

યુધિષ્ઠિરની આજ્ઞાથી ધૃષ્ટદ્યુમ્ને પોતાની સેના લઈ રણભૂમિ તરફ પ્રયાણ કર્યું. ભીષ્મે પણ પોતાના રાજાની આજ્ઞા લઇ સૈન્યને સુસજ્જિત કરી રણભૂમિ તરફ પ્રયાણ કરવાની આજ્ઞા આપી. ઉભય પક્ષની સેનાઓ કુરૂક્ષેત્ર નામના પ્રસિદ્ધ યુદ્ધ ક્ષેત્રમાં આવી એકત્ર થઈ. અને તેમણે એક બીજાની સન્મુખ ડેરા નાખ્યા. આ એજ રણભૂમિ છે કે જેને હાલ થાનેશ્વર કહેવામાં આવે છે. આ રણભૂમિમાં જ્યારે જ્યારે પણ આર્યજાતિ યુદ્ધને માટે એકત્રિત થયેલી છે ત્યારે ત્યારે તેનો સર્વ નાશ થયેલો છે. સર્વથી પ્રથમ મહાભારતનું યુદ્ધ થયું, જેના પરિણામે આર્યાવર્તનું ચક્રવર્તી રાજ્ય નષ્ટ થઈ ગયું. તે પછી જ્યારે મુસલમાનોએ આ પવિત્ર ભૂમિને પાદાક્રાંત કરવાનો આરંભ કર્યો અને આર્યભૂમિમાં પોતાનું રાજ્ય દૃઢ કરવા શહાબુદ્દીન ઘોરી ચઢી આવ્યો ત્યારે આર્યરાજા પૃથ્વીરાજ ચહુવાણ પોતાના રાજપૂત વીરોને સાથે લઇને તેનું મુખમર્દન કરવા એજ કુરૂક્ષેત્રની ભૂમિમાં આવી ખડો થયો હતો. પરંતુ એજ "ઘરની ફૂટ" કે જેણે પ્રથમ સર્વ નાશ કર્યો હતો તેણે ભારતનું રહ્યું સહ્યું ગૌરવ આ સમયે પણ નષ્ટ કરી નાખ્યું અને આર્યાવર્તમાં પ્રત્યેક

સ્થાને મુસલમાની ધ્વજા ફરકવા લાગી. કેમ ન ફરકે? એ ફૂટનું સ્વાભાવિક ફળ એવુંજ હોઈ શકે. કુસંપનો આથી બીજો કયો બોધક દાખલો જગતમાં હશે?

એ પછી પાંચસો વર્ષ પછી આર્યાવર્તનું સદ્‌ભાગ્ય પુનઃ ઉદય થયું અને મહારાજા શિવાજી આર્યજાતિને પુનઃ ચૈતન્ય યુક્ત કરી ચિરસ્થાયી કીર્તિ પ્રાપ્ત કરીને સ્વર્ગધામમાં સિધાવ્યા જેથી તેમના પછી ભારતમાં સર્વ સ્થળે વેદોને માનનારી જાતિ અસ્ત્રશસ્ત્રથી ભૂષિત થઈને સ્વતંત્રતાના સુખપૂર્વક વિચરતી હતી; પરન્તુ અફસોસ કુસંપ! તેં હજી પણ ભારતની પૂંઠ છોડી નહિ અને તે પછી થયેલા એક યુદ્ધે તે સ્વતંત્રતાને માત્ર સ્વપ્નવત્ કરી દીધી! અહમદશાહ અબદાલીની સાથે એજ કુરૂક્ષેત્રની ભૂમિમાં યુદ્ધ થયું, જેણે આર્યોની ભવિષ્યની આશાઓ ઉપર પાણી ફેરવી દીધું. અફસોસ!! કર્મગતિ ટાળી નહિ ટળે એટલુંજ બોલી હવે આપણા પ્રસ્તુત વિષયપર આવીએ.

જ્યારે ઉભય સેનાઓ યુદ્ધને માટે તૈયાર હતી, વીરપુરૂષોએ પોતાનાં શસ્ત્રો ખુલ્લાં કર્યાં હતાં, બંને સેનાઓમાં ક્ષત્રિયો હર્ષથી પોતાના પ્રચંડ શંખો વગાડી રહ્યા હતા અને જેના ધ્વનિથી આકાશ ગાજી ઉઠયું હતું, તે સમયે ધૃષ્ટદ્યુમ્ને અચળ વ્યૂહ રચીને યોદ્ધાઓને કર્તવ્ય-પાલનનો ઉપદેશ કરી લડવાને માટે ઉત્સાહિત કરી દીધા. ભીષ્મ પણ આ સમય શ્વેત વસ્ત્ર પહેરી, શ્વેત ખડ્ગ ધારણ કરી, શ્વેત અશ્વપર સ્વાર થઈ પોતાના સૈનિકોને ઉત્સાહિત કરી રહ્યા હતા. પિતામહની શ્વેત દાઢી યોદ્ધાઓને સ્વધર્મ પાલનમાં જાણે પ્રવૃત્ત કરી રહી હોય તેમ જણાતી હતી. જ્યારે ઉભય દળ પોતપોતાના વીરનાયકોની રાહ જોઈ યુદ્ધને માટે તળે ઉપર થઈ રહ્યાં હતાં, તેવામાં પાંડવદળના રાજા યુધિષ્ઠિર શસ્ત્રરહિતાવસ્થામાં રથમાંથી ઉતરી નગ્ન પગે કૌરવ દળ તરફ ચાલી નીકળ્યા. સર્વ જનો આશ્ચર્યચકિત થઇ તેમની સામા જોઈ રહ્યા. સામે

લોહીના તરસ્યા શત્રુઓ ખુલ્લી તરવારો ચમકાવતા ઉભા છે અને તેમની તરફ શસ્ત્રરહિત રાજા ઉઘાડા પગે ચાલ્યા જાય છે. આ ઉપરથી કોઈ કહેવા લાગ્યા કે તેઓ બ્હીકના માર્યા રણક્ષેત્રમાંથી પલાયન કરી જાય છે; કોઈ એમ કહેવા લાગ્યું, તે કાયર છે તેથી ક્ષમાપ્રાર્થના માટે કૌરવદળમાં જાય છે. આ દૃશ્ય જોઈ અર્જુન, ભીમ, નકુલ, અને સહદેવ એ ચારે ભાઈઓ તેમ કરવાનું કારણ પૂછવા લાગ્યા, પણ યુધિષ્ઠિર તો મૌન ધારણ કરી કૌરવદળ તરફ આગળ ને આગળ વધતા ગયા અને તેમના પ્રશ્નનો ઉત્તર પણ આપ્યો નહિ. છેવટે તેઓ ભીષ્મપિતામહની પાસે પહોંચ્યા અને તેમના ચરણપર પોતાનું શિર નમાવી બે હસ્ત જોડી અભિવંદન કરી બોલ્યા; “હે દુર્ધર્ષ! હમારે આપની સાથે યુદ્ધ કરવાનું છે. યુદ્ધની આજ્ઞા આપો અને આશીર્વાદ આપો કે જેથી હમારો જય થાય.”

ભીષ્મ—બેટા! હું તમારા આવવાથી ઘણો પ્રસન્ન થયો છું જાઓ, યુદ્ધ કરો; તમારો અવશ્ય જય થશે. તમારે અન્ય જે કંઇ ઇચ્છા હોય તે સુખેથી જણાવો. તાત! તમો બધા મારે સરખા છો છતાં હું કૌરવોના પક્ષમાં એટલા માટે છું કે મેં તેઓનું લુણ ખાધું છે અને તેમના ધનથી હું બંધાએલો છું. સત્યપૂર્ણ માનજો કે આ ધનનાજ બંધનથી હું કૌરવોની તરફથી લડું છું.

યુધિ.—આપ હમારા જયની ભાવના કરતા રહેશો, હું આપને આપના કર્તવ્યથી રોકતો નથી. એજ અમારે બસ છે.

ભીષ્મ—હે રાજન્! તમે હવે બીજું શું ઇચ્છો છો? હું તમને આશીર્વાદ આપું છું.

યુધિ.—આપને સવિનય પ્રણામપૂર્વક હું પૂછું છું કે હું આપને કેવી રીતે પરાજીત કરી શકીશ? એજ વાત મારા હિતની છે તે કૃપા કરી બતાવશો.

ભીષ્મ—' હે રાજન્ ! દેવ દાનવ પણ મને પરાસ્ત કરી શકે તેમ નથી.'

યુધિ.—' તો અમારો જય કેવી રીતે સંભવશે ?'

ભીષ્મ—' બાપ ! હાલ તો નિશ્ચિન્તપણે યુદ્ધમાં પ્રવર્તો. પુનઃ અહિં આવી જજો.'

કૌરવ દળમાંથી યુધિષ્ઠિર પાછા ફર્યા અને રથારૂઢ થઈ ધૃષ્ટદ્યુમ્નને યુદ્ધની આજ્ઞા આપી. આ યુદ્ધ અઢાર દિવસ સુધી ચાલ્યું. ભીષ્મે દશ દિવસ સુધી યુદ્ધ ચલાવ્યું. તેમણે પહેલેજ દિવસે પોતાનાં ઝારીબાણોથી પાંડવસેનાને ગભરાવી મૂકી; યદ્યપિ અર્જુન તથા ભીમે તેમના રથને ચીરી નાંખી ઘોડાને ઘાયલ કરી દીધા. પરંતુ પુનઃ તત્પર થઈ તેઓએ એવા તો જોરથી બાણ ફેંકવા માંડયાં કે તેથી પાંડવ દળમાં હાહાકાર પ્રવર્તી ગયો. અને તેમના કેટલાક મહારથી યોદ્ધાઓ ભીષ્મના હાથથી માર્યા ગયા.

સન્ધ્યા સમયે જ્યારે ઉભય સૈન્ય પોતપોતાના શિબીરમાં વિશ્રામ લેવા આવ્યાં. ત્યાં આ દિવસના મૃત્યુની સંખ્યા જાણીને યુધિષ્ઠિર તદ્દન નિરાશ થઈ ગયા. કૃષ્ણ ભગવાને તેમને સાન્ત્વના આપી સમજાવ્યા કે તમારીજ જીત થવાની છે પણ ભીષ્મની અસ્ત્રવિદ્યાની કુશળતાનું સ્મરણ કરતાં યુધિષ્ઠિરને જય અસંભવિત જણાયો. યુદ્ધના બીજા દિવસના પ્રારંભમાં અર્જુને પોતાનું અજીત ગાંડીવ ધનુષ હાથ ધરી તીક્ષ્ણ બાણોથી ભીષ્મને વ્યથિત કરી તેમનાં અસ્ત્રોને છિન્ન ભિન્ન કરી નાંખ્યાં. અહા ! ' ધર્મપાલન ' એ એક એવી ઉત્તમ વસ્તુ છે કે મનુષ્ય ગમે તે સ્થિતિને પ્રાપ્ત થયો હોય તોપણ તેને પડવા દેતી નથી ! કર્તવ્યથી બંધાયલો પ્રપૌત્ર દાદાની સાથે એવી રીતે યુદ્ધ મચાવી રહ્યો હતો કે કયારે લાગ મળે કે ભીષ્મજીનું શિર ધડથી જુદું કરી નાખું ! પરન્તુ અર્જુનનું ગમે તેટલું યુદ્ધકૌશલ્ય છતાં તે

દિવસે પણ જય તો કૌરવોનોજ થયો. અને પાંડવોના ઘણા મહારથી યોદ્ધા માર્યા ગયા. ત્રીજે દિવસે પોતાનો પરાજય થતાંજ ક્રોધાગ્નિથી ભીમ એટલો બધો ઉશ્કેરાઇ ગયો કે પોતાની ભયંકર ગદાના મારથી કૌરવ દળને છિન્નભિન્ન કરી ત્રાસ ફેલાવી દીધો. અભિમાની દુર્યોધન પોતાનો પરાજય સાંખી શક્યો નહિ; આ પરિણામથી ગભરાઇને તે ભીષ્મને કહેવા લાગ્યો; "શોકની વાત છે કે આપ છતાં કૌરવ સૈન્યની આવી વિપરીત દશા પ્રાપ્ત થઈ છે. ભીમે આપણા સૈન્યમાં કચ્ચરઘાણ વાળ્યું છે પણ આપ કંઈ કરી શકતા નથી. મને તો એમજ જણાય છે કે આપ તેમનો પક્ષ ખેંચો છો. જો આપની પાંડવ સાથે યુદ્ધ કરવા અનિચ્છા હોય તો અમને હેરાન કર્યા સિવાય સ્પષ્ટજ કહી દો. જો પ્રથમથીજ આપની આવી ઇચ્છા હતી તો મને પહેલાંથીજ કહેવું હતું; હું વિચાર કરીનેજ કાર્ય સોંપત." દુર્યોધનનાં વચન સુણી ભીષ્મ હાસ્ય કરી બોલ્યા; "હે રાજન્! મેં તો તને પ્રથમથીજ કહ્યું હતું કે પાંડવોની સામા થવામાં માલ નથી, એક તો એ બળવાન છે તેમ ધર્મયુક્ત પણ છે. તોપણ હું તારે માટે મારી શક્તિ પર્યંત યુદ્ધ કરીશ;" એમ કહી પોતાના સુવર્ણ મુખવાળાં તીક્ષ્ણ બાણોથી પાંડવ દળને પીડિત કરવા લાગ્યા. પૃથ્વીનો પ્રલય કરવા ઇચ્છતા શિવજીની પેઠે બાળબ્રહ્મચારીએ બાણોનો એવો મારો ચલાવ્યો કે પાંડવ દળમાં સ્મશાન મચી રહ્યું. પાંડવ સૈન્યની આવી દશા જોઈ કૃષ્ણે અર્જુનને કહ્યું કે જો આગળ વધીને ભીષ્મની સામા નહિ થશો તો નિઃસંદેહ રણભૂમિ વિજયમાળા કૌરવોને પહેરાવશે. અને તમે ભીષ્મને મારવાનું જે પણ લીધું છે તે મિથ્યા જશે. હવે સમય છે તો તેમને મારવાનો પ્રયત્ન કરો. આથી ભીષ્મે અગ્ન્યાસ્ત્ર બાણથી પાંડવ દળને જ્વલિત કરી મૂક્યું હતું, તે અર્જુને વારૂણાસ્ત્ર સાધીને ઠંડું પાડી દીધું. અને સુવર્ણ મુખવાળું એક એવું તો

બાણ સાધ્યું કે તેણે ભીષ્મના બાણના કકડા કરી નાંખ્યા. અર્જુનની વીરતા જોઇ ભીષ્મ પ્રસન્ન વદને બોલ્યા, “અર્જુન! ધન્ય છે ધન્ય છે તને! હું તારૂં શૌર્ય જોઇ અતિ પ્રસન્ન થયો છું. આપ નિર્ભય થઇ મારી સાથે લડો.” બન્ને નરશાર્દૂલોએ સામા સામી બાણોનો વરસાદ વરસાવા માંડયો અને એક બીજાના બાણને સપાટાબંધ કાપી નાંખતા હતા. લડતાં લડતાં અર્જુન શ્રમિત થઇ ગયો. કૃષ્ણે તરતજ બીજા વીરપુરૂષોને તેની સાહાયતાર્થે બોલાવ્યા. સાત્યકી અને ધૃષ્ટદ્યુમ્ન અર્જુનની મદદમાં આવી પહોંચ્યા. યુદ્ધે ભયંકર સ્વરૂપ પકડયું, રક્તની સરિતા વહેવા લાગી. ઉભય પક્ષમાંથી અનેક યોદ્ધાઓ પ્રાણરહિત થઇ ગયા. કૃષ્ણે જોયું કે ભીષ્મ તો જેમને તેમ યુદ્ધ ચલાવી રહ્યા છે અને અર્જુન શિથિલ થઇ ગયો છે તેથી બીજા મહારથીઓને યુદ્ધમાં બોલાવ્યા. પણ ભીષ્મની સામે ઉભો રહી શકે તેવો કોઈ યોદ્ધો જણાયો નહિ. આથી પાંડવ સૈન્ય ગભરાઈ છિન્નવિછિન્ન થઇ જવાની તૈયારીમાં હતું. યુદ્ધની આ દશા જોઈ કૃષ્ણે યુદ્ધ કરવા તત્પર થઇ ધનુષ્ય ટંકાર કર્યો. કૃષ્ણને ધનુષ્યનો ટંકાર કરેલો સાંભળી પોતાની સાથે યુદ્ધ કરવા દોડી આવતા જોઇ, ભીષ્મ ઘણા પ્રસન્ન થઈ બોલ્યા; “પધારો! પધારો! મારૂં અહોભાગ્ય છે કે આપની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ મારે આવ્યો. આપના જેવા ક્ષત્રિયના હાથે મરવું એજ મારા ગૌરવનો હેતુ છે. સામા આવો ને મન મૂકીને યુદ્ધ આરંભો. આપની સાથેના યુદ્ધથી મારી ખ્યાતિમાં વૃદ્ધિ થશે.” કૃષ્ણજીએ ભીષ્મને ક્રોધિત સ્વરૂપ દર્શાવી કહ્યું;—આપ વધને યોગ્ય છો, કારણકે દુર્યોધનને કપટજાળ રમતાં આપે હઠાવ્યો નહિ, દુર્યોધનને આજે તેના કર્મોનું ફળ અવશ્ય મળવું જોઇએ. શરમ છે કે એ પાપીનો આપે પક્ષ ખેંચ્યો છે! ભીષ્મ બોલ્યા; “હે કૃષ્ણ! તેમાં મારો કંઇ અપરાધ નથી, મેં એ પાપાત્માને ઘણુંએ સમજાવ્યો,

પરન્તુ મારૂં કહેવું તેને રૂચ્યું નહિ. જો હું તેનો પક્ષ છોડી દઉં છું તો કૃતઘ્નતાના દોષથી દોષિત થાઉં છું.” કૃષ્ણ આ કશાયની પણ દરકાર ન રાખતાં ભીષ્મ સામા દોડયા. તરતજ કૃષ્ણને અર્જુને પકડી લીધા અને કહ્યું, “મિત્ર, આપને યુદ્ધ કરવાની જરૂર નથી. હું અવશ્ય પિતામહને મારીશ, હવે હું શિથિલતા ત્યજી દઇશ. મેં વૈરાટ નગરમાં જે વચન ઉચ્ચાર્યાં હતા કે “ધૃતરાષ્ટ્રના પુત્રો તેમજ ભીષ્મપિતામહ આદિ સર્વને મારી યુધિષ્ઠિરને રાજ્ય વિભૂષિત કરીશ. જરૂર હું તે વચનો સિદ્ધ કરી બતાવીશ, આપ ધનુષ મૂકી દો.”

અર્જુન ઉત્સાહિત થયો છે એમ જાણવાથી કૃષ્ણ રથ ઉપર આવીને બેઠા. અર્જુને બાણોનો એવો તો મારો ચલાવ્યો કે કૌરવ સૈન્યમાં લાશોનો એક મોટો ઢગલો થઇ ગયો. કૌરવોનો મારો પણ એવોજ બળવત્તર હતો. સાયંકાળ થયો ને અંતે કૌરવોના વિજય સાથે યુદ્ધ વિરામ પામ્યું. યુદ્ધનો ચોથો દિવસ શરૂ થયો. પોતાનો પરાજય થયેલો જોઇને પાંડવો વિશેષ જોરથી યુદ્ધ કરતા હતા. આજે ભીમ સંગ્રામમાં ઉતર્યો હતો. પોતાની પ્રચંડ ગદા લઈ કૌરવદળમાં મસ્ત હાથીની પેઠે ઘૂમીને અનેકનાં મસ્તક છેદી નાંખ્યાં. વિજયહર્ષથી ગર્વિત ભીમ સૈન્યમાં આમ તેમ ફરતો હતો. તેવામાં દુર્યોધને તેની મજાક કરી. દુશ્મનને આ પ્રમાણે મજાક કરતો જોઇ જેમ ભૂખ્યો કેસરી શિકાર ઉપર કુદી પડે છે તેમ તે દુર્યોધન તરફ પોતાની પ્રચંડ ગદા લઈ દોડ્યો. ઉભય ગદાધારી વીર હોવાથી એવું તો ભયંકર યુદ્ધ થયું કે અરસપરસના પ્રહારોથી રણભૂમિ ગર્જી ઉઠી. દુર્યોધનના ભાઇઓ તેની મદદે આવ્યા, પણ ભીમ મેરૂ-સમ અચળજ રહ્યો, એટલુંજ નહિ પણ દુર્યોધનની સમક્ષજ તેના ભાઇઓનાં શિર છેદી નાંખ્યાં. દુર્યોધનના ભાઇઓની આ સ્થિતિ જોઇ શલ્ય દુર્યોધનની કુમકે ધાયો ને ભીમની દ્રષ્ટિ ચૂકવી એક એવું બાણ માર્યું કે તેથી ભીમ મૂર્ચ્છિત થઇ ગયો; આ મૂર્ચ્છા કંઈ ઝાઝો સમય પહોંચી નહિ.

તરતજ શુદ્ધિમાં આવતાં તે સિંહનાદ કરવા લાગ્યો. ભીમનો ભીમનાદ સાંભળી તત્કાલ સાત્યકી પોતાનો રથ લેઇ દોડી આવ્યો અને કૌરવ સેનાને ભયભીત કરી નાંખી. ભીમે સાત્યકીની મદદથી ધૃતરાષ્ટ્રના પાંચ પુત્રોને મારી નાંખી દુર્યોધન અને શલ્યને અનેક બાણથી નાશીપાસ બનાવી દીધા. જ્યારે ભીષ્મે કૌરવ દળની આ દશા જોઇ ત્યારે તેમની સહાયતાર્થે કેટલાક સેનાનાયકોને મોકલી થોડા સમય બાદ પોતે પણ મદદે ગયા. પાંડવોની આવી યુદ્ધનિપુણતાનું કારણ દુર્યોધને ભીષ્મને પૂછતાં ભીષ્મ બોલ્યા; "જેનો સર્વ કોઇ પક્ષ કરે છે અને જે ધર્મમાં સ્થિત છે તેઓ સર્વદા જીવની પરવા રાખ્યા સિવાય લડે છે. પાંડવો જાણે છે કે હમે ધર્મને ખાતર યુદ્ધ કરીએ છીએ અને ઇશ્વિર આજ્ઞાનુસાર દુષ્ટને દંડ આપવાનો યત્ન કરીએ છીએ. આ કારણુથીજ તેઓ તન, મનથી યુદ્ધ કરે છે. વળી ધર્મના ઉપદેષ્ટા કૃષ્ણ તેમનામાં વિરાજમાન છે, તો કહો જોઇએ? તેઓ એ પ્રકારે યુદ્ધ કેમ ન કરે?" ભીષ્મ તે દિવસે જે સ્થળે યુદ્ધની પ્રાબલ્યતા જોતા, ત્યાં ઘોડા દોડાવી જઈ પહોંચતા હતા. આવી રીતે તેમણે પોતાનો પ્રબન્ધ પૂરેપૂરો સાચવ્યા છતાં, કૌરવોની ભારે હાનિ થઈ અને દુર્યોધનના ઘણા ભાઇઓ પરલોકમાં ચાલ્યા ગયા. દુર્યોધનને આથી અત્યંત શોક થયો. તે ભીષ્મની પાસે જઈ રડતો રડતો કહેવા લાગ્યો, કેઃ "હવે આપણને કયા પ્રકારે જયલાભ થશે?" ભીષ્મે કહ્યું; "રાજન્! મેં તને પ્રથમથીજ યુદ્ધનું પરિણામ દર્શાવી દીધું છે. હજી સમય છે તો માની જાઓ, પાંડવો સાથે સન્ધિ કરો, તેમને તેમનો ભાગ આપી દો; નહિ તો તમારા પિતાનો દેશ તેમજ વંશ પાયમાલ થઇ જશે. મેં તમને ઘણી વખત કહ્યું પણ તમે માન્યું નથી. તમે જે પ્રકારે પાંડુપુત્રોને માનભંગ કર્યા છે તે જોતાં શું તેઓ તમારા ભાઇઓને જીવતા મૂકશે? તમારાં કર્મોનુંજ ફળ તમે ભોગવો છો. માટે હજી

પણ સમય છે. મારૂં કહ્યું માનો અને યાદ રાખો કે સત્ય તેઓની તરફ છે!

सत्यम् बलम् महाबलम् ।

સત્યનું બળ મહાન છે. તેનો પરાજય કરવો કઠિન છે, દુર્યોધનને ભીષ્મનો આ બોધ રૂચ્યો નહિ તેથી તે ત્યાંથી ઉઠીને ચાલ્યો ગયો. પાંચમે, છઠ્ઠે, અને સાતમે દિવસે પણ રણદેવીને પુષ્કળ બલિદાન મળ્યું. અગ્નિથી બળતો પર્વત પૂર્ણ આવેશમાં આવ્યો હોય તેમ, ભીષ્મ કેટલાક રાજકુમારોનાં શિર ધડથી જુદાં કરી પાંડવદળને ભસ્મીભૂત કરત. પરન્તુ અર્જુન તથા ધૃષ્ટદ્યુમ્ને સામા ઉભા રહી ભીષ્મને હસ્તે થતો નાશ રોકી રાખી અવશેષ રહેલી કૌરવ સેનાનો સંહાર કરવાનો આરંભ કર્યો, એટલામાં સન્ધ્યા દેવીએ ઉભય સૈન્યને વિશ્રાન્તિ લેવા છૂટાં પાડયાં.

આઠમે દિવસે ભીમને અગ્રણી બનાવી પાંડવ સેનાએ અદ્દભુત વ્યુહ રચ્યો અને ભીમને સેનાધિપતિ બનાવ્યો. ભીમે પોતાની સેનાને યથાસ્થિત કરી અને તે પોતે પોતાની ભયંકર ગદા લઇ ઘુમવા લાગ્યો. કારવોમાં એવો કોણ હતો કે જે તેની સામે આવે? કૌરવ સૈન્ય કંપી ઉઠયું. જ્યારે ભીષ્મ તેની સામા આવ્યા કે તરજ ભીમે પોતાની પ્રચંડ ગદાના પ્રહારથી ભીષ્મના સારથિને વધેરી નાંખ્યો અને ઘોડાઓ તે સારથિ વિનાના રથને રણભૂમિથી બહાર ખેંચી ગયા. કૌરવ સૈન્યની આથી શુદ્ધ બુદ્ધ ઉડી ગઈ. અને ભીમ જેમ અંધારી રાત્રિમાં નિશાચર મહાલે તેમ કૌરવદળમાં નિર્ભયપણે મહાલવા લાગ્યો. ભીમે ગદાપ્રહારથી ધૃતરાષ્ટ્રના નવ પુત્રોને મારી દુર્યોધનને મૂર્છિત કરી નાખ્યો. જ્યારે દુર્યોધન શુદ્ધિમાં આવ્યો ત્યારે ભીષ્મની પાસે જઈ યુદ્ધનું વૃત્તાન્ત જણાવી કહેવા લાગ્યો; " આપ રણમાંથી બહાર

નીકળી આવ્યા છો પણ ભીમ તો કૌરવસેનાનો એવો સંહાર કરી રહ્યો છે કે તેના ઉપર કોઇનું કશું પણ બળ ચાલતું નથી. ભીષ્મે કહ્યું "મેં તમને પ્રથમથીજ જણાવી દીધું છે પણ તમે ક્યાં કોઇનું સાંભળો ગ? જાવ, ક્ષત્રિયોની રીતિ મુજબ યુદ્ધ કરો. મારી પછવાડે નાશી જવાનું પ્રયોજન શું છે? યુદ્ધ કરવું તે ક્ષત્રિયોનો પરમ ધર્મ છે. હું કાંઇ યુદ્ધથી પરાઙ્મુખ થયો નથી, ચાલો હું પણ આવું છું" આ સાંભળી ભીષ્મની સાથે દુર્યોધને રણક્ષેત્રમાં આવી યુદ્ધારંભ કરવા માંડયો. પરન્તુ તરતજ શાન્તિપ્રદાતા સંધ્યાદેવીએ યુદ્ધને નિવૃત્ત કર્યું. પોતાની સેનાનો તથા ભાઇઓનો સંહાર વળી ગયેલો જોઇ દુર્યોધન નિરાશ થઈ કર્ણને હવે શું કરવું તેની સમ્મતિ મેળવવા લાગ્યો. કર્ણ જે ભીષ્મનો દુશ્મન હતો તેથી તેણે સલાહ આપી. "તમે ભીષ્મની પાસે જાઓ અને તેમને એવા પ્રકારે કહો કે જેથી તે યુદ્ધમાંથી ચાલ્યા જાય અને મને યુદ્ધની આજ્ઞા આપે. ભીષ્મ પાંડવોનો જય ઇચ્છે છે તેથી તે યથેચ્છ યુદ્ધ કરતા નથી. તેમને નાયકની પદ્દીથી મુક્ત કરી તે મને એનાયત કરો; પછી જુઓ કે યુદ્ધ કેવું થાય છે? અને એકજ દિવસમાં પાંડવસેનાને હાંકી કાઢી તમને રાજ્યશ્રીથી વિભૂષિત કરૂં છું કે નહિ? ભીષ્મ કંઇક અંશે પાંડવો પર દયા રાખે છે અને કંઇક અંશે પાંડવનો પરાજય કરવાની તેમની શક્તિ પણ ન્યૂન છે, તેથી તમો ભીષ્મને વિજ્ઞાપના કરો કે તેઓ શસ્ત્ર છોડી દે; અને ભીષ્મ અલગ થઇ ગયા એટલે પાંડવોનો પરાજય કરવો મને કંઇ અસાધ્ય નથી. કર્ણની સલાહ પ્રમાણે દુર્યોધન ભીષ્મના તંબુમાં ગયા. ભીષ્મે દુર્યોધનને સુવર્ણાસનપર બેસાડી, આવવાનું કારણ પૂછ્યું. દુર્યોધને હાથ જોડી આંખમાં અશ્રુસહિત બોલવાનો આરમ્ભ કર્યો; "હે પિતામહ! મેં ફક્ત આપના આધારથીજ યુદ્ધનો પ્રારંભ કર્યો હતો. આપે એમ પણ કહેલું કે બલપૂર્વક પાંડવોને પરાસ્ત કરવાનો યત્ન

કરીશ; પણ પાંડવોએ મારી સેના નષ્ટભ્રષ્ટ કરી નાંખી છે, તોપણ તમો પાંડવો પર દયાદષ્ટિ રાખો છો. હવે કૃપા કરીને કર્ણને યુદ્ધની આજ્ઞા આપો અને આપ પૃથક્ થઇ જાઓ." આટલું કહી દુર્યોધને મૌન સેવ્યું. વિચારગ્રસ્ત થયેલા ભીષ્મે કોઈ પ્રકારે શોક કે ક્રોધ દર્શાવ્યા શિવાય કહ્યું; "હે દુર્યોધન! તું મને શા માટે આવી શંકાઓથી ઘાયલ કરે છે? હું મારી શકત્યનુસાર શત્રુઓ સાથે યુદ્ધ કરૂં છું, તારા હિતની ખાતર હું મારા જીવનનો પણ ભોગ આપવા તૈયાર છું. તું તારા ભાઇ પાંડવોના બળથી પૂર્ણપણે અભિજ્ઞ છે. તેં તેમના હાથ દીઠેલા છે. તેઓ મારી ઉપર કેવો બાણનો મારો ચલાવે છે તે પણ તને વિદિત છેજ. હું આપણા પક્ષ તરફથી યુદ્ધ કરવામાં કંઇ કસર રાખતો નથી, પરન્તુ પાંડવદળની સામે થવું એ કંઇ છોકરાંની રમત નથી. તું જ્ઞાનશૂન્ય છું તેથી એટલું પણ સમજતો નથી કે હું શું કરૂં છું! કોઈના ચઢાવ્યા પ્રમાણે ચઢયા કરવું એ શું તને ઉચિત છે! હવે આવા મહાન યુદ્ધનો પ્રારંભ કરીને કાયર કેમ બને છે? વીરની માફક રણમાં ઝુઝો, જ્યાં સુધી મારામાં શક્તિ છે ત્યાં સુધી હું લડીશ અને કર્ત્તવ્યપાલનને વળગી રહીશ, મેં તારૂં નિમક ખાધું છે તેનો પ્રત્યુપકાર અવશ્ય વાળીશ. જાઓ હવે શયન કરો. પ્રાતઃકાળે ખબર પડશે કે હું કેવું યુદ્ધ કરૂં છું! હું એવું યુદ્ધ આદરીશ કે તે મનુષ્યલોકમાં ચિરસ્મરણીય થઇ પડશે અને તેઓ કબુલ કરશે કે, ભીષ્મે કેવે પ્રકારે સ્વધર્મપાલન કર્યું છે.

(૫) ભીષ્મજીનું ઘાયલ થવું.

યુદ્ધના નવમા દિવસે પ્રાતઃક્રિયાથી નિવૃત્ત થયા પછી સુંદર રથમાં બેસી ભીષ્મ સેના તરફ ચાલ્યા. આગળ જતાં તેઓ દુર્યોધનને મળ્યા. દુર્યોધનને સાથે લઇને ભીષ્મે સેનાને યુદ્ધને માટે તૈયાર કરી;

અને "સર્વતો ભદ્ર" નામનો વ્યૂહ રચીને તેમણે પાંડવ સૈન્યપર ધસારો કરવાની સૈન્યને આજ્ઞા આપી. પાંડવોની સેનાનો વીર અભિમન્યુ પાંડવસેનાની રક્ષા કરી રહ્યો હતો. તેણે કૌરવ સેનાને જળપ્રવાહની પેઠે ધસી આવતી જોઇને પોતાના પિતાએ આપેલું પાશુપતાસ્ત્ર નામક અસ્ત્ર ચલાવ્યું અને કૌરવદળને આવતું ત્યાંનું ત્યાંજ રોકી દીધું. સેનાની આ પરિસ્થિતિ જોઈ, તેનો ઉત્સાહ વધારવાને ભીષ્મજી આગળ ધસ્યા. સમય સાધી પાંડવ સૈન્યના અનેક વીરોએ ભેગા થઇને ભીષ્મને ઘેરી લીધા અને તેમને એવા ચાતુર્યથી મર્મભેદી બાણ માર્યાં કે જેથી તેમના અંગેઅંગમાંથી રૂધિર વહેવા લાગ્યું. આ લોહીના વહેવાથી ભીષ્મ એવા સુશોભિત દેખાવા લાગ્યા કે જાણે અનેક વહેતાં ઝરણાંવાળો ગિરિરાજ શોભતો હોયને! અસંખ્ય ઘા લાગ્યા છતાં પણ ભીષ્મ પર્વતની પેઠે અચળજ રહ્યા. અને તેથી સહજ પણ વ્યથિત નહિ થતાં તેમણે ક્રોધપૂર્વક ધનુષના ટંકાર કરીને બાણોનો વર્ષાદ વર્ષાવવા માંડ્યો. તેમણે એટલાં તો બાણ માર્યાં કે જ્યાં જ્યાં દ્રષ્ટિ પડતી હતી ત્યાં ત્યાં બાણને બાણુજ દ્રષ્ટિગોચર થતાં હતાં.

ભીષ્મનાં બાણોએ પાંડવ સેનાને અધીરી બનાવી મૂકી, અને તેમના મહારથીઓને ગભરાવી નાખ્યા. અર્જુન અને સાત્યકી પોતાની સેનાની આ દશા જોઇને સહાય આપવાને આગળ આવ્યા અને ભીષ્મજીને તેમણે ઘેરી લીધા. ભીષ્મજી મહાક્રોધમાં આવીને બાણ વર્ષાવવા લાગ્યા, અને ખેડુત જેમ ઘાસ કાપતો હોય તેમ દુઃશાસન પણ પાંડવ-સેનાનો સંહાર કરવા લાગ્યો. આ પ્રકાર જોઇને શ્રીકૃષ્ણે સાત્યકીને દુઃશાસન સાથે યુદ્ધ કરવાનું કહ્યું. સાત્યકીએ કૃષ્ણની આજ્ઞા થતાં ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી હઠાવ્યા. હવે અર્જુન અને ભીષ્મનું યુદ્ધ થવા લાગ્યું. ભીષ્મનાં અસ્ત્રોને અર્જુન નષ્ટ કરતા હતા અને સમય મળતાં તેમને ઘાયલ પણ કરતા હતા; પરંતુ પિતામહ સમજીને વચ્ચે વચ્ચે

રોકાઈ જતા હતા. ભીષ્મજી નિશ્ચિંત થઇને યુદ્ધ કરી રહ્યા હતા. થોડીજ વારમાં તેમણે અર્જુનના રથની ચારે બાજુ લાશોના ઢગ કરી મૂક્યા.

આ દૃશ્ય જોઈ કૃષ્ણે અર્જુનને કહ્યું કે "સાવધાન થઇને યુદ્ધ કરો, નહિ તો યાદ રાખજો કે આજે ભીષ્મ પાંડવદળનો વિનાશ કરી દેશે." યુદ્ધમાં નિમગ્ન થયેલા અર્જુનનું યુદ્ધ સિવાય બીજે લક્ષ નહોતું. તેથી શ્રીકૃષ્ણનું કહેવું તેમણે સાંભળ્યું નહિ. જ્યારે શ્રીકૃષ્ણે જોયું કે અર્જુન આજે સર્વ પ્રયત્ન ઉપર પાણી ફેરવશે; તેથી પોતે રથમાંથી ઉતરી યુદ્ધ કરવાને તૈયાર થયા. કૃષ્ણને યુદ્ધમાં ઉતરેલા જોઈ ભીષ્મે તેમને કહ્યું "શું આજે આપ પાછા યુદ્ધને માટે તત્પર થયા છો? આવો, આવો હું ને તમે ઉભય યુદ્ધ કરીએ; આપ જેવા વીરને હાથે મરીને જીવનને સફળ કરીશ." કૃષ્ણજી હજી યુદ્ધ કરવાને જતાજ હતા તેવામાં અર્જુને તેમને પકડી લીધા અને કહ્યું કે; "આપ કષ્ટ ન ઉઠાવો. હું હવે અવસ્ય વીરતાપૂર્વક યુદ્ધ કરીશ. શું કરૂં કે ભીષ્મને દેખતાંજ હું ઉત્સાહભંગ થઇ જાઉં છું; તોપણ કાલે હું શું કરીશ તે આપ નજરે જોશો." સૂર્યાસ્ત થતાંની સાથેજ યુદ્ધ બંધ પડયું અને સૈન્ય પોતપોતાના શિબિરોમાં ચાલ્યું ગયું.

રાત્રે યુધિષ્ઠિરે પોતાના ભાઇઓની અને કૃષ્ણની સમ્મતિ પૂછી કે કયા પ્રકારે ભીષ્મનું મૃત્યુ થાય? અમે આટલા આટલા યત્ન કર્યા, પરંતુ તે સર્વ નિષ્ફળ થતા જાય છે. ભીષ્મ જ્યાં સુધી જીવતા છે ત્યાં સુધી આપણો જય થવો કઠિન છે. આપણા પક્ષમાં એવો કયો વીર છે કે જે ભીષ્મને સંગ્રામમાં ઘાયલ કરે! શ્રીકૃષ્ણ બોલ્યા કે હું ભીષ્મનો રણમાં વધ કરીશ. યુધિષ્ઠિરે કહ્યું તેવું થઈ શકશે નહિ. હું આપને યુદ્ધ કરવાને માટે કહી શકતો નથી. અન્તે સર્વની સમ્મતિથી એવો નિશ્ચય થયો કે ભીષ્મની પાસે જવું જોઇએ અને તેમની આ વિષયપરત્વે સમ્મતિ લેવી જોઈએ.

યુધિષ્ઠિર પોતાના ભાઇઓ અને કૃષ્ણને સાથે લઈ ભીષ્મના શિબિર તરફ ચાલ્યા. ત્યાં પહોંચી સર્વેએ ભીષ્મને પ્રણામ કર્યાં અને પુનઃ નમન કરી તેઓ યથોચિત સ્થાનપર બેસી ગયા. ભીષ્મે રાજા યુધિષ્ઠિર અને તેમના ભાઇઓનું સ્વાગત કર્યું અને આવવાનું કારણ પૂછ્યું. યુધિષ્ઠિર બોલ્યા; "હે પિતામહ! આપે કહ્યું હતું કે તારો જય થશે; પરંતુ અત્યાર સુધીમાં મારી બે અક્ષૌહિણી સેના તો સ્વધામમાં પહોંચી ચૂકી છે. તો પછી કહો કે મને કેવી રીતે જય પ્રાપ્ત થશે?" ભીષ્મ બોલ્યા; "હે રાજન્! જ્યાં સુધી મારા શરીરમાં બળ છે ત્યાં સુધી તમને જયનો લાભ થઈ શકશે નહિ." યુધિષ્ઠિરે કહ્યું; "આપે અગાઉ મને કહ્યું હતું કે પુનઃ આવી જજો, ત્યારે તમને બતાવીશ કે કેવા પ્રકારે જીત થશે." તો હવે કૃપા કરીને બતાવો કે આપને મારી સેના કેવી રીતે પરાજીત કરી શકે? આપે કહ્યું હતું કે "હું તમારા તરફથી યુદ્ધ કરી શકીશ નહિ; પણ તમારા હિતને માટે યોગ્ય સલાહ તો આપી શકીશ માટે કૃપા કરીને આપનાં વચન પૂર્ણ કરો."

ભીષ્મ બોલ્યા;—"હે રાજન! ધ્યાનપૂર્વક સાંભળો, હું શસ્ત્ર-રહિત હોઉં તે સમયેજ મને કોઈ મારી શકે તેમ છે. જેણે શસ્ત્ર મૂકી દીધાં હોય, જે નીચે પડી ગયો હોય, ભયભીત થયેલો હોય, જે એમ કહેતો હોય કે 'હું શરણ આવ્યો છું,' જે સ્ત્રી હોય અથવા જેનામાં સ્ત્રીઓના ગુણ હોય, જેને એકજ પુત્ર હોય અને જે અ-જ્ઞાની હોય એવા પુરૂષો સાથે હું લડતો નથી." ભીષ્મના ઉપલા કથ-નથી પ્રતીત થાય છે કે બીજાની નિર્બળતાનો લાભ લઈને સ્વાર્થ-સિદ્ધિ કરવાની નીતિને આ દેશના તે સમયના સમર્થ પુરૂષો અ-યોગ્ય ગણતા હતા. યુધિષ્ઠિર પિતામહજીની આજ્ઞા લઇ પોતાના શિબિર તરફ પાછા ફર્યા અને સૂઇ રહ્યા.

દશમે દિવસે યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે; "વીરતાથી યુદ્ધ કરો,

પિતામહને જોઇ શિથિલ થયા કરો નહિ. શું તમે સ્વપ્રતિજ્ઞા ભૂલી ગયા છો? જે હોય તે મને સ્પષ્ટ કહો, જો તમે યુદ્ધથી ભય પામતા હો તો હું કોઇ બીજો પ્રબન્ધ કરૂં." જ્યેષ્ઠ ભ્રાતાનાં આ વચન સાંભળી અર્જુનનાં રૂવાં ખડાં થઇ ગયાં અને શરીર પ્રસ્વેદથી છવાઇ ગયું. તે હાથ જોડી બોલ્યા; "મહારાજ! આજ હું ભીષ્મને રણમાં ઘાયલ કરીશ, ગત અપરાધ ક્ષમા કરો." કૃષ્ણે પણ તેમને સમજાવ્યા કે; "તમારૂં યુદ્ધ કાંઇ લૂંટારા તરીકે નથી, પરંતુ પોતાના કર્તવ્યપાલન નિમિત્તે તમે યુદ્ધ કરો છો. યુદ્ધમાં જે કોઇ આવે તેની સામે તમારે લડવું જોઇયે. પછી ગમે તો તે પિતા પણ કેમ ન હોય! પોતાનો અધિકાર સાચવવો તે ક્ષત્રિયનો ધર્મ છે." શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરના આ કથને અર્જુનને ઉત્સાહપૂર્વક યુદ્ધ કરવાને તત્પર કર્યો. અને તે પોતાના પ્રિય અસ્ત્ર ગાંડીવનો વારંવાર ટંકાર કરવા લાગ્યો, જેના શબ્દથી ચારે દિશા ગર્જી ઉઠી અને અલ્પ સમયમાં બન્ને સૈન્યો યુદ્ધ કાર્યમાં પ્રવૃત્ત થયાં. અર્જુન ભીષ્મનો વધ કરવાના પ્રયત્નમાં હતો, આથી યુદ્ધનું સ્વરૂપ ભયંકર થઇ પડ્યું. ઉભય તરફના વીર 'માર માર' કરી રહ્યા હતા. અને નિર્જીવ દેહો ધરાશાયી થતા હતા. અર્જુને સેના સહિત ભીષ્મને ઘેરી લીધા, અને તેમનો નાશ કરવાનો ઘણો યત્ન કર્યો પરંતુ કશુંજ કરી શકાયું નહિ. ભીષ્મે વિરાટ રાજાના ભાઇને પોતાના ખડ્ગથી ચીરી નાંખ્યો અને કેટલાક સમય સુધી એવુંજ પ્રતીત થવા લાગ્યું કે કૌરવો વિજયશાળી થશે.

બીજી વખત જ્યારે યુદ્ધક્ષેત્રમાં પાંડવસેનાના પગ ટકયા નહિ અને તે પલાયન કરી જવા તત્પર થઇ તે સમયે યુધિષ્ઠિરે પોતાની સેનાને ઉશ્કેરી કહ્યું, 'વીરો! યુદ્ધ કરો, વૃદ્ધ ભીષ્મ અર્જુનની સામે ટકી શકનાર નથી.' આથી પાંડવસેનાએ ફરી એક વખત સાહસ કરીને ધસારો કર્યો. કૌરવો પણ ભીષ્મની રક્ષા કરવા ચારે તરફ ગો-

હવાઈ ગયા અને નિરાશ થઇ યુદ્ધ કરવા લાગ્યા. અર્જુને એ વખત ભીષ્મનું ધનુષ્ય તોડી નાંખ્યું. ભીષ્મ ભાલાથી લડવા લાગ્યા, અર્જુને તે પણ તોડી નાંખ્યો. ભાલો તૂટવાથી તેમણે ખડ્ગ અને ઢાલ ઉઠાવ્યાં અને સન્મુખ રહી યુદ્ધ કરવા લાગ્યા. અર્જુને ખડ્ગ પણ તોડી નાંખ્યું. તેમણે પુનઃ ધનુષ્યથી યુદ્ધ કરવાનો પ્રારંભ કર્યો. નિદાન એવું યુદ્ધ મચ્યું કે પોતાના અને પરાયાની ઓળખ રહી નહિ. પાંડવોએ મસ્ત હાથી ભીષ્મ તરફ દોડાવ્યા. ભીષ્મે તેમનો પણ નાશ કર્યો. પાંડવોએ પ્રતિજ્ઞા લીધી કે આજ ભીષ્મને હરાયા સિવાય રણમાંથી પરાઙ્મુખ થવું નહિ. ઘણીવાર યુદ્ધ ચાલ્યા પછી ભીષ્મ અર્જુન અને શીખંડીના બાણોથી ઘાયલ થઇ ભૂમિ ઉપર પડી ગયા.

જોકે મહાભારતના કર્ત્તાએ શિખંડીને સ્ત્રી તરીકે કહીને, ભીષ્મે યુદ્ધ કરવાનું બંધ રાખ્યું તેથી અર્જુને તેમને ઘાયલ કર્યા એમ લખ્યું છે; પરન્તુ ગમે તેમ હોય તોપણ ભીષ્મ તે દિવસે યુદ્ધમાં ઘાયલ થઇ ગયા અને કૌરવો તેમને ઉઠાવી શિબિરમાં લઇ ગયા. ઉભય પક્ષ તરફથી યુદ્ધ બંધ પડયું. ભીષ્મના શરીરમાં એટલાં બાણ વાગ્યાં હતાં કે ભૂમિથી શરીર ઉંચું થઈ રહ્યું. પરન્તુ ધન્ય છે વીર! મ્હોડેથી તેં અરે પણ ઉચ્ચારી નથી! આ તારીજ સહનશીલતા હતી! ધન્ય છે નૈષ્ઠિક બ્રહ્મચારી! બ્રહ્મચર્યથી શું નથી થઈ શકતું! ધન્ય છે તે પુરૂષને કે જે બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરે છે. હે પરમાત્મા! અમારા દેશમાં ફરી એવાજ સિદ્ધાન્તોનો પ્રચાર કરો કે જેથી એવા કર્તવ્યપાલનવાળા, સહનશીલ ક્ષત્રીય વીરો ઉત્પન્ન થાય! ભીષ્મજી બાણ શય્યાપર પડયા હતા, પરન્તુ શિર લટકતું રહ્યું હતુ. તેથી તેઓ બોલ્યા કે છે કોઈ વીર કે જે તકિયો આપે! એ સાંભળી મૂર્ખ કૌરવો રેશમી તકિયા લઇ લઇને દોડયા. ભીષ્મજી તેમને જોઇ હસ્યા અને તેમણે ભાઈઓ સહિત ઉભેલા અર્જુન તરફ જોયું. અર્જુન પિતામ-

મહનો અભિપ્રાય સમજી ગયો. તેણે બાણુના તકીઆથી ભીષ્મના મસ્તકને જમીનથી ઉંચું કરી દીધું.

(૬) ભીષ્મજીનો ઉપદેશ અને તેમનું મૃત્યુ.

વીર ક્ષત્રિય બાણુશય્યાપર પડયા છે. સર્વ સ્વજનો ચારે બાજુ બેઠા છે. એક બાજુ યુધિષ્ઠિર હાથ જોડી પિતામહની સેવાને માટે તત્પર છે. જે બે ઘડી પહેલાં એવું ઇચ્છતા હતા કે કયારે અર્જુનનું તીર વાગે અને ભીષ્મજી પડે, તેજ યુધિષ્ઠિર આ સમયે એવા વિચારમાં છે કે પિતામહનું દુઃખ કેવી રીતે દૂર થાય! કેમ ન હોય! અવસ્થામાં ભેદ પડી ગયો! તે અવસ્થા–સમય રણુભૂમિનો હતો અને આ અવસ્થા પૈતૃક સમ્બન્ધવાળી છે. વાહરે ભારત! જ્યારે તેં ઉન્નતિ પણુ કરી હતી તો તે કેટલી હદ સુધીની! એક સમય એવો પણુ હતો કે, ત્હેં એવા પુત્ર ઉત્પન્ન કર્યા કે જે પ્રત્યેક ધર્મને જાણુનારા, સમયને કદાપિ ન ચૂકનારા તથા કર્તવ્યની મહત્તાને સમજનારા હતા. આજે ત્હારી એ પણુ અવસ્થા છે કે જ્યારે ભારતવાસીઓ કર્તવ્યને જીવનથી પૃથક્–કનિષ્ટ–સમજવા લાગ્યા છે! આજે તેઓ કર્તવ્ય (Duty) શબ્દને પણુ જાણુતા નથી કે તે કયા જાનવરનું નામ છે! મૂખ્ય સિદ્ધાન્ત એજ માન્યો છે કેઃ—

"ખાઓ પીઓ અને મસ્ત રહો."

હાય! કાળની કેવી વિચિત્ર લીલા છે!

બીજી બાજુ દુર્યોધન શોકગ્રસ્ત અશ્રુપૂર્ણ નયને માથું નીચું રાખી આજ્ઞાને માટે ઉભો રહ્યો છે. ભીષ્મજીએ આંખ ઉઘાડી સર્વેની તરફ જોયું, પછી દુર્યોધનને કહ્યું; " શોક ન કરો, આ સંસાર અસાર છે. આ જીવનનો અન્ત મૃત્યુજ છે. અને શરીરનું પરિણામ ભસ્મ છે; કારણકે વેદ કહે છે કે,—**भस्मांतं शरीरम् ॥ यजु०**

આ જીવનના પરિણામમાં કોઈ પુરૂષ બચી શકતો નથી, ધન્ય છે તે પુરૂષને કે જે ધર્મપાલન કરવામાં જીવન વ્યતીત કરે છે. હે, દુર્યોધન ! મેં તને ઘણો સમજાવ્યો છે, હવે પુનઃ પણ સમજાવું છું કે તું પાપમાર્ગને ત્યજી ધર્મપથપર ચાલ. પાંડવોને તેમનો ભાગ આપી દે અને યુદ્ધને છોડી દે. યાદ રાખજે કે તું ધર્મપુત્ર યુધિષ્ઠિર ઉપર કદી વિજય મેળવી શકીશ નહિ, કારણકે શાસ્ત્ર વારંવાર પોકારીને કહે છે. '**यतो धर्म स्ततो जयः**' અર્જુનના સમોવડીયો વીર કૌરવોમાં એક પણ નથી. માટે જા માની જા. હઠ ના કર, આનું પરિણામ તારે લીધે ઘણુંજ અનિષ્ટકારક આવશે. તારી સેના, તારા ભાઇ એ સર્વે ભીમના હાથે માર્યા જશે. શા માટે સંસારમાં કલંકનો કાળો ડાઘ વહોરે છે ! સ્મરણ રાખજે કે આ સમય ફરીથી હાથ આવશે નહિ. આ પ્રમાણે ભીષ્મે દુર્યોધનને ઘણોજ સમજાવ્યો પરંતુ ગોસાઈજી તુલસીદાસજીએ સત્યજ કહ્યું છે કેઃ—

फूलें फलें न बेत यद्यापि सुधा वर्षाहि जलद् ।
मूरख हृदय न चेत जो गुरु मिलहि विरंचि सम ॥

આવા સુંદર સમયમાં એક રાજર્ષિના મુખથી નીકળેલો ઉપદેશ પણ તેના ચિત્ત ઉપર કંઇ અસર કરી શક્યો નહિ. તે ત્યાંથી ચાલ્યો ગયો. સર્વ રાજાઓ ભીષ્મની આજ્ઞા લઇ પોતપોતાને સ્થાને ગયા અને ભીષ્મ આંખો મીંચી ધ્યાનમાં સ્થિત થઇ ગયા.

કર્ણ જો કે સદા ભીષ્મની સાથે વિરોધ કર્યા કરતો હતો અને તેમને લીધે યુદ્ધમાં સામિલ થયો નહોતો, તોપણ તેણે જ્યારે સાંભળ્યું કે ભીષ્મજી ઘાયલ થઈ શરશય્યાપર પડયા છે ત્યારે તે પણ તેમના દર્શને આવ્યો. ભીષ્મ આ સમયે સમાધિસ્થ હતા. કર્ણે આવીને તેમના ચરણ પકડયા અને આંખમાં આંસુ લાવી ગળગળો થઇ બોલ્યો કે

'હું કર્ણ આપના દર્શનાર્થે આવ્યો છું અને આપના ચરણમાં હાજર છું.' ભીષ્મે ધીરે ધીરે આંખ ઉઘાડી અને કર્ણને જોઇ તેના શિરપર હાથ રાખી પ્રેમ સહિત બોલ્યા; "બેટા, આ સમયે મારી પાસે આવ્યો એ ત્હેં ઠીક કર્યું. મને તારી સાથે કોઈ વિરોધ નથી. હું સત્ય કહું છું કે મેં સદા ત્હારા હિતનાંજ વચન કહ્યાં છે, કદાચ્ મેં કોઈ સમયે કટુ વચન પણ કહ્યું હશે તો તે ફક્ત તારા ક્રોધની શાન્તિને અર્થેંજ. કારણકે તું સદા પાંડવોની નિન્દા કર્યા કરતો હતો. જે લોકોમાં તારૂં બેસવું ઉઠવું છે તેમના વિચાર બહુજ અયોગ્ય છે. કુસંગતિએ તને અભિમાની બનાવી દીધો છે અને તેથી તું ધર્માધર્મનો વિચાર કરતો નથી. હું જાણું છું કે તું શૂર છે, બાણ ફેંકવામાં તું અર્જુનથી ઉતરે તેમ નથી, પરન્તુ તને ઘટિત છે કે પાંડવો પરની શત્રુતા છોડી દેવી. તું તેમને પોતાના ભાઇઓ સમજી દ્વેષ ત્યજી દે, દુર્યોધન તારૂં કહ્યું માનશે. કુસંપનું પરિણામ સારૂં હોતું નથી. કર્ણ બોલ્યો; "મેં દુર્યોધન સાથે પ્રતિજ્ઞા લીધેલી છે અને તેમનો પક્ષ લઈ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો છે. હવે હું તે નિશ્ચયથી હઠી શકતો નથી. આપ મને આજ્ઞા આપો કે હું ક્ષત્રિયને મ્હોતે મરૂં. આપ મારા અપરાધોને ક્ષમા કરો. ભીષ્મ બોલ્યા; "વારૂ, મારો જે ધર્મ હતો તે મેં સમજાવ્યો. હવે તું સ્વતંત્ર છે." આ પછી ભીષ્મની આજ્ઞા લઇ કર્ણ દુર્યોધનની પાસે ચાલ્યો ગયો.

ભીષ્મના ઘાયલ થયા પછી આઠ દિવસ પર્યંત કૌરવો અને પાંડવો વચ્ચે ઘોર યુદ્ધ ચાલુ રહ્યું. અન્તે પાંડવોનો જય થયો અને દુર્યોધનના ભાઇ અને અગીઆર અક્ષૌહિણી સેના સર્વ મૃત્યુને સ્વાધીન થઇ ગયું. એ પછી જ્યારે યુધિષ્ઠિરને રાજ્યસિંહાસનપર આરૂઢ થવાનો સમય આવ્યો ત્યારે તેમના મનમાં કોણ જાણે શું એ ભરાયું કે તે રાજપાટ છોડી દઇને આશ્રમ બદલવાને માટે તત્પર થયા. કૃષ્ણ

અને અર્જુને તેમને બહુ સમજાવ્યા. પણ તેમના ચિત્ત ઉપર કંઇ અસર થઈ નહિ. છેવટે કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે તમે ભીષ્મજી કે જે આ સમયમાં વિદ્વાન અને પૂર્ણ યોગી છે તેમની પાસે જાઓ અને આ વિષય પરત્વે તેમની સલાહ લ્યો. તેમનું મૃત્યુ પણ નિકટ છે તેથી તેમના જીવનનો યથાશક્તિ લાભ લ્યો. યુધિષ્ઠિરે તે વાતનો સ્વીકાર કર્યો. અને પોતાના ભાઇઓ અને અન્ય સમ્બન્ધિયોને સાથે લઈને તેઓ ભીષ્મની પાસે ગયા. આ સમય ભીષ્મે યુધિષ્ઠિરને જે ઉપદેશ કર્યો છે તે મહાભારતના શાન્તિ પર્વમાં અને અનુશાસન પર્વમાં પ્રસિદ્ધ છે. તેમાંનો કેટલોક ભાગ અહીં વાંચકોના હિતાર્થે લખવામાં આવે છે.

શ્રીકૃષ્ણ ભીષ્મજીને પૂછે છેઃ—

कच्चित्सुखेन रजनी व्युष्टा ते राजसत्तम ।
विस्पष्टलक्षणा बुद्धिः कच्चिचोपास्थिता तव ॥

હે રાજશ્રેષ્ઠ! આપની રાત સુપ્રભાત થઇ છે કે? અર્થાત્ રાત્રિ નિશ્ચિંતાવસ્થામાં વ્યતીત થઇને આજનું પ્રભાત સુપ્રભાત થયું છે ને! આપની બુદ્ધિ—વિચાર શક્તિ અત્યારે સ્પષ્ટ લક્ષણવાળી છે ને? (એટલે કે આપની બુદ્ધિ અત્યારે યથાસ્થિત છે ને?) કંઇ ભ્રમણામાં તો નથી ને?

कच्चिज्ज्ञानानि सर्वाणि प्रतिभान्ति च तेऽनघ ।
न ग्लायते च हृदयम् न च ते व्याकुलं मनः ॥

હે નિષ્પાપ, સર્વ જ્ઞાન આપને નિઃસંશય સ્ફુરે છે ને? આપના હ્રદયમાં કોઇ જાતની ગ્લાનિ તો નથી ને? આપનું ચિત્ત તો સ્વસ્થ છે ને?

ભીષ્મ બોલ્યાઃ—**यच्च भूतम् भविष्यच्च भवच्च परमच्युते ।**
तत्सर्वमनुपश्यामि पाणौ फलमिवार्पितम् ॥

હે પરમ કાન્તિમાન શ્રીકૃષ્ણ! ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ સર્વે મને હસ્તામલકવત્—સ્પષ્ટ રીતે દેખાય છે.

वेदोक्ताश्चैव ये धर्मा वेदान्ताधिगताश्च ये ।
तान् सर्वान् संप्रपश्यामि वरदानात्तवाच्युत ॥
चतुर्ष्वाश्रमधर्मेषु योऽर्थः स च हृदि स्थितः ।
राजधर्मांश्च सकलानवगच्छामि केशव ॥

હે અચ્યુત! આપની કૃપાથી વેદ અને વેદાન્તના સર્વે ધર્મોને હું જાણી શકું છું. તેમજ હે કેશવ! ચારે આશ્રમોના જે જે ધર્મ છે તથા તે ધર્મથી સાધ્ય જે અર્થ, તે પણ મારા હૃદયમાં રમી રહેલ છે. વળી સમગ્ર રાજધર્મ પણ મને સારી રીતે પરિચિત છે.

હવે સામાન્ય રીતેજ એ પ્રશ્ન ઉઠે છે કે વેદ અને વેદાન્ત શું? તેના ધર્મો કેવા હશે? કે જે જાણવાથી અન્ય કાંઇ જાણવા જેવું રહેતું નથી. જેની સહાયથી—જેના જ્ઞાનથી સુખ દુઃખ મટી જાય છે, અને જેના જ્ઞાનથી મનુષ્ય સ્થિરપ્રજ્ઞ થઇ શકે છે. એવો ધર્મ કયો હશે? એવું કયું તેજસ્વી તત્ત્વ તેમાં રહ્યું હશે? કે જેના આગળ અન્ય સર્વે તેજ નિસ્તેજ—શાન્ત થઈ જાય છે?

રાજધર્મ તે શું અને તેમાં શાં તત્વ રહ્યાં હશે? કે જેથી અનેક કંટકો કચરાઇ જાય અને સ્વતંત્ર—નિષ્કટંક—રાજ્ય ભોગવી શકાય? એવું તેમાં શું સત્વ છે કે જેથી આત્મા સત્વવાન બને છે?

સજ્જનો! જેમણે ઇશ્વરી જ્ઞાન—વેદનું જ્ઞાન નથી મેળવ્યું, જેને એ જ્ઞાનની ઝાંખી નથી થઇ, તેમનું જીવન નિરર્થક છે—વ્યર્થ છે. જેઓએ શાસ્ત્રમર્યાદા તોડી છે, જેઓ સાંસારિક સુખનેજ—વિષયોનેજ જીવન—ઉદ્દેશ સમજે છે તેઓને આ અનિત્ય દેહનો ડર રહ્યા કરે છે—તેઓજ તેનો લય થવાની ભીતિ રાખે છે; બાકી શાસ્ત્રના જ્ઞાતા-

ઓ-શાસ્ત્રના અભ્યાસીઓ અને શાસ્ત્રનું શ્રવણ-મનન કરનારાઓ તો જાણેજ છે કેઃ—

वासांसि जीर्णानियथाविहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः ।
शरीरेण समं नाशं सर्वं मन्यत्तुगच्छति ॥

જેમ મનુષ્ય જૂનું વસ્ત્ર બદલી નવું પહેરે છે, તેમ આત્મા જીર્ણ શરીર છોડીને નૂતન દેહ ધારણ કરે છે.

એ આત્માને શસ્ત્ર છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, તેમ જળ તેને કહોવરાવી શકતું નથી કે પવન તેને શોષી શકે તેમ પણ નથી.

ખરો મિત્ર-સુહૃત્ એક માત્ર ધર્મજ છે કે જે આ દેહનો નાશ થતાં જીવની સાથે રહે છે, બાકી તો અન્ય સર્વ વસ્તુઓ શરીરનો નાશ થતાં નાશજ પામે છે-એટલે કે તે આત્માને કોઈ પણ રીતે ઉપયુક્ત નથી.

રાજર્ષિ ભીષ્મ યુધિષ્ઠિરને ક્ષાત્રધર્મનો ઉપદેશ કરતાં કહે છે કેઃ-

अधर्मः क्षत्रियस्यैष यच्छय्यामरणं भवेत् ।
विसृजन् श्लेष्ममूत्राणि कृपणं परिदेवयन् ॥
अविक्षतेन देहेन प्रलयं योऽधिगच्छति ।
क्षत्रियो नास्य तत् कर्म प्रशंसन्ति पुराविदः ॥

न गृहे मरणं तात क्षत्रियाणां प्रशस्यते ।
शौण्डीराणामशौण्डीर्यमधर्म्यं कृपणं च तत् ॥

शा० राज० २३, २४, २५.

અરે યુદ્ધિષ્ઠિર, શય્યામાં પડયા પડયા, શ્લેષ્મ અને મૂત્રસ્રાવ-પૂર્વક કૃપણુતાથી હાય હાય કરતાં–શોક કરતાં દેહનો ત્યાગ કરવો એ ક્ષત્રિયોને માટે અધર્મ રૂપ–અત્યંત હીણું છે, મતલબ કે ક્ષત્રિયોએ-તો રણુસંગ્રામમાંજ–રણુભૂમિમાંજ પોતાની અંતિમ શય્યા કરવાની છે અને તેજ તેને માટે શ્રેયસ્કર–સુખાવહ–કીર્તિપ્રદ છે.

ક્ષત્રિય થઇને–વીર થઇને જખમ વિનાના દેહે જે નાશ પામ્યો તે ક્ષત્રિય નથી; તેને પુરાવિદ્–પ્રાચીન ક્ષત્રિયો–રણવીરો ક્ષત્રિય ગણુતા નથી અને તેના કર્મને વખાણુતા નથી; કારણુ ક્ષત્રિયે તો લઢતાં લઢતાં–ઘા ઉપર ઘા કરીને–ખમીને–લઢાઇમાંજ હસતે મુખે રણુમાંજ દેહ ત્યાગ કરવો જોઇએ; જેથી તેને માટે તેવાજ સ્વરૂપે–સૌમ્ય હસમુખા ચ્હેરે હાથમાં પુષ્પમાળા લઇને અપ્સરાઓ તાકી રહી હોય છે.

ઘરમાં પડયા પડયા સડીને મરવું—એવું મરણુ ક્ષત્રિયોને માટે પ્રશસ્ય નથી. તે તો વીરાઓની વીરતાને ઝાંખ આપનારૂં, અધર્મ્ય અને દીનતા ભરેલું છે. ક્ષત્રિય તો સ્વપ્નમાં પણુ તેવા મરણુની આકાંક્ષા કરેજ નહિ.

વાંચકો ! આજ ભાવ, આજ ધર્મ અને આજ ક્ષત્રિયોનું જીવન મનાયલું છે; એજ તેમનું સર્વસ્વ છે, અને એજ ધર્મના બળવડે યુદ્ધા ભીષ્મ પિતામહ બાણુશય્યાપર હોવાછતાં પણુ પુષ્પશય્યાના સુખનો અનુભવ લેતા હતા. આ જ વિદ્યુતશક્તિના બળે તેઓ શરશય્યાપર લેટતા હતા અને તેજ અવસ્થામાં–તેજ સુખમાં આનંદ પૂર્ણુ રહી શાન્તિરૂપ

ધાર્મિક વચનો ઉપદેશતા હતા. આજ ભલે ભીરૂ અને કાયર પુરૂષ પણ પોતાને ક્ષત્રિય કહેવરાવે ! ભલે પોતે ક્ષત્રિયપણાનો ફાંકો રાખે ! આજ કોઈ તેને પૂછે તેમ નથી; ચાહ્ય ઇન્દ્રિયોનો ગુલામ બની જઈ સદા સુખ–ભોગની વાંચ્છા કરતો પુરૂષ પણ 'પોતે ક્ષત્રિય છે' એમ જણાવે, પરન્તુ શું શાસ્ત્રની આજ્ઞાનુસાર તે ક્ષત્રિય છે; કે શું શાસ્ત્રાધારે તેને ક્ષત્રિયત્વપર હક કરવાનું રહે છે કે? કદિજ નહિ. એ પદ–એ ધર્મ–એની તો બલિહારીજ છે. એતો—

सर्व्वं धर्मपरं क्षात्रं लोकश्रेष्ठं सनातनम् ।
शश्वदक्षरपर्य्यन्तमक्षरम् सर्वतो मुखम् ॥

ક્ષાત્રધર્મ તે સર્વ ધર્મથી પર એટલે કે સર્વ ધર્મને ટકાવી રાખનાર, લોકોમાં શ્રેષ્ઠ પદને પામેલો, અને વળી સનાતન છે. તે છેક પરામાત્માના પદ સુધી પહોંચી શકે તેવો નિત્ય અને જ્યાં જ્યાં જુઓ ત્યાં–સર્વ વાતે સુખને આપનાર–સુખનો રક્ષક છે. તેમ ધર્મ, અર્થ, કામ અને છેવટ મોક્ષનો પણ સાધક છે!

ક્ષાત્રધર્મમાં પ્રજાનું સંરક્ષણ અને દેશમાં શાન્તિ તથા સુપ્રબન્ધ કરવાનું મુખ્ય છે, અને તેને લીધે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ છે. કારણ કોઇ પણ દેશમાં જ્યાં સુધી ક્ષત્રિયો નિર્બળ હોય, જ્યાં સુધી ખરા ક્ષત્રિયો ન પાક્યા હોય ત્યાં સુધી તે દેશ કદી પણ ઐશ્વર્યને–સમૃદ્ધિને પામતો નથી. કોઇ પણ દેશનો ઇતિહાસ અવલોકતાં સહજ જણાશે કે જ્યારે જ્યારે જે જે દેશમાં ક્ષાત્રધર્મના જ્ઞાતા અને ન્યાયપૂર્વક શસ્ત્ર ઉઠાવનાર યોદ્ધાઓ ઉત્પન્ન થયા છે ત્યારે ત્યારે તે તે દેશ ઉન્નતિ મેળવી શક્યો છે. ક્ષત્રિયો પ્રબન્ધ કરી જાણે છે, દુષ્ટને દંડ દેવો એ ક્ષત્રિયોનો ધર્મ છે. કોઇ કોઇને સતાવે નહિ અને સૌ પોતપોતાનાં કર્મ કરીને આનન્દમાં રહે એવો બંદોબસ્ત રાખવો

એ ક્ષત્રિયોનું કર્તવ્ય છે. જ્યારે આવો પ્રબન્ધ હોય છે ત્યારેજ દેશમાં ધનની વૃદ્ધિ થાય છે, ત્યારેજ લોકો ધર્મ પ્રમાણે વર્તે છે અને છેવટે મોક્ષ પણ મેળવે છે. અને વૈશિષક ન્યાયકર્તા ધર્મનું લક્ષણ પણ એવુંજ કરે છે–

यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः । જેનાથી અભ્યુદય–ઉન્નતિ અને કલ્યાણની સિદ્ધિ થાય તે ધર્મ. ઋષિઓએ જે જે વાત લખી છે તે તેઓએ પોતાના અપૂર્વ યોગબળથી જાણી–વિચારીનેજ લખી છે.

આગળ શાન્તિ પર્વમાં રાજધર્મની વ્યાખ્યા કરતાં કહે છે કે–

त्यागं श्रेष्ठं मुनयो वै वदन्ति सर्वश्रेष्ठं यच्छरीरं त्यजेत् ।
नित्यं युक्ता राजधर्मेषु सर्वे प्रत्यक्षं ते भूमिपाला यथैव ॥

મુનિઓએ ત્યાગને શ્રેષ્ટમાં શ્રેષ્ઠ વર્ણવેલો છે. અને સર્વથી મહાન ત્યાગ એજ છે કે જેમાં શરીરનો પણ ત્યાગ કરવામાં આવે છે. અને નિરંતર રાજધર્મપરાયણ ક્ષત્રિયો એવા ત્યાગને પ્રત્યક્ષ કરે છે, માટે ક્ષત્રિયોનો ધર્મ તે સર્વશ્રેષ્ટ છે, સર્વ ધર્મનો રક્ષક છે. હે પુરૂષોત્તમ! તું એ ધર્મ ગ્રહણ કર? અર્થાત્ સંશય મૂકીને એજ ખરો ધર્મ છે એમ સમજ. વળી ભીષ્મજી યુદ્ધિષ્ઠિરને બોધે છે કે—

उत्पातेन सदा पुत्र प्रवर्तेथा युद्धिष्ठिर ।
नह्युत्थानमृते दैवं राज्ञामर्थं प्रसाधयेत् ॥

હે પુત્ર! હમેશાં પુરૂષાર્થ કરીને આગળ વધો, પુરૂષાર્થ વિના દૈવ પણ રાજાઓના અર્થની સિદ્ધિ કરતું નથી.

જે પુરૂષ નિરંતર ભાગ્યપર આધાર રાખી પુરૂષાર્થ કરતો નથી, તે કદિ પણ કોઇ પણ કાર્યમાં સફળ થતો નથી. કારણ સંસારપર દૃષ્ટિ કરતાં જણાય છે કે એક નાની કીડી પણ ઉદ્યમ કરી કરીને ભવિષ્યને માટે સુખસામગ્રી એકઠી કરે છે અને પોતાનું સંપૂર્ણ જીવન

આનંદમાં વ્યતીત કરે છે. પણ જેઓ આળસુ થઇને પડી રહે છે તેઓ ભૂખે મરે છે. એટલા માટે પુરૂષાર્થનો ઉપદેશ કરતાં ભીષ્મ પિતામહ વિશેષમાં કહે છે કે—

साधारणं द्वयं ह्येतद्दैव मुत्थानमेव च ।
पौरुषं हि परं मन्ये दैवं निश्चितमुच्यते ॥

દૈવ અને પુરૂષાર્થ બન્ને સાધારણ છે, તોપણ તેમાં પુરૂષાર્થ મુખ્ય છે, કારણ દૈવ એટલે બીજું કંઇજ નહિ પણ કરેલા પુરૂષાર્થનું ફળ તેનું નામજ દૈવ.

પૂર્વ જન્મમાં કરેલ કર્મ (પુરૂષાર્થ) નું ફળ તે આ જન્મમાં દૈવરૂપે અને આ જન્મમાં જે શુભાશુભ કર્મ (પુરૂષાર્થ) આપણે કરીએ તે આવતા—અન્ય જન્મમાં દૈવ રૂપે ફળશે એટલા માટે મનુષ્યે સદા સર્વદા શુભ કર્મ કરવાં એજ ઉચિત છે.

विपन्ने च समारंभे संतापं मा स्म वै कृथाः ।
घटस्वैवं सदात्मानं राज्ञामेप परो नयः ॥

કોઇ આરંભેલું કાર્ય કદાચ બગડી જાય તોપણ તેનો સંતાપ ન કરવો—ન થાય એવો હમેશનો પોતાને અભ્યાસ પાડવો; અને રાજાઓની ખરી નીતિ—ઉત્તમ નીતિ એજ છે કે સદા સર્વદા પુરૂષાર્થ કર્યા કરવો.

ભીષ્મે આ પ્રમાણે રાજધર્મનો ઘણો ઉપદેશ કર્યો અને તે સાંભળી પછી યુધિષ્ઠિરે ફરીથી પૂછ્યું કે મહારાજ! ત્યારે મોક્ષનું સાધન શું? મોક્ષની પ્રાપ્તિ શાથી થાય? એ કૃપા કરીને કહો?

ભીષ્મ બોલ્યાઃ—

यस्य वाङ्मनसी स्यातां सम्यक् प्रणिहिते सदा ।
तपस्त्यागश्च सत्यं च सवै सर्वमवाप्नुयात् ॥

જે પુરૂષની વાણી અને મન પ્રાણીઓના હિતમાંજ રહ્યાં કરે છે. તેમજ જે તપ, ત્યાગ અને સત્યનું સેવન કરે છે તેજ પુરૂષ સર્વ (મોક્ષ) ને પામે છે.

नास्ति विद्यासमं चक्षु र्नास्ति सत्यसमं तपः ।

नास्ति रागसमं दुःखं नास्ति त्यागसमं सुखम् ॥

વિદ્યા સમાન ચક્ષુ નથી—જ્ઞાન દૃષ્ટિ એજ દૃષ્ટિ છે, સત્ય સમાન તપ નથી, રાગ-સ્નેહ સમાન દુઃખ નથી. (સ્નેહથી દુઃખ થાય છે.) અને ત્યાગ સમાન સુખ નથી.

ખરે! વિદ્યા વિના બુદ્ધિ-દૃષ્ટિ ખુલતી નથી અને તેના અભાવે મૂર્ખ મનુષ્યોને કદી પણ ઇન્દ્રિયોને નિયમન કરવાના સાધનની અગર યોગનાં અંગની કંઇ પણ સમજ હોતી નથી. જેમ અંધારામાં દીવો આવતાં સર્વ વસ્તુઓ દેખાય છે તેમ વિદ્યા—જ્ઞાન મળતાં બુદ્ધિ પ્રકાશે છે.

સત્યપાલન જેવું બીજું તપ નથી. સત્ય બોલવું, સત્ય કહેવું, અને સત્ય કરવું-સત્ય પ્રમાણે ચાલવું એ મહા તપ છે. કેવળ એજ સત્ય પાલનરૂપ તપને માટે હરિશ્ચંદ્ર રાજા આ જગતમાં શરદ પૂર્ણિમાના ચંદ્ર પેઠે દીપી રહ્યા છે.

મિથ્યા રાગસમાન અન્ય દુઃખદ વસ્તુ જગતપર નથી. અને સુખ તો માત્ર ત્યાગમાંજ રહેલું છે. માટે મોક્ષેચ્છુએ એ સાધનોદ્વારા પોતાના માર્ગને સરળ કરવો.

વળી યુધિષ્ઠિરે પૂછ્યું કે:—

अनेकान्तं बहुद्वारं धर्म्ममाहुर्मनीषिणः ।

किन्निश्चितं भवेदत्र तन्मे ब्रूहि पितामह ॥

अनु. २२ अध्याय.

હે પિતામહ! વિદ્વાનો-મનના નિયામક પણ્ડિતો ધર્મને જુદી જુદી રીતે વર્ણવે છે અને તેનું પરિણામ-ફળ પણ જુદું જુદું કહે છે, તો એ વિષયમાં આપે શું નક્કી કરેલું છે તે જણાવો.

ભીષ્મ:—**अहिंसा सत्यमक्रोध आनृशंस्यं दमस्तथा ।**
आर्जवश्चैव राजेन्द्र निश्चितं धर्मलक्षणम् ॥

હે યુધિષ્ઠિર! અહિંસા, સત્ય, ક્રોધ ન કરવો, ક્રૂરતાથી દૂર રહેવું, ઇન્દ્રિયોને નિયમમાં રાખવી, તેમજ નમ્રતા રાખવી, એ ધર્મનાં નિશ્ચિત કરેલાં લક્ષણો છે.

યુધિષ્ઠિર:—**कीदृशाः साधवो विप्राः केभ्यो दत्तं महाफलम् ।**
कीदृशानां च भोक्तव्यं तन्मे ब्रूहि पितामह ॥
अनु. २२

હે પિતામહ! શ્રેષ્ઠ વિપ્રો કયા? અને કોને દાન દેવાથી મહાફલ થાય? તેમજ કોને ભોજન કરાવવું એ મને કહો!

ભીષ્મ:—**अक्रोधना धर्मपरा सत्यनित्या दमेरताः ।**
तादृशाः साधवो विप्रा स्तेभ्यो दत्तं महाफलम् ॥

ક્રોધ વગરના, ધર્મ પરાયણ, નિત્ય સત્યનું સેવન કરનારા અને ઇન્દ્રિયનો નિગ્રહ કરનારા બ્રાહ્મણો, તે સાધુ-સારા બ્રાહ્મણો છે અને તેમને દાન આપ્યાનું મહાફલ છે.

अमानिनः सर्वसहा दृढार्था विजितेन्द्रियाः ।
सर्वभूतहिता मैत्रास्तेभ्यो दत्तं महाफलम् ॥
अनु० २२

માનની તૃષ્ણા વગરના, સહનશીલ, દૃઢમનના, જિતેન્દ્રિય અને પ્રાણી માત્રના હિતૈષી-મિત્રરૂપ બ્રાહ્મણો તેજ સારા બ્રાહ્મણો છે અને તેમને દાન આપતાં મહાફળની પ્રાપ્તિ થાય છે.

આગળ અનુશાસન પર્વ ૧૦૮ મા અધ્યાયમાં રાજા યુધિષ્ઠિર પૂછે છે:—

यद्वरं सर्वतीर्थानां तन्मे ब्रूहि पितामह ।
यत्र चैव परं शौचं तन्मे व्याख्यातुमर्हसि ॥

હે આર્ય! સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ કયું? અને સર્વ શ્રેષ્ઠ શૌચ-સ્નાન કયું? એ મને બતાવો.

ભીષ્મ:—अगाधे विमले शुद्धे सत्यतोये धृतिहृदे ।
स्नातव्यं मानसे तीर्थे सत्यमालम्ब्य शाश्वतम् ॥
मनसा च प्रदीप्तेन ब्रह्मज्ञानजलेन च ।
स्नाति यो मानसे तीर्थे तत् स्नानं तत्वदर्शितम् ॥

સત્ય રૂપ જળવાળા, નિર્મળ, અગાધ ધૃતિરૂપી ધરામાં કે જે માનસ તીર્થમાં આવેલ છે, તેમાં સત્યનું અવલમ્બન કરીને સ્નાન કરવું; એજ તીર્થ અતિ શ્રેષ્ઠ છે.

પ્રજ્વલિત મને બ્રહ્મજ્ઞાનરૂપ જળથી માનસ તીર્થમાં જે સ્નાન કરવું તેનેજ તત્વદર્શી પુરૂષો સ્નાન માને છે. તેજ શ્રેષ્ઠ શૌચ છે.

યુધિષ્ઠિર:—ऋषयो ब्राह्मणा देवाः प्रशंसान्ति महामते ।
अहिंसालक्षणं धर्मं वेदप्रामाण्यदर्शनात् ॥
कर्मणा मनुजः कुर्वन् हिंसां पार्थिवसत्तम ।
वाचा च मनसा चैव कथं दुःखात् प्रमुच्यते ॥

હે મહામતે! ઋષિઓ, બ્રાહ્મણો અને દેવતાઓ પણ વેદ-શાસ્ત્રના પ્રમાણુથી અહિંસાનેજ પરમ ધર્મ માને છે—તેનેજ વખાણે છે. તો પછી હે રાજશ્રેષ્ઠ! મન, વચન અને કાયાથી હિંસા કરનારાઓ દુઃખમાંથી કેમ છુટે?

ભીષ્મ:—पूर्वं तु मनसा त्यक्त्वा तथा वाचा च कर्मणा।
न भक्षयति यो मांसं त्रिविधं स विमुच्यते॥

પ્રથમ મનથી, વાણીથી અને કર્મથી જે હિંસાનો ત્યાગ કરીને એ ત્રિવિધ માંસનું ભક્ષણ કરતો નથી તે પાપથી બચે છે—મુક્ત થાય છે.

ભીષ્મ પિતામહનું શારીરિક બળ અપાર હતું. તેમનું બળ અને બ્રહ્મચર્ય સમગ્ર સંસારમાં સુવિખ્યાત હતાં. તેમની વીર્યરક્ષા અને આત્મિકબળનાજ પ્રભાવે અસંખ્ય ઘાવ પડેલા છતાં તેઓ જીવંત રહ્યા અને ધૈર્યપૂર્વક કષ્ટ સહન કરી શાન્તિથી ઉપદેશ આપ્યો, તથા સ્વેચ્છાથી ઉત્તરાયનના સૂર્ય થતાં સુધી મૃત્યુને દૂર રાખી શક્યા હતા. જો તેમનામાં ઉત્તમ મનોબળ સાથે અપાર શારીરિક બળ ન હોત તો તેમનાથી આવું મહાન્ કાર્ય શી રીતે થઈ શકત? એક નિર્બળ પુરૂષ નથાતો પોતાની રક્ષા કરી શકતો કે નથી પરોપકાર કરવાને સમર્થ થતો. નિર્બળ પુરૂષનો આત્મા કદી બળવાન હોય તોપણ તે કષ્ટને સહી શકતો નથી અને તેથા તે પોતાના કાર્યની પૂર્ણપણે સફળતા પ્રાપ્ત કરી શકતો નથી. માટે જે પુરૂષોનું જીવન પરોપકારક હોય તેવાઓએ આ વાત તરફ ધ્યાન દઈ પોતાની શારીરિક આરોગ્યતા જાળવતા રહેવું જોઈયે.

ઉત્તરાયનના સૂર્ય થતા સુધી **ભીષ્મે** પોતાનું જીવન ટકાવી મૃત્યુને રોકી રાખ્યું હતું. હવે તેમનું શરીર દિનપ્રતિદિન અધિકાધિક રૂધિર નીકળવાથી નિર્બળ થતું ગયું; યદ્યપિ યોગસામર્થ્ય વડે તેમણે ઘણા દિવસો પર્યંત જીવન ધારણ કર્યું પરન્તુ શરીર ત્યાગ માટે તેમણે યોગ્ય ધારેલો ઉત્તરાયનનો સમય હવે નજીક આવવા લાગ્યો હતો. તેમજ તેઓ લોકોને ઉપદેશામૃતનો લાભ પણ સારી પેઠે પહોંચાડી

શકયા હતા. તેથી હવે મૃત્યુને માટે તેમણે તૈયારી કરી. મૃત્યુની તૈયારી એ અતિ કઠિન તૈયારી છે પરન્તુ તે ભીષ્મજીને માટે કઠિન ન હતી. કારણકે તેઓ મૃત્યુને સદાજ પોતાની નિકટ સમજી ધર્મસંચય કરવામાં મગ્ન રહેતા હતા. અને એક ક્ષણુ પણ તેઓ સ્વધર્મને વિસારતા નહોતા. મૃત્યુ ભયાનક છે, મૃત્યુ કઠિન છે અને મૃત્યુનું મુખ વિકરાળ છે; પણ એ બધું કોને માટે? જેઓ આ જીવનના રહસ્યને સમજ્યા નથી, જેઓ સ્વકર્તવ્યને ભૂલીને માત્ર વિષયાસક્તિમાંજ લીન રહેનારા છે તેમને માટેજ એ સર્વ છે.

મહાન પુરૂષો સંસારનાં કર્તવ્યો યથાશક્તિ બજાવીને પરમાત્માની આજ્ઞાનુસાર શાન્તિથી મૃત્યુને ભેટે છે.

ભીષ્મનો મૃત્યુસમય નિકટ આવ્યાથી યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, કુન્તી, ગાન્ધારી વગેરે સઘળાં આપ્ત જનો તેમની સેવામાં રજુ થયાં. યુધિષ્ઠિરે કહ્યું “ મહારાજ, હમે સર્વે હાજર છીએ, અને આપ જે આજ્ઞા કરો તે પાળવાને સર્વ તત્પર છીએ. આ સમય ભીષ્મ સમાધિમાં નિમગ્ન હતા. તેથી પુનઃ બોલાવવામાં આવ્યા ત્યારે નેત્ર ઉઘાડી ચારે તરફ નિહાળીને યુધિષ્ઠિરનો હાથ ઝાલી તેમણે કહ્યું; “ હું તમારી ઉપર ઘણો પ્રસન્ન છું. હું અઠ્ઠાવન દિવસ સુધી હાલની સ્થિતિમાં રહ્યો છું. હવે મૃત્યુ માટે માઘ માસનો ઇચ્છિત સમય આવી પહોંચ્યો છે. જેથી મારૂં આ મળવું હવે સર્વથી અંતિમજ છે.” પછી ધૃતરાષ્ટ્રની તરફ જોઈ તેઓ બોલ્યા; “હે કુરૂનન્દન ! તમે મનુષ્યના પ્રત્યેક ધર્મને જાણો છો. વેદોનું પવિત્ર જ્ઞાન પણ તમે વિદુર પાસેથી શ્રવણ કર્યું છે. આપ જાણો છોજ કે મૃત્યુ સર્વને માટે છે માટે તમારે કશી વાતનો શોક કરવો યોગ્ય નથી. જે થવાનું હતું તે થઈ ગયું છે. યુધિષ્ઠિર સદા ધર્મપથપર ચાલનારા છે, તેમને તમે હવે પુત્રતુલ્ય ગણજો તે તમારી પિતાની પેઠે સેવા કરશે, તે વૃદ્ધો તેમજ વિદ્વાનોની સેવામાં તત્પર રહે

છે અને તેમને માટે પોતાનું જીવન પણ ન્યોચ્છાવર (અર્પણ) કરવા ઉદ્યત રહે છે. તમારા પુત્રો મહાક્રોધી અને લોભી હતા. તેથી તેમણે પોતાના કર્મનું ફળ મેળવ્યું છે, માટે હવે તમારે તેમનો શોક કરવો મિથ્યા છે." પછી શ્રીકૃષ્ણ તરફ જોઈ તેઓ બોલ્યા, "આપ સર્વદા પાંડવોની રક્ષા કરતા રહેજો, પ્રથમથીજ આપ તેમને સહાયતા કરતા આવ્યા છો. હું દુર્યોધનને વારંવાર કહ્યા કરતો હતો કે **सत्यमेवजयते**-સત્યનોજ જય થનાર છે. ભગવાન શ્રીકૃષ્ણ સત્યનીજ પક્ષમાં છે, મેં તેને હરેક સમયે સન્ધિ કરવાને બહુ સમજાવ્યો હતો પણ તેણે મારૂં કહ્યું માન્યું નહિ, અને અંતે તેનું ફળ મેળવ્યું." પછી સર્વની તરફ જોઈ તેઓ બોલ્યા; "હવે તમો સર્વેએ શોકનો ત્યાગ કરીને મને પરબ્રહ્મ સમીપે જવાની આજ્ઞા આપવી જોઇએ. તમો સર્વને ઉચિત છે કે સદા ધર્મનોજ આશ્રય લેવો, સત્યનેજ પંથે ચાલવું; કારણ સત્ય એ એક મહાશક્તિ છે." આ પ્રમાણે ઉપદેશ કર્યા પછી તેમણે શરીરના પ્રત્યેક અંગમાંથી જીવાત્માનો સંબંધ છોડવાનો આરંભ કર્યો. આ દૃશ્ય જોવા યોગ્ય હતું. જે સર્વ ત્યાં ઉપસ્થિત હતાં તેઓ તે નિહાળીને આશ્ચર્યચકિત થઈ ગયાં. અન્તે પરિણામે તેમનો પવિત્ર આત્મા બ્રહ્મરંધ્રદ્વારા જ્યોતિરૂપે નીકળી પરમાત્મામાં સમાઈ ગયો ! તે મહાન જીવન આ નાશવંત જગતમાંથી નિરંતરને માટે વિલીન થઈ ગયું. આ પ્રકારે તેમનું આશ્ચર્યજનક મૃત્યુ જોઈ સર્વ બોલી ઉઠ્યા: **"મૃત્યુ તે આનુંજ નામ ! ! !"**

ભીષ્મના શબને અંતિમ સંસ્કાર કરવા વિવિધ સૌગંધિક સામગ્રી એકત્રિત કરવામાં આવી. ચન્દનની ચિતા ગોઠવીને શબને સૌગંધિક પદાર્થોનું લેપન કરી તે ચિતામાં મૂકીને અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવ્યો અને વેદ મન્ત્રોથી આહુતિ આપી આ ક્રિયાની પૂર્ણાહુતિ કરવામાં આવી.

ભારતનો સૂર્ય, મનુષ્ય માત્રના આદર્શ રૂપ, ધર્મની સાક્ષાત મૂર્તિ અને ક્ષત્રિયોનો શિરોમણિ આજે સદાને માટે પરમ કૃપાળુ પરમાત્માના અંકમાં ગેલ કરવા ચાલ્યો ગયો! મરવું તો સર્વને છે પરંતુ પ્રત્યેક મનુષ્યને ઘટિત છે કે પોતાના જીવનની પ્રત્યેક અવસ્થાના કર્તવ્યનું યથાર્થ પાલન કરતા રહી ભિષ્મજીની પેઠે પવિત્ર મ્હોતે મરવું જોઈયે.

આર્યાવર્તમાં આ પછી અનેક વીર પુરૂષો ઉત્પન્ન થયા પણ આવો રાજર્ષિ તો એક પણ તે પછી થયો નથી. "ભીષ્મ તો ભીષ્મજ!!"

---

(૭) ગુણાવલોકન અને અમારૂં કર્તવ્ય.

પાઠકગણ! ભીષ્મપિતામહનું સંક્ષિપ્ત જીવન આપના આગળ રજુ કરવામાં આવ્યું છે હવે આપણે તે નૈષ્ઠિક બ્રહ્મચારીના પ્રત્યેક ગુણને પૃથક્ પૃથક્પણે જોઇએ કે તે મનુષ્ય માત્રના આદર્શને યોગ્ય છે કે નહિ. શું મનુષ્ય જાતિ આવા પુત્રો ઉત્પન્ન થવાથી ગૌરવને પ્રાપ્ત નથી થતી! શું આવા પુરૂષ ઉન્નતિનાં દ્વાર ખોલી નથી શકતા? મહાન પુરૂષ એજ છે કે જે સંસારનાં સર્વ સુખોને લાત મારીને ચક્રવર્તી રાજાથી પણ ભય ન પામતાં પોતાના સિદ્ધાંતને વળગી રહે. આ ગુણ આપણે ભીષ્મજીમાં જોઈએ છીએ. તેથી આપણે તેમના ગુણોનું ધ્યાનપૂર્વક અવલોકન કરવું જોઇએ.

વિદ્વત્તા—ભીષ્મની વિદ્વત્તા તેમજ પરા અને અપરા વિદ્યાનું તેમનું જ્ઞાન, મહાભારતના અનુશાસન પર્વને વાંચવાથી યથાર્થ વિદિત થાય છે. તેમના જીવનને અતિ ઉચ્ચ પ્રકારનું બનાવવામાં તેમની એ વિદ્યાજ મુખ્ય કારણભૂત હતી. વેદોનીજ પવિત્ર શિક્ષાનો એ

પ્રતાપ હતો કે જેથી ભીષ્મજી આયુષ્ય પર્યંત બ્રહ્મચર્યવ્રત પાળવા છતાં નિષ્કલંક રહ્યા; વેદોની એ પવિત્ર શિક્ષાનોજ પ્રભાવ હતો કે જેથી કૃષ્ણ ભગવાન પણ તેમની અંતઃકરણપૂર્વક પ્રતિષ્ઠા કરતા હતા. ઘણા મનુષ્યો આથી કદાચ એમ સમજી લેશે કે ભીષ્મ આજકાલના પંડિતોના જેવા વિદ્વાન થઈ ગયા હશે. પરંતુ આવી સમજણ ભૂલભરેલી છે. ભારતના આધુનિક વિદ્વાનો અક્ષરોનીજ વિદ્યા જાણે છે; પણ તે વિદ્યાના તત્ત્વને થોડાજ જાણતા હશે. કારણ એ છે કે તેમણે ઋષિ મુનિઓની શૈલીને ત્યજી દીધી છે.

સંસ્કૃતનો પંડિત આ સમયમાં કોને સમજવામાં આવે છે? જે શાસ્ત્રાર્થમાં બબ્બે કલાક સુધી ન્યાયની અવચ્છેદિકાપર યા સિદ્ધાન્તની ફક્કિકા (ભાષ્યકારની ૩૯ પંક્તિઓ)પર યા વેદાન્તના ઘટાકાશ મઠાકાશપર બોલી શકે તેને. પરન્તુ વૈશેષિકદર્શનના કર્ત્તા કણાદ મુનિએ વિદ્યાનું લક્ષણ આવું કર્યું છે કેઃ—

अदुष्टं विद्या ॥ व० अ० ६ आ० २ सू० १२

અર્થાત્—જે દોષરહિત યથાર્થ જ્ઞાન છે, તેનું નામજ "વિદ્યા" છે. ભીષ્મજીને સર્વ ધર્મોનું એવું દોષરહિત યથાર્થ જ્ઞાન હતું, અને તેથીજ તેઓ યથાર્થ વિદ્વાન હતા.

પરોપકાર વૃત્તિ—ભીષ્મજીનું આત્મબળ અતિ દૃઢ હતું. અન્યના સુખની ખાતર તેઓ પોતાના સુખને તુચ્છ સમજીને ત્યજી દેતા હતા. જેમકે પિતાના સુખની ખાતર તેમણે આખું રાજ્ય છોડી દીધું હતું. અને પોતે રાજ્યની કોઈ પણ વસ્તુને રાજાની આજ્ઞા વિના સ્પર્શ કરવામાં પણ પાપ સમજતા હતા.

ધૈર્ય—ભીષ્મ પૂર્ણ ધૈર્યવાન હતા, જે પ્રતિજ્ઞા તેમણે લીધી તે પાળવામાં તેમને અનેક કષ્ટો સહન કરવાં પડ્યાં, પરંતુ તેમણે તેને ત્યજી નહિ અને તેને ઘણાજ ધૈર્યપૂર્વક વળગી રહ્યા. માતા સત્યવતીએ

જ્યારે તેમને નિયોગની આજ્ઞા કરી ત્યારે કેવી દૃઢતાપૂર્વક તેમણે ઉત્તર આપ્યો છે? ધૈર્ય, ધર્મનું પ્રથમ અંગ છે જે ભીષ્મે પૂર્ણ રીતે નિભાવ્યું.

સત્યપ્રિયતા—દુર્યોધનને આધીન હોવા છતાં પણ ભીષ્મજી સદા તેને સ્પષ્ટ રીતે કહેતા હતા કે પાંડવોનો પક્ષ સત્ય છે માટે તમે હઠ ત્યજી દો. છતાં વિલક્ષણતા એ છે કે કૌરવોની તરફથી તેઓ લડતા હતા. કારણકે તેમના ઉદરમાં કૌરવોનું અન્ન હતું. પરન્તુ અંતઃકરણથી તો તેઓ પાંડવોનોજ—સત્યનોજ વિજય ઇચ્છતા હતા.

સહનશીલતા—ભીષ્મ દુઃખને સહન કરતા હતા પરન્તુ તે કાયરની પેઠે નહિ પણ વીર પુરૂષની માફક સહન કરતા હતા. શી મગદૂર કે દુઃખનો એક શબ્દ પણ તેમના મુખમાંથી નીકળી શકે? રણક્ષેત્રમાં જ્યારે તેઓ અતિશય ઘાયલ થઇને પડ્યા હતા ત્યારે દુઃખનું કોઇ પણ લક્ષણ તેમની મુખાકૃતિમાં પ્રતીત થતું નહોતું; તેમ તેમણે કોઇને પણ કહ્યું નથી કે મને દુઃખ થાય છે. એટલુંજ નહિ પણ ઉલટું તેમણે પરમાત્માને ધન્યવાદ આપ્યો હતો કે મને ક્ષત્રિય ધર્માનુસાર મૃત્યુ પ્રાપ્ત થયું. તેઓ શરીરમાં વાગેલાં બાણો સહિતજ દહન થવા માગતા હતા તેથી મલમપટ્ટી પણ તેમણે કરાવી નહોતી. ધન્ય છે એ સહનશીલતાને!

બાળબ્રહ્મચર્ય—બ્રહ્મચર્યવ્રત કેવું કઠિન છે, તેને તેજ પુરૂષ જાણી શકે છે કે જેણે વીર્યરક્ષા કરી હોય. જે નિરંતર પશુઓની પેઠે વિષયોપભોગ કરનારા છે તે બ્રહ્મચર્યનો મહિમા કેવી રીતે સમજી શકશે? અને આ અંશમાં ભીષ્મજીની મહત્તા તે ક્યાંથી કલ્પી શકશે? ભીષ્મનું ચરિત્ર વાંચનાર! જો તમે શાસ્ત્રાજ્ઞાનુસાર ઋતુદાન આપતાં શીખશો તો તમે સમજી શકશો કે ભીષ્મજીમાં જો કોઈ અપૂર્વ ગુણ હતો તો તે બ્રહ્મચર્યનો હતો. તેમના બ્રહ્મચર્યનોજ એ પ્રતાપ હતો

કે વૃદ્ધાવસ્થામાં પણ તેમણે ઉક્ત પ્રકારનું મહા કઠિન યુદ્ધ કર્યું હતું અને તેઓ બાણોની શય્યા પર પડી રહ્યા હતા.

ભીષ્મજીના સર્વ ગુણોને છોડી તેમના આ એક ગુણનેજ જો કોઈ મનુષ્ય ધારણ કરી શકે તો આવાં પુસ્તકોના પરિશ્રમ કેવા સફળ થઈ પડે !

નિષ્કામતા—ભીષ્મજીએ જે કાંઈ કાર્ય કર્યાં હતાં તે સર્વ નિષ્કામ હતાં. અમે લોકો કદાચ એક પૈસાનું પણ દાન કરીએ છીએ તો ઇચ્છીએ છીએ કે તે દાન લેનાર અમારો સેવક બની જાય! થોડી સરખી વાતપર અમે તેને કૃતઘ્ન કહેવા પણ મંડી જઇયે છીએ! અથવા કાંઇક થોડો પણ ઉપકાર કરીએ છીએ તો પોતાની કીર્તિ કરાવવા માગીએ છીએ. પરન્તુ ભીષ્મજીએ જે કોઇના ઉપર ઉપકાર કર્યો છે તે પોતાનો તેવો ધર્મ સમજીનેજ કર્યો છે. જે કોઇની સેવા કરી છે તે પણ પોતાનું કર્તવ્ય સમજીનેજ કરી છે. તેમનો એવો સિદ્ધાન્ત હતો કે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरण मस्तु युगान्तरे वा ।
न्याय्यात् पथात् प्रविचलन्ति पदं न धीराः ॥

भर्तृहरि.

ભલે નીતિનિપુણ પુરૂષો નિન્દા કે સ્તુતિ કરો! લક્ષ્મી મળો યા મોજ આવે તેમ ચાલી જાઓ, ભલે આજજ મૃત્યુ આવો અથવા યુગાન્તર સુધી આ દેહ ટકો, પરન્તુ ધીર પુરૂષો ન્યાયના રસ્તાપરથી એક પગલું પણ ડગતા નથી.

આવા સિદ્ધાન્તવાળા પુરૂષોજ નિષ્કામ રહી શકે છે; કારણકે

તેઓ પોતાનું કર્તવ્ય છે એમ સમજીનેજ જે કાંઈ કરે છે તે કરે છે. અને તે બાબતમાં કોઈની નિંદાસ્તુતિની પરવા કરતા નથી. ભીષ્મે પણ ન તો કોઈની તેવી સ્પૃહા કરી અને ન તો તેમના હૃદયમાં સાંસારિક કામનાઓ ઉત્પન્ન થઈ.

ન્યાયપરતા—કૌરવ અને પાંડવોને તેઓ સમદ્રષ્ટિથી જોતા હતા. કોઇનો પક્ષપાત તેમને હતો નહિ, કૌરવોને આધીન હોવા છતાં પણ તેમને તેઓ સમજાવતા રહેતા અને તેમને સદા ધર્મપથપર ચાલવાનો ઉપદેશ કરતા હતા.

મહત્તા—નીતિકારોએ મહાત્મા પુરૂષોનું લક્ષણ વર્ણવ્યું છે કેઃ-

मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम् ॥
मनस्यन्य द्वचस्यन्य त्कर्मण्यन्यद्दुरात्मनाम् ॥

મહાત્માઓનું વર્તન મનથી, વચનથી, અને કર્મથી પણ એકજ હોય છે! અને દુરાત્માઓને તો મનમાં જુદું, વાણીમાં જુદું અને કર્મમાં પણ વળી કંઇક જુદુંજ હોય છે!

ભીષ્મજીનું અંતઃકરણ મહાન હતું. કેમકે જે વાત તેઓના મનમાં હોય તેજ પ્રમાણે તેઓ કહેતા હતા અને કરતા હતા, પાંડવોનો જય તેઓ ધર્મના કારણથી ચાહતા હતા તેથી દુર્યોધનને સ્પષ્ટપણે તેમણે કહી રાખ્યું હતું કે અવશ્ય પાંડવોનીજ જીત થશે માટે તું પાપનો માર્ગ ત્યજી દે. તેઓ આવા સ્પષ્ટ વક્તા હતા એ તેમની મહત્તા હતી.

ધર્મ દ્રઢતા—જે જે કાર્ય તેમની પાસે આવ્યાં તે ઘણીજ બુદ્ધિમત્તાપૂર્વક તેમણે કરી બતાવ્યાં. પોતાના ધર્મથી ચ્યુત ન થવું એ તેમના જીવનનો મુખ્ય સિદ્ધાન્ત હતો. જ્યારે પિતાના સુખને માટે કઠિન વ્રત કરવાની આવશ્યકતા જણાઈ તો તેને પણ તેમણે

ધર્મરૂપ જાણીને સ્વીકારી લીધી. પરંતુ તે એવી રીતે નહિ કે તેવું વ્રત લઈને શેષ જીવનને આળસુઓની પેઠે બેસી રહીને તેમણે વ્યતીત કર્યું હોય. નહિ નહિ, તેમણે પોતાના જીવનને સદા ઉદ્યોગીજ રાખ્યું હતું. કેમકે તેઓ જાણતા હતા કે,—

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।

यजु० अ० ४० मं० २ ॥

અર્થાત્—ઇશ્વર ઉપદેશ કરે છે કે; હે મનુષ્યો ! શ્રેષ્ઠ કર્મો કરતા રહીનેજ આ સંસારમાં સો વરસ જીવવાની ઇચ્છા કરો. વેદોની એ આજ્ઞા શિરોધાર્ય ગણીને તેઓ સર્વ કાર્યોમાં તેજ પ્રકારે નિમગ્ન રહ્યા હતા. તેમણે ક્ષત્રિયના ક્ષાત્રધર્મને મૃત્યુ પર્યંત પાલન કર્યો. તેઓ જાણતા હતા કે ક્ષત્રિયનો ધર્મ રણમાં મરવું એજ છે, તેથી યુદ્ધ-કાર્ય પ્રસંગે તેઓ સદા નિડર અને ઉત્સાહી રહેતા હતા. ધન્ય છે તેમની માતાને કે જેણે આવા પુત્રને જન્મ આપ્યો !

અનેક ઘાથી ઘવાયા છતાં પણ જ્યારે ઉપદેશ માટે તેમને પ્રાર્થના કરવામાં આવી ત્યારે પણ તેઓ પોતાના ધર્મથી ચૂકયા નહિ. અને દોઢ માસ પર્યંત તેઓ ઉપદેશ કરતા રહ્યા. સારાંશ એ છે કે તેઓ ધર્મની મૂર્ત્તિ રૂપજ હતા. પ્રાણ કરતાં તેમને ધર્મ અતિ પ્રિય હતો. ધન્ય છે એવા પુરૂષોને કે જે ધર્મને માટે સાંસારિક સુખોને તુચ્છ સમજે છે ! ધન્ય છે એવા પુરૂષોને કે જે મૃત્યુને માટે સદા તત્પર રહે છે ! ધન્ય છે તે ભૂમિને કે જ્યાં ભીષ્મ જેવા પુત્રો ઉત્પન્ન થાય છે ! ધન્ય છે તે ઉત્સંગને કે જેમાં એવાં બાળકો ખેલે છે ! ધન્ય છે તે સમયને કે જ્યારે એવા વીર ઉત્પન્ન થાય છે કે, જેઓ ધર્મને કોઈ પણ અવસ્થામાં ત્યજતા નથી તેમ કોઈ પણ કષ્ટ કે કોઇનો પણ પ્રેમ તેમના સત્ય પંથમાં બાધ કરી શકતો નથી !

ભીષ્મની પાસે યુધિષ્ઠિર જ્યારે સમ્મતિ લેવા જતા હતા ત્યારે તેને ધર્મયુક્ત વર્તનાર જાણીને તેઓ આશીર્વાદ આપતા હતા; જે યુધિષ્ઠિર તેમની સામે મરવા મારવાને તૈયાર થયા હતા તેમને મરણ પર્યંત પણ તેઓ ઉપદેશ દેતા રહ્યા! વ્યથિત શરીર છતાં સુંવાળા ઓશિકાની પણ ઇચ્છા તેમણે કરી નહોતી. કારણકે તે જાણતા હતા કે મ્હારો દેહ, ધર્મ રણમાં મરવાનો છે. અને રણમાં ક્ષત્રિયોને એવી વસ્તુઓની જરૂર હોતી નથી.

ભીષ્મ ખરા ધર્માત્મા હતા, વળી ખરા ત્યાગી, ખરા યોગી અને સાચા વ્રતધારી હતા તેમના જીવનના જે જે અંશમાં જોશો તે મહત્તા પૂર્ણજ જણાશે. તેમ જે જે વિષયમાં જોશો તેમાં તેઓ પૂર્ણ જણાશે. શારીરિક બળ તો પૂર્ણ, આત્મિક બળ તો પૂર્ણ, વિદ્યા તો પૂર્ણ અને બ્રહ્મચર્ય તો તે પણ મનામાં પૂર્ણ હતું. તેમનું જીવન ખરેખર આદર્શને યોગ્ય છે. હે ભીષ્મ પિતામહના જીવનથી લાભ લેવાની ઇચ્છા કરવાવાળાઓ! હે ભારતવર્ષના યુવકો! હે ક્ષત્રિય કહેવડાવવાનું અભિમાન ધરાવનારાઓ! ભીષ્મના જીવનના ગુણોને સુવર્ણ અક્ષરે તમારા હૃદયમાં કોતરી રાખી તમારા જીવનમાં પણ તેમના જેવાજ ગુણો ધારણ કરવાનો યત્ન કરો અને તેમના જીવનના જ્ઞાનરૂપ પ્રકાશ વડે તમારા જીવનને બનાવો. કારણ કે;

Lives of great men all remind us
We can make our lives sublime.

મહાન્ પુરૂષોનાં જીવન ચરિત્રો એટલા માટેજ હોય છે કે તેનું જ્ઞાન મેળવીને તે ઉપરથી તેનો લાભ ઉઠાવવામાં આવે. એવાં ચરિત્રો વાંચનારના હૃદયમાં આલેખાવાને બદલે જ્યાં સુધી તે માત્ર પુસ્તકમાંજ લખાયલાં પડ્યાં રહે અથવા તો માત્ર સમય વ્યતીત કરવાને માટેજ એકાદ સમય વાંચી જવાય તેથી કાંઈ ઉચ્ચ પરિણામ આવતું

નથી. માટે એકાન્તમાં બેસીને પોતાના જીવનને આ મહાન પુરૂષના જીવન સાથે સરખાવી જુવો. અને પોતાનું શું કર્તવ્ય છે તે વિચારો. છેવટે એ પણ વિચારો કે ભીષ્મ પણ એક મનુષ્ય હતા, તેમને પણ આપણી પેઠેજ બે હાથ અને બે કાન હતા. છતાં તેમનામાં આપણા કરતાં અધિકતા શી હતી? તે અધિકતા તે એજ હતી કે તેમણે પોતાના ધર્મને સમજીને તેને અનુકૂલ પોતાનું જીવન બનાવ્યું હતું.

સુભાગ્યે જો તમારી ઇચ્છા પણ એજ થાય કે અમે પણ અમારા મનુષ્ય જીવનને સફળ કરીયે, તો આજથી પ્રતિજ્ઞા કરો કે અમે પણ અમારી ન્યૂનતાઓને અને અમારા દુર્ગુણોને એક એક કરીને છોડવાનો ખરા-હૃદયથી યત્ન કરીશું અને આ મહાપુરૂષના ગુણોને અમારા જીવનમાં ધારણ કરવાનો ઉદ્યોગ કરીશું. મનુષ્ય જીવન કંઇ વારંવાર મળવાનું નથી. કોણ જાણે તમારા કયા પુણ્યનો ઉદય થયો હશે કે જેથી તમને આ ઉત્તમ માનવ જન્મ મળ્યો છે. અને વળી ઉત્તમોત્તમ પુરૂષોનાં જીવન વૃત્તાંતો વાંચવાની બુદ્ધિ અને અવકાશ મળ્યો છે. છતાં હવે પણ આ અમૂલ્ય અવસરને વૃથા ગુમાવો તો એથી વધુ અભાગ્ય બીજું શું?

સમાપ્ત.

ચરિત્રમાળાના ૧૯૬૯ ના નિયમો.

(૧) કદ—ચરિત્રમાળાના ગ્રાહકોને સરાસરી રોયલ ૧૬ પેજી ૧૨૫ પૃષ્ટના એકેક પુસ્તકને હિસાબે દર વર્ષે કુલ ૧૫૦૦ પૃષ્ટનાં બાર પુસ્તકો અપાશે. બહારની પૈસાથી લેવાતી જાહેર ખબરો એ સંખ્યામાં ગણાશે નહિ. છબીઓ આવશે તેના ખર્ચ જોગાં પૃષ્ટો એમાંથી બાદ થશે. પુસ્તકોના કદમાં કોઈ કારણે ફેરફાર કરાશે તો તે ઉપર જણાવેલા કદ અને સંખ્યામાં આવી શકતા લખાણનું પ્રમાણ જળવાઈ રહે તેવા પ્રમાણમાંજ કરાશે.

(૨) મૂલ્ય—ચરિત્રમાળાનું વાર્ષિક મૂલ્ય **સાદાં** પૂઠાંના વર્ગનું રૂ. ૨) અને **પાકાં** પૂઠાંના વર્ગનું રૂ. ૩) છે. અને તે અગાઉથીજ લેવાય છે. બન્ને વર્ગમાં કાગળો ૫૦ રતલી ગ્લેજ અથવા કેટ્રીજ પેપર વપરાશે.

(૩) ટપાલખર્ચ—ટપાલખર્ચ આ દેશ માટે માફ છે. પરન્તુ આફ્રિકા, ઈંગ્લાંડ ઈ૦ જે દેશો માટે બેવડું પોષ્ટેજ લાગે છે ત્યાંના ગ્રાહકોએ વધારાના પોષ્ટેજ સાથે **સાદાં** પૂઠાં બદલ રૂ. ૨–૬–૦ અને **પાકાં** પૂઠાં બદલ રૂ. ૩–૧૨–૦ મોકલવા એથી પણ વધુ જે દેશનું લાગતું હોય તેમણે તેટલી રકમ વધુ મોકલવી.

(૪) બીજો ખર્ચ—વી. પી. ખર્ચ તથા રજીષ્ટર્ડ કરી મોકલવા જરૂર જણાતાં તે બાબતનું ખર્ચ ગ્રાહકને શિર છે.

(૫) પાવતી—વાર્ષિક મૂલ્ય ભરાયા બદલ તે ભરનારને મેનેજરના સહી શિક્કાવાળી તથા લેનારની સહીવાળી છાપેલી પાવતી અપાય છે. મનીઓર્ડરથી મોકલનારને પોષ્ટદ્વારા રૂઢિ મુજબની પાવતી મળે છે જ. અને વી. પી. થી નાણું ભરનાર પાસે દાખલો રહેવા માટે વી. પી. બુકપોષ્ટની પાછળ બીલ આપેલું હોય છે. ઉપરી અધિ-

કારીદ્વારા મોકલાતા મૂલ્યની પાવતી તે અધિકારી તરફ મોકલાય છે. વાંધો પડતાં આમાંના કોઈ પણ પ્રકારનો દાખલો રજુ કર્યા શિવાય મૂલ્ય ભરાયલું ગણાશે નહિ.

(૬) **નવીન ગ્રાહક**—નવીન ગ્રાહક થનારે આ સંસ્થામાંથી તૈયાર મળતું નીચે પ્રમાણેનું છાપેલું કાર્ડ ભરી સહી કરી મોકલવું; અથવા તે પ્રમાણે હાથે લખીને મોકલવું.

'સસ્તુ' સાહિત્ય વર્ધક કાર્યાલયની શાખા. મુ. અમદાવાદ.

લખવાનું કે "**ચરિત્રમાળા**" ના સંવત ૧૯૬૯ ની સાલથી અમને ગ્રાહક ગણી તેનાં કારતકથી હાલ સુધીનાં નીકળેલાં પુસ્તકો વી. પી. થી મોકલી આપશો અને તે પછી પણ દરેક વર્ષની શરૂઆતમાં તે વર્ષનું પ્રથમ પુસ્તક વી. પી. થી મોકલી વાર્ષિક મૂલ્ય વસૂલ કરતા રહેશો. ગ્રાહક નહિ રહેવું હોય ત્યારે તે વિષે અગાઉથી તમને ખબર લખી જણાવીશું.

ગ્રાહકનું પૂરૂં નામ ____________________

ગામ ____________ ઠેકાણું ____________

પોષ્ટ ____________ જીલ્લો ____________

કાચા પૂઠાના કે પાકા પૂઠાના વર્ગમાં ગ્રાહક થવું છે ? ____________

વાર્ષિક મૂલ્ય રૂ ____________ તારીખ ____________

ગ્રાહકની સહી ____________________

ખુલાસો—વી. પી. ની રીતને બદલે વાર્ષિક મૂલ્ય ઉપલા પત્રની સાથે મનીઑર્ડરથી અથવા માણસ સાથે મોકલાશે તો પણ ચાલશે.

(૭) **નડીયાદના ગ્રાહકો**—નડીયાદના એજંટ રા. ચુનીલાલ ભોળાભાઈ મારફતના ગ્રાહકોએ વાર્ષિક મૂલ્ય ભરવાનો, પુસ્તકો

મેળવવાનો તથા તેમની પાવતી મેળવવા ઇત્યાદિનો સર્વ સંબંધ તેમની સાથેજ સમજવો, છતાં જેમને તે સર્વ સંબંધ પરબાર્યો આ સંસ્થા સાથે રાખવો હશે તેઓ પત્ર લખી તેમ પણ કરી શકશે. પરંતુ તે પ્રકારમાં વી. પી. ખર્ચનો એક આનો વધુ થશે તે તેમણેજ વધુ ભરવો જોઇશે.

(૮) **કમીશન**—કોઇ એક અથવા વધુ મનુષ્યો મળીને વાર્ષિક મૂલ્ય રૂ. ૪૦, યા વધુ રકમ થાય તેટલા ગ્રાહકો એકજ નામપર કરી મોકલશે તો તેમને અમદાવાદના કાર્યાલય બેઠાં તે પોણી કિંમતે અને ગુજરાત યા કાઠિયાવાડના હરકોઇ સ્ટેશન બેઠાં લેવા ઇચ્છશે તો રૂપીયે બે આના ઓછા લઇને પુસ્તકો મોકલાતાં રહેશે.

ખુલાસો—પાછલા વર્ષના ચરિત્રમાળા તેમજ વિવિધમાળાના વાર્ષિક સટ સામટા લેવા ઇચ્છનારને પણ ઉપલાજ ધોરણથી આપી શકાશે.

(૯) **ગ્રાહકનો બદલો**—ટપાલમાં જવા તથા આવવાની અથડામણથી પુસ્તકોનો દેખાવ એવો થઈ જાય છે કે પછી તે "નવાં પુસ્તકો" તરીકે ભાગ્યેજ ચાલી શકે છે. માટે કોઈ ગ્રાહક મંગાવેલાં પુસ્તકો પાછાં આપીને અન્ય વર્ગનાં પુસ્તકો મેળવવા ઇચ્છશે તો હવેથી તેમ બની શકશે નહિ. પરંતુ પોતાને બદલે બીજા કોઇને ગ્રાહક કરીને બદલામાં તેનું નામ દાખલ કરાવીને પોતે નવે નામે ગ્રાહક થઇ શકશે.

(૧૦) **રજીષ્ટર્ડ નંબર વિષે**—દરેક ગ્રાહકનો રજીષ્ટર્ડ નંબર તેને મળતી પાવતી યા બીલમાં તેમજ તેનાપર ટપાલ રસ્તે મોકલાતા દરેક પુસ્તકના શિરોનામની જોડમાં આપેલો હોય છે જ. આ નંબર આ સંસ્થા તરફ હરકોઈ બાબત પત્ર લખતી વખતે તેમાં જણાવવાનું

દરેક ગ્રાહકે ધ્યાનમાં રાખવું. આ પ્રમાણે નહિ કરવાથી તે પર અમલ ન થવા અથવા અમલમાં ઢીલ થવા સંભવ છે.

(૧૧) **આગલા વર્ષનાં પુસ્તકો**—ગયા ૧૯૬૮ ના વર્ષમાં ચરિત્રમાળાનાં નીચેનાં કુલ ૧૭૫૦ પૃષ્ઠનાં ત્રણે પુસ્તકો સાથે જોઇશે તેમને તે રૂ. ૨) માં અને પાકા પૂઠાનાં રૂ. ૩) માં મળી શકશે. પોષ્ટેજ માફ વી. પી. ખર્ચ જુદું છે—

શ્રી બુદ્ધચરિત્ર અને બુદ્ધના ઉપદેશ.—પૃષ્ઠ ૨૮૦ કિં. ૦ા≈ પાકું. ૦ાા≈ પો૦ માફ.

ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો.—પૃષ્ઠ ૭૨૦ કિં. રૂ. ૧) પાકું પૂઠું ૧ા પો. ૦)≈

ભારતનાં સ્ત્રી રત્નો ગ્રંથ ૨ જો.—પૃષ્ઠ ૭૫૦ કિં. રૂ. ૧) પાકું પૂઠું રૂ. ૧ા પો. ૦)≈

(૧૨) **છૂટક પુસ્તકો**—ચરિત્રમાળાનાં ઉપલાં પુસ્તકો તેમજ હવે પછી નીકળનાર પુસ્તકો છૂટક વેચવાથી તેના સટો તૈયાર થવામાં અનિયમિત તૂટ પડતી હોવાથી ખાસ કારણસર યોગ્ય લાગશે તોજ તે છૂટક અપાશે. સામટી પ્રત કોઈ પુસ્તકની લેવી હશે તેમની માગણી બનતાં સુધી પૂરી પાડવામાં આવશે.

(૧૩) **ઠેકાણું બદલવું**—જેમને લાંબા સમય માટે ઠેકાણું બદલવું હોય તેમણે તે વિષેની ખબર વખતસર અહીં તેમજ પોષ્ટ ઓફીસને લખી જણાવવી. પરંતુ મહિના બે મહિના માટે બદલવાનું હોય તેમણે તેમ ન કરતાં પોષ્ટ ઓફીસને લખીને યા બીજી રીતે સગવડ કરી લેવી. આ પ્રમાણે વખતસર ન કરવાથી પુસ્તક ગેરવલ્લે જશે તો કિંમત ખર્ચ્યા શિવાય બીજું પુસ્તક મળી શકશે નહિ.

(૧૪) **પુસ્તક ગેરવલ્લે જવું.**—દરેક પુસ્તકની રવાનગી વખતે દરેક ગ્રાહકનાં નામ ઠામ ઈત્યાદિ ચોકસીથી મેળવી લઇને

તથા રવાનગી બુકમાં દાખલો નોંધીનેજ પુસ્તકો પોષ્ટમાં નંખાય છે. છતાં ગમે તે કારણથી કોઈ ગ્રાહકનું પુસ્તક રસ્તામાં ગેરવલ્લે જાય તો તે પુનઃ મોકલી આપવાની જવાબદારી આ સંસ્થાને શિર ન સમજતાં તે વેચાતું મંગાવી લેવું જોઇએ. આમ છતાં જેઓ નીચે મુજબ ખરી હકીકતનો પત્ર લખી મોકલશે, તો તે વિષે બનતી તજવીજ કરવામાં આવશે. અને તે પત્ર તપાસ માટે પોષ્ટ ખાતાના અધિકારી તરફ મોકલાશે અને યોગ્ય લાગશે તો માલિક પર પુસ્તક ફરીથી મોકલાશે.

(પુસ્તક ગેરવલ્લે જતાં લખવાના પત્રની નકલ નીચે મુજબ.)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની શાખા મુ. અમદાવાદ.

વિ. કે, ચરિત્રમાળાનું ——— મું પુસ્તક નામે ——— અત્યાર સુધીમાં મને મળી જવું જોઇયે તે હજી સુધી મળ્યું નથી. બદદાનતથી કે મળ્યા પછી ગેરવલ્લે જવાને લીધે જુજ રકમનું પુસ્તક ફરીથી મેળવવા ઇચ્છનાર, એક ધર્મકાર્યમાં તેટલું નુકશાન કરી ઇશ્વરનો ગુનેહગાર તથા પાપનો ભાગી થાય છે, એ હું સમજું છું.

મ્હારો રજીષ્ટર્ડ નંબર, ——— છે.

નામ, ———

ગામ, ——— પોષ્ટ, ———

ઠેકાણું, ——— જીલ્લો ——— તારીખ ———

સહી. ———

સૂચના—આવો પત્ર લખનાર કોઇ હોદ્દેદાર, પદવીધારી કે પ્રતિષ્ઠિત અથવા આ સંસ્થાના કાર્ય સાથે મદદનો યા એવો બીજો સંબંધ ધરાવનાર હોય તો તે વાત પણ ટુંકમાં લખવા તસ્દી લેવી.

(૧૫) તસ્દી લેવી નહિ—નમુના માટે પુસ્તક મફત મંગાવવાની, નિયમ કરતાં ઓછા મૂલ્યે મંગાવવાની, નાણું બાકી રાખીને અથવા અધુરાં રાખીને મંગાવવાની તથા આ ખાતામાં મળતાં હોય તે શિવાયનાં પુસ્તકો આ ખાતા દ્વારા મંગાવવાની કોઇએ તસ્દી લેવી નહિ.

(૧૬) વ્યવસ્થાનું ઠેકાણું.—ચરિત્રમાળા પોષ્ટ કરવાની વ્યવસ્થા આ સંસ્થાની અમદાવાદની શાખામાં રાખેલી હોવાથી ગ્રાહકોએ તે સંબંધી સર્વ પત્રવ્યવહાર નીચેને શિરનામે રાખવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની શાખાના વ્યવસ્થાપક.
ઠે. ખમાસા ચોકી ઘર નં. ૫૫૭૫ **મુ. અમદાવાદ.**

(૧૭) મુંબઈના ગ્રાહકો માટે—તળ મુંબઈના ગ્રાહકો માટે ચરિત્રમાળાની વ્યવસ્થા મુંબઇમાંની આ સંસ્થાની મુખ્ય ઑફીસમાં **(કાલબાદેવી રોડપર ભાંગવાડીને નાકે** આવેલા **હાથીબિલ્ડીંગમાં ત્રીજે માળે)** રાખેલી હોવાથી તેમણે તેજ ઠેકાણે સર્વ વ્યવહાર રાખવો.

(૧૮) નિયમો ન ગમવા—આ નિયમો ન ગમવાથી કોઇને ગ્રાહકમાંથી નીકળી જવું હશે તો આ ૧૩-૧૪ મું પુસ્તક મળેથી આઠ દિવસ સુધીમાં તે જોવીને તેવી સારી હાલતમાં પાછું મોકલી આપવાથી ભરાયલું મૂલ્ય ધણીના ખર્ચે પાછું મોકલવામાં આવશે.

સંવત્ ૧૯૬૯ માર્ગશીર્ષ શુક્લ પૂર્ણિમા.

વ્યવસ્થાપક.